
# ભારતની એક વિરલ વિભૂતિ શ્રી ધીરજલાલ શાહ



અમૃત મહોત્સવ પ્રકાશન

ભારતની એક વિરલ વિભૂતિ

# શ્રી ધીરજલાલ શાહ

અમૃતમહોત્સવ પ્રકાશન
વિ. સં. ૨૦૩૭ ના જેઠ સુદિ ૬
તા. ૭-૬-૮૧

મૂલ્ય .
રૂપિયા પંદર

## ગ્રન્થ નિર્માણ કરનાર સાહિત્યશિલ્પીઓ

લેખક :

ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી, એમ.એ. પી.એચ.ડી. ડી.લિટ્.
સાહિત્ય-સાંખ્ય-યોગાચાર્ય – નવી દિલ્હી.

સંપાદકો :

શ્રી અમૃતલાલ બી. યાજ્ઞિક, એમ.એ.
નિવૃત્ત પ્રીન્સીપાલ, મીઠીબાઈ કોલેજ, વિલેપાર્લે.

ડૉ. રમણલાલ સી. શાહ, એમ.એ. પી.એચ.ડી.
મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ.

શ્રી શાંતિકુમાર જ. ભટ્ટ, એમ.એ., એલ.એલ.બી.
સાહિત્યરત્ન, યોગાચાર્ય – મુંબઈ.

શ્રી રમણલાલ શેઠ
તંત્રીશ્રી: સમાચાર વિભાગ, જન્મભૂમિ, મુંબઈ.

પ્રસ્તાવના-લેખક :

ડૉ. કુમારપાળ દેસાઈ, એમ.એ. પી.એચ.ડી.
ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી – અમદાવાદ.

પ્રકાશક :

શ્રી દીપચંદ એસ. ગારડી, બી.એસ.સી. બાર-એટ-લૉ.
ચેરમેન : શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ
અમૃતમહોત્સવ સમિતિ, ઠે. વિશ્વમંગલ ઈન્વેસ્ટમેન્ટ પ્રા. લી.
૪-ડી, કોર્ટ ચેમ્બર્સ, ૩૫ ન્યુ મરીન લાઈન્સ,
મુંબઈ-૪૦૦૦૨૦.

પ્રકાશન–વ્યવસ્થા
નરેન્દ્રકુમાર ડી. શાહ : વ્યવસ્થાપક
પ્રજ્ઞા પ્રકાશન મંદિર
લધાભાઈ ગણપત બીલ્ડીંગ, બીજે માળે
૧૧૩, કેશવજી નાયક રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૯.

મુદ્રક :
જયંતિલાલ મણિલાલ શાહ
નવ પ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ,
ઘીકાંટારોડ, અમદાવાદ.

# પ્રકાશકીય

મુંબઈ–ચેમ્બુર શ્રી ઋષભદેવ જૈનમંદિરના ભવ્ય પટાંગણમાં તા. ૨૬–૧૦–૮૦ના રોજ 'અર્હં મંત્રમહોત્સવ' અંગે ખાસ સમારોહ યોજાયો હતો. તેના અધ્યક્ષસ્થાને જિનશાસનના પરમ પ્રભાવક યુગદિવાકર **આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ** બિરાજ્યા હતા. એ વખતે સાધુ, સાધ્વી, શ્રાવક તથા શ્રાવિકા સમુદાયની હાજરી સારા પ્રમાણમાં હતી. આ વખતે આચાર્યશ્રીના વરદ હસ્તે '**અર્હં મંત્રોપાસના**' નામના મનનીય ગ્રંથનું પ્રકાશન થયું હતું કે જેના લેખક શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ હતા. છેલ્લાં પચાસ વર્ષથી તેઓ શિષ્ટ, સુંદર, લોકોપયોગી સાહિત્યનું સર્જન કરી રહ્યા છે અને જીવનનું ત્રીજું ચરણ પૂર્ણ કરવા આવ્યા છે, એટલે કે પંચોતેરમા વર્ષમાંથી પસાર થઈ રહ્યા છે, તેથી પ્રાસંગિક પ્રવચનોમાં તેમનો અમૃતમહોત્સવ ઉજવવાનો જોરદાર અનુરોધ થયો. પૂ. આચાર્યશ્રીએ તે માટે સંમતિ આપી અને ત્યાં ઉપસ્થિત ચતુર્વિધ શ્રીસંઘે તેનો સહર્ષ સ્વીકાર કર્યો. તે પછી ઝાલાના જૈન આગેવાન શ્રીમાન્ વીસનજી લખમશીએ અમૃત મહોત્સવ–એડહૉક કમીટીના સભ્યોની જાહેરાત કરી અને એ રીતે આ કાર્ય ગતિમાન થયું.

તે પછી સમિતિની વિધિસર રચના થઈ અને તેના ચેરમેન તરીકે શ્રીમાન્ દીપચંદ એસ. ગારડીની, કોષાધ્યક્ષ તરીકે શ્રીમાન્ ચિત્તરંજન ડી. શાહની તથા મંત્રીઓ તરીકે અમો નીચે સહી કરનારની નિમણૂંક થઈ. કાર્યાલય માટે શ્રી શાન્તિલાલ નાગરદાસ શાહે વિશ્વમંગલ ઇન્વેસ્ટમેન્ટ પ્રા. લી.ની પોતાની ઓફિસનો ઉપયોગ કરવાની ઉદારતા બતાવી અને તેનો સહર્ષ સ્વીકાર થતાં સમિતિનું કાર્ય આગળ વધવા લાગ્યું.

આ પ્રસંગની ઉજવણી અંગે વિવિધ સૂચનો થયાં, તેમાં સહુનો સૂર આ પ્રસંગે પંડિતશ્રીની પૂરી જીવનકથાનું પ્રકાશન કરવા પ્રત્યે વિશેષ જોરદાર હતો. એટલે '**ભારતની એક વિરલ વિભૂતિ –શ્રી ધીરજલાલ શાહ**' એ નામે તેનું પ્રકાશન કરવાનો નિર્ણય થયો. પછી આ કાર્ય કોણ પાર પાડી શકશે? તે અંગે વિચાર ચાલતાં દિલ્લી–સંસ્કૃત વિદ્યાપીઠવાળા ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી સહુની નજરમાં આવ્યા, કારણ કે તેઓ છેલ્લાં ૩૨ વર્ષથી પંડિતજીના સતત સંપર્કમાં રહેલા છે અને આ કાર્યને ન્યાય આપવાની ક્ષમતા ધરાવે છે. તેમણે અમારી વિનંતિનો સ્વીકાર કર્યો અને રાત્રિદિવસ પરિશ્રમ કરીને લેખનકાર્ય સમયસર પૂરું કર્યું.

પછી સંપાદનનો પ્રશ્ન આવતાં અમે શ્રીમાન્ અમૃતલાલ બી. યાજ્ઞિક, ડૉ. રમણલાલ શાહ, શ્રી શાંતિકુમાર જ. ભટ્ટ અને જન્મ-ભૂમિવાળા શેઠ રમણભાઈ આગળ અમારી ભાવના પ્રકટ કરી. તેમણે પંડિતશ્રી પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને એ ભાવનાનો સ્વીકાર કર્યો અને તેને સમયસર પૂરી પણ કરી આપી. બાકી રહ્યો પ્રસ્તાવનાનો પ્રશ્ન. તે અમને ડૉ. કુમારપાળ દેસાઈએ સહૃદયતાથી ઉકેલી આપ્યો. અમે આ બધા વિદ્વાનોનો આભાર માનીએ છીએ.

મુદ્રણ દરમિયાન નહિ ધારેલાં વિઘ્નો આવ્યાં, છતાં તેને પાર કરીને આજે અમે આ ગ્રંથ જનતાના કરકમલમાં મૂકી શક્યા છીએ, તેનો અમને અત્યંત આનંદ છે. અમને ખાતરી છે કે આ ગ્રંથના પઠન–પાઠન અને અધ્યયનથી લોકો ઘણું મેળવી શકશે.

તા. ૨૫–૫–૮૧

**જયંત એમ. શાહ** | **જવાહર મોતીલાલ શાહ**
**શાંતિલાલ નાગરદાસ શાહ** | **બાબુભાઈ એચ. જીનવાળા**
**સુરેન્દ્ર એ. છેડા**

મંત્રીઓ
અમૃતમહોત્સવ સમિતિ



શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ
જન્મ : તા. ૧૮-૩-૧૯૦૬




**શ્રીમતી ચંપાબહેન ધીરજલાલ શાહ**

જેમણે

શ્રી ધીરજલાલભાઈની અનેકવિધ પ્રવૃત્તિઓમાં

પૂર્ણ સહકાર આપ્યો છે.



શ્રી ધીરજલાલ શાહના પુત્ર ચિ. નરેન્દ્રકુમાર તથા
તેમના ધર્મપત્ની અ. સૌ. રંજનબાળા

# માનવચૈતન્યની વિરાટતા

—ડૉ. કુમારપાળ દેસાઈ.

પ્રસિદ્ધ સાક્ષર શ્રી. બળવંતરાય ઠાકોરે એમના એક કાવ્યમાં કવિતાને ઉદ્દેશીને કહ્યું છે :

"બધા સૂર ખિલવજે મનુજચિત્તસારંગિના.
બધાં ફલક માપજે મનુજશક્તિસીડી તણાં."

એમણે જે કવિતા વિષે કહ્યું છે, એ જ વાત માનવી વિષે પણ થઈ શકે. માનવીની ભીતરમાં અખૂટ શક્તિઓનો અઢળક ભંડાર ભર્યો છે, પરંતુ છેક ચંદ્રની ધરતી પર પહોંચી આવેલા માનવી માટે એના હૃદયની ધરતી અજાણી રહી છે. એ પોતાની આસપાસની દુનિયામાં સમૃદ્ધિ મેળવવા ફાંફાં મારે છે, જ્યારે એની ભીતરની દુનિયાથી સાવ અજાણ છે. આ ચરિત્ર એ માનવીની ભીતરમાં પડેલી અજાયબ શક્તિઓનું પ્રત્યક્ષ અને જીવંત દર્શન કરાવે છે. આથી જ આ ચરિત્ર જેટલું વિરલ છે, એથી ય અધિક વિશિષ્ટ છે.

માત્ર આઠ વર્ષની વયે પિતાની છત્રછાયા ગુમાવનાર વ્યક્તિ કોઈ એક જ ક્ષેત્રમાં નહીં, બલ્કે ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં આશ્ચર્ય પમાડે તેવી સિદ્ધિ મેળવે છે. ચિત્રકલા, સાહિત્યકલા અને શિક્ષણ એ તો નજીક-નજીક વસનારી શક્તિઓ છે, પરંતુ ગણિતસિદ્ધિ અને શતાવધાન જેવાં ક્ષેત્રોમાં પણ તેઓ આગવી ભાત પાડે છે. આમ આ ચરિત્રમાંથી ધીરજલાલભાઈના બહુમુખી વ્યક્તિત્વનો પરિચય સાંપડે છે.

જિંદગીના ઝંઝાવાતોએ એમને ઝુકાવવાની તમામ તરકીબો અજમાવી. કારમી ગરીબી વચ્ચે જીવનનો ઉષાકાળ પસાર થયો. ક્યારેક સિદ્ધાંતને કારણે તો ક્યારેક સ્વાસ્થ્યને કારણે મુશ્કેલીઓ નડી. કલારસિક

અને સાહિત્યશોખીન ધીરજલાલભાઈને સાતેક વર્ષ આજીવિકા કાજે વૈદકનો સહારો લેવો પડયો. જીવનમાં એ જીતે છે, જે પૂરા જોશથી ઝૂમે છે. પોતાના સિદ્ધાંતો પર અડગ રહીને સચ્ચાઈભેર જીવન ગાળવાની કોશિશ કરી. જે કોઈ પરિસ્થિતિ આવી એને હસતે મુખે અપનાવી. પરિસ્થિતિથી અચવા ક્યારેય એમણે ઈમાનનો દીપ ઓલવાવા દીધો નહીં કે ક્યારેય એમાંથી છૂટવા શુભ અહોનું શરણું શોધ્યું નહીં. એમને ભવિષ્ય જાણવા કરતાં ભવિષ્ય ઘડવામાં વધુ રસ હતો. એમની પાસે જન્મકુંડળી નથી, અને એમને એમાં રસ પણ નથી. ભાવિ સુખની કલ્પનાથી છકી જવું કે આવનારા દુઃખોની આગાહીથી ડગી જવું એમને પસંદ નથી. એને બદલે આત્મશ્રદ્ધા કેળવીને સચ્ચાઈભેર જીવન વ્યતીત કરવું યોગ્ય માને છે. એમની આવી અચળ આત્મશ્રદ્ધાના પાયામાં માતા મણિબેનના સંસ્કારોનું પ્રતિબિંબ જોઈ શકાય છે.

ધીરજલાલભાઈના જીવનમાંથી માનવીય ચેતનાની વિરાટતા અને વ્યાપકતાનો પરિચય મળે છે. ૧૯ જેટલા વિષય પર ૩૬૫ પુસ્તકો રચ્યાં છે અને ૩૦ લાખથી પણ વધુ પ્રતિઓ વેચાઈ છે. સાહિત્યના ક્ષેત્રમાં એમણે દૂહા, પ્રહેલિકા અને છંદોબદ્ધ ખંડકાવ્યોની રચના કરી છે. એમની કવિતામાં ભાવના, સાધના અને સત્યપ્રતીતિનો ત્રિવેણીસંગમ સધાયો છે. પ્રકૃતિને એમણે મનભર માણી છે. લાંબા અને જોખમી પગપાળા પ્રવાસો કર્યા છે. એમનો એ પ્રકૃતિપ્રેમ એમનાં કાવ્યોમાં વહે છે, તો બીજી બાજુ જગત વિષેનું એમનું માંગલ્યદર્શન પણ પ્રગટ થતું રહે છે. અજંતાનાં ચિત્રો તો આપણે ત્યાં ઘણા કલાકારોએ આલેખ્યાં છે, પરંતુ એના પર ખંડકાવ્યની રચના કરનાર શ્રી. ધીરજલાલભાઈ પહેલા સર્જક છે. આ ખંડકાવ્યમાં સુરેખ શબ્દચિત્રો, ભાવને અનુરૂપ છંદપલટો, તેમજ અનેકવિધ ભાવોનું રમણીય આલેખન જોવા મળે છે. શ્રી. ધીરજલાલભાઈની સૌથી મોટી સાહિત્યસેવા તો ગુજરાતને

એમણે આપેલી ચારિત્ર્યઘડતરની નેમ ધરાવતી પુસ્તિકાઓની શ્રેણી ગણાશે. એમણે ' બાલ ગ્રંથાવલિ 'ના ૭ શ્રેણીનાં ૧૨૦ પુસ્તકો, 'વિદ્યાર્થી વાંચનમાલા'ની નવ શ્રેણીનાં ૧૮૦ પુસ્તકો અને ' કુમાર ગ્રંથમાલા'નાં દશ પુસ્તકોનું પ્રકાશન કર્યું. ગુજરાતના ચરિત્ર–સાહિત્યને એમની આ અમૂલી દેન છે. આ ઉપરાંત જૈન ધર્મનું ગૌરવ પ્રગટાવતી ' ધર્મબોધ ગ્રંથમાલા, ' ' જૈન શિક્ષાવલી' અને ' જૈન ચરિત્રમાલા ' ગણાશે. નાની પુસ્તિકાઓમાં સામાન્ય વાચકને સમજાય એવી રીતે મોટા ટાઈપમાં છપાયેલી આ શ્રેણીઓનો જે ચીલો ધીરજલાલભાઈએ પાડ્યો, તે આજે રાજમાર્ગ બની ચૂક્યો છે.

જૈન સાહિત્યની વાત કરીએ તો સાતેક વર્ષની મહેનતથી એમણે તૈયાર કરેલા ' શ્રી પ્રતિક્રમણ સૂત્ર-પ્રબોધટીકા ' એમનું અમીટ પ્રદાન ગણાશે. પ્રતિક્રમણસૂત્રને માત્ર બોલી જઈને સંતોષ મનાતો હતો, પરંતુ આ પુસ્તક દ્વારા એનું વાસ્તવિક રહસ્ય પ્રકાશમાં લાવવાનું ભગીરથ કાર્ય કર્યું. આમાં યોગ અને અધ્યાત્મને લગતી અનેક રહસ્યમય ક્રિયાઓનું આયોજન થયેલું છે, તેનો ખરો ખ્યાલ એમના આ પુસ્તકથી અનેક જિજ્ઞાસુઓને સાંપડ્યો. એના ત્રણ ભાગ સાધુ–સાધ્વીઓ તેમજ ધર્મ જિજ્ઞાસુઓને માર્ગદર્શન રૂપ બન્યા અને ગુજરાતી તેમજ હિન્દીમાં પ્રસિદ્ધ થયેલી એમની સંક્ષિપ્ત આવૃત્તિઓ એટલી જ બહોળી ચાહના પામી. આવી જ રીતે 'શ્રીવીર–વચનામૃત'માં જુદાં જુદાં આગમોમાંથી ભગવાન મહાવીરનાં મૂલ વચનોને દર્શાવતાં ૧૦૦૮ જેટલાં વચનોનો સંચય કર્યો. આ ઉપરાંત ' જિનોપાસના, ' ' જીવવિચાર પ્રકાશિકા, ' નવતત્ત્વ–દીપિકા ', ' સ્મરણ–કલા ' ' સંકલ્પ સિદ્ધિ, ' ' ગણિત–રહસ્ય ' જેવાં ગ્રંથો લખ્યા.

જીવનના આરંભકાળથી જ ધીરજલાલભાઈમાં જે ધર્મ સંસ્કા-

રોનાં બીજ રોપાયાં હતાં, તે વટવૃક્ષરૂપે ફૂલી-ફાલી રહ્યાં. ૪૦૦ રૂપિયાની માસિક આવક છોડીને એમણે ૭૫ રૂપિયાની ધાર્મિક શિક્ષકની કામગીરી અપનાવી. આ પછી વખતોવખત જાહેર પ્રસંગોએ ધર્મભાવનાને કેન્દ્રમાં રાખીને અવાજ પણ ઉઠાવ્યો. અમદાવાદ જૈન યુવક સંઘના મંત્રી તરીકેની કામગીરી તેમ જ રાજનગર-સાધુ સંમેલન સમયે પ્રકાશિત કરેલા દૈનિક વધારાઓ દ્વારા એમણે ધર્મભાવનાની જ્યોતને જલતી રાખી, પરંતુ બાહ્ય પ્રવૃત્તિઓ કરતા આરાધનાના માર્ગે તેઓ આંતરવિકાસ સાધતા હતા. આરાધના કે ઉપાસનાનું યોગ્ય આલંબન લઈને તેઓ કલ્યાણની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ હતા. એમનાં 'નમસ્કાર-મંત્ર-સિદ્ધિ', 'મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર,' 'ભક્તામર-રહસ્ય,' 'શ્રી પાર્શ્વ-પદ્માવતી આરાધના' જેવાં પુસ્તકોમાં જૈન મંત્રવાદના તમામ પાસાંની વિશદ વિચારણા છે એટલું જ નહીં, 'મંત્રવિજ્ઞાન,' 'મંત્રદિવાકર,' 'આત્મદર્શનની અમોઘ વિદ્યા' જેવાં પુસ્તકો આરાધના અને મંત્રવિષયક પ્રમાણભૂત સામગ્રી આપે છે. હજારો જિજ્ઞાસુઓને આવા ગ્રંથોમાંથી મંત્ર-ઉપાસનાની સાચી કેડી સાંપડી છે. આની સાથોસાથ શ્રી ધીરજલાલભાઈએ આત્મિક આરાધના પણ ચાલુ રાખી છે અને શ્રી પાર્શ્વનાથ અને શ્રી પદ્માવતી દેવીના વિશિષ્ટ પૂજનનો વિધિ વિવિધ કલ્પોના આધારે સંકલિત કર્યો છે. એમની આવી નિત્યોપાસના સતત ચાલતી રહી છે.

કવિતા, ચરિત્ર અને ચિંતન-સાહિત્ય ઉપરાંત ધીરજલાલભાઈએ ૧૧ જેટલાં ઉચ્ચાશયી નાટકોની રચના કરી છે. વક્તૃત્વકલામાં એવી નિપુણતા છે કે તેઓ અંતરમાંથી સ્ફુરતી સ્વયંભૂ વાણી બોલે છે. લખેલી નોંધને આધારે કદી ભાષણ કરતા નથી. પત્રકારત્વ ક્ષેત્રની કામગીરી યાદગાર બની રહી છે.

અમદાવાદના શેઠ ચી. ન. વિદ્યાલયમાં ધીરજલાલભાઈ ધાર્મિક

શિક્ષણ ઉપરાંત મુખ્ય શિક્ષકની જવાબદારી સંભાળતા હતા. આ વખતે તેઓ દોઢ–બે મહિને એક વાર સાબરમતી આશ્રમમાં જતા હતા. એક સમયે એમણે મહાત્મા ગાંધીજીને પૂછ્યું :

" મનુષ્યે આગળ વધવા માટે શું કરવું જોઈએ ? "

મહાત્મા ગાંધીજીએ જવાબ આપ્યો : " જેને આગળ વધવું હોય, તેણે આત્મશ્રદ્ધા રાખીને પ્રામાણિક પુરૂષાર્થ કરવો જોઈએ. "

મહાત્મા ગાંધીજીનો આ ઉત્તર ધીરજલાલભાઈના જીવનમાં દીવાદાંડીરૂપ બની રહ્યો. કસોટીના અનેકાનેક પ્રસંગો આવ્યા. આર્થિક મુંઝવણ ક્યારેક અકળાવનારું રૂપ લેતી હતી, પરંતુ આ બધા સમયે એમણે પ્રામાણિક પુરુષાર્થ કર્યો અને જીવનની જલદ અગ્નિપરીક્ષામાંથી તેઓ પાર ઊતર્યાં.

એમની પ્રકૃતિસૌંદર્યની અદમ્ય ચાહનાએ શબ્દનો સ્વાંગ સજ્યો અને કવિતારૂપે વહી રહી. એણે સક્રિયતાનું રૂપ લીધું તો પગપાળા કેટલાંય પ્રવાસો ખેડી નાખ્યા. એણે પીંછીમાં પ્રગટવાનું મુનાસીબ માન્યું, તો ધીરજલાલભાઈને હાથે કેટલાંય રમણીય પ્રાકૃતિક દૃશ્યો ચિત્રનું રૂપ પામ્યા. નિયમિતતા, ચોકસાઈ, આયોજનશક્તિ અને રાષ્ટ્રપ્રેમનો ધબકાર તો એમના જાગૃત જીવનમાં તાણાવાણાની માફક વણાઈ ગયેલી છે. એમની પ્રજ્ઞાના તેજમાંથી સાહિત્ય, શિક્ષણ, ચિત્ર આદિ કલાઓનું સર્જન થયું તો એમના આત્માના તેજમાંથી ગણિત સિદ્ધિ અને શતાવધાન કલા ઝગહળી ઊઠી. એમના ગણિતસિદ્ધિના પ્રયોગોએ ભલભલા ગણિતજ્ઞોને વિચારતા કરી મૂક્યા. ગણિતના કેટલાંક સિદ્ધાંતોને આત્મસાત્ કરીને એમણે આશ્ચર્યકારક પ્રયોગો દર્શાવ્યા. પરંતુ શ્રી ધીરજલાલભાઈ 'શતાવધાની' તરીકે વધુ જાણીતા છે. આમાં તેઓ પોતે જોયેલી, સાંભળેલી કે માત્ર જેનો સ્પર્શ કર્યો હોય તેવી

એક સો વસ્તુઓને યાદ રાખી યથાક્રમ કહી શકે છે. આને માટેની એમની સાધનાની ઝીકર આ ગ્રંથમાં છે. આવા શતાવધાન દ્વારા એમણે માનવીની ચૈતન્યશક્તિનો મહિમા પ્રગટ કર્યો છે.

એક વ્યક્તિ ૭૫ વર્ષના આયુષ્યમાં કેટકેટલાં ક્ષેત્રોમાં કામયાબી મેળવી શકે, તેનો જીવંત દાખલો શ્રી ધીરજલાલભાઈનું જીવન છે. આ જીવન એ માત્ર બાહ્ય પ્રવૃત્તિઓનો આલેખ નથી, પરંતુ એમાં આંતરવિકાસની ઉર્ધ્વ યાત્રાનો સતત સંકેત મળે છે. એમની આંતર મથામણ અને આંતર અનુભવની સૂક્ષ્મ વિગતો વિશેની આપણી અપેક્ષા આ ચરિત્ર દ્વારા સંતોષાતી નથી, પરંતુ એક વ્યક્તિ કારમી ગરીબીમાંથી, આપબળે આગળ વધીને સ્વપુરુષાર્થ અને આત્મખોજથી કેટલાં ઊંચા ઊંચા શિખરો આંબી શકે છે, એનો આ આલેખ સહુ કોઈને પ્રેરણાદાયી બનશે

# 'शतं जीव शरदो वर्धमानः'

## ⊕ साहित्य-महत्त्वम्—

दुग्धे पीयूषमन्तस्तलमथ विशति प्रीणयत्याशु विश्वं,
स्वेष्टं दत्ते निधत्ते पदमपि जगतः सम्पदो मूर्ध्नि तूर्णम् ।
भिन्ते कापट्यकोटिं झटिति रसनिधौ मज्जयत्यूर्मिलोले,
साहित्यं तज्जगत्यां जयति जनिजुषां जीवजीवातुभूतम् ॥१॥

જે અમૃતનું દોહન કરે છે, અંતરતલમાં પેસી જાય છે, આખાય સંસારને પ્રસન્ન બનાવે છે, ઈચ્છિત વસ્તુને આપે છે, જગતની સંપદાઓનાં મસ્તક ઉપર પોતાનું સ્થાન નિર્માણ કરે છે, કપટની વાતોને કાપે છે અને ચંચલ ઊર્મિઓવાળા રસસમુદ્રમાં તત્કાળ બૂડે છે, એવું પ્રાણિઓ માટે અમૃતરૂપ તે 'સાહિત્ય' જયવંતુ વર્તે છે.

## ⊕ साहित्यकारः शिवं तनुते—

साहित्यजातं परमावदातं, निष्पक्षपातं प्रथयन् पृथिव्याम् ।
शिवे नियोक्तुं ह्यशिवाद् वियोक्तुं,
साहित्यकारस्तनुते शिवं नः ॥२॥

અત્યંત શુદ્ધ સાહિત્યની રચના કરી પક્ષપાત વગર ભૂમંડળ ઉપર તેનો પ્રસાર કરતો અને શિવમાર્ગમાં પ્રેરી અશિવ માર્ગથી બચાવતો સાહિત્યકાર અમારું કલ્યાણ કરે છે.

## ⊕ नमस्तस्मै साहित्यिकाय—

पूर्वं मानवजन्म दुर्लभतरं ज्ञानं ततो दुर्लभं,
ज्ञाने दर्शनसंस्थितिः सुकठिना तत्रापि चारित्र्यधीः ।
सम्यक्त्वेन विभूषिता पुनरसौ यस्मिस्त्रयी द्योतते,
तस्मै रत्नमयाय हार्दिकनतिः साहित्यिकायास्तु मे ॥३॥

સૌથી પહેલાં મનુષ્ય યોનિમાં જન્મ થવો અતિદુર્લભ છે, તેમાં પણ જ્ઞાન મળવું મુશ્કેલ છે, જ્ઞાનમાં પણ દાર્શનિક વિચારો થવા અતિ કઠિન છે, તેમાં પણ ચારિત્ર્યશુદ્ધિ હોય ને તે સમ્યક્ત્વથી વિભૂષિત હોય તે કઠિન જ છે. છતાં જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય એ ત્રણે સમ્યક્ત્વ સાથે જેમાં વિરાજમાન છે, એવા રત્નરૂપ સાહિત્યકારને અમારું હાર્દિક નમન થાઓ.

**⊕ भूयात् सुखायोत्सवः—**

**देवी वागमृता प्रसिद्धिमयिता शुद्धाऽऽत्मनः संत्कला,**
**तस्या नित्यमुपासनां श्रितवतः पूर्णं निजे जीवने ।**
**श्रीमद् 'धीरजलाल शाह'-सुधियः पञ्चोत्तरे सप्तति-**
**वर्षाणां परिपूर्तिपर्वणि कृतो भूयात् सुखायोत्सवः ॥४॥**

વાણીદેવી આત્માની શુદ્ધ અમૃતકળા છે, તે પ્રસિદ્ધ છે, તેથી તેની નિત્ય ઉપાસનામાં પોતાનાં આખાય જીવનને વ્યતીત કરનાર '**પં. ધીરજલાલ શાહ**'નાં જીવનનાં પંચોતેર વર્ષોની પૂર્તિને અનુલક્ષી યોજાયેલ આ 'અમૃતમહોત્સવ' સૌના આનંદ માટે થાઓ.

**⊕ चिरं जीवतु—**

**नित्यं लोकहिताय संयमतपः स्वाध्याय-सम्प्रेरिताः**
**शिक्षादानधियाऽत्र येन वयसो वर्षा अहो ! वाहिताः ।**
**'श्री धीरजलाल शाह' विबुधो दीर्घं वयः प्राप्नुवन् ,**
**नैरोग्येन निरन्तरं शुभकृतीः कुर्वन् चिरं जीवतु ॥५॥**

લોકહિત માટે સંયમ, તપ અને સ્વાધ્યાયથી પ્રેરિત શિક્ષા આપવાની બુદ્ધિથી જેણે પોતાનાં જીવનનાં પંચોતેર વર્ષો પૂરાં કર્યાં છે, તે '**પંડિત શ્રી ધીરજલાલ શાહ**' દીર્ઘ આયુને પ્રાપ્ત કરી નીરોગ ભાવે ઉત્તમ કાર્યોને કરતા ચિરકાળ સુધી જીવો.

**—રુદ્રદેવ ત્રિપાઠી**

# વિષયાનુક્રમ

| પ્ર. નામ | પૃષ્ઠાંક |
|---|---|
| ૧ આમુખ | ૩ |
| ૨ ધન્ય ધરા સૌરાષ્ટ્રની | ૨૧ |
| ૩ પૂર્વજો અને માતાપિતા | ૨૯ |
| ૪ બાલ્યાવસ્થા | ૩૮ |
| ૫ અનન્ય કુદરતપ્રેમ | ૫૨ |
| ૬ છાત્રજીવન | ૬૯ |
| ૭ પ્રથમ ચિત્રકાર, પછી શિક્ષક | ૮૦ |
| ૮ ગૃહસ્થજીવન | ૯૦ |
| ૯ સાહિત્યસર્જનનો પ્રારંભ | ૯૯ |
| ૧૦ ઝડપી આગેકૂચ | ૧૦૭ |
| ૧૧ કવિત્વનો અનેરો રંગ | ૧૧૭ |
| ૧૨ અદ્ભુત કલાદર્શન | ૧૪૪ |
| ૧૩ પ્રવાસપ્રિયતા | ૧૬૧ |
| ૧૪ પ્રાણવાન પત્રકારિત્વ | ૧૭૯ |
| ૧૫ શ્રી જ્યોતિ કાર્યાલય લીમીટેડ | ૧૮૮ |
| ૧૬ સાત વરસનો કપરો કાલ | ૨૦૦ |

૧૭ શ્રી પ્રતિક્રમણસૂત્ર–પ્રબોધટીકા ૨૦૮

૧૮ ગૌરવશાલી ગ્રંથમાલાઓ ૨૨૨

૧૯ શ્રીવીર–વચનામૃત ૨૩૦

૨૦ કેટલીક મહત્ત્વની કૃતિઓ ૨૩૭

૨૧ આરાધનાવિષયક ઉત્કૃષ્ટ સાહિત્ય ૨૪૯

૨૨ મંત્ર અને યોગ ૨૬૭

૨૩ નૌતમ નાટ્યસંપદા ૨૭૮

૨૪ શતાવધાન કલા ૨૮૫

૨૫ ગણિતસિદ્ધિના અદ્‌ભુત પ્રયોગો ૩૦૩

૨૬ અનેરી ઉપાસના ૩૧૭

૨૭ સેવાની સુગંધ ૩૨૯

૨૮ વક્તૃત્વ આદિ ૩૩૮


૨૯ સન્માન અને પદવીઓ ૩૪૯

૩૦ વિશદ વ્યક્તિત્વ ૩૫૩


## પરિશિષ્ટ


૧ વિશાલ સાહિત્યસર્જન ૩૫૯

૨ પ્રશસ્તિ ૩૮૩–૪૦૦



યુગદિવાકર પ. પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી
મહારાજ - જેમના મંગલ આશીર્વાદથી
અમૃતમહોત્સવનો પ્રારંભ થયો.

ૐ ૐ

भारतनी એક વિરલ વિભૂતિ
શ્રી ધીરજલાલ શાહ

[ ૧ ]

## આમુખ

શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહની જ્યો-તિર્મય જીવનકથાનું આલેખન કરવાનો સુયોગ મને સાંપડ્યો, તેથી અત્યંત પ્રસન્નતા અનુભવું છું અને મારી જાતને કૃતાર્થ માનું છું.

શ્રી ધીરજલાલભાઈ માટે મારા અંતરમાં ખૂબ માન અને મમતા ભરેલાં છે. વધારે સ્પષ્ટ કહું તો સદ્ભાવની એક સોહામણી સરિતા વહી રહેલી છે અને તેના કમનીય કાંઠે આદરરૂપી અભિનવ ઉદ્યાન એવી અનેરી છટાથી વિકસ્યું છે કે તેને ભાવનારૂપી નવાં નવાં પુષ્પો આવ્યાં જ કરે. મેં આ પુષ્પોની મનોહર માલા ગૂંથીને તેમને કેટલીક વાર સમર્પણ કરી છે અને આત્મસંતોષ અનુભવ્યો છે; પરંતુ વિશેષ વિચાર કરતાં એમ લાગે છે કે તેમને સાચું અર્ઘ્ય તો તેમની જ્યોતિર્મય જીવનકથાનું આલેખન–પ્રકાશન કરીને જ આપી શકાય. મને આશા છે, વિશ્વાસ છે કે તેમની આ જીવનકથા અનેકને પ્રગતિની પ્રેરણા કરશે, અનેકને

વિકાસની વાટ દેખાડશે અને અનેકને જીવનસાફલ્ય અંગે જોઈતું માર્ગદર્શન આપશે.

શ્રી ધીરજલાલભાઈએ જીવનનો જે જંગ ખેલ્યો, તે ખરેખર ! અસાધારણ છે, અદ્ભુત છે! તેમણે અનેક વિપરીત સંયોગોમાં પણ સિદ્ધિઓની જે સોપાનમાલા સર કરી, તે ખરેખર ! આશ્ચર્યજનક છે! તથા તેમણે ભગવતી સરસ્વતીના કૃપાપાત્ર બનીને જે વિશાલ મનોહર સાહિત્યસૃષ્ટિ ખડી કરી છે, તેનો તો જોટો જડવો જ મુશ્કેલ છે. ૧૯ જેટલા વિષયો પર ૩૬૫ પુસ્તકોની રચના અને તેની ત્રીશ લાખ કરતાં પણ અધિક પ્રતિઓનો પ્રચાર !! મને લાગે છે કે ભારતનો કોઈ પણ આધુનિક લેખક, સાક્ષર કે સાહિત્યકાર હજી સુધી તેમના આ વિક્રમને આંબી શક્યો નથી.

માત્ર સંખ્યાની દૃષ્ટિએ જ નહિ, ગુણવત્તાની દૃષ્ટિએ પણ તેમનું આ સાહિત્ય પ્રથમ પંક્તિમાં વિરાજે એવું છે. તેણે ઘણો લોકાદર પ્રાપ્ત કરેલો છે અને તેથી જ તેમાંનાં કેટલાંક પુસ્તકોની છ–છ કે સાત–સાત આવૃત્તિઓ થવા પામી છે. સામયિકોએ તેની સુંદર શબ્દોમાં નોંધ લીધેલી છે અને મુંબઈ–સમાચાર જેવા સુપ્રસિદ્ધ વર્તમાને તો તેનો પરિચય આપવા માટે પૂરાં પાનાં રોકેલાં છે! આ કંઈ જેવી તેવી સિદ્ધિ ન કહેવાય. શતાવધાનાભિનન્દન–કાવ્યકારે તેની નિમ્ન શબ્દોમાં નોંધ લીધેલી છે:

सुपुस्तकानि ग्रथितानि येन,<br>
माधुर्यपूर्णानि मनोहराणि ।

दीपप्रकाशा इव गोर्जराणां,
गृहे गृहे भान्ति तमोहराणि ॥ १९ ॥

' શ્રી ધીરજલાલભાઇએ મધુરતાથી પૂર્ણ તેમજ મનોહર એવાં ઉત્તમ પુસ્તકો રચેલાં છે, જે આજ ગુજરાતવાસીઓનાં ઘરોમાં અંધારાને દૂર કરવાવાળા દીપકોના પ્રકાશની જેમ શોભે છે.'

પરંતુ શ્રી ધીરજલાલભાઇ આટલેથી અટકયા નથી. તેમણે ઓગણત્રીશ વર્ષની ઉમરે શતાવધાનની સિદ્ધિ પ્રાપ્ત કરી તેના અદ્‌ભુત પ્રયોગો ભારતના વિદ્વાનવર્ગ સમક્ષ તથા વિશાલ જનસંખ્યા સમક્ષ રજૂ કર્યા છે અને તેણે આપણા પ્રાચીન ઋષિમુનિઓની અપૂર્વ બુદ્ધિ–સ્મૃતિ–પ્રતિભાની યાદ અપાવી છે. તેમના આ પ્રયોગો કેટલા પ્રભાવશાળી હતા, તેનો ખ્યાલ આપણને નીચેના અભિપ્રાયો પરથી આવી શકશે :

સને ૧૯૩૪ ના ડીસેમ્બરની ૧૨મી તારીખે પાલણપુર નવાબના ખાસ પ્રબંધથી ભારતના તે વખતના એકસ–કમાન્ડર–ઈન–ચીફ સર ફિલિપ ચેટવુડે તેમના કેટલાક પ્રયોગો જોયા પછી જણાવ્યું કે "' Your wonderful cantrol over your mamory and your amazing talents are the subject of pride for India – તમારો સ્મરણશક્તિ પરનો અદ્‌ભુત કાબૂ અને તમારી આશ્ચર્યજનક બુદ્ધિપ્રતિભા ભારત માટે ગૌરવનો વિષય છે.'

મદ્રાસ રાજ્યના મુખ્ય મંત્રી શ્રી ભક્તવત્સલમે તેમના પ્રયોગોના નિરીક્ષણ પછી કહેલું કે 'India can boast of men and women with remarkable gift for listening and remembring 100 items at a time. Shri Dhirajlal Shah obviously belongs to this gifted class of people.–જેમને એકી સાથે સો બાબતો સાંભળીને યાદ રાખવાની અદ્દભુત શક્તિ પ્રાપ્ત થયેલી છે, એવા પુરુષો અને સ્ત્રીઓ માટે ભારત ગૌરવ લઈ શકે એમ છે. શ્રી ધીરજલાલ શાહ પ્રકટપણે આ વર્ગના છે.'

પશ્ચિમ બંગાળના સુપ્રસિદ્ધ રાજનીતિજ્ઞ શ્રીમાન્ વિજયસિંહ નહારે કલકત્તાની સુપ્રસિદ્ધ રોયલ એસિયાટિક સોસાયટીમાં યોજાયેલા શ્રી ધીરજલાલભાઈના અવધાનપ્રયોગો નિહાળીને અન્ય પ્રશસ્તિ સાથે એવા ઉદ્ગારો કાઢ્યા હતા કે 'Our country should be proud for such a telented man.–આપણા દેશે આવા પ્રતિભાસંપન્ન બુદ્ધિમાન પુરુષ માટે ગૌરવ લેવું જોઈએ.'

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે કલકત્તાના ઉગતા જાદુગર શ્રીમાન્ કે–લાલ,* કલકત્તા મેજીકલ સોસાયટીના પ્રમુખ શ્રીમાન્ કુમાર અને સીલોનના પ્રસિદ્ધ મનોવૈજ્ઞાનિક પ્રીન્સ ઓરમા વગેરે આ પ્રયોગોમાં હાજર

* એ વખતે તેઓ ઊગતા જાદુગર હતા. હવે તેઓ વિશ્વ વિખ્યાત થયેલા છે.

હતા. પાછળથી તેમણે ગણિતને લગતા કેટલાક જાદુઈ પ્રયોગો માટે શ્રી ધીરજલાલભાઈની મુલાકાત માગી હતી અને તે તેમણે ખુશીથી આપી હતી.

એક વાર કલકત્તાના સંસ્કૃત મહાવિદ્યાલયમાં પણ તેમના અવધાનપ્રયોગો યોજાયા હતા, તેમાં સંસ્કૃત ભાષાના વિદ્વાનોની હાજરી ચિક્કાર હતી. આ પ્રયોગો નિહાળ્યા પછી મહાવિદ્યાલયના આચાર્ય મહામહોપાધ્યાય શ્રી કાલીપદ તર્કાચાર્યે એક સુંદર પ્રશસ્તિપત્ર અર્પણ કર્યું હતું. તેમાં તેમણે જણાવ્યું હતું કે—

विचित्ररूपा बहवः पुराऽभवन्,
शतावधानीत्युपनामभूषिताः ।
विचित्रकृत्यैर्जनविस्मयावहाः,
तथाविधाः सम्प्रतिदुर्लभोदयाः ॥ ४ ॥

'પુરાણા જમાનામાં 'શતાવધાની' એવા નામથી વિભૂષિત આશ્ચર્ય પમાડનારા અનેક અવધાનકારો થયા છે, જેઓ પોતાના વિસ્મયકારી કૃત્યો વડે જનતાને આશ્ચર્યમાં મૂકતા હતા, પણ આજે તેવા અવધાનકારો–વિદ્વાનો દુર્લભ છે.'

इमं बुधं गूर्जरभूमिभूषणं,
शतावधानीति पदेन मण्डितम् ।
पृथग्विधप्रश्नसदुत्तरे रतं,
समीक्ष्यमाणाः सुखमाश्रिता वयम् ॥ ५ ॥

'પરંતુ ગૂર્જરભૂમિના ભૂષણરૂપ અને શતાવધાની પદથી અલંકૃત આ પંડિતવર્ય શ્રી ધીરજલાલભાઈને અમારા દ્વારા પૂછાયેલા વિવિધ પ્રશ્નોના ઉત્તરો આપવામાં મગ્ન–સમર્થ જોઈને અમે અત્યંત આનંદ પામ્યા છીએ.'

આ વખતે ત્યાં આનંદ ઉપરાંત આશ્ચર્યનું વાતાવરણ પણ ફેલાયું હતું, કારણ કે પ્રાચીન વૈદિક સૂકતો તથા ન્યાય–વ્યાકરણના સૂત્રો જે કંઠસ્થ કરવામાં કઠિન–કઠિનતમ મનાયેલાં હતાં, તે ધીરજલાલભાઈએ માત્ર એક જ વખત–અને તે પણ વ્યુત્ક્રમમાં એટલે આડાઅવળા–સાંભળીને ઉત્તર સમયે યથાક્રમ કહી સંભળાવ્યાં હતાં. તેમણે ત્યાં રજૂ કરેલા સ્પર્શન–દર્શનના પ્રયોગોએ તો ત્યાં હાજર રહેલા કાબેલમાં કાબેલ પુરુષોની કલ્પનાને પણ કુંઠિત કરી નાખી હતી. પરિણામે મહોપાધ્યાયજીના અંતરમાંથી તેમને માટે આવા સુંદર માનસૂચક શબ્દો સરી પડ્યા હતા.

અંતર્લાપિકા, બહિર્લાપિકા, સમસ્યાપૂર્તિ, માગેલા વિષય પર શીઘ્ર કાવ્યરચના વગેરે શતાવધાન–પ્રયોગોનાં ખાસ અંગો ગણાય છે, એટલે શ્રી ધીરજલાલભાઈ તેમાં કુશલ હોય, તે સમજી શકાય એવું છે, આમ છતાં પ્રશ્ન-કારોની તીવ્ર જિજ્ઞાસા સંતોષવા માટે તેમને કેટલીક વાર આકરી કસોટીમાં ઊતરવું પડ્યું છે અને તેમાં પણ તેમણે સફલતા પ્રાપ્ત કરેલી છે.

કરાંચીમાં શ્રીમાન્ ટી. જી. શાહે તેમના નામવાળી એક બહિર્લાપિકા સાંભળ્યા પછી શ્રી ધીરજલાલભાઈને

જણાવ્યું કે 'હવે તમે મારી પુત્રી કંચનનું નામ આવે એવી એક બહિર્લાપિકા સંભળાવો, પણ તેમાં તેને શું ભાવે છે અને શું નથી ભાવતું, તેનું વર્ણન આવવું જોઇએ.' શ્રી ધીરજલાલભાઈએ માત્ર એક મિનીટ વિચાર કરીને તેમને લખાવ્યું કે—

કંકોડાનું શાક ને, **ચણા** તણું કઢોળ;
નહિ ભાવે તુજને કહું, **બહેન** ભાવે બહુ ગોળ.

'હે બહેન ! હું કહું છું કે તને કંકોડાનું શાક અને ચણાનું કઢોળ ભાવતું નથી, જ્યારે ગોળ બહુ ભાવે છે.'

પ્રશ્નકારે માગેલી બંને વસ્તુઓ તેમણે માત્ર એક જ દુહામાં રજૂ કરી દીધી હતી અને તે યથાર્થ હતી. તરત જ શ્રીમાન્ ટી. જી. શાહે પૂછ્યું કે 'પંડિતજી ! તમે દુહો રચ્યો એ તો ઠીક, પણ મારી પુત્રીને શું નથી ભાવતું અને શું ભાવે છે, એ શી રીતે જાણ્યું ?' ઉત્તરમાં પંડિત-શ્રીએ એટલું જ કહ્યું કે, 'માતા સરસ્વતીની કૃપાથી.'

ધરમપુર મહારાજાના ખાસ આમંત્રણથી તેમના જન્મ-દિનની ઉજવણી નિમિત્તે રીતસર ભરાયેલા રાજદરબાર સમક્ષ શ્રી ધીરજલાલભાઈએ ૬૪ અવધાનપ્રયોગો કરી બતાવ્યા હતા, ત્યારે પણ તેમની આ પ્રકારની આકરી કસોટી થઈ હતી. રાજપુરોહિતે એક પ્રશ્નકાર તરીકે ઊભા થઈને જણાવ્યું કે 'મેં ગઈકાલે એક વસ્તુ ગુમાવી છે, તેનું એક દુહામાં વર્ણન કરો.' શ્રી ધીરજલાલભાઈએ ધાર્યું હોત તો આ પ્રશ્નને અવધાનપ્રયોગોની મર્યાદા બહારનો કહીને ઉડાવી

દીધો હોત, પણ તેમ કરતાં પોતાની પ્રતિભા ઝંખવાશે અને પુરોહિતને જે વસ્તુ સિદ્ધ કરવી છે, તે આપોઆપ સિદ્ધ થઈ જશે, એમ વિચારીને તેમણે એ પ્રશ્નને સ્વીકારી લીધો હતો.

લગભગ ત્રણ કલાક પછી ઉત્તરો શરૂ થયા, તે સાંભળીને સભાજનો ચકિત થવા લાગ્યા, પણ સહુના મનમાં મોટી ઈંતેજારી તો રાજપુરોહિતના પ્રશ્નનો ઉત્તર સાંભળવાની હતી. તેનો વારો આવતાં શ્રી ધીરજલાલભાઈએ નીચેનો દુહો સંભળાવ્યો :

દ્વાદશ અંકે શોભતી, ગુણિયલ ગોલાકાર,
ભૂષણ એ કાંડાતણું, કીધો મેં નિરધાર.

'મેં મારા મનથી એમ નક્કી કર્યું છે કે તમે જે વસ્તુ ગુમાવી છે, તે બાર અંકો વડે શોભી રહેલી છે, ઘણા ગુણવાળી છે, આકારમાં ગોળ છે અને કાંડાનું ભૂષણ છે, એટલે કે કાંડાઘડિયાળ છે.'

આ ઉત્તર સાંભળતાં જ રાજપુરોહિતે કાન પકડ્યા અને જણાવ્યું કે 'આ ઉત્તર બરાબર છે. મેં તો ધાર્યું હતું કે તમે આમાં નિષ્ફળ જશો, પણ ખરેખર તમને માતા સરસ્વતીની અદ્ભુત સહાય છે.' મહારાજાએ પણ તેમની આ શક્તિની સુંદર શબ્દોમાં પ્રશંસા કરી હતી અને તેમને રૂપિયા પાંચસો રોકડા તથા એક કિંમતી શાલ ભેટ કરી હતી.

'શતાવધાની પંડિત શ્રીધીરજલાલ શાહ જીવન–દર્શન' નામના ગ્રંથમાં ડો. રમણલાલ સી. શાહે 'દૂરદર્શી'

પંડિતપ્રવર ' નામનો એક લેખ લખેલો છે, તેમાં તેમણે પંડિતજીની આ પ્રકારની શક્તિ વિષે પોતાનો જાત અનુભવ વર્ણવેલો છે.

તાત્પર્ય કે શ્રી ધીરજલાલભાઈ એ શતાવધાનના પ્રયોગોમાં જે અસાધારણ સફલતા મેળવી, તેમાં તેમના ઊંડા વિદ્યાધ્યયન અને વિશાલ જ્ઞાનરાશિ ઉપરાંત તેમની અંતઃપ્રેરણા પણ ઉપયોગી થઈ હતી. આજે તેમની એ શક્તિ વિકાસ પામી છે અને એમને અનેકવિધ અટપટા કાર્યોમાં પણ સફલતા અપાવી રહી છે.

પંડિતવર્ય શ્રી ગટ્ટુલાલજી, શ્રી શંકરલાલ માહેશ્વર ભટ્ટ, શ્રીમદ્ રાજચંદ્ર, મુનિરત્ન શ્રી રત્નચંદ્રજી તથા મુનિરત્ન શ્રી સંતબાલજી શતાવધાનની શક્તિથી યુક્ત હતા, પણ તેમાંના કોઈને શતાવધાની તરીકે શ્રી ધીરજલાલભાઈ જેટલી બહોળી પ્રસિદ્ધિ મળેલી નથી. અહીં પ્રસંગવશાત્ એ પણ જણાવી દઉં કે શ્રી ધીરજલાલભાઈને શતાવધાનના પ્રયોગો કરી બતાવવા માટે ઈંગ્લેંડ, ફ્રાંસ અને અમેરિકાની વિશિષ્ટ વ્યક્તિઓ તરફથી આમંત્રણ મળેલાં, પણ એક યા બીજા કારણે તેઓ એ આમંત્રણોનો સ્વીકાર કરી શક્યા ન હતા.

આજે ભારતમાં કેટલાક શતાવધાનીઓ વિદ્યમાન છે, પણ તેમાંના ઘણા ખરા શ્રી ધીરજલાલભાઈના શિષ્યો છે અથવા તો તેમના શિષ્યોના શિષ્યો છે, પરંતુ તેમાંના કોઈએ

પણ વિષયોની વિવિધતામાં તથા પ્રયોગોની ઉત્કૃષ્ટ રજૂઆતમાં શ્રી ધીરજલાલભાઈ જેટલું સામર્થ્ય બતાવેલું નથી; એટલે શ્રી ધીરજલાલભાઈ શતાવધાની તરીકે ભારતભરમાં અજોડ છે, એમ કહીએ તો અત્યુક્તિ નથી.

શ્રી ધીરજલાલભાઈએ શતાવધાનના પ્રયોગોમાંથી ગણિતસિદ્ધિ અર્થાત્ Mathemagic ગણિતાધારિત જાદુના પ્રયોગો નિર્માણ કર્યા, તે પણ અત્યંત આશ્ચર્યકારી પૂરવાર થયેલા છે. આ પ્રયોગો તેમણે ભારતના અનેક શહેરોમાં જાહેર રીતે કરી બતાવેલા છે અને સતકીર્તિ સંપાદન કરેલી છે. માનનીય શ્રી મોરારજી દેસાઈ, માનનીય શ્રી કે. કે. શાહ, શ્રીમાન્ હિતેન્દ્ર દેસાઈ, શ્રીમાન્ બાબુભાઈ જશભાઈ પટેલ આદિ અનેક મહાનુભાવોનો અભિપ્રાય તે માટે ઘણો ઊંચો છે.

શ્રીમાન્ આણંદજી ડોસા કે જેઓ ક્રિકેટના વિષયમાં નિષ્ણાત ગણાય છે, તેમણે એક વખત મુંબઈ બીરલા માતુશ્રી સભાગારમાં યોજાયેલા શ્રી ધીરજલાલભાઈના ગણિતસિદ્ધિના પ્રયોગોમાં ખાસ આમંત્રણથી હાજરી આપી હતી. તે વખતે શ્રી ધીરજલાલભાઈએ પ્રેક્ષકસમૂહમાંથી કોઈ પણ ત્રણ વ્યક્તિઓને મંચ પર આવવા આમંત્રણ આપ્યું હતું કે તરત જ ત્રણ વ્યક્તિઓ મંચ પર હાજર થઈ હતી. તેમણે ખાસ આસન ગ્રહણ કર્યું હતું અને તેમની પાસે જ શ્રીમાન્ આણંદજી ડોસા બિરાજ્યા હતા.

તે પછી આગંતુકોને બે બેગ–કોથળીઓ આપવામાં આવી હતી. તેમાંની એક બેગમાં ક્રિકેટના કેટલાક બોલો–

દડાઓ હતા અને બીજી બેગ ખાલી હતી. શ્રી ધીરજલાલ-ભાઈએ આગંતુકોને જણાવ્યું કે તમે હું ન જોઈ શકું એ રીતે એક બેગમાંથી તમારી ઈચ્છા પ્રમાણે બોલો ગ્રહણ કરીને બીજી બેગમાં નાખો. આગંતુકોએ તેમ કરતાં શ્રી ધીરજલાલભાઈએ તેમને થોડું ગણિત કરાવ્યું અને તેના આધારે ભારતમાં સને ૧૯૩૨ થી સને ૧૯૭૪ ની સાલ સુધીમાં જે ટેસ્ટ મેચો રમાઈ હતી, તેમાંની એક ધારી લેવા કહ્યું. આગંતુકોએ તેમ કર્યું.

ત્યારપછી તરતજ શ્રીમાન્ આણંદજીભાઈ ઊભા થયા અને તેમણે પ્રશ્ન પૂછ્યો કે 'અમે ધારેલી મેચ કઈ સાલમાં રમાઈ હતી અને તે રમવા માટે અહીં કોણ આવ્યું હતું?' તરત શ્રી ધીરજલાલભાઈએ જણાવ્યું કે 'તમે ધારેલી મેચ સને ૧૯૬૨ માં રમાઈ હતી અને તે રમવા માટે ઇંગ્લેંડના ચુનંદા ખેલાડીઓ આવ્યા હતા.'

ઉત્તર સાચો હતો, એટલે શ્રી આણંદજીભાઈનું મ્હોં મલકયું અને તેમણે બીજો પ્રશ્ન રજૂ કર્યો: 'વારુ, તમે એ કહી શકશો કે આ મેચો કયા કયા શહેરોમાં રમાઈ હતી?' શ્રી ધીરજલાલભાઈએ કહ્યું: 'પ્રથમ મુંબઈમાં, પછી કાનપુરમાં, પછી દિલ્હીમાં, પછી કલકત્તામાં અને છેવટે મદ્રાસમાં.'

ઉત્તર અણિશુદ્ધ સાચો હતો, એટલે શ્રી આણંદજી-ભાઈના મુખ પર આશ્ચર્યની રેખાઓ તરવરવા લાગી. તેમણે પોતાની પ્રશ્નમાલા આગળ ચલાવી. 'તમે એ કહી શકશો

ખરા કે તેનાં શાં શાં પરિણામો આવ્યાં હતાં ?' ઉત્તરમાં શ્રી ધીરજલાલભાઈએ કહ્યું કે 'જે મેચ રમાયાનાં સ્થાનો જાણી શકે તે શું એનાં પરિણામો જાણી ન શકે ? વારુ, તેના પરિણામો અનુક્રમે ડ્રો, ડ્રો, ડ્રો, ૧૮૭ રને ભારતની જીત અને ૧૨૮'રને ભારતની જિત થઈ હતી. આ ઉત્તર સાંભળતાં જ પ્રેક્ષકોએ તાળીના ગડગડાટથી તેમને વધાવી લીધા હતા.

શ્રી આણંદજીભાઈને તો આ બાબતમાંથી શ્રી ધીરજલાલભાઈની કસોટી કરવી હતી, એટલે તેમણે વિશેષ પ્રશ્ન પૂછ્યોઃ 'શ્રી ધીરજલાલભાઈ ! આ વખતે ભારતની ટીમનું સુકાન કોણે સંભાળ્યું હતું, તે મને કહેશો ?' શ્રી ધીરજલાલભાઈએ કહ્યુંઃ 'હા જી ! એ ટીમનું સૂકાન એન. જે. કોન્ટ્રેક્ટરે સંભાળ્યું હતું.' ઉત્તર તદ્દન ખરો હતો, એટલે પ્રેક્ષકોએ પુનઃ તાળીઓના ગડગડાટ કર્યા. તેઓ આનંદ સાથે આશ્ચર્યમાં ડૂબી રહ્યા હતા.

શ્રી આણંદજીભાઈએ હજી એક વિશેષ પ્રશ્ન પૂછ્યો કે 'ભારતની આ ટીમમાં કોણ કોણ રમ્યું હતું ? અને તે કયા ક્રમે રમ્યું હતું ?'

શ્રી ધીરજલાલભાઈએ કહ્યુંઃ 'તેનો ઉત્તર હું અવશ્ય આપીશ, પણ તેના સાચા–ખોટાપણાનો નિર્ણય શી રીતે કરશો ?' શ્રી આણંદજીભાઈએ કહ્યુંઃ 'હું ટેસ્ટ મેચોના હેવાલનું એક પુસ્તક મારી સાથે લાવ્યો છું, તેના આધારે સાચા–ખોટાપણાનો નિર્ણય કરી શકીશ.' ત્યાર પછી શ્રી

ધીરજલાલભાઈએ એ મેચના તમામ ખેલાડીઓનાં નામ યથાક્રમ કહી સંભળાવ્યાં હતાં, જે સાંભળીને ત્યાં તાળીઓનો જબ્બર ગડગડાટ થયો હતો, તેમાં શ્રી આણંદજીભાઈ પણ સામેલ હતા. ત્યાર પછી તેમણે શ્રી ધીરજલાલભાઈની વિશિષ્ટ શક્તિને સરસ શબ્દોમાં અંજલિ આપીને પુષ્પહાર અર્પણ કર્યા હતા.

આવા આવા તો અનેક આશ્ચર્યકારી પ્રયોગો શ્રી ધીરજલાલભાઈએ કરી બતાવેલા છે, જેનો કેટલોક ખ્યાલ તે અંગેના ખાસ પ્રકરણમાં અપાયેલો છે.

શ્રી ધીરજલાલભાઈ એમ માને છે કે ભક્તિ, આરાધના કે ઉપાસનાનું યોગ્ય આલંબન લેવાથી મંગલ અને કલ્યાણની પ્રાપ્તિ થઈ શકે છે, તેથી તેમણે ઉપાસનાનો માર્ગ અપનાવ્યો છે અને તેમાં નોંધપાત્ર પ્રગતિ કરેલી છે. તે સંબંધમાં એમના અનુભવો જાણવા જેવા છે, જે પ્રસ્તુત ગ્રંથના છવીશમા પ્રકરણથી જાણી શકાશે.

પંડિતજીનો પ્રથમ પરિચય મને આજથી ૩૨ વર્ષ પહેલાં મુંબઈ મહાનગરીમાં થયો, તે ભવિતવ્યતાના યોગે આજ સુધી અતૂટ રહ્યો છે. બત્રીશ વર્ષના આ દીર્ઘ સમય દરમિયાન પંડિતજીની સાહિત્યસર્જન–પ્રકાશન–પ્રચારની પ્રવૃત્તિઓ મેં નજરે નિહાળી છે અને કેટલાક અંશે તેનો સહભાગી બન્યો છું. વળી બંગાળ, બિહાર અને મધ્ય પ્રાંતના તેમના તાંત્રિક પરિભ્રમણ પ્રસંગે હું તેમનો સાથી બન્યો છું અને તેમણે જ્ઞાનવૃદ્ધિ–જ્ઞાનપ્રચાર માટે યોજેલાં

અનેક મિલનો, મેળાવડા તથા સમારોહોમાં મને સોંપાયેલી કામગીરી મેં પ્રસન્ન ચિત્તે બજાવી છે. વિશેષમાં પંડિતજીની મંત્રમય સાત્ત્વિક સાધના અને તેનાં ચમત્કારિક પરિણામો જોવાનો સુઅવસર પણ મને પ્રાપ્ત થયો છે, તે માટે હું મારી જાતને ભાગ્યશાલી માનું છું.

પંડિતજીનો મુંબઈમાં સ્થિરવાસ છે અને હું વ્યવસાય અર્થે નવી દિલ્હીમાં વસ્યો છું, છતાં પંડિતજીથી કદી જુદાઈ અનુભવી નથી. સમયસરના પત્રવ્યવહાર તથા પ્રાસંગિક મિલનોએ અમારા સંબંધને તાજો રાખ્યો છે. હમણાં હમણાં તો એ સંબંધ વિશેષ પલ્લવિત થયો છે અને તે મારા જીવનની મોંઘેરી મૂડી બની ગયો છે. વાસ્તવમાં મારા અંતઃકરણમાં પંડિતજીએ અતિ ઉન્નત સ્થાન પ્રાપ્ત કરેલું છે અને તે સદા ટકી રહેશે, એવો મને વિશ્વાસ છે. તેઓ મારા શુભેચ્છક છે, વડીલ છે, એ વાત હું કદી ભૂલ્યો નથી.

શ્રી ધીરજલાલભાઈ સાથેના મારા આ પ્રકારના ગાઢ સંબંધને લીધે હું તેમના જીવનની નાની–મોટી અનેક વાતો જાણી શક્યો છું અને તે પરથી એવા નિર્ણય પર આવ્યો છું કે હવે તો તેમની જ્યોતિર્મય જીવનકથાને પૂર્ણ પ્રસિદ્ધિ આપવી જ જોઈએ.

મેં અનેક જીવનવૃત્તો જોયાં છે, અનેક જીવનકથાઓ નિહાળી છે અને અનેક ચરિત્રોનું અવલોકન કર્યું છે, પણ તેમાંનું કોઈ જીવનવૃત્ત, તેમાંની કોઈ જીવનકથા કે તેમાંનું કોઈ ચરિત્ર મારા મન પર–અંતર પર શ્રી ધીરજલાલભાઈની

જીવનકથા જેટલો પ્રબલ પ્રભાવ પાડી શક્યું નથી. આમાં કદાચ કોઈને અત્યુક્તિ લાગશે, પણ એ અત્યુક્તિ નથી, એક નક્કર હકીકત છે. પંડિતજીની પ્રસ્તુત જીવનકથાનું અવલોકન–અવગાહન કર્યા પછી સહૃદયી પાઠકો મારા આ અભિપ્રાયનું સમર્થન કરશે, એમાં મને જરાપણ શંકા નથી.

શ્રી ધીરજલાલભાઈની જીવનકથાને જ્યોતિર્મય કહેવાનું કારણ એ છે કે તેમાં પ્રજ્ઞાનો પ્રકાશ પ્રકટેલો છે, આત્માનું તેજ સ્ફુરેલું છે અને તે હજારો–લાખો મનુષ્યોનાં અંતર અજવાળવાને સમર્થ બનેલું છે. આપણા ઋષિમુનિઓએ પ્રાર્થના કરી હતી કે 'तमसो मा ज्योतिर्गमय- હે પ્રભો ! તું મને અંધારામાંથી અજવાળા પ્રત્યે લઈ જા.' જ્યાં સુધી મનુષ્ય અંધારામાં આથડે છે અને અજવાળા પ્રત્યે જતો નથી કે જવાનો નિષ્ઠાભર્યો પ્રયત્ન કરતો નથી, ત્યાં સુધી તે નિઃસાર કે નિકૃષ્ટકોટિનું જીવન જીવે છે અને અનેક પ્રકારનાં દુઃખો–કષ્ટો કે અનેક પ્રકારની મુંઝવણ–મુસીબતો અનુભવે છે. જો તેણે તેમાંથી પાર ઊતરવું હોય તો અજવાળા ભણી–પ્રકાશભણી–જ્યોતિભણી જવું જ જોઈએ. શ્રી ધીરજલાલભાઈએ પરમ પુરુષાર્થ આદરી એ કાર્ય સિદ્ધ કર્યું, એ જ એમની સહુથી મોટી વિશેષતા છે.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઉં કે શ્રી ધીરજલાલભાઈની જીવનકથા સામાન્ય કોટિની નથી. જો એ સામાન્ય કોટિની હોત તો મેં એને સ્પર્શ કર્યો ન હોત, એ વાતની પાઠકમિત્રો ખાતરી રાખે. આ પૃથ્વીના પટ પર કરોડો

મનુષ્યો પ્રાકૃત–સામાન્ય–સાધારણ જીવન જીવે છે, તેનું કંઈ મહત્ત્વ ખરું! શું તેમની જીવનકથાઓ લખાય ખરી? અને કદાચ લખાય તો પણ તે બોધક કે પ્રેરક બની શકે ખરી? વિદ્વાનો અને વિચારકો તો તે જ જીવનકથાનું આલેખન કરે છે કે જેમાં માનવતા મહેકી ઉઠી હોય, અનેકવિધ ગુણોનો પમરાટ પ્રસરેલો હોય કે જીવનને ઊર્ધ્વગામી બનાવવા માટે વિવિધ પ્રકારના પ્રયાસો–પ્રયત્નો થયેલા હોય. હું દાવા સાથે કહી શકું છું કે શતાવધાની પંડિત શ્રી ધીરજલાલભાઈના જીવનમાં માનવતા મહેકી ઉઠેલી છે, અનેકવિધ ગુણોનો પમરાટ પ્રસરેલો છે અને જીવનને ઊર્ધ્વગામી બનાવવા માટે વિવિધ કોટિના–વિવિધ પ્રકારના અનેક પ્રયાસો–પ્રયત્નો થયેલા છે, એટલે તેમની જીવનકથાનું આલેખન અવશ્ય કરવા યોગ્ય છે.

મેં પોતે તેમની જ્યોતિર્મય જીવનકથાનું આલેખન કરવાનો પ્રયાસ પૂર્વે કરેલો હતો, પરંતુ સંયોગો પ્રતિકૂલ બનતાં તેમાં આગળ વધી શકાયું ન હતું. હવે તે માટેનો યોગ્ય અવસર આવી પહોંચ્યો છે. શ્રી ધીરજલાલભાઈએ યશસ્વી કારકીર્દિપૂર્વક પંચોતેર વર્ષની જીવનયાત્રા પૂરી કરતાં તેમનો અમૃતમહોત્સવ ઉજવવાનો નિર્ણય થયેલો છે અને તેની શાનદાર ઉજવણી કરવા માટે અગ્રગણ્ય વ્યક્તિઓની એક વગદાર સમિતિ નીમાઈ ચૂકી છે. આ સમિતિનો અભિપ્રાય એવો છે કે આ શુભ પ્રસંગે પંડિતજીના જ્યોતિર્મય જીવન પર બને તેટલો વધુ પ્રકાશ પાડવો અને તે અંગે

**'ભારતની એક વિરલ વિભૂતિ–શ્રી ધીરજલાલ શાહ'** નામના ગ્રંથનું ખાસ નિર્માણ કરી તેનું સુંદર સ્વરૂપે પ્રકાશન કરવું. આ ગ્રંથનિર્માણ અંગે મારી પસંદગી થઈ છે અને મેં તેનો સહર્ષ સ્વીકાર કર્યો છે, તે એટલા માટે કે આ નિમિત્તે હું પંડિતજી પ્રત્યેના મારા પ્રેમ–સ્નેહ–સદ્ભાવને યથાર્થપણે વ્યક્ત કરી શકું.

પરંતુ પંડિતજીની જ્યોતિર્મય જીવનકથાનું યથાર્થ આલેખન શી રીતે કરવું? એ એક મૂંઝવણભર્યો પ્રશ્ન છે, કારણ કે એ જીવનકથામાં વિવિધ પ્રવૃત્તિઓ રૂપી નદીઓનાં નીર ઠલવાતાં એણે સાગર જેવી વિશાલતા ધારણ કરેલી છે. આમ છતાં આનંદ અને આશ્વાસનની વાત એટલી છે કે સને ૧૯૭૫ ના નવેમ્બર માસની ૨૩ મી તારીખે મુંબઈ મહાનગરીની ૧૧૦ જેટલી સંસ્થાઓએ તેમનું જાહેર *સન્માન

* આ સન્માન–સમારોહના અધ્યક્ષસ્થાને મુંબઈ અને ગુજરાત રાજ્યના માજી શિક્ષામંત્રી પદ્મશ્રી ઈન્દુમતી ચીમનલાલ શેઠ બિરાજ્યા હતા. ગુજરાતના વયોવૃદ્ધ સાક્ષરરત્ન શ્રીમાન્ રામપ્રસાદ બક્ષી તથા અન્ય મહાનુભાવો અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત થયા હતા અને ગુજરાત રાજ્યના તે વખતના મુખ્ય મંત્રી માનનીય શ્રી બાબુભાઈ જશભાઈ પટેલે ખાસ મહેમાન તરીકે હાજરી આપી હતી. તેમના વરદ હસ્તે ગ્રંથપ્રકાશન થયું હતું અને તે ગ્રંથ પંડિતજીને સાદર સમર્પણ કરતાં તેમને ગુજરાતના એક પનોતા પુત્ર તરીકે અંજલિ અપાઈ હતી. આ પ્રસંગની ગુજરાત રાજ્ય તરફથી સમાચાર ફીલ્મ લેવાઈ હતી અને તે ગુજરાત–સૌરાષ્ટ્ર–કચ્છનાં મુખ્ય મુખ્ય શહેરોમાં બતાવવામાં આવી હતી.

કર્યું ત્યારે, **'શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહ જીવનદર્શન'** નામનો એક દલદાર સચિત્ર ગ્રંથ પ્રકટ થયેલો છે અને તેમાં શ્રી ધીરજલાલભાઈના જીવનને લગતી ઘણી માહિતી અપાયેલી છે.

અહીં એ પણ જણાવી દઉં કે આ માહિતી એકત્ર કરવામાં શ્રી શાન્તિકુમાર જે. ભટ્ટ, સ્વ. શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, ડૉ. રમણલાલ સી. શાહ, અને પ્રાધ્યાપક કુમારપાલ દેસાઈની જેમ મેં પણ ઠીક ઠીક પરિશ્રમ કર્યો હતો, એટલે મારા મનમાં પંડિતજીની જ્યોતિર્મય જીવનકથા અંગે આવશ્યક ભૂમિકા રચાઈ ગયેલી હતી અને તે આ અવસરે મને ખૂબ ઉપયોગી થઈ પડી છે.

મેં ઉક્ત ગ્રંથનું પુનઃ પુનઃ નિરીક્ષણ કર્યું, તેમાંથી જરૂરી નોંધો કરી લીધી અને તેના મનનપૂર્વક એક શુભદિને આ ગ્રંથનો આરંભ કરી દીધો. વચ્ચે વિઘ્નો આવ્યાં, પણ તે મારા મંગલમય માર્ગનો અવરોધ કરી શક્યાં નહિ. વચ્ચે થોડા દિવસ સ્વાસ્થ્ય બગડ્યું, છતાં મેં ગ્રંથાલેખન ચાલુ રાખ્યું અને એ રીતે 'आरब्धस्य अन्तगमनम्–જેને શરુ કર્યું, તેનો છેડો લાવવો' એ મહાપુરુષના ઉપદેશને સાર્થક કર્યો.

તે પછી વિદ્વાનો દ્વારા આ ગ્રંથનું સંપાદન–સંશોધન થયું છે, એટલે તેની પ્રામાણિકતા બાબત કોઈ શંકા રહે તેમ નથી.

શ્રી ધીરજલાલભાઈના અમૃતમહોત્સવ પ્રસંગે પ્રકાશન પામી રહેલો આ ગ્રંથ સહુના કલ્યાણનું કારણ બનો, એ જ અભ્યર્થના.

[ ૨ ]

## ધન્ય ધરા સૌરાષ્ટ્રની

સૌરાષ્ટ્રની ભૂમિ–સૌરાષ્ટ્રની ધરા પ્રાચીન પણ છે અને પવિત્ર પણ છે. જ્યારે ગૂર્જરરાષ્ટ્ર–ગુજરાત અસ્તિત્વમાં આવ્યું ન હતું, ત્યારે પણ તેની કીર્તિકથા ચોમેર ફેલાયેલી હતી અને તે ઠેઠ ગ્રીસ અને રોમના રાજદ્વારો સુધી પહોંચી હતી. તેની ઐતિહાસિક ઝલક અનેરી છે. તેના પર એક ઉડતો દૃષ્ટિપાત કરી લઈએ.

જરાસંઘના ભયથી વિહ્વલ બનેલા શ્રીકૃષ્ણને જ્યારે સલામત સ્થાન શોધવાની જરૂર જણાઈ, ત્યારે તેમની નજર સૌરાષ્ટ્ર પર પડી. તેના પવિત્ર પહાડો, તેની નમણી નદીઓ અને વિશાલ સાગરપટે તેમનું આકર્ષણ કર્યું. પરિણામે ત્યાં દ્વારકાનગરી વસાવી. તે ધન–ધાન્યથી સમૃદ્ધ બની, વિદ્યા–કલાથી વિભૂષિત થઈ અને યાદવોની રાજધાનીનું સ્થાન પામી. જગતની અલબેલી નગરીઓમાં તેની ગણના થવા લાગી, પરંતુ વૈભવ અને વિલાસના અતિરેકે યાદવોને પતન તરફ ધકેલ્યા. સુરા અને સુંદરી તરફના અનહદ

મોહે તેમનો સર્વનાશ નોતર્યો. છેવટે દ્વૈપાયન ઋષિના શાપથી દ્વારકા ભડકે બળી અને તેમાંથી માત્ર શ્રીકૃષ્ણ અને તેમના વડીલ બંધુ શ્રીબલદેવનો જ ઉગાર થયો.

માનવજીવનના ઉત્થાન અને પતનનો આ અદ્ભુત ઇતિહાસ છે અને તે આપણને સદ્વિચાર તથા સદાચારની મર્યાદાઓ નહિ ઓળંગવાનો આદેશ આપે છે.

યાદવોના આ કરુણાન્ત ઇતિહાસમાં એક અતિ ઉજ્જવલ પ્રકરણ શ્રીઅરિષ્ટનેમિ દ્વારા આલેખાયેલું છે, તેને પણ અહીં યાદ કરી લઈએ. શ્રી અરિષ્ટનેમિ રાજા સમુદ્રવિજય તથા શ્રી શિવાદેવીના પનોતા પુત્ર હતા. તેઓ વિશિષ્ટ શક્તિઓથી વિભૂષિત હતા અને પૂરા વૈભવ-વિલાસના વાતાવરણમાં ઉછર્યા હતા, છતાં કોઈ પણ દુર્ગુણે તેમના જીવનમાં પ્રવેશ કર્યો ન હતો. સહુ કોઈને તેમના સંસ્કારી ઉજ્જવલ જીવન માટે માન હતું.

તેમનાં લગ્ન રાજા ઉગ્રસેનની પુત્રી રાજીમતી સાથે નક્કી થયાં કે જેને કુટુંબીજનો રાજુલનાં હુલામણાં નામથી સંબોધતાં હતાં. એ રાજુલ સુંદરતાનો છોડ હતી, ભવ્ય ગુણોનો ભંડાર હતી. એ કાલે એના રૂપ-લાવણ્યની હરિફાઈ કરી શકે એવી કોઈ સુંદરી એ પ્રદેશમાં વિદ્યમાન ન હતી. રાજુલને શ્રીઅરિષ્ટનેમિ સાથે લગ્ન કરવાના અનેરા કોડ હતા.

લગ્નનો સમય નક્કી થયો, એટલે અભૂતપૂર્વ કહેવાય

એવી જાન જોડાઈ. તેમાં શણગારેલા હાથી, ઘોડા તથા રથનો સુમાર ન હતો. હજારો યાદવ અવનવા પોશાકો પહેરીને તથા અતિ મૂલ્યવાન આભૂષણો ધારણ કરીને તેમાં સામેલ થયા હતા. શ્રી અરિષ્ટનેમિ જે રથમાં બિરાજ્યા હતા, તેની શોભા વર્ણવી જાય તેમ ન હતી. એક અતિ કુશલ સારથિ એ રથને હંકારી રહ્યો હતો. જાનનું પ્રયાણ રાજા ઉગ્રસેનના મહેલ તરફ થયું. તેના ઝરૂખામાં બેસીને રાજુલ આ દશ્ય નિહાળી રહી હતી. એ વખતે તેના મનમાં કેવા કેવા ભાવો રમતા હશે, તેની કવિઓ વડે અનેક પ્રકારની ઉત્પ્રેક્ષાઓ થયેલી છે.

જાન ઉગ્રસેન રાજાના મહેલની નજીક આવી, ત્યાં પશુઓનો પોકાર સંભળાયો. આવો ભયંકર પશુપોકાર શ્રી અરિષ્ટનેમિએ આ પૂર્વે કદી સાંભળ્યો ન હતો. તપાસ કરી તો જણાયું કે તેમની જાનને માંસની મોટી મિજબાની આપવા માટે આ પશુઓને એકત્ર કરવામાં આવ્યાં છે. રાત્રે તેમની કત્લ થશે, એ ખ્યાલથી તેઓ આ પ્રકારનો ભયંકર પોકાર કરી રહ્યા છે.

શ્રી અરિષ્ટનેમિના દયામય હૃદયને આથી ભારે આઘાત થયો અને તેમણે હુકમ કર્યો કે આ બધાં પશુઓને હમણાં ને હમણાં છોડી મૂકો. પછી તેમણે સારથિને રથ પાછો ફેરવવા સૂચના આપી અને જાન પાછી ફરી. આ સમાચાર સાંભળતાંજ રાજુલ મૂર્ચ્છિત થઈ ને ઢળી પડી. સર્વત્ર હાહાકાર મચ્યો, પણ તેનાથી જરાયે ક્ષોભ

પામ્યા વિના શ્રી અરિષ્ટનેમિએ નગર બહાર પહોંચી સીધી ગરવા ગિરનારની વાટ પકડી. ત્યાંના આમ્રવનમાં તેમણે સંયમપૂર્ણ સાત્ત્વિક સાધના કરી આત્માનો સાક્ષાત્કાર કર્યો અને કૈવલ્યની–કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી. પરિણામે તેઓ ત્રિકાલ જ્ઞાની બન્યા, એટલે કે ભૂત, ભવિષ્ય અને વર્તમાનની તમામ ઘટનાઓ હસ્તામલકવત્ જાણવા લાગ્યા.

શ્રી અરિષ્ટનેમિએ સ્વકલ્યાણ તો સાધી લીધું હતું, પણ હજી પરકલ્યાણ સાધનાનું બાકી હતું, એટલે આસપાસના પ્રદેશમાં વિચરીને સત્ય ધર્મનો ઉપદેશ કર્યો અને એ રીતે લોકોના અંતરમાં મિથ્યાત્વ અને મોહનો જે અંધકાર વ્યાપ્યો હતો, તેને દૂર કર્યો. આમ અધર્મનો નાશ અને ધર્મનો પ્રકાશ થતાં જનસમૂહે એક નવી જ ચેતના અનુભવી. કાલાંતરે શ્રી અરિષ્ટનેમિ ગિરનાર પર્વત પર નિર્વાણ પામ્યા. તેમને ધર્મનું પ્રવર્તન કરનારા બાવીશમા તીર્થંકરની ખ્યાતિ પ્રાપ્ત થઈ. અહીં એ પણ જણાવી દઉં કે પાછળથી રાજીમતીએ તેમના જ હાથે સંયમદીક્ષા સ્વીકારી આત્મકલ્યાણ સાધ્યું હતું.

સૌરાષ્ટ્રની આ એક અમરકથા છે અને તે આજ સુધી કર્ણોપકર્ણ સંભળાતી રહી છે, તેમજ કવિઓના કમનીય કાવ્યો દ્વારા રજૂ થતી રહી છે.

સૌરાષ્ટ્રની ભૂમિ ખરેખર ! સાત્ત્વિક છે, પવિત્ર છે. અનેક યોગીઓ અને અવધૂતોએ તેની ગિરિકંદરાઓમાં યોગની સાધના કરેલી છે તથા અનેક સાધુઓ અને સંતોએ

તેના વન–ઉપવનો કે નદી–સાગર–તટે રહીને ઈશ્વરનું સામીપ્ય મેળવ્યું છે અને તેનો લોકકલ્યાણ અર્થે વિનમ્રભાવે વિનિ-યોગ કરેલો છે.

સૌરાષ્ટ્રની ભૂમિ જેટલી સાત્ત્વિક છે, તેટલી જ ખમીર-વંતી પણ છે. તેણે અનેક શૂરવીરો અને અનેક સતીઓને ઉત્પન્ન કરેલ છે કે જેમની કીર્તિકથા લોકગીતોમાં વણાઈ ને આપણા ચિત્તને ચમત્કાર પમાડી રહી છે. બીજું તો ઠીક, પણ અહીંના ચોર–લૂંટારા તથા બહારવટિયાઓ પણ બહાદુર હતા અને તેઓ પોતાની પાછળ એવી અનેક વાતો મૂકતા ગયા છે કે જે આપણને તેમની ખેલદીલી માટે માન ઉપજાવ્યા વિના રહે નહિ.

પરંતુ હજી મારે સૌરાષ્ટ્રની એક વિશેષતા વર્ણવવાની છે. તેણે એવા અનેક સાક્ષરો, સાહિત્યકારો તથા કવિઓને ઉત્પન્ન કરેલા છે કે જેમણે ગૂર્જર–સાહિત્યની વાટિકાને લીલીછમ બનાવેલી છે. વળી ભારતની કેટલીક વિરલ વિશિષ્ટ વિભૂતિઓને જન્મ આપવાનું માન પણ તેના ફાળે જાય છે.

શ્રીધીરજલાલભાઈ આ સાત્ત્વિક ખમીરવંતી ભૂમિનું એક અણમોલ રત્ન છે, તેથી જ તેઓ અનેક વાર **'સૌરાષ્ટ્રના સપૂત'** તરીકે સંબોધાયેલા છે.

વિક્રમની વીસમી સદીના પ્રારંભમાં સૌરાષ્ટ્રનું શાસન નાનાં–મોટાં અનેક રજવાડાઓ દ્વારા ચાલતું હતું, પરંતુ તેના પર અંગ્રેજોનું આધિપત્ય છવાયેલું હતું અને મહત્ત્વની દરેક બાબતમાં તેમનો નિર્ણય છેવટનો ગણાતો હતો. રાજ-

કોટના એજન્ટ–ટુ–ધી ગવર્નર તરફથી જે હુકમ છૂટે, તેનો અનાદર કરવાની કોઈ રજવાડામાં હિમ્મત ન હતી.

આ વખતે ચોર–બહારવટિયાની રંજાડ વિશેષ પ્રમાણમાં હતી અને રજવાડાઓ દ્વારા પ્રજાનું શોષણ પણ સારાં પ્રમાણમાં થતું હતું. વળી એ રજવાડાઓમાં પરસ્પર મનમેળ ઓછો હતો, એટલે નાની–મોટી અનેક બાબતોમાં સંઘર્ષ થયા કરતો અને એ રીતે અશાંતિ કે અસ્થિરતાનું વાતાવરણ સર્જાયા કરતું.

સૌરાષ્ટ્રના રજવાડાઓ પર પોતાનું પ્રભુત્વ બરાબર જળવાઈ રહે તથા સરવાળે સુવ્યવસ્થા સ્થપાય, તે માટે અંગ્રેજોએ પ્રાંતવ્યવસ્થા અમલમાં મૂકી હતી, જે આજે કેટલાક ફેરફાર સાથે ચાલુ છે.

સૌરાષ્ટ્રના આ પ્રાંતો પૈકી ઝાલાવાડ પ્રાંત પર આપણી દૃષ્ટિ સ્થિર કરવાની છે અને તે સંબંધી કેટલીક હકીકતો જાણી લેવાની છે. ઝાલા રજપૂતોના આધિપત્યવાળો ભાગ તે ઝાલાવાડ. તેમાં મુખ્યત્વે ધ્રાંગધ્રા, વઢવાણ, લીંબડી, ચૂડા, લખતર તથા મૂળીના રાજ્યોનો સમાવેશ થતો હતો. અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે મૂળીમાં ઝાલા રજપૂતોનું નહિ, પણ પરમાર રજપૂતોનું આધિપત્ય હતું અને તેના તાબાનાં ૨૪ ગામડાં ‘પરમારની ચોવીશી’ તરીકે ઓળખાતાં હતાં.

પરમારની આ ચોવીશીમાં આશરે હજાર મનુષ્યોની વસતિવાળું **‘દાણાવાડા’** નામનું એક ગામ આવેલું હતું,

જે તેની નજીકના ' દીક્ષર ' ગામને લીધે **'દીક્ષર–દાણાવાડા'** તરીકે પ્રસિદ્ધિ પામેલું હતું. તેમાં લગભગ ૩૫ ઘરો વાણિયાનાં હતાં, જે બધાં યે જૈન ધર્મના અનુયાયી હતાં. સંપ્રદાયની દૃષ્ટિએ જોઈએ તો તેમાંના ૨૯–૩૦ ઘરો સ્થાનકવાસીનાં હતાં અને બાકીનાં ૫ કે ૬ ઘરો મૂર્તિપૂજકનાં હતાં. આ બંને સંપ્રદાયો વચ્ચે ઘણો સારો મનમેળ હતો, એટલે તેમને જુદાઈનો અનુભવ થતો ન હતો.

આ ગામ કોર્ટ–કચેરી વગેરેની બાબતમાં મૂળી ઠાકોરની હકુમતમાં હતું, પણ તેની બધી ઉપજ ભાયાતોમાં જતી, એટલે તેના માલીક ભાયાતો ગણાતા અને એ રીતે તેમનો અવરજવર ત્યાં અવારનવાર થયા કરતો. લોકો તેમને બાપુ કહીને માન આપતા અને ભાયાતો તેમને પોતાની પ્રજા ગણી તેમના પ્રત્યે મમતા રાખતા.

આ ગામમાં શ્રી ધીરજલાલભાઈનો જન્મ થયો, એટલે તેમનું એ મૂલ વતન છે. તેને છોડયા આજે પંચાવન વર્ષનાં વહાણાં વાઈ ગયાં, છતાં તેના પ્રત્યેના માન અને મમત્વમાં જરાયે ઘટાડો થયો નથી. આજથી બે વર્ષ પહેલાં તેમણે એ ગામની નિશાળને પોતાનાં માતાપિતાને નામે બે ઓરડા બંધાવી આપેલા છે અને હવે પછી એ ગામના હિતની કોઈ યોજના અમલમાં આવતી હોય તો તેમાં તેમને પૂરો રસ છે.

કેટલાક મનુષ્યો પોતાનો જન્મ ગામડામાં થવા માટે પસ્તાવો કરે છે, તે એમ સમજીને કે જો અમે કોઈ મોટા

શહેરમાં જન્મ્યા હોત તો અમારો વિકાસ ઝડપથી થાત અને અમે ધારી પ્રગતિ સાધી શકત, પરંતુ ક્યાં જન્મવું એ મનુષ્યના પોતાના હાથની વાત નથી. વધારે સ્પષ્ટ કહું તો એ કર્માધીન વસ્તુ છે. શ્રી ધીરજલાલભાઈએ પોતાના બહોળા વાચન તથા સત્સમાગમથી આ વસ્તુ બરાબર સમજી લીધી હતી, એટલે તેમણે એ વાતનો કદી પસ્તાવો કર્યો નથી. ઊલટું તેમણે તો 'આ ગામે મને ઘણું આપ્યું છે' એમ વિચારીને તેને સુંદર શબ્દોમાં શ્રદ્ધાંજલિ આપેલી છે, જે આગામી પૃષ્ઠોમાં જોઈ શકાશે.

[ ૩ ]

# પૂર્વજો અને માતાપિતા

શ્રી ધીરજલાલભાઈ સૌરાષ્ટ્ર પ્રદેશના ઝાલાવાડ પ્રાંતના દાણાવાડા નામના ગામમાં જન્મેલા છે, એ હકીકત પૂર્વ પ્રકરણમાં કહેવાઈ ગઈ છે, પરંતુ સૌરાષ્ટ્રનો પ્રદેશ એ ગૂજરાત રાજ્યનો એક ભાગ છે તથા તેની બોલી અને લિપિ ગૂજરાતી છે, એટલે હરેક સૌરાષ્ટ્રવાસીને ગૂજરાતી પણ કહી શકાય. અન્ય પ્રાંતના લોકો તો કચ્છ, સૌરાષ્ટ્ર તથા ગુજરાત એ ત્રણેય પ્રદેશના લોકોને ગૂજરાતી તરીકે જ ઓળખે છે. શ્રીધીરજલાલભાઈની વિશેષ ખ્યાતિ એક ગૂજરાતી તરીકે જ થયેલી છે.

અહીં એટલું જણાવવું જરૂરી સમજું છું કે શ્રી ધીરજલાલભાઈને જેટલું માન સૌરાષ્ટ્રની ભૂમિ માટે છે, તેટલું જ માન ગૂજરાતની ભૂમિ માટે પણ છે, કારણ કે તેમનો વિદ્યાભ્યાસ તથા વિવિધ પ્રવૃત્તિઓનો વિકાસ ગૂજરાતની ભૂમિમાં થયેલો છે. ખરું કહું તો તેમના મનમાં સૌરાષ્ટ્ર અને ગૂજરાત વચ્ચે કોઇ ભેદરેખા નથી. તે બંનેને

પોતાનાં સમજે છે અને એ રીતે જ તેમનો વ્યવહાર ચાલે છે.

આટલું પ્રાસ્તાવિક કહ્યા પછી તેમના પૂર્વજો અંગે કેટલીક હકીકતો રજૂ કરીશ. શ્રી ધીરજલાલભાઈ નાના હતા, ત્યારે તેમના વહીવંચા તેમના ઘરે આવેલા અને તેમની ત્રણ દિવસની મહેમાનગતિ માણીને વહી વાંચી ગયેલા. તેનું સ્મરણ તેમને બરાબર રહી ગયેલું છે. તેનું વર્ણન કરતાં તેમણે જણાવ્યું હતું કે, ' એક દિવસ બપોરે એક વેલડું' તેમના ઘર આગળ આવ્યું. તેમાંથી બે વ્યક્તિઓ નીચે ઊતરી. તેમણે આ ઘર ટોકરશી ત્રિકમજીનું છે, એવી ખાતરી કર્યા પછી બારણું ખખડાવ્યું. મારા પિતાજીએ બારણું ઊઘાડી તેમનો સત્કાર કર્યો. તેમને એ સમજતા વાર ન લાગી કે આ તો અમારા વહીવંચા છે અને તેઓ સાંતલપુરથી ફરતાં ફરતાં અહીં આવેલા છે.

એ વખતે લોકોના મનમાં વહીવંચા માટે માન હતું, કારણ કે પોતાનો કૌટુંબિક ઇતિહાસ તેમની પાસેથી જ જાણી શકાતો. આજે તો વહીવંચાનો વર્ગ લગભગ નાબૂદ થઈ ગયો છે, એટલે વહી વાંચવાનું રહ્યું નથી. એ રીતે લોકોને એક મોટી ખોટ પડી છે, પણ તેને કાલ-દેવનો કુટિલ કટાક્ષ સમજી લેવો.

વહી વાંચવા માટે બીજો દિવસ નક્કી થયેલો, પણ વહી એમને એમ વંચાતી ન હતી, તે અંગે કેટલીક વિધિ કરવી પડતી. નિર્ધારિત સમયે અમારી પાસે એક બાજોઠ

ઢળાવ્યો, તેના પર લીલી અતલસનો રેજો પથરાવ્યો, તેના પર સવાશેર ચોખાનો સાથિયો કરાવ્યો, તેના પર શ્રીફલ મૂકાવ્યું અને બાજુમાં ઘીનો દીવો પ્રકટાવરાવ્યો. પછી વહીવંચાજીએ ખાસ આસન ગ્રહણ કરી નમસ્કારમંત્રના પાઠપૂર્વક વહી વાંચવી શરૂ કરી. મારા માતાપિતાએ સામે બેસી ખૂબ આદરપૂર્વક તેનું શ્રવણ કર્યું. હું તેમની પાસેજ બેઠો હતો, પણ આ બધું શું ચાલી રહ્યું છે, તેની મને કંઈ સમજ ન હતી, એટલે માત્ર કુતૂહલવૃત્તિથી વહીવંચાજી સામે ટગર ટગર જોયા કરતો. ત્રીજા દિવસે મિષ્ટભોજન કરાવી યોગ્ય દક્ષિણાદાન પૂર્વક તેમને વિદાય આપવામાં આવી.

મોટી ઉંમરે માતાપિતા પાસેથી મેં આ વહીની હકીકત સાંભળી, તેનો સાર એ હતો કે—

અમારા પૂર્વજો પ્રથમ પરમાર રજપૂતો હતા અને તેઓ રાજસ્થાનમાં રહેતા હતા, પણ જૈનાચાર્યના ઉપદેશથી ભિન્નમાલ કે શ્રીમાલનગરમાં જૈનધર્મ અંગીકાર કર્યા પછી તેઓ શ્રીમાળી તરીકે ઓળખવા લાગ્યા. તેમણે પોતાના વ્યવસાયમાં પણ પરિવર્તન કર્યું અને વ્યાપારમાં ઝુકાવતાં વૈશ્ય બન્યા. કન્યા અંગેની લેવડદેવડ તથા બીજા વ્યવહારમાં તેમણે બહુ ઊંચું ધોરણ જાળવ્યું, એટલે તેમની ગણના વીશામાં થવા લાગી. વીશા એટલે વીશ વસા, રૂપિયે સવા રૂપિયો. આજની પરિભાષામાં કહીએ તો નંબર એ વન. છેવટે 'વીશા 'એ જ્ઞાતિસૂચક સંજ્ઞા બની.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઉં કે જેઓ કન્યા

અંગેની લેવડદેવડમાં તથા અન્ય વ્યવહારમાં ઊંચું ધોરણ જાળવી ન શકયા, તેમની ગણના દશામાં થવા લાગી. આ રીતે વીશા કરતાં દશાનું સ્થાન નીચે ગણાયું. કાલાંતરે તેમાંથી પાંચા અને અઢિયા પણ ઉત્પન્ન થયા, જે તેમના વધારે નીચા ધોરણને આભારી છે.

અમારા વીશા શ્રીમાલી પૂર્વજોનું ગોત્ર ચીકાણી હતું, તેની નોંધ વહીવંચાના ચોપડે બરાબર થયેલી હતી. અમુક સમયે તેઓ પાર્શ્વચંદ્ર ગચ્છના અનુયાયી બન્યા હતા.

તેઓ રાજસ્થાનમાંથી ખસતાં ખસતાં સૌરાષ્ટ્રમાં આવ્યા અને બોટાદ તથા ધ્રાંગધ્રામાં વસ્યા. આજે પણ બોટાદ અને ધ્રાંગધ્રામાં ચીકાણીઓનાં કેટલાંક ઘર છે અને તે બધા મૂર્તિપૂજક સંપ્રદાયની આમન્યા પાળે છે.

ધ્રાંગધ્રાના ચીકાણીઓમાંથી શ્રી જૂઠાભાઈ દાણાવાડા આવ્યા.* તેમને સંયોગાધીન ત્યાં આવવું પડેલું કે તેઓ દાણાવાડાના કોઈ ભાયાતના આમંત્રણથી ત્યાં આવેલા, તે જાણી શકાયું નથી. ગમે તેમ પણ શ્રી જૂઠાભાઈએ પોતાનું જીવન દાણાવાડામાં પૂરું કર્યું અને તેમનો વંશવેલો પણ ત્યાં જ પાંગર્યો.

---

* શ્રી ધીરજલાલભાઈને ત્યાં કેટલાક જૂના ચોપડા હતા, તેમાં એવો ઉલ્લેખ જોવામાં આવ્યો હતો કે આપણે વરઘની માટી ધ્રાંગધ્રાના ચીકાણીઓમાંથી લાવવી, એટલે જૂઠાભાઈ ધ્રાંગધ્રાના ચીકાણીઓમાંના એક હતા, એ વાત નિશ્ચિત છે. પરંતુ પછી તેમને ધ્રાંગધ્રા સાથે વિશેષ સંબંધ રહ્યો હોય, એમ લાગતું નથી.



ચિત્રકામમાં મશગુલ - સને ૧૯૨૮



બાલગ્રંથાવલીનું લેખન. સને ૧૯૨૮




કરાંચીમાં અવધાનપ્રયોગો વખતે.



સરસ્વતી-વરદ-પુત્ર અને મંત્રમનીષી પદ
અર્પણ થયા પછી. સને ૧૯૬૯

શ્રી જૂઠાભાઈના માધવજીભાઈ થયા, માધવજીભાઈના સવજીભાઈ થયા અને સવજીભાઈના ત્રિકમજીભાઈ થયા. આ બધા પુરુષો વિષે વિશેષ કંઈ જાણી શકાયું નથી, માત્ર તેમની નામાવલી જ પ્રાપ્ત થયેલી છે, પણ એટલી વાત નક્કી છે કે તેઓ ત્યાંના ભાયાતના કારભારી તરીકે કામ કરતા અને નાની દુકાનદારી ચલાવી સંતોષપૂર્વક પોતાનું જીવન ગાળતા. તેમની પ્રતિષ્ઠા પણ ઠીક જ હશે, નહિ તો સાયલાનિવાસી શ્રી ઓઘડ ગણેશ તેમની બહેન ત્રિકમજીને કેમ આપે? સામાન્ય રીતે ગામડાવાળાઓની દૃષ્ટિ શહેર તરફ રહે છે, પણ શહેરવાળાની દૃષ્ટિ ગામડા તરફ રહેતી નથી. અહીં તો તેથી ઉલટું હતું. સાયલા શહેર હતું અને દાણાવાડા ગામડું હતું, છતાં આ પ્રકારનો વ્યવહાર થયો હતો.

શ્રી ત્રિકમજીને માત્ર એક જ સંતાન હતું અને તે શ્રી ટોકરશીભાઈ. આ સંયોગોમાં તેમના સગાંવહાલાંઓનો વિસ્તાર બહુ મર્યાદિત હતો.

શ્રી ટોકરશીભાઈ પોતાના જમાના અનુસાર થોડી ગુજરાતી ચોપડીઓ ભણ્યા હતા અને પોતાના બાપદાદાની માફક પરચુરણ દુકાનદારી કરી પોતાની આજીવિકા ચલાવતા હતા. તે સાથે ભાયાત દરબારનું કારભારું પણ કરતા, પણ તેમાં ઝાઝો કસ ન દેખાતાં તેને છોડી દીધું હતું.

તેમને વ્યાપાર અને વ્યવહાર કરતાં સેવાનાં કાર્યો વધુ ગમતાં, એટલે ગામની સાર્વજનિક પ્રવૃત્તિઓમાં રસ

લેતા અને એ રીતે લોકપ્રિય બનેલા. એ વખતે ગામના મહાજનની ધાક એવી હતી કે કોઈ તેની સીમમાં પ્રાણીની હિંસા કરી શકે નહિ. આમ છતાં વાઘરી તથા બીજા હિંસક લોકો ગામની સીમમાંથી સાંઢા* પકડવાનો પ્રયત્ન કરતા, તો ટોકરશીભાઈ પોતાના મિત્રો સાથે ત્યાં જઈ પહોંચતા અને તેમની સામે ઝઝુમીને ભગાડી મૂકતા. છેવટે તો તેમનું નામ સાંભળીને આવા લોકો થરથરતા અને ગામની સીમમાં આવવાની હિંમત કરતા નહિ.

શ્રી ટોકરશીભાઈ હિંમતવાન પણ એવા જ હતા. એક વાર તેઓ વઢવાણ કેમ્પથી ગાડામાં બેસીને દાણાવાડા આવતાં રસ્તામાં ચોરો મળ્યા, ત્યારે ગાડાનાં ઉંપલાં ખેંચી ચોરોનો સામનો કરેલો અને તેમને ભગાડેલા. ટૂંકમાં શ્રી ટોકરશીભાઈની ગણના ગામનાં એક મર્દ માણસ તરીકે થતી અને બધા પર તેમનો પ્રભાવ પડતો.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઉં કે દાણાવાડાથી લગભગ સાત માઈલ દૂર વઢવાણ કેમ્પ નામનું શહેર આવેલું હતું, જે વખત જતાં સુરેન્દ્રનગર નામે પ્રસિદ્ધ થયું. દાણાવાડાના લોકો મોટાભાગે આ વઢવાણ કેમ્પમાં હટાણા માટે જતા અને સાંજ થતાં પાછા ફરતા. આવા જ એક પ્રસંગે ઉપરની ઘટના બનેલી.

શ્રી ટોકરશીભાઇને સાધુ—સંતોની સેવા ખૂબ જ ગમતી.

---

* કાચીંડા જેવા એક પ્રકારના પ્રાણી. તેનો ઉપયોગ એક પ્રકારનું ઔષધીય તેલ બનાવવા માટે થાય છે.

ગામમાં કોઈ સાધુસંત પધારે કે તરત જ તેમની પાસે પહોંચી જાય અને દરેક પ્રકારે તેમની સેવા કરવા માંડે. આ સંયોગોમાં તેઓ પોતાના જીવનનિર્વાહ કરતાં વિશેષ કમાણી કરી શકતા નહિ.

તેમનાં લગ્ન મોટી ઉમરે એટલે આશરે ચાલીશમા વર્ષે વઢવાણ શહેરના રહીશ શ્રી જેચંદભાઈ માવજીની પુત્રી મણિબહેન સાથે થયાં. મણિબહેનની માતા પૂતળીબાઈ ઘણા ધર્મચુસ્ત હતા. સામાયિક, પ્રતિક્રમણ, વ્યાખ્યાનશ્રવણ, રાત્રિભોજનત્યાગ આદિ જૈન ધર્મના નિયમોનું તેઓ ચુસ્તપણે પાલન કરતા હતા. શ્રી ધીરજલાલભાઈએ નાનપણમાં તેમને જોયેલાં, એટલે તેમનો ચહેરો-મહોરો યાદ રહી ગયેલો, પણ તેમણે નિયમપાલન માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું, ત્યારથી શ્રી ધીરજલાલભાઈને તેમના માટે અત્યંત માન ઉત્પન્ન થયું હતું.

વાત એમ બની હતી કે પૂતળીબાઈએ પોતાના નિત્યનિયમ અનુસાર ચોવિહારનું પચ્ચક્ખાણ લીધું હતું, એટલે કે સૂર્યાસ્ત પછી આહાર-પાણી આદિને લગતી કોઈ પણ પ્રકારની વસ્તુ નહિ લેવાની પ્રતિજ્ઞા ગ્રહણ કરી હતી.

હવે રાત્રિના લગભગ નવ વાગતાં તેમને કોલેરાની અસર જણાવા લાગી, એટલે આપ્તજનોએ કહ્યું : ‘અમુક પ્રકારની દવા લો.’ પણ પોતાના નિયમનો ખ્યાલ કરી તેમણે કોઈ પણ પ્રકારની દવા લેવાની ના પાડી દીધી. આ બાજુ કોલેરાની અસર વધવા લાગી, એટલે ઘરના

માણસો ડોકટરને બોલાવી લાવ્યા. ડોકટરે તેમને તપાસીને તથા તેમની હકીકત જાણીને કહ્યું કે 'તમને કોલેરા લાગુ પડેલ છે, એટલે અત્યારે જ ઈંજેકશન લઈ લ્યો, નહિ તો સવાર જોવા પામશો નહિ.' છતાં પૂતળીબાઈ મક્કમ રહ્યાં. તેમણે કહ્યું : 'ડોકટર ! પાંચમની છઠ્ઠ થતી નથી. હું મારા નિયમનો ભંગ નહિ કરું. ઈંજેકશન લઉં તો પણ આહાર-ત્યાગની બાબતમાં ભંગ થાય અને મારે એ ભંગ કરવો નથી.'

ડોકટરે કહ્યું : 'એ ભંગ માટે પ્રાયશ્ચિત્ત લેજો, પણ અત્યારે તમારો જાન બચાવી લો.' પૂતળીબાઈએ કહ્યું : 'મારા જાન કરતાં મારો ધર્મ મને વધારે વહાલો છે.' ડોકટર પાછા ગયા અને સૂર્યનારાયણનાં કિરણો અવનીને અજવાળે, તે પહેલાં તેમણે નશ્વર દેહનો ત્યાગ કર્યો.

શ્રી ધીરજલાલભાઈ કહે છે કે જ્યારે તેમની ધર્મશ્રદ્ધા અને તેમની મક્કમતાનું મને સ્મરણ થાય છે, ત્યારે મારું મસ્તક સહસા તેમને નમી પડે છે.

મણિબહેન આવી ધર્મપરાયણ માતાનું ધાવણ ધાવ્યા હતા, એટલે તેમની ધર્મભાવના ઘણી ઊંચી હતી. તેમણે પાંચ ગુજરાતીનો અભ્યાસ કરેલો હતો, પણ સ્મરણ શક્તિ તીવ્ર હોવાથી તેઓ જે જે ધર્મકથાઓ કે ધર્મચર્ચાઓ સાંભળતાં, તે તેમને બરાબર યાદ રહી જતી. આ રીતે તેમનું જ્ઞાનભંડોળ મોટું હતું.

લગ્નસમયે તેમની ઉંમર ઓગણીશ કે વીશ વર્ષની

હશે. શ્રી ધીરજલાલભાઈનો જન્મ આ ધર્મપરાયણ માતાની કુક્ષિએ વિક્રમ સંવત્ ૧૯૬૨ના ફાગણ વદી આઠમ તા. ૧૮–૩–૧૯૦૬ રવિવારની વહેલી સવારે થયો હતો. પુત્રના જન્મથી માતા–પિતા બંનેને ખૂબ આનંદ થયો. આ વખતે શ્રી ટોકરશીભાઈના માતુશ્રી દીવાળીબાઈ વિદ્યમાન હતાં. તેમના આનંદની તો અવધિ જ ન રહી. બે પેઢીથી એક જ પુત્ર પર વંશવેલો ચાલતો હતો અને શ્રી ધીરજલાલભાઈના જન્મ પહેલાં મણિબહેનનો એક પુત્ર માત્ર બે માસનો થઈ મરણ પામ્યો હતો, એટલે આ પુત્રનું આગમન તેમને અસાધારણ આનંદ આપે, એ સ્વાભાવિક હતું. તેમણે આ પુત્રનું મુખ જોતાં જ કહેલું કે 'આ દીકરો અમારો દી કરશે,' એટલે કે અમારા કુલને અજવાળશે. અંતઃપ્રેરણાઓ ઘણીવાર સાચી હોય છે. દીવાળીબાઈની આ અંતઃપ્રેરણા તો અચૂક સાચી જ પડી, એ હવે પછીની પંક્તિઓ વાચતાં સમજી શકાશે.

ત્યાર પછી મણિબહેને બે પુત્રીઓને જન્મ આપ્યો હતો, તેમાં મોટીનું નામ ઝવેરી અને નાનીનું નામ શાન્તા હતું. આ બંને પુત્રીઓ યોગ્ય ઉંમરે વિવાહિત થઈ હતી, પણ ત્યાર પછી થોડા થોડા વખતના અંતરે અવસાન પામી હતી.

[ ૪ ]

## બાલ્યાવસ્થા

એકવાર એક સજ્જને મને પ્રશ્ન કર્યો કે તમે શતાવધાનીજીની જન્મકુંડલી જોઈ છે ? અને તેમાંના ગ્રહોનું નિરીક્ષણ કર્યું છે ?

મેં કહ્યું : ના.

તેમણે કહ્યું : તમે તો તેમના સમાગમમાં વર્ષોથી છો, છતાં આમ કેમ ?

મેં કહ્યું : मूलं नास्ति कुतः शाखा ? જ્યાં જન્મકુંડલી બનેલી જ ન હોય, ત્યાં તે જોવાનું ક્યાં રહ્યું ?

તેમણે કહ્યું: શું તમે આ બાબતની ખાતરી કરેલી છે ?

મેં કહ્યું : હા, શતાવધાનીજીએ પોતે જ મને આ વસ્તુ કહેલી છે.

તેમણે કહ્યું : આવા મોટા માણસ અને તેમની જન્મકુંડલી ન હોય, એ ખરેખર આશ્ચર્યજનક છે.

મેં કહ્યું : શતાવધાનીજી મોટા માણસ ખરા, પણ તે શતાવધાનના પ્રયોગો કર્યા પછી. તેમના જન્મસમયે

સ્થિતિ જુદા પ્રકારની હતી. ઘરમાં ઘડિયાળ ન હતું અને જન્મકુંડલી માટે આગ્રહ ન હતો, એટલે જન્મકુંડલી બને ક્યાંથી?

મને લાગ્યું કે તેઓ મારી આ વાત બરાબર સમજ્યા નહિ, એટલે તેની સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે આજથી પંચોતેર વર્ષ પહેલાં ગામડાઓમાં ચોકસ સમય જોવાનું કોઈ સાધન ન હતું. દિવસે સૂર્યની ગતિ પરથી અને રાત્રિએ તારાઓનાં સ્થાન પરથી સમય અંગે અનુમાન કરવામાં આવતું અને તેનાથી તેમનો વ્યવહાર ચાલતો. ઘડિયાળ તો ત્યાં ઘણાં વર્ષ પછી દાખલ થયાં. વળી પુત્ર-પુત્રીનો જન્મ થતાં જ તેનો ચોકસ સમય નોંધી લેવો જોઈએ અને તે પરથી જન્માક્ષર, જન્મપત્રિકા કે જન્મકુંડલી બનાવી લેવી જોઈએ, એવો વિચાર પણ ત્યાં પ્રવેશેલો ન હતો, દૃઢ થયેલો હતો. એટલે જન્મકુંડલી બનાવી લેવાનું મનમાં સ્ફુરે શી રીતે? આ સંયોગોમાં તેમની જન્મકુંડલી બનેલી નથી.

તેમણે કહ્યું : નિષ્ણાત જોશીઓ જીવનની ઘટનાઓ પરથી જન્મકુંડલી તૈયાર કરી શકે છે, એ વાત શું શતાવધાનીજી નહિ જાણતા હોય?

મેં કહ્યું : આ વાત તેઓ બરાબર જાણે છે, પણ આ રીતે પોતાની જન્મકુંડલી બનાવવામાં તેમને રસ નથી. જ્યારે જ્યારે તેમની જન્મકુંડલી બનાવરાવી લેવાની વાત નીકળી, ત્યારે તેમણે એક જ જવાબ આપ્યો છે: 'મને ભવિષ્ય જાણવા કરતાં ભવિષ્ય ઘડવામાં વધારે રસ છે.

સંભવ છે કે સુખની નિશ્ચિતતાથી આપણે છકી જઇએ અને દુઃખની નિશ્ચિતતાથી ડગી જઇએ. આ બેમાંથી એક પણ સ્થિતિ ઇષ્ટ નથી, એટલે આત્મશ્રદ્ધા કેળવી સન્મતિપૂર્વક જીવન વ્યતીત કરવું, એ જ હિતાવહ છે.' આજે પણ તેમના આ વિચારમાં કંઈ ફરક પડયો નથી.

પેલા સજ્જને ત્યાર પછી વિશેષ પ્રશ્ન પૂછયો નહિ અને અમારો વાર્તાલાપ પૂરો થયો.

શ્રી ધીરજલાલભાઈના જન્મસમયે દાણાવાડામાં પાંચ–છ બ્રાહ્મણોનાં ઘર હતાં, તે મોટા ભાગે યજમાનવૃત્તિ પર નભતા હતા અને તેમાંનું એક જ ઘર જ્યોતિષનું કામ કરતું હતું, પણ તે પ્રાથમિક કોટિનું. શ્રી ટોકરશીભાઈએ આ ઘરના બ્રાહ્મણબંધુને પુત્રના જન્મસમયનો ખ્યાલ આપ્યો હતો, તે પરથી તેણે પુત્રનું જન્મનક્ષત્ર 'મૂળ' કહ્યું હતું અને રાશિ 'ધન' કહી હતી અને તે અનુસાર પુત્રનું નામ ધ કે ભ અક્ષર પર પાડવા જણાવ્યું હતું. શ્રી ધીરજલાલ-ભાઈને સગી ફોઈ ન હતાં કે તેમનું સ્થાન લે એવી કોઈ બીજી વ્યક્તિ ન હતી, એટલે તેમના માતાપિતાએ જ તેમનું ધીરજલાલ નામ પાડયું. આ વખતે તેમનાં દાદીમા દીવાળી-બાઈ હૈયાત હતાં, તેમણે કહ્યું કે મને તો ભાઈચંદ નામ ગમે છે, એટલે આ છોકરાને એજ નામે બોલાવીશ અને તેઓ જીવ્યા ત્યાં સુધી તેમને એ જ નામે બોલાવતા રહ્યા હતા.

અહીં એ પણ જણાવી દઉં કે પુત્રનું નામ ધીરજલાલ પાડવામાં માતાપિતાનો કોઈ ચોક્કસ હેતુ ન હતો. એ વખતે એ નામ સારું ગણાતું, એટલે જ તેમણે એ નામની પસંદગી કરેલી, પણ શ્રી ધીરજલાલભાઈ પ્રસિદ્ધિમાં આવ્યા પછી એ નામ અંગે કેવી ઉત્પ્રેક્ષાઓ થઈ છે, તે જાણવાનું અહીં રસપ્રદ થઈ પડશે.

તેમને પ્રૌઢ સંસ્કૃત ભાષામાં લખાયેલું એક સન્માન-પત્ર અર્પણ થયેલું છે. તેમાં જણાવ્યું છે કે—'विकारहेतौ सति विक्रियन्ते, येषां न चेतांसि त एव धीराः, इति महाकवि कालिदासोक्तं धीर–निरुक्तं सत्यापयितुमेव भवत्पूज्याभ्यां पितृभ्यां मणिबहेन–टोकरशीभ्यां सकललोकलाल्ये बाल्ये वयसि भवन्तः 'श्री धीरजलाल' इत्यभिधानेन सभाजिताः किंवा वणिजामन्ववाये सम्भूतोऽप्ययं धियां रजसामितस्ततः आपतिता-नामपाकरणपूर्वकं सद्गुणानां सङ्ग्रहणे संवरणे परिष्करणे परिहरणे पुरस्करणे च पाटवं सन्धार्य तेषां लाने–आदाने अलाने–दाने च निपुणो भविष्यतीति सञ्चिन्त्यैव यथार्थ नाम्नाऽऽम्नाताः। આપનાં માતુશ્રી પૂજ્ય મણિબહેન તથા પિતાશ્રી પૂજ્ય ટોકરશી શાહે બધા લોકોને પ્રિય એવા બાલ્યકાલમાં આપનું શ્રી ધીરજલાલ નામ રાખ્યું, તેમાં મહાકવિ કાલિદાસે ધીર શબ્દનું" જે નિરૂક્ત કર્યું છે–વિકારનું કારણ હોવા છતાં જેમના ચિત્તમાં વિકારો આવતા નથી; તે ધીર કહેવાય છે–તેને સત્ય કરવા માટે જ રાખ્યું છે. અથવા આપશ્રી વૈશ્યકુલમાં ઉત્પન્ન થયેલા હોવા છતાં

ધીમાં–બુદ્ધિમાં આવેલા માલિન્યને દૂર કરવામાં પ્રયત્નશીલ બની ઉત્તમ બુદ્ધિના સંગ્રહમાં, તેનો સંસ્કાર કરવામાં, તેને ફેલાવવામાં નિરંતર આપ–લે કરતા રહેશો, એવી ભાવનાથી જ ધીરજલાલ નામે ઓળખાયા છો.'

એક વાર એક વિદ્વાને વિશાલ જનસંખ્યાવાળી સભામાં તેમનો પરિચય આપતાં જણાવેલું કે પુત્રપ્રાપ્તિની બાબતમાં તેઓ માતાપિતાને ધૈર્ય આપનાર નીવડયા, એટલે તેમનું નામ ધીરજલાલ રાખવામાં આવ્યું.

બીજા આવા એક પ્રસંગે એક સાક્ષર મહાશયે જણાવેલું કે તેઓ ધીર–ગુણગંભીર એવાં માતાપિતાને ત્યાં જન્મ પામ્યા, તેથી તેમનું નામ ધીરજલાલ પડયું.

અહીં એટલું જણાવી દઉં કે પુત્ર–પુત્રીનાં નામો ઘણા ભાગે સંજ્ઞાસૂચક જ હોય છે, છતાં વિદ્વાનો પોતાની પ્રતિભાથી તે અંગે અનેક પ્રકારની ઉત્પ્રેક્ષાઓ કરીને તેને ગુણનિષ્પન્ન સિદ્ધ કરી શકે છે અને તે જનમનને આનંદ અને આશ્ચર્યનું કારણ બને છે.

શ્રી ધીરજલાલભાઈ સામાન્ય સ્થિતિમાં ઉછર્યા હતા, પણ માતાપિતાની અપૂર્વ મમતાને લીધે તેમના લાલન–પાલનમાં કોઈ ખામી આવી ન હતી. મેં અનુભવે જોયું છે કે એક પુત્રનો શ્રીમંતને ત્યાં જન્મ થયો હોય તો તેને ઉછેરવામાં ઘણી કાળજી રાખવામાં આવે છે અને તે માટે ખાસ બાઈઓને રોકવામાં આવે છે, આમ છતાં તે વારંવાર માંદો પડે છે કે નબળાઈનો ભોગ થઈ પડે છે અને

ડોક્ટર-વૈદ્યના વિવિધ ઉપચારો કરવા છતાં તેના શરીરનું અને પરિણામે મનનું યોગ્ય ઘડતર થતું નથી, પરંતુ શ્રી ધીરજલાલભાઈ એક સામાન્ય સ્થિતિવાળા ઘરમાં જન્મવા છતાં સાથે પુણ્યનો પુંજ લેતા આવ્યા હતા, એટલે કોઈ રોગ કે વ્યાધિએ તેમની સતામણી કરી ન હતી. તેઓ બીજના ચંદ્રની જેમ અનુક્રમે વૃદ્ધિ પામતા હતા અને તેમનું શરીર તથા મન યોગ્ય રીતે ઘડાતું જતું હતું.

તેઓ એક વર્ષના થયા, ત્યારે ચાલતા-દોડતા થઈ ગયા હતા અને ઘણા શબ્દો બોલી શકતા હતા.

તેઓ દોઢ વર્ષના થયા ત્યારે એક યાદગાર ઘટના બની ગઈ, જેની અહીં નોંધ લેવી આવશ્યક છે. તેઓ ઘરના ઉંબરા પાસે ઓશરીમાં રમતા હતા. એમના પિતાજી કોઈ કામે બહાર ગયા હતા, માતાજી બાજુના ઓરડામાં ગૃહ-કાર્યમાં નિમગ્ન હતા અને દાદીમા બીજા ઘરના ઓરડામાં ખાટલા પર સૂતા હતાં. એવામાં ફળિયામાંથી એક નાગણ ઓશરીમાં ચડી અને તેઓ રમતા હતા, તેની બાજુમાં થઈને ઓરડામાં દાખલ થવા લાગી. તે વખતે શ્રી ધીરજલાલભાઈએ એક ગોળ સુંવાળી વસ્તુ સમજી રમવાની બુદ્ધિથી તેની પૂંછડી પકડી લીધી અને નાગણને થોડી પાછી ખેંચી.

આ સંયોગોમાં નાગણ છંછેડાઈને દંશ માર્યા વિના રહે નહિ, પણ કોણ જાણે કેમ તે એમની ઉપેક્ષા કરીને પાછી ઓરડામાં દાખલ થવા લાગી. આમ તે અંદર જાય

અને શ્રી ધીરજલાલભાઇ તેને પાછી ખેંચે, આવું થોડી વાર બન્યું હશે. ત્યાં તેમના પિતાશ્રી બહારથી આવ્યા અને આ દૃશ્ય જોઇને ડઘાઇ ગયા. શું કરવું ? તે સૂઝે નહિ. એવામાં તેમના માતુશ્રી ઓરડામાંથી બહાર નીકળ્યા. તેઓ પ્રથમ તો આ દૃશ્ય જોઇને ડઘાઈ ગયાં, પણ પછી તેમણે પતિને જણાવ્યું કે 'જ્યાં છોકરો નાગણની પૂંછડી છોડી દે કે તરત તેને ઊંચકીને લઇ લો.' શ્રી ટોકરશીભાઇએ આ પ્રકારની હિંમત કરી અને તેમને ઉઠાવી લીધા. માતા–પિતા બંનેએ તેમને છાતીસરસા ચાંપ્યા અને ખૂબ વહાલ કર્યું. પછી અન્ય માણસોની સહાય મેળવી એ નાગણને પકડી લીધી અને ગામ બહાર મૂકી આવ્યા.

બીજા દિવસે ત્યાં બે સ્નેહીઓ આવ્યા. તેમણે આ ઘટના જાણીને કહ્યું : 'જેમના માથે નાગ કે નાગણ ફેણ ધરે અથવા જે નાગ કે નાગણ સાથે રમે, તે આગળ જતાં ઘણો પરાક્રમી થાય અને તેનો દેશમાં ડંકો વાગે.' માતા–પિતાએ કહ્યું : 'એ તો બને તો ખરું, પણ અત્યારે તેનો જીવ બચ્યો છે, તેથી અમારા આનંદનો પાર નથી.'

ઉપરની ઘટના પછી થોડા જ વખતે તેમનાં માતુશ્રી તેમને સાથે લઇને પોતાના પિયર વઢવાણ શહેર પગે ચાલીને જઇ રહ્યાં હતાં. રસ્તામાં તેઓ તેમને એક બાજુએ બેસાડીને થોડે દૂર લઘુશંકા કરવા બેઠા, ત્યાં તો શ્રી ધીરજલાલભાઈનો ચપલ જીવડો ચાલતો ચાલતો થોડે દૂર કૂવો હતો, ત્યાં જઈ પહોંચ્યો. તે જોઈ માતા દોડતા

આવ્યા, ત્યાં તો તેમણે કૂવામાં શું છે ? એ જોવાની જિજ્ઞાસાથી મસ્તક નમાવ્યું અને તેઓ અંદર સરકી ગયા, પણ માતાએ તેમને એક હાથે પકડી લીધા. આ બધું ક્ષણવારમાં બની ગયું. હવે આ રીતે વધારે વખત માતાથી ઊભા રહેવાય એવું ન હતું, કારણ કે તેમનું શરીર કાંઠા પર તોળાઈ રહ્યું હતું અને ધ્રૂજતું હતું. એવામાં કોઈ વટેમાર્ગુ ત્યાં આવી પહોંચ્યો અને તેણે આ મા–દીકરાને બચાવી લીધા. આ પ્રસંગનું વર્ણન કરતાં તેમના માતુશ્રીએ જણાવ્યું હતું કે 'મેં તો આશા છોડી દીધી હતી, પણ મનમાં ભગવાનનું સ્મરણ ચાલુ હતું, એટલે આ રીતે અણીના સમયે અણધારી મદદ મળી, એમ માનું છું.'

શ્રી ધીરજલાલભાઈએ સમવયસ્ક મિત્રો સાથે ખેલતાં–કૂદતાં પાંચ વર્ષ પૂરાં કર્યાં, ત્યારે તેમને ગામની નિશાળે બેસાડવામાં આવ્યા. ત્યાંના રિવાજ મુજબ તેમના પિતાશ્રીએ નિશાળના મહેતાજીને રૂપિયો અને શ્રીફળ દક્ષિણામાં આપ્યા અને છોકરાને સારી રીતે ભણાવવાની સૂચના કરી, વિનંતિ કરી. આ મહેતાજી કે જેમનું નામ ભાઈશંકર હતું, તે સ્વભાવે કડક હતા, પણ વિદ્યાર્થીઓને શિક્ષણ બહુ સારું આપતા. તેમનો માન–મરતબો ગામમાં ઘણો સારો હતો.

તેમણે શ્રી ધીરજલાલભાઈને એકડો ઘુંટાવ્યો. તેઓ તેઓ તરત જ શીખી ગયા. ત્યાર પછીના નવ અંકો શીખતાં પણ તેમને વાર લાગી નહિ. કક્કો અને બારખડી પણ તેઓ જોતજોતામાં શીખી ગયા. આ રીતે તેમના પ્રાથમિક વિદ્યા-

ભ્યાસમાં પ્રગતિ થવા લાગી, તેથી મહેતાજીને તેમના પ્રત્યે પ્રેમ પ્રકટયો અને તેમની ગણના એક હોંશિયાર વિદ્યાર્થી તરીકે કરવા લાગ્યા.

શ્રી ધીરજલાલભાઇએ 'મારા ઉપકારીજનો' નામનો એક નિબંધ લખેલો, જે પ્રસિદ્ધ થવા પામ્યો નથી અને તેની પ્રતિ નષ્ટપ્રાયઃ થઈ ગયેલી છે, તેમાં તેમણે આ મહેતાજીની પોતાના વિદ્યાગુરુ તરીકે માનભેર નોંધ લીધેલી હતી.

ગામની નિશાળમાં અભ્યાસ કરતાં શ્રી ધીરજલાલભાઈ આઠ વર્ષના થયા અને ત્રીજા ધોરણમાં આવ્યા કે એક દુર્ઘટના બની.

તેમના પિતાશ્રી છેલ્લાં બે વર્ષથી ગોધરા નજીક ટુવા સ્ટેશને એક દુકાનમાં ભાગીદાર તરીકે જોડાયા હતા અને ત્યાંથી અહીં આવ-જા કરતા હતા. છેવટે તેમણે નિર્ણય કર્યો હતો કે મારા આખા કુટુંબને મારે ત્યાં લઈ જવું, એટલે તેમણે ઘર સમેટવા માંડયું હતું અને કેટલીક વસ્તુઓ વેચી નાખી બાકીની અગત્યની વસ્તુઓનાં પોટલાં બાંધ્યાં હતાં. એવામાં તેમને તાવ આવ્યો અને માત્ર બેજ દિવસની માંદગીમાં તેઓ વિ. સં. ૧૯૭૦ ના કારતક સુદિ ૧ ની મધ્યરાત્રિએ અવસાન પામ્યા. આ વખતે ગામમાં રામલીલા રમાઈ રહી હતી, તેનો ખેલ બંધ થયો અને ગામમાંથી એક મર્દ માણસ ચાલ્યો ગયો, તેનો આઘાત સહુએ અનુભવ્યો.

શ્રી મણિબહેન માથે તો જાણે આભ જ તૂટી પડયું. જેના આધારે જીવન ચાલતું હતું, તે આમ એકાએક ચાલ્યા

ગયા! હવે આશરો કોનો? શ્રી ટોકરશીભાઈને એક પણ બંધુ કે એક પણ બહેન ન હતાં, એટલે નજીકનાં સગામાં નનૈયો હતો. વળી પુત્રની ઉંમર આઠ વરસની, પ્રથમ પુત્રીની ઉંમર પાંચ વર્ષની અને બીજી પુત્રીની ઉંમર ત્રણ વર્ષની હતી, એટલે એ બધાને ઉછેરવાનો ભાર તેમના માથે આવી પડ્યો હતો. સહુથી વધારે વિચારણીય વાત તો એ હતી કે એ વખતે તેમની પાસે માત્ર સો રૂપિયાનો જ અવેજ હતો, તેના આધારે કેટલા દહાડા વિતાવી શકાય? વળી તેમની પાસે રહેવાના ઘર સિવાય બીજી કોઈ મિલકત ન હતી.

શ્રી ટોકરશીભાઈએ ધાર્યું હોત તો તેઓ આ ગામમાં પોતાના નામે કેટલીક જમીન કરી શક્યા હોત કે બે-ત્રણ નવાં ઘરો બાંધીને તેને પોતાની મિલકત બનાવી શક્યા હોત, અથવા તો દુકાનદારીમાં વિશેષ ધ્યાન આપ્યું હોત તો પાસે બે પૈસાનો જીવ જરૂર થયો હોત, પણ તેઓ મોટા ભાગે સાર્વજનિક પ્રવૃત્તિઓમાં રચ્યા-પચ્યા રહ્યા હતા અને તેમણે પોતાની અંગત બાબતો પર વિશેષ લક્ષ્ય આપ્યું ન હતું. તેમને એક-બે મિત્રોએ એમ પણ કહ્યું હતું કે 'પંચાતિયાના છોકરા ભૂખે મરે' માટે બહારની પ્રવૃત્તિ ઓછી કરી ઘર પર વિશેષ ધ્યાન આપો, પણ 'એ તો ઇશ્વર સંભાળી લેશે' એમ માનીને તેમણે તેના તરફ વિશેષ લક્ષ્ય આપ્યું ન હતું.

શ્રી મણિબેનને આ વાતનું દુઃખ જરૂર હતું, પણ તે માટે પતિને કડવા શબ્દો કહેવાને બદલે પોતે જ બધું

સહન કરી લેવું, એવો નિર્ણય તેમણે કર્યો હતો અને એ રીતે ઘરનો કારભાર ચાલી રહ્યો હતો. એવામાં આ ઘટના બની, એટલે તેમની વિમાસણનો પાર રહ્યો નહિ.

'મનુષ્ય પર વીતે છે, ત્યારે ચારે બાજુથી વીતે છે,' એવી એક ઉક્તિ પ્રચલિત છે. શ્રી મણિબહેનની બાબતમાં આ ઉક્તિ સાચી પડી. શ્રી ટોકરશીભાઈનો ખરખરો કરવા ગામોગામના સાથ આવવા લાગ્યા; તેમને માટે રસોડું ચલાવવું પડ્યું અને તે વખતના રિવાજ મુજબ સહુને ઘીમાં બોળેલી રોટલીઓ પીરસવી પડી. આ વ્યવહાર લગભગ એક મહિના સુધી ચાલ્યો, તેનો ખર્ચ લગભગ રૂપિયા અઢીસો આવ્યો, એટલે પાસેના પૈસા વપરાઈ ગયા અને બાકીનો ખર્ચ પૂરો કરવા માટે તેમને પોતાનાં સોનાનાં ઘરેણાં વેચવા પડ્યાં.

અહીં એટલે સ્પષ્ટતા કરી દઉં કે શ્રી ટોકરશીભાઈની સ્થિતિ સામાન્ય હોવાને લીધે શ્રી મણિબહેન પાસે એક મંગલસૂત્ર, બે સોનાની બંગડીઓ તથા કાનનાં વેળિયાં એટલાં જ સોનાનાં ઘરેણાં હતાં અને તે વખતના ૧૨ રૂપિયાના તોલાના ભાવે તેની કિંમત રૂપિયા દોઢસોથી બસો જેટલી હતી. તાત્પર્ય કે સાથ–સથવારાનો ખર્ચ પૂરો કરવા માટે તેમની પાસેનાં તમામ ઘરેણાં વેચવા પડ્યાં હતાં. લોકરિવાજના પાલન માટે તેમને કેટલું બધું સહન કરવું પડ્યું હતું, તે આ પરથી સમજી શકાશે.

એ વખતે વિધવા થનાર સ્ત્રીએ અગિયાર મહિના સુધી ખૂણો પાળવો પડતો, એટલે શ્રી મણિબહેને અગિયાર મહિના ખૂણો પાળ્યો. તે દરમિયાન તેમની જીવનચર્યા કેવી રહી, તે પણ અહીં જણાવી દઉં. તેઓ વહેલી સવારે ઉઠી પ્રથમ પંચપરમેષ્ઠિનું સ્મરણ કરતા, પછી ચોવીશ તીર્થંકરો અને સોળ સતીઓનાં નામ લેતાં અને ત્યાર બાદ અન્ય લોકોનું દળણું દળતા. પોતાનું દળણું તો બહુ થોડું હોય, તે આ વખતે જ દળી લેતા. પછી તળાવ કે કૂવેથી પાણીનું બેડું લઈ આવતા. ખૂણાના નિયમ મુજબ આ કામ અંધારામાં જ કરવું પડતું.

ત્યારપછી તેઓ રસોઈ કરતા, છોકરાંઓને ખવડાવતાં અને શ્રી ધીરજલાલભાઈને તૈયાર કરીને નિશાળે મોકલતા. બપોરે તેઓ લોકોનું ભરત–ગૂંથણનું કામ કરતા. આ કામમાં તેમની સારી હથોટી હતી. આ રીતે લોકોનાં દળણાં અને ભરતગુંથણ કરીને તેઓ પોતાનો તથા પોતાના પુત્ર–પુત્રીઓનો નિર્વાહ કરતા.

કોઈ વાર પાડોશણ બહેનો કહેતી કે 'બહેન ! તમારા માથે બહુ વીતી' ત્યારે તેઓ જવાબ દેતા કે 'દમયંતી, સીતા તથા દ્રૌપદી વગેરેએ જે સહન કર્યું છે, તેના પ્રમાણમાં મારું દુઃખ તો કંઈ નથી. એ કાલે ચાલ્યું જશે અને બધાં સારાં વાનાં થશે.'

શ્રી મણિબહેનને જૈનધર્મપ્રરૂપિત કર્મસિદ્ધાંતમાં અટલ શ્રદ્ધા હતી અને તે તેમના આ દારુણ દુઃખમાં ઘણી

સહાયભૂત બની હતી. 'મેં પૂર્વભવમાં જે કર્મો કર્યાં હશે, તેનાં ફલ ભોગવી રહી છું, તે માટે અન્ય કોઈને દોષ શા માટે દેવો ? કર્મે કોઈને છોડયા નથી, તો મને કેમ છોડે ? ભગવાન મહાવીરને પણ કર્મનાં ફલ ભોગવવા પડયાં હતાં, તો હું કોણ ?' આવા આવા વિચારોથી તે પોતાનાં મનનું સમાધાન કરતા અને કામે લાગી જતા.

આ વખતે શ્રી ધીરજલાલભાઇ તેમને ગૃહકાર્યમાં મદદ કરતા, એટલે કે કૂવે જઈ પાણી ભરી લાવતા, છાણ–માટીની જરૂર હોય તો તે પણ લઈ આવતા અને શાક પાંદડું તથા બીજી જરૂરી વસ્તુઓ ખરીદી લાવતા. અનાજ કે કપડું લાવી આપવાનું કામ તેમની પાડોશમાં રહેતા દોશીભાઇઓ લાગણીપૂર્વક કરી આપતા.

ખૂણો મૂકયા પછી શ્રી મણિબહેનના સગા કાકા શ્રી રઘુભાઇ તેમને પોતાને ગામ દેવચરાડી લઇ ગયા કે જે દાણાવાડાથી પાંચ–છ માઇલના અંતરે આવેલું હતું. શ્રી ધીરજલાલભાઈએ ત્યાં ત્રીજી ગૂજરાતીનો અભ્યાસ પૂરો કર્યો અને ચોથીની શરૂઆત કરી, પરંતુ સંયોગવશાત્ દશ મહિના પછી ત્યાંથી પોતાને ઘરે પાછું ફરવાનું થતાં તેની પૂર્ણાહુતિ દાણાવાડામાં કરી. ત્યારબાદ શ્રી ધીરજલાલભાઇના સગા મામા શ્રી જેઠાલાલ તેમને વઢવાણ શહેર લઈ ગયા, જ્યાં ધોળી પોળની મોટી ગૂજરાતી નિશાળમાં તેમને પાંચમી ગૂજરાતી ભણાવી છઠ્ઠીમાં પહોંચાડ્યા.

આ રીતે શ્રી ધીરજલાલભાઈને પોતાનો પ્રાથમિક

અભ્યાસ પૂરો કરવા માટે ત્રણ સ્થાને રહેવું પડ્યું, પણ તેઓ બુદ્ધિમાન તથા વિદ્યાપ્રેમી હોવાથી અભ્યાસમાં હરકત આવી નહિ.

તેઓ દાણાવાડાની રહેણાક દરમિયાન એક વાર ખંધાર કૂવામાં, તો એક વાર ભાડિયા કૂવામાં પડી ગયા હતા; પણ લોકોએ તેમને બચાવી લીધા હતા. તે જ રીતે વઢવાણની રહેણાક દરમિયાન ભોગાવા નદીમાં નહાવા જતાં ઊંડા ધરામાં પહોંચી ગયા હતા અને ગળકાં ખાવા લાગ્યા હતા, ત્યારે પણ નજીકના લોકોએ જ તેમનો બચાવ કર્યો હતો.

શ્રી ધીરજલાલભાઈએ પોતાના બાલ્ય જીવનની યાદ આપતી એક લેખમાળા 'શૈશવકાલનાં સંસ્મરણો' નામથી લખેલી હતી, જે પ્રકટ થવા પામી નથી, પરંતુ તેમાંનું 'અનન્ય કુદરત પ્રેમ' નામનું એક પ્રકરણ પાઠકોની જાણ માટે હવે પછી રજૂ કર્યું છે, તેના પરથી તેમના માનસિક વલણનો ખ્યાલ આવી શકશે.

[ ૫ ]

# અનન્ય કુદરતપ્રેમ

[ આ પ્રકરણ શ્રી ધીરજલાલભાઈની ભાષામાં કેટલાક સુધારા–વધારા સાથે અપાયેલું છે. ]

આગળ જતાં મને કાવ્યો રચવાની પ્રેરણા થઈ, ચિત્ર-કામ પસંદ પડ્યું અને પ્રવાસ કરવાનો શોખ જાગ્યો, એ બધાના મૂળમાં મારો કુદરતપ્રેમ કારણભૂત હતો. તેની શરૂઆત મારી બાલ્યાવસ્થામાં કેવી રીતે થઈ ? તે હું તમને જણાવવા ઇચ્છું છું.

મારા ઘરમાં ઠીક ઠીક મોટું ફળિયું હતું. આ ફળિયાના ખુલ્લા ભાગમાં ચોમાસાના દિવસો દરમિયાન થોડાં શાકભાજી વવાતાં, જેને અમે બકાલું કહેતા. તેમાં ભીંડો, ગવાર, તુરિયા તથા કહોળું મુખ્ય હતાં. બીજ વવાયા પછી એ બકાલું ઉગવા માંડતું અને તેને કુણાં કુણાં પાન આવતાં, ત્યારે મારા આશ્ચર્યનો પાર રહેતો નહિ. એક નાનકડા બીજમાંથી આ બધું તૈયાર કરનારું કોણ હશે ? એ પ્રશ્ન મારા બાલમાનસમાં વારંવાર ઉઠતો. એનો જવાબ એમ

મળતો કે રાત્રે ભગવાન છાનામાના આવીને આ બધું બનાવી જાય છે! એ વખતે મારે માટે ભગવાન શબ્દ એવો ભારે હતો કે તેની સામે કંઈ પણ બોલવાની, વિચારવાની કે પ્રશ્ન કરવાની હિંમત થતી નહિ. પરંતુ આ છોડ-વેલાને પાંગરતા તથા ફૂલવાળા થતાં જોઈને મને ખૂબ આનંદ આવતો. ખાસ કરીને ફૂલની સામે તો હું ટગર ટગર જોયા જ કરતો. એમાંથી કોઈ ફૂલ ખરી જતું તો મને ભારે દુઃખ થતું.

ભીંડાની ફૂણી શિંગો, ગવારની લાંબી ફળિયો તથા તુરિયાંને તેના વેલા પર લટકતાં જોવાં એ પણ જીવનનો એક આનંદ છે! પણ આજે તો આપણું આનંદનું ધોરણ એટલું વિકૃત થઈ ગયું છે કે આપણે આવી શાંત ને નૈસર્ગિક વસ્તુનો આનંદ માણી શકતા નથી! આપણને તો પંપં-ટીંટીં કે છ-ન-ન-ન-છમ હોય ત્યાં જ આનંદ આવે છે!!

કોળાના દિન-પ્રતિદિન વધતા જતા કદે મારી કુતૂહલવૃત્તિને સારી રીતે ઉશ્કેરેલી. 'શું તે હજી મોટું થયા જ કરશે? કેવડું મોટું થશે? એ આવડું મોટું શી રીતે થતું હશે?' વગેરે વગેરે. પરંતુ આખરે તેને ઉતારી લેવામાં આવતું, એટલે મારી કુતૂહલવૃત્તિ શાંત થતી. આ ફળમાં એક ખૂબી એ છે કે તેને કાપીને ઘઉંના આટાની બાંધેલી કણક પાસે મૂક્યું હોય તો કણક અવશ્ય ઓસરી જાય, અર્થાત્ ઢીલી પડી જાય.

આ બકાલાં કે શાકભાજીને લીધે કોઈ કોઈ વાર અમારાં ફળિયામાં ઘો આવતી. એ નાની પાટલાઘો હતી.

બીજી ચંદનઘો થાય છે, તેને એક વાર કૂવાનાં પત્થર પર ચોંટેલી જોઇ હતી. વાતોમાં સાંભળેલું કે ચંદનઘોના પૂંછડે રેશમની દોરી બંધાય છે, પછી તેનો ઘા કરવામાં આવે કે કોટ–કિલ્લાનાં મથાળે બરાબર ચોંટી જાય છે અને તેના આધારે ચોરો તે કોટ–કિલ્લો ઓળંગી અંદર રહેલાં મકાન કે મહેલોમાં ઘૂસી ચોરી કરવામાં સફળ થાય છે, એટલે તેની શક્તિ માટે માન ઉપજે એ સ્વાભાવિક છે. આ વાતમાં કેટલું તથ્ય હશે ? તે હું કહી શકતો નથી, પણ આપણા લોકોએ પશુ–પક્ષીની જોડે સારો સહવાસ કેળવી તેમની વિધવિધ શક્તિની પિછાણ કરેલી, એટલે આવું કંઇ પણ હોય તો નવાઇ નહિ.

અમારા ઘરમાં કોઇક વાર સાપ પણ નીકળતો. તેને અમે બાપજી કે ઘોઘા બાપજી કહેતા. તે આવ્યાની ખબર પડતી, એટલે ઘીનો દીવો કરી તેમને પગે લાગતા ને 'બાપજી ! આ તમારી આડીવાડી છે, અર્થાત્ તમને અહીં હરવા–ફરવાનો હક છે, પણ છોકરાં તમારાથી બીએ છે, માટે હવે મહેર કરો અર્થાત્ ચાલ્યા જાઓ !' એવી વિનંતિ પછી બાપજી અદૃશ્ય થતાં, તે અમારા પર મહેર કરીને કે બીજા કોઇ કારણે તેની ખબર નથી, પણ તેમણે અમને કોઇ દિવસ નુકસાન પહોંચાડેલું નહિ, એ નક્કી છે.×

ફળિયામાં કોઇ વખત કાનખજૂરા પણ નીકળતા.

× **તેમને** જે સર્પદંશ થયેલો, તે ગામમાં આવેલા કોઠાના પાસે થયેલો, ઘરમાં નહિ. લે.

તેમાં મોટો કાનખજૂરો લગભગ પાંચ ઇંચ લાંબો જોવામાં આવતો. એક વાર હું રીસાઈને ફળિયામાં રહેલા ખાટલાની પાછળ ભરાયેલો, ત્યારે આવો મોટો કાનખજૂરો જમણા પગના સાથળ પર કરડેલો ! અને હું રાડારાડ કરતો બહાર આવેલો. પછી શું ઉપચાર કર્યા તે ખબર નથી. તેનું લીલું ચકામું લગભગ બેથી ત્રણ ઇંચ જેટલું મોટું થયેલું !

કાનખજૂરા હોય ને વીંછી ન હોય એવું કેમ બને ? મારા પિતાશ્રી વીંછીના બે-ત્રણ બચ્ચાંઓને હાથ પર ચડાવી શકતા. તેઓ કહેતા કે તેમણે એક મંત્ર સિદ્ધ કરેલો છે. એ વખતે મારી ઊમર નાની, એટલે તે સંબંધી કંઇ વિશેષ પૂછપરછ કરી શકેલો નહિ. આગળ જતાં અમદાવાદમાં બે વાર વીંછી કરડેલો છે, પણ મારા ઘરમાં તેવો વખત આવેલો નહિ. અથાણાં માટે કેરાં પલાળ્યાં હોય ને તેનું પાણી ફળિયામાં ફેંક્યું હોય, તે જગાએ જો તરત છાણા થપાય તો વીંછીનો જમેલો જામી પડે. આગળ જતાં દેડકાં, માછલાં, વીંછી વગેરેને રાસાયણિક પ્રયોગોથી બનાવવાની વિધિ જોયેલી. તેમાં વીંછી માટે કેરાનું પાણી તથા છાણા બંનેનો ઉલ્લેખ હતો, એટલે જે કંઈ બનતું તે કુદરતી નિયમોને લીધે બનતું એ ચોક્કસ !

## ઝાડપાન

મારાં ગામમાં લીંબડાના ઝાડ સહુથી વધારે હતાં. તેની છાંયા શીતળ અને આરોગ્યદાયક એટલે જ એને વધારે પસંદગી મળી હશે. ચૈત્ર મહિનામાં જ્યારે લીમડે કોર

આવતો, ત્યારે એનો દેખાવ બહુ મનોહર લાગતો. પછી લીંબોળીઓ પાકતી ત્યારે પણ એ સુંદર જ દેખાતો. મેં એની લીંબોળીઓ વીણી વીણીને ખાધેલી છે. લીંમડાની જરૂર આમ તો ઘણી પડે, પણ મારા જેવી નાની ઉમરના છોકરાઓને નિશાળમાં ગુંદરની જરૂર પડતી, ત્યારે તેને ખાસ યાદ કરતા. ચપ્પા વડે તેનાં થડમાંથી થોડો ભાગ કાપી નાખતા કે બે ત્રણ દિવસમાં જ તેમાંથી તાજો ગુંદર મળી આવતો. બાવળે પણ ગુંદર થતો, પરંતુ અમે મોટા ભાગે આ ગુંદરનો જ ઉપયોગ કરતા.

ગામમાં થોડીક આંબલીઓ હતી, તેના પર ચડીને ઘણીવાર કાતરા પાડેલા છે. બે ત્રણ બોરડીઓ પણ હતી, તેનાં ખાટાં–મીઠાં બોર ખાધેલાં છે. એક બે ગુંદીઓ પણ હતી, તેનાં લાલ નાનાં ગુંદાઓએ મારી રસવૃત્તિ તૃપ્ત કરેલી છે. મારા ગામમાં પીંપળો રડયોખડયો હતો, વડનું ઝાડ એક પણ ન હતું.

ઘણાં ઘરમાં તુલસી વવાતા, કેટલાક ઉપયોગી છોડ તથા વેલા પણ ઉગાડવામાં આવતાં, જેમાં અરડુસી અને સમુદ્રશોષ મને બરાબર યાદ આવે છે. અરડુસીનાં પાન ઉધરસ–દમવાળાને કામ આવતાં ને સમુદ્રશોષનું મોટું પાદડું ગૂમડું પકવવામાં તથા રૂઝાવવામાં ઉપયોગી થતું. ગામ બહાર બાવળ, બોરડી, ખીજડા, લીમડા જોવામાં આવતા તથા આવળ, કેરડા અને ઝીપટા (જવાસા)ની છત જણાતી. વાડો મોટા ભાગે હાથલા કે ડાંડલિયા થોરની થતી.

## પક્ષીઓ

અમારાં ગામમાં મોર, કબૂતર, કાગડા, હોલા, ચકલા, કાબર તથા પોપટ વિશેષ જોવામાં આવતા. તેમાં મોરની પીંછીઓ તથા તેની સુંદર ડોક જોઈ ને મને એમ થતું કે આ બધું આવી સરસ રીતે કોણે ચીતર્યું હશે ? મોરની કળા મને બહુ ગમતી. ઢેલોને પણ મેં નાચતા જોઈ છે. મોરનો ટહૂકો થતો અને મારા દિલમાં કંઈ કંઈ થઈ આવતું. કેવો સુંદર હતો એ ટહૂકો ! જ્યારે વરસાદના દિવસો નજીક આવતા, ત્યારે મોર વધારે ટહૂકવા માંડતા. એ સાંભળી લોકો કહેતા કે એ મેહને બોલાવે છે. ત્યાર પછી મેહ જરૂર આવતો, પણ તે એમના બોલાવવાથી આવતો કે એમ ને એમ આવતો, એની મારા જેવા નાના છોકરાને શી રીતે ખબર પડે ? હું મોટો થયો અને ચિત્ર-કામ શીખ્યો તથા ખાસ કરીને પ્રાકૃતિક દૃશ્યો ( Land-scapes ) ચીતરવા લાગ્યો, ત્યારે આ મોરોએ ઘણી સુંદર સામગ્રી પૂરી પાડેલી. પણ મોરની એક વાત મને ખટકેલી. તે સાપને જોતાં કે મારી નાખતા. મને થતું કે આ સુંદર પક્ષીઓ આવું દુષ્ટ કામ શા માટે કરતા હશે ? કોઈ પણ પ્રાણીને મારવું એ મહાપાપ છે, એ શિક્ષણ માતુશ્રીએ મને નાનપણથી જ આપેલું અને ગામમાં આવતાં જૈન સાધુ મહારાજોએ તેની વારંવાર પુષ્ટિ કરેલી, એટલે મારા મનમાં આવો ભાવ ઉઠતો. પરંતુ આવું તો કોઈક વખત જ બનતું, એટલે મોર વિષેનો મારો સદ્ભાવ ઝાઝો ઘટેલો નહિ.

**કબૂતરને** અમે ભગત તરીકે ઓળખતા, કારણ કે તે કોઈ જીવડાંને મારતા ન હતા, પણ અમારી માફક માત્ર જુવાર વગેરેના દાણા પરજ નભતા હતા. મહાજન તેમને હંમેશાં જુવાર નાખતું, તે પણ મુખ્યત્વે આ કારણે જ. જ્યારે દાણા નંખાતા ત્યારે તેઓ મોટી સંખ્યામાં ઉતરી પડતા અને કોઈક વાર લડી પણ પડતા. પરંતુ એ તો ભાઈભાંડુઓ જેવી લડાઈ હતી, ભારત–પાકિસ્તાન કે ચીન–જાપાન જેવી નહિ.

**કાગડાને** તો ભૂલાય જ કેમ? જ્યારે તે છાપરે આવતો કે વળી–વાંસ પર બેસીને કા–કા કરતો, ત્યારે સ્ત્રીઓ કે કન્યાઓ બોલતી કે 'કાગડા તારી સોનાની ચાંચ, કાગડા તારી રૂપાની ચાંચ, જો સારો સંદેશ લાવ્યો હોય તો ઉડી જજે!' એ સાંભળી મને થતું કે કાગડાની ચાંચ તો હાડકાની બનેલી છે અને રંગે પણ ગાડાની મળી જેવી કાળી છે, છતાં તેની ચાંચને સોનાની તથા રૂપાની કહેવામાં કેમ આવતી હશે? પરંતુ પછીથી સમજ પડી કે કાગડો તો સમાચાર લાવનારો સંદેશવાહક છે, એટલે તેનું આવા શબ્દોથી સન્માન કરવું જોઇએ.

કાગડામાં બીજાં દૂષણો ગમે તે હશે, પણ તેની ચતુરાઈ તો પ્રશંસનીય જ છે. તેથી જ વિદ્યાર્થીઓનાં પાંચ લક્ષણમાં કાક જેવી ચેષ્ટા રાખવાની ભલામણ કરેલી છે.

**હોલાં** કબૂતરથી નાનાં અને ચકલાંથી મોટાં હોય છે. તેમનો રંગ આછો જાંબુડી કે ગુલાબી હોય છે. તે

બેઠાં હોય ત્યાં ઘૂ ઘૂ કર્યા જ કરે. પણ દિવસે મોભારા પર બેસીને આ રીતે બોલે તો ભારે અપશુકન કહેવાય, એટલે એવા વખતે તેને કાંકરો ફેંકીને કે બીજી રીતે ઉડાડી મૂકતા. એની બીજી ખાસિયતો જાણવામાં આવેલી નહિ.

**ચકલાં** ઘણી જાતનાં જોવામાં આવતાં. તે ચકચક કર્યાં જ કરે, એટલે તેમનું નામ ચકલાં પડયું હશે. લોકો કહેતાં કે ચકલીઓ ઘરમાં આવે, એટલે ધન વધે, પણ ઘણી ચકલીઓ આવવાં છતાં અમારા ઘરમાં ધન વધ્યું ન હતું, તે હું બરાબર જાણું છું.

**કાબરો** રંગે કાળી, પીળી અને બોલવામાં ઘણી શૂરી, તેથી કોઈક વાર કંટાળો પણ આપે. આ કારણે જ બહુ બોલી ને માથું પકાવનારી છોકરીઓને કાબર કહેવામાં આવતી. તેની આંખોની આસપાસ જે પીળા રંગની પટ્ટી હોય છે, તેણે મારું ખાસ ધ્યાન ખેંચેલું. આજે વિજ્ઞાપન -કળામાં કાળા અને પીળા રંગનો ખૂબીપૂર્વક ઉપયોગ કરવામાં આવે છે, પણ અહીં તો કુદરતે જ તે કામ કરી લીધું હતું. કયા વિજ્ઞાપન માટે ?

**પોપટ** મને બહુ ગમતા. એક તો રંગ મજાનો, કાંઠલો સુંદર અને ચાંચ વાંકડી. વળી તેને કેળવ્યા હોય તો રામ રામ વગેરે બોલે. તેની ચતુરાઈ અને વફાદારી વિષે ઘણી વાતો સાંભળેલી, એ પણ તેના પ્રત્યે પ્રેમ ઉપજવાનું એક કારણ. કોઈક વાર વાઘરી વગેરે પોપટનાં

બચ્ચાંને વેચવા પણ લાવતાં. તે જોઈને એક વાર મને પોપટનું બચ્ચું ખરીદીને પાળવાનું મન થઈ ગયેલું અને તે માટે પોપટ વેચનારને ઘરે પણ જઈ આવેલો, પરંતુ માતુશ્રીએ કહ્યું કે 'આપણાથી પક્ષીને પળાય નહિ. તે કદી ભૂખ્યા-તરસ્યા રહે કે બિલાડી વગેરે મારી નાખે તો આપણને પાપ લાગે.' તે વખતે મેં કહેલું કે 'આ પોપટને ભૂખ્યો—તરસ્યો જરાયે નહિ રાખીએ. વળી તેને બિલાડી ન મારી નાખે તેની ચોકી હું કરીશ.' ત્યારે માતુશ્રીએ કહ્યું કે 'એને માટે એક સારું પાંજરૂં ઘડાવવું પડે, રોજ મરચાં, જમરૂખ વગેરે ખવડાવવાં પડે, તેનો કેટલો બધો ખર્ચ આવે?' ખર્ચની વાત આવી, એટલે હું ચૂપ થઈ ગયો, પણ તે દિવસે એકલો બેસીને ખૂબ રડયો હતો.

**સમળી**ને આકાશમાંથી અતિ ઝડપપૂર્વક નીચે ઉતરી આવતી જોયેલી. એકાદ વખત પડકું એટલે નાના સર્પને પકડતાં પણ જોયેલી. રાતે ચીબરી બોલતી તે ઘણી વખત સાંભળતો, પણ કેવી હોય તે નજરે જોયેલી નહિ. ગામ-બહાર તેતર, લેલા, કાળો કોશી, નીલકંઠ વગેરે પણ જોયેલા. તળાવમાં ટીંટોડા, બગલાં, બતકો તથા સારસ પણ જોયેલાં.

ગમે તે કારણે પક્ષીઓ મને બહુ ગમતા. તેથી જ તેમણે મારી કવિતાઓ અને લખાણમાં અનેક જગાએ દેખાવ દીધો છે.

## ગ્રામ્ય પશુઓ :

મારા ગામનાં પશુઓ પણ મારી નજર આગળ તરે છે. સવારમાં સાંતીડાં બહાર નીકળતાં, ત્યારે ગળામાં ટોકરી બાંધેલા **બળદો** જે છટાથી ચાલતા, તે હું જોઇ રહેતો. ઘણી વખત તેમની પાસે જઈ ગમાણમાંની કડબ પણ નીરી હશે. તેમને હાથથી પંપાળવા જેટલી તો હિંમત ન હતી, પણ ખેડૂતોને જ્યારે તેમના પર હુંફાળો હાથ ફેરવતાં જોતો ત્યારે દૂર ઊભો ઊભો આનંદ પામતો. ઘણી વાર ખેડૂતો પોતાના બળદની સાથે વાતો કરતા, ત્યારે મને એમ થતું કે આ બળદો શું સમજતા હશે ? પણ પોતાની વાત બળદને કરી છે, એ વિચારે ખેડૂતો એક જાતનું આશ્વાસન પામતા. આ બળદો શંકર ભગવાનનું વાહન કહેવાય, એટલે જોરાવર હોય એમાં નવાઇ શી ?

ગામમાં મહાજનનો પાળેલો એક **સાંઢ–આખલો** હતો. તે બનતાં સુધી કોઇને મારતો નહિ, પણ કોઈ તેને ખીજવાટનું કારણ આપે તો એનો મિજાજ જલ્દી બગડી જતો અને તે ખીજવનારને શીંગડે ચડાવ્યા સિવાય છોડતો નહિ.

**ગાયોની** આંખમાં મેં એક પ્રકારનો સ્નેહ નિહાળેલો. કદાચ તે કારણે જ લોકો તેને ભલી કહેતા હશે. ગાયનાં શરીરમાં તેત્રીશ કોટિ દેવ વસે છે, એ વાત ગામલોકોએ કહેલી, એટલે અમે તેને ઘણા ભાગે ગાયમાતા કહીને જ બોલાવતા. પણ એ માતા જ્યારે ચરવા નીકળતી અને ઉકરડા વગેરેમાં પહોંચી વિષ્ટા ખાવા લાગતી, ત્યારે મારું

મન ખિન્ન થઈ જતું. જેનાં શરીરમાં તેત્રીશ કોટિ દેવ વસે, તે આ રીતે વિષ્ટા શા માટે ખાતી હશે ? પણ તેનો ઉત્તર ભાગ્યે જ મળતો. ગાયનું મૂત્ર પવિત્ર ગણાતું અને ખસ-ખૂજલી થઈ હોય તો તેના સ્નાનથી ફાયદો થતો, એટલે એક–બે વાર તેનાથી સ્નાન પણ કર્યું હશે ! ગાય કુંગરાતી ત્યારે ભારે થતી. પછી તે કોઈની નહિ. જે આવે તેને માર્યા વિના ન મૂકે. પણ તેનો ક્રોધ શાંત પડી ગયા પછી વાંધો નહિ. તેને વાછરડાં પર ઘણું હેત, વાછરડાંને પ્રેમથી ચાટે, તેનું શરીર સાફ કરે અને ધવડાવે પણ ખરી !

ગામમાં **ભેંસો** ઘણી હતી, દૂધ, દહીં અને ઘીનો મોટો ભાગ તે જ પૂરો પાડતી હતી, એટલે તેના પ્રત્યે પ્રેમ હોય એ સ્વાભાવિક છે. ભેંસનું ભરાવદાર શરીર અને લાંબા વાંકા શીંગડાં જોઈ દિલ ખુશ થતું, પણ જ્યારે તળાવ કે ખાબોચિયામાં પડીને તેની સ્નાન કરવાની રીત જોતો ત્યારે એ ખુશી ખલાસ થતી ! અમે તો કાદવથી ન ખર-ડાઈએ માટે તળાવમાં પગ મૂકતા પણ ડરતા, ત્યારે આ તો કાદવથી આખા શરીરને ખરડવામાં આનંદ માનતી !

ગામમાં કેટલાક **ઘોડા** પણ હતા. ઊંચાઈમાં ઠીક ઠીક, રંગે પણ સારા. તેના પર પ્રથમ ચડેલો, ત્યારે પટકાયેલો, એટલે ફરી ચડવાનું મન થતું નહિ, પરંતુ ગામગામતરે જતાં તેના પર બેસવાના પ્રસંગો આવેલા. દશેરાના દિવસે ગામના ઘોડા દોડતા ત્યારે જોવાની ખૂબ મજા આવતી. *ઘોડાના વાળથી કોઈ વસ્તુને બાંધી હોય તો ખબર ન પડે.*

તેને આંગળી સાથે બાંધી રાખ્યો હોય તો પેલી ચીજને હુકમથી હાલતી બતાવી શકીએ, તેથી ઘોડાના પૂંછડામાંથી વાળ તોડવા જતા. એ કામ ઘણી ચાલાકીથી કરવાનું હતું, નહિ તો પેટમાં એક લાત વાગે ને સોયે વરસ પૂરા થાય! પરંતુ અમે એ કામમાં સફળતા મેળવતા હતા. ઘોડાની કેશવાળી મને ખૂબ ગમતી. તેનો હણહણાટ સાંભળતો ત્યારે મારી સુસ્તી ઉડી જતી અને ટટાર થઈ જતો.

**ગધેડાં** કુંભાર અને રાવળને ત્યાં પાળવામાં આવતાં, પણ ઘણીવાર તેને ચરવા માટે છૂટાં મૂકતાં ત્યારે ગામમાં જ્યાં ત્યાં રખડતાં, એટલે તેમનો પણ ઠીક ઠીક પરિચય થયેલો. પ્રથમ જ્યારે ગધેડાં ભૂંકતા ત્યારે કાનમાં આંગળી નાખતો, પણ પછીથી તેની બોલીનું આબાદ અનુકરણ કરતાં શીખી ગયેલો. આગળ પર અમદાવાદ વગેરે સ્થળે પશુ–પક્ષીઓની બોલીની નકલ કરવાના પ્રસંગ આવેલા, ત્યારે મારી આ કળાની ઠીક ઠીક પ્રશંસા થયેલી.

ગામમાં **ઊંટ** એકાદ–બે હશે, પણ ગામને પાદર ઘણી વાર ઊંટ આવતા, તેમને ધારી ધારીને જોયેલા. આપણા કવિઓએ ઊંટનાં વાંકાં અંગોની ખૂબ મશ્કરી કરેલી છે, પણ વક્રતા વગર કયો આકાર સુંદર લાગે છે? ચંદ્ર ચોરસ હોય કે ભામિનીની ભૃકુટિ સીધી હોય તો કવિઓ તેનું આટલું સરસ વર્ણન કરત ખરા? ઊંટના હોઠ ઊંચા નીચા થયા જ કરે, પણ આપણે ત્યાં પાનપટ્ટી ખાનારાઓ એ

રીતે પોતાના હોઠ આખો દિવસ ઊંચા નીચા કર્યા નથી કરતા ?


અમારે ત્યાં પહેલાં ગાય–ભેંસો હતી, એક ઘોડો પણ હતો, પણ તે મારી સાંભરણની વાત નથી. મારી સાંભરણમાં તો એક સુંદર **બકરી** પાળેલી, જેને અમે પતીરી કહેતાં. બિચારી બહુ ભલી. દિવસમાં ચાર વખત થોડું થોડું દોહવા દે. મેં એના સાકર જેવા દૂધની સેરો સીધી મોમાં પાડેલી છે. આ બકરી સામાન્ય રીતે બધું ખાતી, પણ તેને બોરડીનો પાલો બહુ ભાવતો, એટલે ઘરમાં તે પાલો વારંવાર લાવવામાં આવતો. આ બકરીને બે બચ્ચાં થયેલાં, તેને મેં સારી રીતે રમાડેલાં. તેઓ જ્યારે આનંદમાં આવી દોડાદોડ કરતા, ત્યારે મને પણ દોડાદોડી કરવાનું મન થઈ જતું. એ બકરી ત્રણ કે ચાર વર્ષ પછી મરણ પામેલી. તેનાં બચ્ચામાંથી એક બકરી મોટી થયેલી અને તેણે પણ પોતાની માની માફક દૂધ આપી અમને રાજી કરેલા.

**ઘેટાંને** અમારે ત્યાં ગાડર કે ગાડરાં કહેતાં. તેનો પરિચય ઉપરછલો જ ગણાય, છતાં તેઓ વાડામાં કેવી રીતે બેસતાં, સાથે કેવી રીતે ચરવા જતાં, સાંજટાણે ટોળામાં પાછા કેવી રીતે આવી જતાં, અને ઊન કતરાઈ જતી ત્યારે કેવા બોડકાં લાગતાં, એ બધું બરાબર યાદ છે.

**કૂતરો અને બિલાડી** તો ઘરનું પ્રાણી કહેવાય,



સ્વ. પુત્રી સુલોચના તેનાં પતિ શ્રી સુરેન્દ્ર
અ. છેડા સાથે.



ચિ. પુત્રી રશ્મિકા તેના પતિ શ્રી પ્રવીણચંદ્ર સી. શાહ સાથે



ચિ. પુત્રી ભારતી તેના પતિ શ્રી વસ્તુપાલ અ. વોરા સાથે.



શ્રીમાન દીપચંદ એસ. ગારડી શ્રી ધીરજલાલ શાહના એક પુસ્તકનું
પ્રકાશન કરી રહ્યા છે.

એટલે દરેક બાળકને તેનો પરિચય થાય એમાં નવાઇ નથી. અમારે ત્યાં લાલિયો, ડાઘિયો, મોતીયો વગેરે કૂતરા અવારનવાર આવતા અને રોટલો ખાઈ પૂંછડી પટપટાવી ચાલ્યા જતા, પણ શેરીમાં બેસીને અમારાં ઘરની ચોકી કરતા, એટલે તેમણે ખાધેલું હલાલ જ કર્યું કહેવાય. જ્યારે કૂતરી વીંઆતી ત્યારે અમારે માથે ખાસ કામગીરી આવી પડતી. મોટાં બૈરાંઓ કહેતા કે 'બધા ઘરે ફરીને ઘઉંનો આટો, તેલ, ગોળ વગેરે લઇ આવો. આપણે તેને શીરો કરીને ખવડાવીશું.' એટલે અમે માટલાની એક મોટી ઠીબ લઇને એ બધી સામગ્રી ભેગી કરી લાવતા અને બૈરાંઓ તેનો શીરો બનાવીને ખવડાવતાં. એ વખતે કૂતરીને ખૂબ ભૂખ લાગે છે, તેથી શીરો વગેરે ન ખવડાવવામાં આવે તો બચ્ચાંઓને મારી નાખે છે, એમ જાણેલું. તેના કુરકુરિયા ક્યારે મોટા થાય તેની અમે રાહ જોઇ રહેતા. તે જરા હાલતા ચાલતા થાય કે તેની સાથે રમવા મંડી પડતા. તેની અમારા છોકરાઓ વચ્ચે વહેંચણી પણ થતી અને તેમાં તકરાર પડતી તો મારામારી પણ જામતી. ઘણી વાર તો જમતી વખતે પણ હું કુરકુરિયાને પાસે બેસાડતો.

બિલાડીનાં બચ્ચાં પણ ખૂબ રમતિયાળ. કલાકો સુધી રમ્યા જ કરે. શરીરે ખૂબ સુંવાળા એટલે પકડવામાં મજા આવે. પણ સાચવવાનું એટલું કે તે પોતાનાં તીક્ષ્ણ નહોર મારી ન દે!

પશુઓ મારા પ્રારંભિક ચિત્રોમાં ઠીક ઠીક ઉતરેલાં, પણ કાવ્યોમાં કવચિત્ કવચિત્. પરંતુ મેં જ્યારે અવધાન—

શતાવધાનના પ્રયોગો કરવા માંડયાં, ત્યારે તેમણે મને ખૂબ જ મદદ કરેલી. તેમાં પ્રથમ સ્થૂલ વસ્તુઓને માનસચક્ષુ સમક્ષ લાવવાની હોય છે, તેમાં આ પશુઓ ઝપાટાબંધ ગોઠવાઈ જતાં અને તેમનાં પર જે જે વસ્તુઓની ધારણા કરી હોય તે આબાદ સચવાઈ રહેતી. મારા મનમાં સો ખાનાનો જે નકશો છે, તેમાં અનેક સ્થળે પશુ–પક્ષીઓ બેઠેલાં છે. ઉપરાંત ગંજીપાનાં બાવને બાવન પાનાં યાદ રાખવાની મેં એક સ્વતંત્ર રીત શોધી છે, તેમાં પણ મુખ્યત્વે પશુ અને પક્ષીનો જ ઉપયોગ કરેલો છે.

**ખેતરો**

મારાં ગામનાં ખેતરો દૂર દૂર સુધી પથરાયેલાં હતાં. ચોમાસું આવતાં તે બધાં લીલાછમ બની જતાં. તેમાં જુવાર, બાજરી, મગ, મઠ, અડદ, તલ તથા કપાસ એટલી વસ્તુઓ પાકતી. જુવાર તથા બાજરી એટલી ઊંચી વધતી કે ઘોડેસ્વારનું માત્ર માથું દેખાય. જ્યારે જુવાર પર ડુંડા આવતાં ને બાજરી પર બાજરિયાં લહેરાવા લાગતાં ત્યારે એનો દેખાવ જુદી જ જાતનો લાગતો. કપાસનું કામ લાંબું ચાલતું. અમારે ત્યાં મઠિયો કપાસ ઓછો વવાતો. બાકી વાગડિયાનું વાવેતર થતું અને તે ફાગણ–ચૈત્રમાં તૈયાર થઈ જતો. આ ખેતરોએ મને જુવારના મીઠા સાંઠા આપ્યા છે, બાજરીનો પોંક આપ્યો છે ને મગની શીંગો કે જે ગામડાનો મેવો કહેવાય છે, તે પણ આપ્યો છે. તેને હું કેમ ભૂલી શકું ?

આ ખેતરોના શેઢે તથા બાજુની વાડો પાસે અનેક જાતની વનસ્પતિ ઉગતી, જે ઔષધનાં કામમાં આવતી. અમારા પાડોશી વૈદરાજના છોકરા સાથે આ ઔષધિઓ ઓળખવા માટે હું ઘણીવાર અહીં આવતો. એ રીતે મેં વધારે નહિ તો ત્રીશ–પાંત્રીશ વનસ્પતિ તો ઓળખી જ હશે. આગળ પર વૈદ્યકનો વ્યવસાય થયો ત્યારે આ જ્ઞાન કામ આવ્યું. સંઘરેલો સાપ પણ કામ લાગે છે, તો સંઘરેલા જ્ઞાનનું તો કહેવું જ શું? વળી સરોવર ટીપે ટીપે ભરાય છે, તેમ જ્ઞાનનો સંગ્રહ પણ થોડે થોડે જ થાય છે, તેથી જ્ઞાન મેળવવાની કોઈ તક જતી કરવી નહિ.

### વાડીઓ :

ગામની સીમમાં કેટલીક વાડીઓ પણ હતી. જ્યાં કૂવાનાં પાણીથી મોલ પકવવામાં આવે તેને અમારે ત્યાં વાડી કહેવાતી. ત્યાં મોટા ભાગે ઘઉં પકવવામાં આવતાં અને પાણીના ધોરિયે મૂળા પણ નંખાતા. એકાદ કયારામાં મરચાં, રીંગણી વગેરેનું પણ વાવેતર થતું. કૂવાનું પાણી સારું હોવાથી ઘણા ગામલોકો અહીં કપડાં ધોવા આવતા અને પાણી પણ ભરી જતા. એ વખતે બે ચાર મૂળા ઉખેળ્યાં હોય કે થોડાં મરચાં તોડયાં હોય તો ખાસ કોઈ બોલતું નહિ. ‘એમાં શું?’ કહીને ખેડૂત નભાવી લેતા. પરંતુ આજે એ સ્થિતિ રહી નથી. સમય પલટાયો છે અને લોકલાગણીમાં મોટું પરિવર્તન થયું છે.

**વનપશુઓ :**

ગામની સીમમાં હરણ, સસલાં, શિયાળ, સૂવર અને નાર જોવામાં આવતાં. તેમાં સૂવર વકર્યો હોય ત્યારે ભારે પડતો. આગળ બે મોટી દંતુડીઓ અને ઊંધુ ઘાલીને દોડે. રસ્તામાં કોઈ ભેટી ગયો હોય તો તરત ફાળી દે. એક વાર વકરેલો સૂવર ગામની ગંજીઓમાં પેઠેલો, ત્યારે ગામ-લોકો લાકડીઓ, ભાલા અને બંદુકો લઇને ગયેલા ને તેને હાંકી કાઢેલો. અમારે ત્યાં પશુ પર ગોળી ચલાવવાનું શક્ય ન હતું. મહાજનનો પાકો બંદોબસ્ત હતો, એટલે કોઈ પ્રાણીને મારી શકે નહિ. એ વખતનું દૃશ્ય મને હજી પણ યાદ છે.

નારનો ઉપદ્રવ પ્રમાણમાં વધારે ગણાય, કારણ કે તે કેટલીક વખત ગામનાં પરવાડે આઢેલાં બકરાં–ઘેટાંને ઉપાડી જતા અને ખેતરમાં સામાં મળે ત્યારે પણ લાગ મળે તો હુમલો કરી બેસતા. ખાસ કરીને 'સાતનારી' એટલે સાતનાર ભેગા થઇને શિકાર કરવા નીકળ્યા હોય ત્યારે બચવું મુશ્કેલ પડતું. પરંતુ ગામના યુવાનો વાતો કરતા કે અમે સાતનારી મળતાં કેવી બહાદુરીથી સામનો કરેલો. તે વખતે મેં સાંભળેલું કે નારનાં નેત્રો ઊંધા હોય છે ને તેને ગર્ભિણી સ્ત્રીની ખૂબ વાસ આવે છે. આ વાત કેટલી ખરી–ખોટી છે? એ તો કોઈ પ્રાણીનિષ્ણાત જ કહી શકે. મેં પોતે સાતનારી જોઈ નથી, પણ છૂટા નાર બે ત્રણ વખત જોયા છે.

મારા બાળપણના કુદરતપ્રેમની આ ટૂંકી કથા છે, પણ તેમાંથી પાઠકોને જાણવાનું જરૂર મળશે.

[ ૬ ]

## છાત્રજીવન

શ્રી ધીરજલાલભાઈએ નાનપણમાં જે કંઈ જોયું–અનુભવ્યું હતું, તેના સંસ્કારો તેમના અંતરપટ પર બહુ ઊંડા પડ્યા હતા, તેથી જ મોટી ઉંમરે તેનું આટલી વિગતથી વર્ણન કરી શકેલા છે. અન્ય શબ્દોમાં કહું તો તેમની ગ્રહણશક્તિ, ધારણાશક્તિ, અને ઉદ્બોધનશક્તિ ઉચ્ચ કક્ષાની હતી, તેનું જ આ સુંદર પરિણામ આવેલું છે. વળી તેમનો આત્મા સંવેદનશીલ હતો, તેથી જ પ્રકૃતિ અને પ્રાણીઓનાં વિવિધ સ્વરૂપો જોતાં આશ્ચર્ય, આનંદ આદિ અનેક પ્રકારના ભાવ–અનુભાવોની આવી અનેરી અનુભૂતિ કરી શક્યો હતો.

આગળ જતાં તેમણે ચિત્રો દોર્યાં, કાવ્યો રચ્યાં તથા અવધાનપ્રયોગો કર્યા, તેમાં તેમની આ શક્તિએ જ ઉત્કૃષ્ટ સ્વરૂપ ધારણ કરેલું છે.

આટલું પ્રાસ્તાવિક કહ્યા પછી જીવનકથાના પ્રવાહમાં આગળ વધીએ.

શ્રી ધીરજલાલભાઈ હવે કૌમાર અવસ્થામાં પ્રવેશી ચૂકયા હતા અને તેમનું શરીર સશક્ત હતું, તેમનાં અંગો-પાંગો સપ્રમાણ ખીલવા લાગ્યાં હતાં અને તેમના મુખ પર બુદ્ધિ–પ્રતિભાનું તેજ ઝળહળતું હતું. તેમને ગમે તેવાં અઘરાં લેખાં પૂછવામાં આવે તો તેનો તરત જવાબ આપી દેતા. એ રીતે અનેક અટપટા પ્રશ્નોનો ઉત્તર આપવામાં પણ ઝાઝો વખત લાગતો નહિ. કોયડા અને ઉખાણામાં તેમને ઘણો રસ પડતો, જ્યારે તેનો સાચો ઉત્તર શોધી કાઢતા, ત્યારે જ તેમને જંપ વળતો.

તેમની આ વિદ્યારુચિ અને પ્રગતિ નિહાળીને સંબંધી-ઓએ સૂચના કરી કે 'આ છોકરાને આગળ ભણાવો. તેનું મગજ વિદ્યા ગ્રહણ કરી શકે એવું છે.' પણ તેને કયાં ભણાવવો એ જ પ્રશ્ન હતો.

વઢવાણ શહેરમાં 'દાજીરાજ હાઇસ્કૂલ' માં અંગરેજી પહેલીથી સાત ધોરણ સુધીનો અભ્યાસ કરવાની સગવડ હતી, પણ આટલો લાંબો વખત તેમને ત્યાં રાખી શકે એવી મામાની સ્થિતિ ન હતી. તેઓ અપરિણીત હોઈ પોતાની માસીને ત્યાં જમતા હતા. વળી મણિબહેનની ઇચ્છા એવી પણ ખરી કે બને ત્યાં સુધી કોઈ સગાંને ભારે પડે એવું કરવું નહિ. આમાં તેમની દીર્ઘદૃષ્ટિ અને સ્વમાનનો પડઘો પડેલો હતો.

એવામાં શ્રી અમૃતલાલ ગોવિંદજી રાવલ નામના એક બ્રાહ્મણબંધુ મળવા આવ્યા. તેઓ મૂલ દાણાવાડાના

રહીશ હતા, પણ કેટલાક વખતથી અમદાવાદની એક કાપડ-મીલમાં નોકરી કરતા હતા. તેમને અને શ્રી ટોકરશીભાઈને સારો સંબંધ હતો; એટલે જ્યારે તેઓ દાણાવાડા આવતા, ત્યારે મળવા જરૂર આવતા.

પ્રથમ તો શ્રી અમૃતલાલભાઈએ પોતાનો મિત્ર ગુજરી ગયો, તેનો ખરખરો કર્યો અને મણિબહેનને આશ્વાસન આપ્યું. પછી તેમણે પોતાનું દિલ ખોલતાં જણાવ્યું કે 'ભાભી! તારું નસીબ તો ફૂટયું, પણ તારા છોકરાનું નસીબ ફોડીશ નહિ. એ રતિવાળો છે અને જરૂર ભણે એવો છે, માટે તેને આગળ ભણાવ.'

ઉત્તરમાં મણિબહેને કહ્યું: 'અહીં તો એવી સગવડ છે નહિ અને વઢવાણમાં પણ બની શકે એમ નથી, તો શું કરું?'

શ્રી અમૃતલાલભાઈએ કહ્યું: 'તેને આગળ ભણાવવા માટે અમદાવાદ મોકલ. ત્યાં હમણાં જૈનોનું એક બોર્ડીંગ ખૂલ્યું છે. તેમાં દાખલ કરી દે. મારા ખ્યાલ મુજબ ત્યાં કંઈ ફી લેવાતી નથી. શેઠ અંબાલાલ સારાભાઈ તેનો વહીવટ કરે છે.'

મણિબહેને કહ્યું: 'અમદાવાદ તો ઘણું દૂર કહેવાય. આટલામાં મારી નજર સામે હોય તો જુદી વાત છે.'

આ શબ્દો સાંભળી શ્રી અમૃતલાલભાઈએ કહ્યું: 'તો શું બાપના કૂવામાં બુડાડી મારીશ! અમે બહાર નીકળ્યા

અને કૈંક આગળ ભણ્યા, તો આજે બે પૈસા કમાઇને સુખી થયા છીએ. હવે અમદાવાદ દૂર ન ગણાય. વળી હું ત્યાં રહું છું, એટલે તેની સંભાળ રાખીશ.'

મણિબહેન શ્રી ધીરજલાલભાઈને અમદાવાદ મોકલવા સંમત થયા. તે અંગે વઢવાણમાં પૂછપરછ કરતાં 'શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયનું સરનામુ મળ્યું અને ફોર્મ મંગાવ્યું તો ઉત્તર મળ્યો કે 'આ વખતે કોઈ નવા છાત્રોને લઈ શકાય તેમ નથી, તો આવતા વર્ષે અરજી કરજો.' બીજા વર્ષે ફોર્મ મળ્યું અને તે ભરી મોકલતાં અમુક તારીખે હાજર થવાનો પત્ર આવ્યો.

છોકરાને છાત્રાલયમાં દાખલ કરવા જતાં ત્રણ ચાર દિવસ તો સહેજે નીકળી જાય, તેટલો સમય કયાં રહેવું? એ પ્રશ્ન હતો. છેવટે થોડે દૂરના એક સગાંને ત્યાં ઊતરવાનો વિચાર કરી તથા અમદાવાદ જવા–આવવાના ભાડાની સગવડ કરી મણિબહેન પોતાના પુત્ર સાથે અમદાવાદ ગયા. તે વખતે છાત્રાલય ધીકાંટા પર આવેલી મગનભાઈની વાડીમાં ચાલતું હતું, ત્યાં નિયત સમયે હાજર થયા. ત્યાં પરીક્ષા લેતાં શ્રી ધીરજલાલભાઈની પસંદગી થઈ અને તા. ૩૦–૬–૧૯૧૭ ના દિવસે તેમને છાત્રાલયમાં દાખલ કરવામાં આવ્યા. પુત્રને પોતાની નજરથી કદી વેગળો રાખ્યો ન હતો, એટલે વિદાયની વેળા ઘણી વસમી બની. તેઓ ધ્રૂસકે ને ધ્રૂસકે રોઈ પડ્યા, પરંતુ ગૃહપતિજીએ તેમને આશ્વાસન આપ્યું અને પોતે શ્રી ધીરજલાલભાઈની બરાબર

દેખરેખ રાખશે, એવું વચન આપતાં તેઓ ભારે હૈયે પોતાના વતનમાં પાછા ફર્યા.

આ છાત્રાલય શેઠશ્રી ચીમનલાલ નગીનદાસે કરેલી ઉદાર સખાવતથી અસ્તિત્વમાં આવ્યું હતું અને મધ્યમ વર્ગના જૈનો માટે આશીર્વાદરૂપ હતું, કારણ કે તે છાત્રોનો તમામ ખર્ચ ઉપાડી લેતું હતું અને ધાર્મિક શિક્ષણ દ્વારા સારા સંસ્કારો આપતું હતું. તેના ગૃહપતિ શ્રી મનસુખરામ અનોપચંદ શાહ ઉંમર લાયક ઠરેલ સજ્જન હતા. તેમણે શિક્ષણના ધંધામાં જ જીવન વીતાવેલું, એટલે શિસ્તને ખૂબ માન આપતા હતા, તેમજ વિદ્યાર્થીઓને સારા સંસ્કારો પડે તેની ખૂબ કાળજી રાખતા હતા.

શ્રી ધીરજલાલભાઈને અંગરેજી શિક્ષણ માટે 'ધી ગવર્નમેન્ટ મિડલ સ્કૂલ'માં દાખલ કરવામાં આવ્યા. ત્યાં તેમની કારકીર્દિ ખૂબ ઝળકતી રહી. લગભગ બધા શિક્ષકોનો પ્રેમ સંપાદન કર્યો. ત્યાર પછી તેમને 'ગવર્નમેન્ટ આર. સી. હાઈસ્કૂલ' માં દાખલ કરવામાં આવ્યા. ત્યાં ચોથા ધોરણનો અભ્યાસ પૂરો કર્યો. એવામાં મહાત્મા ગાંધીજીએ સરકારી શાળાઓ છોડી રાષ્ટ્રીય કેળવણી લેવાની હાકલ કરી. તેને માન આપી તેમણે સરકારી શાળા છોડી દીધી અને રાષ્ટ્રીય ભાવનાવાળી 'ધી પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ'માં દાખલ થયા કે જેનું સંચાલન શ્રી જીવણલાલ દિવાન તથા શ્રી બલુભાઈ ઠાકોર કરતા હતા. પાંચમી, છઠ્ઠી તથા સાતમી અંગરેજીનો અભ્યાસ તેમણે અહીં રહીને પૂરો કર્યો. છેલ્લા વર્ષમાં તેઓ

આ હાઈસ્કૂલની વક્તૃત્વસભાના મંત્રી બન્યા. તે વખતે કાકા કાલેલકર, અધ્યાપક કૌસંબી, આચાર્ય કૃપલાણી, પં. સુખલાલજી વગેરેના ઠીક ઠીક સંપર્કમાં આવ્યા.

સને ૧૯૨૪માં તેઓ ગુજરાત વિદ્યાપીઠ તરફથી લેવાયેલ 'વિનીત' પરીક્ષામાં બીજા નંબરે ઉત્તીર્ણ થયા અને છાત્રાલય છોડ્યું. આ છાત્રાલયમાં મેટ્રીક કે વિનીત સુધીના વિદ્યાર્થીઓને જ રાખવામાં આવતા હતા. ત્યાર પછી તેઓ પોતાની જાતે વિશેષ અભ્યાસ માટે ગુજરાત વિદ્યાપીઠમાં દાખલ થયા.

શ્રી ધીરજલાલભાઈ શિક્ષક જે કંઈ શીખવે, તે તરત જ શીખી જતા અને વર્ગમાં હંમેશાં પહેલો કે બીજો નંબર રાખતા. શિક્ષક તરફથી સોંપાયેલા પાઠ તૈયાર કરવામાં તેમને બહુ ઓછો સમય લાગતો અને એ રીતે જે સમય ફાજલ પડતો, તેમાં તેઓ વિવિધ પ્રકારનાં પુસ્તકો વાંચતા. સારાં સારાં પુસ્તકો વાંચવા મળે, તે માટે તેમણે અંગરેજી ચોથા ધોરણથી જ સંસ્થાના પુસ્તકાલયની વ્યવસ્થામાં ભાગ લેવા માંડ્યો હતો અને છેવટે તેના વ્યવસ્થાપક બન્યા હતા. અહીં એ પણ જણાવી દઉં કે વ્યવસાયમાં પડ્યા પછી પણ તેમનો આ પુસ્તકપ્રેમ ચાલુ રહ્યો હતો. ઘણી વાર તેઓ વીશીમાં એક વખત જમતા અને એ રીતે જે પૈસાનો બચાવ થતો, તેમાંથી સારાં સારાં પુસ્તકો ખરીદી લેતા.

વહેલા ઉઠવું, બધું કામ જાતે કરવું અને શક્ય એટલી જ્ઞાનપ્રાપ્તિ કરવી, વગેરે સંસ્કારો તેમને છાત્રાલયના

જીવનમાંથી પ્રાપ્ત થયા હતા, જે તેમનું જીવન–ઘડતર કરવામાં અતિ ઉપયોગી નીવડયા.

શાળામાં જે શિક્ષણ પ્રાપ્ત થતું, તે ઉપરાંત છાત્રાલય તરફથી છાત્રોને સંગીત, વ્યાયામ અને ધાર્મિક શિક્ષણ આપવામાં આવતું. તેનો શ્રી ધીરજલાલભાઈ એ બરાબર લાભ લીધો હતો. ખાસ કરીને ધાર્મિક શિક્ષણમાં તેમણે ઊંડી દિલચશ્પી દાખવી હતી. પં. ભગવાનદાસ, પં. વર્ધમાનભાઈ તથા પં. પાનાચંદભાઈ આ વિષયમાં તેમના ગુરુ હતા.

મગનભાઈની વાડીના એક છેડે જૈનમંદિર આવેલું હતું. ત્યાં નાહી–ધોઈ ને દરેક છાત્રે પૂજા કરવાની હતી અને સાયંકાળે દર્શનવિધિ કરવાની હતી. વળી મહિનામાં એક દિવસ ગૃહપતિજી છાત્રોને કોઈ ને કોઈ મંદિરનાં દર્શને લઈ જતા. એ રીતે જિનભક્તિના સંસ્કારો પણ છાત્રાલય–જીવનમાંથી પ્રાપ્ત થયા હતા.

વિશેષમાં છાત્રાલયના ગૃહપતિજી એવો આગ્રહ રાખતા કે દરેક વિદ્યાર્થીએ રસોઈ બનાવતાં શીખવું જોઈએ, એટલે વારાફરતી રોજ એક વિદ્યાર્થીને પોતાની રસોઈ બનાવવાનો કાર્યક્રમ રહેતો. તેનાં બધાં સાધનો છાત્રાલય તરફથી આપવામાં આવતાં હતાં. આ રસોઈ પ્રથમ ગૃહપતિજીને ચખાડવી પડતી અને તેઓ એ બાબતમાં જે સૂચના આપે, તે લક્ષ્યમાં રાખવી પડતી. પછી વિદ્યાર્થી એ રસોઈનો પોતાને માટે ઉપયોગ કરતો. આ રીતે કેટલીક વાર રસોઈ

કરવાનો પ્રસંગ આવતાં શ્રી ધીરજલાલભાઇ જાતે રસોઈ બનાવવાનું શીખી ગયા. આ વસ્તુ તેમને પછીના સમયમાં પ્રવાસ તથા અન્ય પ્રસંગોએ ઘણી ઉપયોગી નીવડી.

છાત્રાલય તરફથી રજાના દિવસોમાં ઘણા ભાગે પ્રવાસ યોજાતો. એ રીતે તેમણે નાના-મોટા ઘણા પ્રવાસો કર્યા. દરમિયાન સારંગપુર-વ્યાયામશાળાના સંચાલક શ્રી જયકૃષ્ણ પુરાણીના પરિચયમાં આવતાં પગપાળા પ્રવાસ કરવાનો શોખ જાગ્યો. તેમાં પ્રથમ પ્રવાસ અખાડાના સભ્યો સાથે અમદાવાદથી પાવાગઢનો કર્યો. બીજો પ્રવાસ તેમણે જાતે આગેવાની લઈ પાવાગઢ-સુરપાણેશ્વરનો કર્યો અને ત્રીજો પ્રવાસ પણ તે જ રીતે ઈડરથી કેશરિયાજી સુધીનો કર્યો. વિદ્યાર્થીજીવન પૂરું થયા પછી પણ તેમણે ઘણા પ્રવાસો કર્યા છે, પરંતુ તે બધાનો પાયો આ વખતે નંખાયો હતો.

એ વખતે ભારતમાં આઝાદીની લડત જોરથી ચાલતી હતી અને સર્વત્ર 'મહાત્મા ગાંધી કી જય' બોલાઇ રહી હતી. ભારતીય જનતાનો મોટો ભાગ તેનાથી પ્રભાવિત થયો હતો. એ રીતે શ્રી ધીરજલાલભાઈ પણ તેમના વિચારોથી અત્યંત પ્રભાવિત થયા હતા. તેથી જ તેમણે સરકારી શાળા છોડી રાષ્ટ્રીય ભાવનાવાળી શાળામાં જવાનું પસંદ કર્યું હતું. તેઓ નવજીવન નિયમિત વાંચતા, એટલું જ નહિ પણ કેટલાક વખત સુધી દર રવિવારે ગૃહપતિની રજા લઈને 'નવજીવન' વેચવા જતા. જ્યારે તેઓ આર. સી. હાઇસ્કૂલમાં હતા, ત્યારે છાત્રાલય તરફથી મળતી ટોપીનો

ત્યાગ કરીને ખાદીની ટોપી ધારણ કરી હતી. હેડમાસ્તરે તેમને આ ટોપી પહેરવા માટે ડીસમીસ કરવાની ધમકી આપી હતી, પણ તેમણે મચક આપી ન હતી. ત્યારથી આજ સુધી તેઓ ખાદીની શ્વેત ટોપી ધારણ કરતા આવ્યા છે.

મહાત્મા ગાંધીજીએ ચા છોડવાની હાકલ કરી, ત્યારે શ્રી ધીરજલાલભાઈએ આજીવન ચા ન પીવાની પ્રતિજ્ઞા લીધી અને તે આજ સુધી બરાબર પાળી છે.

છાત્રાલયમાંથી બધી વસ્તુ મફત મળતી. માત્ર રજાઓમાં બે વાર પોતાના ઘરે જતી–આવતી વખતે પોતાનો ખર્ચ કરવો પડતો. આ ખર્ચ આશરે રૂપિયા દશ–બાર આવતો, તે શ્રી ધીરજલાલભાઈ જાત મહેનતથી મેળવી લેતા. તેઓ વેકેશનમાં ઘરે જતા ત્યારે માતાને દરેક કામમાં મદદ કરતા અને મોસમ ચાલતી હોય તો સવારથી સાંજ સુધી કાલાં ફોલતાં. તેમાંથી ચાર કે પાંચ આનાની આવક થતી, તે ઘરખર્ચમાં ઘણી ઉપયોગી થતી. આજે ચાર–પાંચ આનાની કંઈ કિંમત નથી, પણ એ વખતે એટલી રકમમાંથી એક દિવસનો ગુજારો થતો.

જ્યારે તેઓ ચોથી અંગરેજી ભણતા હતા, ત્યારે તેમના માતુશ્રીનું સ્વાસ્થ્ય એકાએક બગડતાં તેઓ પોતાના મૂળ વતન દાણાવાડા ગયા. આ વખતે લડાઈના કારણે મોંઘવારી વધી રહી હતી અને હવે માતાથી કામ થઈ શકે એમ ન હતું, એટલે તેમણે નોકરીએ લાગી જવાનો વિચાર

કર્યો અને સુરેન્દ્રનગરની એક ટાયરની દુકાનમાં રૂપિયા પંદરની નોકરી શોધી પણ કાઢી, પરંતુ તેમણે પોતાનો આ વિચાર ગૃહપતિજીને લખી જણાવ્યો, ત્યારે ગૃહપતિજીએ તેમને અત્યંત સહૃદયતાભર્યો પત્ર લખ્યો અને આગળ ભણવાનો પ્રબળ અનુરોધ કર્યો. સાથે થોડી આર્થિક મદદ પણ મોકલી. શ્રી ધીરજલાલભાઈ આ અનુરોધને શિરોધાર્ય કરી અમદાવાદ પાછા ફર્યા અને અભ્યાસમાં લાગી ગયા.

તે પછી થોડાંજ વખતે શ્રી રમણલાલ ગોવિંદલાલ શાહ નામના ગૃહસ્થનો પરિચય થયો અને તેમણે પોતાના ભત્રીજાનું ટ્યુશન ગોઠવી આપતાં શ્રી ધીરજલાલભાઈને દર મહિને રૂપિયા પંદર મળવા લાગ્યા. આ રકમ તેઓ નિયમિત રીતે પોતાના માતુશ્રીને મોકલી આપતા હતા, એટલે તેમને સારી એવી રાહત મળતી હતી. આ ટ્યુશન તેઓ વિનીત થયા, ત્યાં સુધી ચાલુ રાખ્યું હતું.

પાંચમી અંગરેજીના અભ્યાસ દરમિયાન છુટ્ટીના દિવસોમાં તેઓ દાણાવાડા ગયા. ત્યાં સાંજે ફરવા જતાં તેમને જમણા પગે સાપ કરડ્યો અને પગની પાનીના ઉપરના ભાગમાં છરીથી મોટો કાપ મૂકવામાં આવ્યો. આ કાપ કોઈ ડોકટર, વૈદ્ય કે હકીમે નહિ, પણ એક અણઘડ માણસે તેમનો જાન બચાવવાના ઇરાદાથી મૂકેલો, એટલે તેની વેદના કેવી હોય? તે કલ્પી શકાય એમ છે. તેમના મુખમાંથી દર્દભરી ચીસો નીકળવા લાગી, પણ તે જ વખતે *શ્રદ્ધામૂર્તિ માતાએ* આદેશ આપ્યો કે 'તારી ચીસો બંધ

કર. માત્ર ભગવાન મહાવીરનું નામ જ બોલ્યા કર, તને સારું થઇ જશે.' અને એ આદેશને શિરોધાર્ય કરી તેઓ ભગવાન મહાવીરનું નામ રટવા લાગ્યા. કોઇ વાર વેદના વધારે થતી તો એ નામ ખૂબ મોટેથી બોલાઇ જવાતું, પણ એ વખતે મુખમાં બીજો કોઇ શબ્દ પ્રવેશવા દીધો ન હતો.

આ વખતે તેમને લીમડાનાં પાન, મરી અને મીઠું નાખેલું ઘી ગરમ કરીને પીવડાવવામાં આવ્યું હતું. પગ સૂજીને થાંભલા જેવો થઈ ગયો હતો અને ખાટલામાં રહેવું પડયું હતું. રોજ પગે ખાટખટુંબાના પાનનો કલ્ક લગાડવામાં આવતો હતો અને કરી પણ બરાબર પાળવી પડતી. આ પ્રકારની એક મહિનાની સારવાર પછી તેઓ હરતા–ફરતા થઇ ગયા હતા અને અમદાવાદ આવી અભ્યાસમાં લાગી ગયા હતા. ત્યાર પછી બે–ત્રણ વર્ષ સુધી જ્યારે ચોમાસું આવે ત્યારે માથું ભારે થઇ જતું, પરંતુ તે પછી તેની કોઈ અસર રહી ન હતી.

શારીરિક–માનસિક ખડતલતા કેળવવી, બને તેટલી જ્ઞાનપ્રાપ્તિ કરવી અને એક સુયોગ્ય નાગરિક બનવું, એ એમના છાત્રજીવનનો મુખ્ય પ્રયાસ હતો અને તેમાં સારી સફળતા મેળવી હતી. આજના છાત્રોએ તેમાંથી ઘણું શીખવા જેવું છે.

[ ૭ ]

## પ્રથમ ચિત્રકાર, પછી શિક્ષક

શ્રી ધીરજલાલભાઈનું અંતર વિદ્યાપ્રેમી હતું અને તેમને આગળ ભણવાની ઇચ્છા હતી, પણ સંયોગો એવા ઊભા થયા કે તેમને ગુજરાત વિદ્યાપીઠ છોડી ધંધે લાગવું પડયું. હવે માતાનું શરીર જોઈએ તેવું કામ આપતું ન હતું અને મોંઘવારી વધતી જતી હતી, એટલે તેમને કમાયા વિના છૂટકો ન હતો. પણ કમાવું શી રીતે? એ પ્રશ્ન હતો. પાસે મૂડી તો હતી જ નહિ કે જેથી કોઈ સ્વતંત્ર ધંધો કરી શકે. વળી એ વખતે એવી કોઈ ઓળખાણ પણ ન હતી કે જેની દુકાન અથવા પેઢીમાં તેઓ બેસી જાય અને પોતાનું ભાગ્ય અજમાવી શકે.

તેમને ચિત્રકલાનો શોખ હતો, એટલું જ નહિ પણ તેમણે જે. જે. સ્કૂલ ઓફ આર્ટસની એલીમેન્ટરી અને ઇન્ટરમિજીયેટની પરીક્ષા પસાર કરી હતી અને ડ્રોઈંગ તથા પેઇન્ટીંગનો પ્રથમ વર્ષનો અભ્યાસ પૂરો કર્યો હતો,

એટલે તેમણે ચિત્રકલા તરફ દૃષ્ટિ દોડાવી. એ વખતે શ્રી નાનાલાલ જાની પોર્ટ્રેઈટ પેઈન્ટર તરીકે પ્રસિદ્ધ હતા અને તેમની રજવાડાઓમાં સારી લાગવગ હતી. શ્રી ધીરજલાલભાઈએ તેમનું નામ સાંભળ્યું હતું અને તેઓ તે વખતે અમદાવાદમાં જ રહેતા હતા. શ્રી ધીરજલાલભાઈ પોતાનાં થોડાં ચિત્રો લઈ તેમની પાસે પહોંચ્યા. શ્રીજાનીજીએ તેમનો સત્કાર કર્યો અને તેમણે દોરેલાં ચિત્રો ધ્યાનથી જોયાં. પછી પ્રશ્ન કર્યો કે 'બોલો શું વિચાર છે ?' શ્રી ધીરજલાલભાઈએ કહ્યું : 'આપના હાથ નીચે ચિત્રકલાની તાલીમ લેવી છે, પણ ખીસ્સું ખાલી છે, એટલે દર મહિને આપ કંઈક રકમ આપો તો અહીં બેસી જાઉં.' શ્રીજાનીજીએ કહ્યું : 'તમને દર મહિને પચાશ રૂપિયા આપીશ.' અને શ્રી ધીરજલાલભાઈએ તેમને ત્યાં ચિત્રકામ કરવા માંડયું. પરંતુ ધીરે ધીરે તેમાં અગવડો ઊભી થઈ, એટલે શ્રી ધીરજલાલભાઈએ એ કામ છોડી દીધું અને ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી રવિશંકર રાવલના હાથ નીચે કામ કરવા માંડયું. એ વખતે સુપ્રસિદ્ધ કલાકાર સ્વ. શ્રી કનુ દેસાઈ વગેરેનો ત્યાં અવર-જવર હતો. લગભગ છ માસ તેમની દેખરેખ નીચે આ પ્રમાણે કામ કર્યા પછી તેમણે પોતાનો સ્વતંત્ર ધંધો કરવાનો નિર્ણય કર્યો.

તેમણે દોરેલાં લેન્ડસ્કેપો એટલે કે પ્રાકૃતિક દૃશ્યો ઠીક ઠીક કિંમતે વેચાવા લાગ્યાં અને છબીઓ બનાવવાના ઓર્ડરો પણ સારા પ્રમાણમાં આવવા લાગ્યા. તેમાંથી તેમને

માસિક ત્રણસો–ચારસો રૂપિયાની કમાણી થવા લાગી. એ વખતના જીવનધોરણ પ્રમાણે આ કમાણી એકંદર સારી ગણાય, એટલે તેમનો ઉત્સાહ વૃદ્ધિ પામ્યો અને તેમણે આ ધંધો ખૂબ ધગશથી કરવા માંડ્યો. પછી તો અમદાવાદમાં જ રહેવાનો નિશ્ચય કરી પોતાના માતુશ્રી તથા નાની બહેનને અમદાવાદ બોલાવી લીધા. (એ વખતે મોટી બહેન સાસરે હતી.) અને દિવસો આનંદમાં પસાર થવા લાગ્યા.

આ અરસામાં પાલીતાણા–ઠાકોરે શત્રુંજયની યાત્રા માટે વાર્ષિક ભારે રકમની માંગણી કરતાં શત્રુંજયની યાત્રા બંધ કરવામાં આવી અને તે અંગે જૈન સમાજમાં મોટું આંદોલન શરૂ થયું. તેની સભાઓ પર સભાઓ થવા લાગી. શ્રી ધીરજલાલભાઈએ તેમાંની કેટલીક સભાઓમાં શ્રોતા તરીકે ભાગ લીધો. તેમને લાગ્યું કે ‘તીર્થરક્ષા એ પણ મારું એક કર્તવ્ય છે અને અન્યાય તો કોઇ પણ રીતે સાંખી લેવો ન જ જોઇએ.’ આ વખતે ખરી જરૂર ભારતના મોટાં મોટાં શહેરોમાં જઈ લોકમત જાગૃત કરવાની હતી અને તે કાર્ય ચુનંદા કાર્યકરો દ્વારા જ થઈ શકે એમ હતું. શ્રી ધીરજલાલભાઇએ તે માટે નામ નોંધાવ્યું અને કાનપુરથી પટણા સુધીનાં શહેરોની જવાબદારી પોતાના માથે લીધી. બીજી ત્રણ વ્યક્તિઓ તેમની સાથે જોડાઈ.

શ્રી ધીરજલાલભાઈના કુટુંબનિર્વાહનો આધાર તેમના ધંધા પર હતો અને આ રીતે બહારગામ જતાં એ ધંધો ઓરવાઈ જાય, એવી પૂરેપૂરી ભીતિ હતી, કારણ કે એ

હજી ઉગતી અવસ્થામાં હતો, પણ કર્તવ્યનો સાદ પડતાં તેમણે એની પરવા ન કરી.

નિયત સમયે તેઓ પોતાના સાથીઓ સાથે વિદાય થયા. આ પરથી તેઓ કેટલા ભાવનાશીલ હતા, તે જણાઈ આવે છે. તેમનો ભાવનાશીલતાનો વિશેષ પરિચય હવે પછી થશે.

આ પ્રવાસ લગભગ એક મહિનો ચાલ્યો અને તેમાં કામ પણ સારું થયું, પણ ત્યાંથી પાછા ફરતાં જ તેઓ બિમારીમાં પટકાઈ પડ્યા. તેનું મુખ્ય કારણ એ હતું કે પ્રવાસ દરમિયાન ખાવાપીવાની ઘણી અનિયમિતતા થતી અને મોટા ભાગે મીઠાઈઓ તથા ફરસાણથી જ ચલાવી લેવું પડતું, વળી ઋતુ પણ ઘણીવાર પ્રતિકૂલ સ્વરૂપ ધારણ કરતી.

પ્રથમ તાવ આવ્યો, પછી પેટમાં વેદના થવા લાગી અને એ રીતે બીજી પણ કેટલીક ગરબડોએ તેમને ખૂબ અશક્ત બનાવી દીધા. ડોકટરોની દવા ચાલુ હતી, પણ તેથી કંઈ ફાયદો થયો નહિ. તેમણે કુલ ૨૮ રતલ વજન ગુમાવ્યું. છેવટે તેઓ પોતાના એક જાણીતા દેશી વૈદ્યની દવાથી સારા થયા અને ગુમાવેલું વજન પાછું મેળવી લીધું, પરંતુ કુલ બે મહિના ધંધો બંધ રહ્યો અને માંદગીનો ખર્ચ વધ્યો, એટલે આર્થિક ફટકો સારા પ્રમાણમાં પડ્યો. આમ છતાં તેમણે પોતાની પ્રસન્નતા ગુમાવી નહિ. તેઓ ફરી ધંધો કરવા લાગ્યા અને તેમાં નિમગ્ન બન્યા.

આ વખતે તેમણે રોજ સાંજે ફરવા જવાનું રાખ્યું હતું. આ રીતે ફરવા જતાં એક સાંજે ચી. ન. છાત્રાલયમાં

પહોંચ્યા, ત્યારે એ છાત્રાલય ખાનપુર–બહેચર લશ્કરીના બંગલે ચાલતું હતું. ત્યાં છાત્રાલયના ગૃહપતિએ વાત કરતાં જણાવ્યું કે 'હાલ કોઈ ધાર્મિક શિક્ષક નથી, એટલે વિદ્યાર્થીઓનું ધાર્મિક શિક્ષણ અટકી પડ્યું છે. છાત્રાલયે આટઆટલા વિદ્યાર્થીઓને ભણાવ્યા, પણ કોઈ ધાર્મિક શિક્ષક થયો નહિ. સહુની દૃષ્ટિ પૈસા તરફ જ દોડે છે.'

શ્રી ધીરજલાલભાઈ તેમની અંતરવેદના કળી ગયા અને 'આ સંબંધી શું થઈ શકે ?' તેના ઊંડા વિચારમાં સરકી ગયાઃ 'હું ધારું તો ધાર્મિક શિક્ષણ જરૂર આપી શકું, પણ મારા ધંધાનું શું ? એ પૈસાનું મોઢું તો હમણાં જ જોવા પામ્યો છું. કુટુંબે ઘણું દુઃખ સહન કર્યું છે, હવે તેને કંઈપણ ખમવું પડે, એવું શા માટે કરવું ? પરંતુ છાત્રાલયનો ઉપકાર મારા પર ઘણો મોટો છે. વળી ગૃહપતિજી પણ મારા અનન્ય ઉપકારી છે. શું તેમની અંતર-વેદના ઓછી કરવાની મારી ફરજ નથી ?'

વિચારનું ભારે ઘમસાણ મચ્યું, પણ તેમના ભાવના–શીલ કર્તવ્યપરાયણ અંતરે ફેંસલો ધાર્મિક શિક્ષક બનવાની તરફેણમાં આપ્યો. તેમણે ગૃહપતિજીને જણાવ્યું કે 'આવતી કાલથી હું અહીં આવીશ અને છાત્રોને ધાર્મિક શિક્ષણ આપીશ.' આ ઉત્તર સાંભળતાં જ ગૃહપતિજીના મુખ પર આનંદની રેખાઓ તરવરી ઉઠી.

બીજા દિવસે શ્રી ધીરજલાલભાઈ છાત્રાલયમાં ગયા અને તેમણે પોતાની ત્રણસો–ચારસો રૂપિયાની માસિક આવક છોડી

રૂા. ૭૫ ની ધાર્મિક શિક્ષકની જગા સંભાળી. કર્તવ્યના પાલન માટે આ તેમનો સ્વૈચ્છિક ભોગ હતો અને તે એમને જીવનના ઉમદા આદર્શો તરફ ઘસડી રહ્યો હતો.

ધાર્મિક શિક્ષણના વર્ગો તો મોટા ભાગે રાત્રિએ જ ચાલતા, પણ દિવસે તે અંગે તૈયારી કરવી પડતી ખાસ કરીને અભ્યાસક્રમ અંગેનાં પુસ્તકો જોઈ જવા પડતાં: તેમણે આ વખતે સામાયિક, પ્રતિક્રમણ, જીવવિચાર, નવતત્ત્વ, કર્મગ્રંથ, તત્ત્વાર્થસૂત્ર વગેરે પર જે ચિંતન કર્યું, તે તેમને આગળ જતાં ઘણું ઉપયોગી થઈ પડયું.

શ્રી ધીરજલાલભાઈની આ સેવાનિષ્ઠાની ગૃહપતિજી તથા સંસ્થાના સંચાલકો પર બહુ ઊંડી છાપ પડી. સંસ્થાના સંચાલકો પૈકી શેઠ અંબાલાલ સારાભાઈ તો છાત્રાલયમાં ભાગ્યે જ આવતા, પણ સંસ્થાના સંસ્થાપક શેઠ ચીમનલાલ નગીનદાસના ધર્મપત્ની શ્રી માણેકબા ત્યાં અવારનવાર આવતા અને સંસ્થાના કામકાજ પર દેખરેખ રાખતા, તેમજ વિદ્યાર્થીઓને મળી તેમની હાલત જાણી લેતા. શેઠ ચીમનલાલ નગીનદાસનાં બીજા પુત્રી શ્રી નિર્મલાબહેન થોડા વખત પહેલાં જ સંચાલક–મંડળમાં જોડાયા હતા, તેઓ પણ સંસ્થાના કામમાં ખૂબ રસ લેતા હતા.

શ્રી ધીરજલાલભાઈને એમ લાગતું હતું કે હવે સંસ્થાને પોતાનું વિદ્યાલય જોઈએ, એટલે તેમણે એ વાતનો પ્રસ્તાવ સંચાલકો સમક્ષ રજૂ કર્યો, એટલું જ નહિ પણ તે માટે બે–ત્રણ વાર આગ્રહભર્યો અનુરોધ પણ કર્યો.

સંચાલકોના મનમાં આ વાત ઊતરી અને તેમણે વિદ્યાલય શરૂ કરવાનો નિર્ણય કર્યો. પ્રથમ વર્ષે છાત્રાલયના એક ભાગમાં જ પહેલા ધોરણનો એક વર્ગ ખોલવામાં આવ્યો. શ્રી ધીરજલાલભાઈ તેના શિક્ષક બન્યા. આ રીતે શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાલયની સ્થાપના અંગે આવશ્યક પ્રેરણા કરવાનું તથા તેના પ્રથમ શિક્ષક બનવાનું માન તેમના ફાળે જાય છે.

આ પ્રસંગ પછી શેઠ ચીમનલાલ નગીનદાસના ત્રીજા પુત્રી શ્રી ઇન્દુમતીબહેને પણ સંચાલનમાં રસ લેવા માંડયો હતો અને વિદ્યાલય વધતું ચાલ્યું હતું. આજે તો તેમાંથી વિકાસ પામેલો ' શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર ' ગુજરાતની એક મહાન શૈક્ષણિક સંસ્થાની પ્રતિષ્ઠા પામ્યો છે.

વિદ્યાલયનું કામ વધતાં શ્રી ધીરજલાલભાઈએ ધાર્મિક શિક્ષણ ઉપરાંત ચિત્રકામ અને ગુજરાતીના વર્ગો લેવાનું પણ સ્વીકાર્યું હતું અને તેના હેડમાસ્તર એટલે મુખ્ય શિક્ષકની જવાબદારી પણ સંભાળી હતી. કર્તવ્યપરાયણતા અંગે તેમનો ખ્યાલ એટલો બધો ઊંચો હતો કે તેમણે પોતાના સ્વીકૃત કાર્યમાં કદી પ્રમાદ સેવ્યો ન હતો કે ભૂલો કરી ન હતી.

પરંતુ સહુથી મોટી વાત તો એ હતી કે તેમણે એક આદર્શ શિક્ષક થવા માટે નિષ્ઠાપૂર્વકનો ભારે પ્રયત્ન કર્યો હતો અને તે માટે નીચેના સિદ્ધાંતોનો સ્વીકાર કર્યો હતો :

(૧) વિદ્યાર્થી એ નાનો ભાઈ છે.

(૨) તેને શારીરિક શિક્ષા કરવી નહિ.

(૩) તેને ખૂબ પ્રેમથી સમજાવવો.

(૪) તેની કોઇ મુશ્કેલી હોય તો દૂર કરવી.

(૫) તેની સાથે ખૂબ હળી–મળીને રહેવું.

પરિણામે તેઓ વિદ્યાર્થીઓનાં હૃદયને જિતી શક્યા હતા અને ઘણું માનભર્યું સ્થાન પામ્યા હતા. આજે પણ તેમના હાથ નીચે ભણેલા અનેક વિદ્યાર્થીઓ તેમને 'ગુરુજી' તરીકે સંબોધે છે અને તેમના પ્રત્યે બહુમાનની લાગણી દર્શાવે છે.

શ્રી ધીરજલાલભાઈનું આ શિક્ષકજીવન અનેક રીતે યાદગાર બનેલું છે, એટલે તેની પણ અહીં નોંધ લેવી જોઈએ. આ વખતે તેઓ દોઢ–બે મહિને એક વાર સાબરમતી આશ્રમમાં જતા અને મહાત્મા ગાંધીજીની મુલાકાત લેતા. ગાંધીજી તેમને ઓળખતા થયા હતા, એટલે તેમને મળવા માટે દશ–બાર મિનિટનો સમય જરૂર આપતા. તેમાં પ્રથમ તેઓ શ્રી ઈન્દુમતીબહેન, વિદ્યાલય અને તેમના અભ્યાસ અંગે પૂછપરછ કરતા અને પછી તેમણે પૂછેલા પ્રશ્નોનો ઉત્તર આપતા. એક વાર શ્રી ધીરજલાલભાઈએ ગાંધીજીને પૂછેલું કે 'મનુષ્યે આગળ વધવા માટે શું કરવું જોઈએ ?' ત્યારે ગાંધીજીએ જણાવેલું કે 'જે મનુષ્યે આગળ વધવું હોય તેણે આત્મશ્રદ્ધા કેળવી પ્રામાણિક પુરુષાર્થ કરવો જોઈએ.' શ્રી ધીરજલાલભાઈને આ ઉત્તર ખૂબ ગમી ગયેલો અને છેવટે તેમના જીવનનો ધ્રુવતારક બનેલો.

તેમના શિક્ષકજીવન દરમિયાન ભાવનગરમાં છાત્રાલય–સંમેલન ભરાયું. તેમાં તેમણે શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયના પ્રતિનિધિ તરીકે ભાગ લીધેલો અને છાત્રાલયના સંચાલન તથા છાત્રજીવનના ઘડતર અંગે મનનીય વિચારો પ્રકટ કરેલા. તે પરથી દક્ષિણામૂર્તિ સંસ્થાના સંચાલકો શ્રી નાનાલાલ ભટ્ટ, શ્રી ગીજુભાઈ બધેકા તથા શ્રી હરભાઈ ત્રિવેદીનું તેમના પ્રત્યે આકર્ષણ થયેલું. તે પછી એ જ વર્ષે અમરેલીમાં બીજું છાત્રાલયસંમેલન ભરાયું. ત્યારે પણ શ્રી ધીરજલાલભાઈ એ શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયના પ્રતિનિધિ તરીકે તેમાં ભાગ લીધેલો અને છાત્રાલય તથા છાત્રજીવનની અનેકવિધ સમસ્યાઓ અંગે પોતાના વિચારો નિખાલસપણે પ્રકટ કરેલા. આ વખતે તેઓ ત્યાંના જાહેર સેવક શ્રી જગજીવન મહેતાના ઠીક ઠીક પરિચયમાં આવેલા. આ રીતે તેમના શિક્ષકજીવન દરમિયાન બીજી પણ કેટલીયે જાહેર વ્યક્તિઓના સંપર્કમાં આવવાનું બનેલું અને તે એમના જીવનનો દૃષ્ટિકોણ વિશાલ બનાવવામાં ઘણું ઉપયોગી થયેલું.

શ્રી ધીરજલાલભાઈ એ આ શિક્ષકજીવન દરમિયાન જ પ્રભુતામાં પગલાં માંડયાં અને સાહિત્યસર્જનની શરૂઆત કરી, જેનું વર્ણન આગામી પ્રકરણોમાં જોઈ શકાશે.

આ વિદ્યાલયમાં આઠ મહિને ધોરણ બદલાતું હતું, એ રીતે તેના વિદ્યાર્થીઓ પાંચ વર્ષે મેટ્રીકમાં પહોંચ્યા હતા. ત્યાર પછી સંયોગવશાત્ શ્રી ધીરજલાલભાઇ આ

સંસ્થામાંથી રાજીનામું આપી છૂટા થયા, પણ તેમનો આત્મા તો આ સંસ્થા સાથે જોડાયેલો જ રહ્યો. આજે પણ તેઓ એ સંસ્થા સાથે ઘણો મીઠો સંબંધ ધરાવે છે.

શ્રી ધીરજલાલભાઈ એમ માને છે કે 'જે સંસ્થાએ મને આશ્રય આપ્યો, વિદ્યા આપી, સારા સંસ્કારો આપ્યા, તેનું ઋણ કોઈ રીતે ચૂકવી શકાય એમ નથી.' અને તેમણે ભૂતપૂર્વ છાત્રોમાં સંગઠનની ભાવના પેદા કરી તેના મંડળના મંત્રી તરીકે વર્ષો સુધી કામ કર્યું છે. વળી સંસ્થાના સંસ્થાપક શેઠ શ્રી ચીમનલાલ નગીનદાસની જન્મશતાબ્દીનો પ્રસંગ પ્રાપ્ત થતાં છાત્રો તરફથી રૂા. ૧, ૧૧, ૧૧૧ રૂપિયાની રકમ અર્પણ કરવાનો નિર્ણય થયો, તેમાં તથા તેને પાર પાડવામાં તેમણે મહત્ત્વનો ફાળો આપેલો છે. ત્યાર પછી થોડા વર્ષે શ્રીમતી માણેકબા સ્મારકનિધિની યોજના ઘડાઈ અને તેમાં પણ છાત્રો તરફથી રૂા. ૧, ૧૧, ૧૧૧ જેવી રકમ અર્પણ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો, તેને પાર પાડવામાં પણ શ્રી ધીરજલાલભાઈની મુખ્યતા રહી હતી. શ્રી ઇન્દુમતીબહેન દ્વારા મહિલાઓની પ્રગતિ માટે અમદાવાદમાં સમુન્નતિ ટ્રસ્ટ ચાલી રહેલું છે, તેમાં પણ શ્રી ધીરજલાલભાઈએ સારો રસ લીધેલો છે.

[ ૮ ]

# ગૃહસ્થજીવન

શ્રી ધીરજલાલભાઈએ છાત્રજીવનના અંતે કેટલાક નિર્ણયો કર્યા હતા, તેમાંનો એક નિર્ણય એવો હતો કે 'જે કામ કરવું, તે દિલ દઈને કરવું, તેમાં કચાશ રાખવી નહિ.' અને તે માટે તેઓ પ્રયત્નશીલ બન્યા હતા. જ્યારે તેમણે ચિત્રકામ શરૂ કર્યું, ત્યારે તેમાં પોતાનું દિલ રેડ્યું હતું; પછી તીર્થરક્ષા અંગે પ્રચારકાર્યનો પ્રસંગ આવ્યો, ત્યારે પણ તેમણે પોતાની આંતરિક ધગશનો અનેરો પરિચય આપ્યો હતો; અને તે પછી ભાવનાવશ બની ધાર્મિકશિક્ષક તરીકેની જવાબદારી સ્વીકારી તથા અનુક્રમે અન્ય શિક્ષણનો ભાર પણ માથે લીધો, ત્યારે પણ તેમણે પોતાના અંતરમાં ઉત્સાહના દીવડા પ્રકટાવી કલાકો સુધી કાર્ય કર્યું હતું. તે પછી પણ તેમણે જે પ્રવૃત્તિઓ હાથ ધરી, તેમાં પણ આ જ પદ્ધતિ અપનાવી હતી અને તેણે તેમને યશ તથા લાભના અધિકારી બનાવ્યા હતા.

શ્રી ધીરજલાલભાઈ વિદ્યાલયનું કામ સારી રીતે ચાલે, તે માટે તન, મન અને ધન એ ત્રણેયનો ભોગ આપી રહ્યા હતા. કલાકો સુધી કામ કરવામાં તનનો ભોગ હતો; વિદ્યાલય તથા છાત્રોના હિત સંબંધી સતત ચિંતન કરવામાં મનનો ભોગ હતો; અને બબ્બે પાળી કામ કરવા છતાં એક-જ પાળીનો પગાર સ્વીકારવો, તેમાં ધનનો પણ ભોગ હતો.

પ્રથમ વિદ્યાલય સવારના ૭–૩૦ થી ૧૧–૩૦ સુધી કામ કરતું, તેને તેમની સેવાઓ સમર્પિત હતી. પરંતુ પછીથી વર્ગો વધતાં અને સ્થાનસંકોચ જણાતાં તેની બીજી પાળી ચાલુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. તે માટે બપોરના ૨–૩૦ થી ૫–૩૦ નો સમય નક્કી થયો. શ્રી ધીરજલાલભાઈને એમ લાગ્યું કે જો આ વખતે પણ મારી હાજરી હશે, તો કામ બરાબર ચાલશે, એટલે તેમણે બીજી પાળીને પણ પોતાની સેવા સમર્પિત કરી. પરંતુ તે માટે વધારાના પગાર કે પુરસ્કારની કોઈ અપેક્ષા રાખી નહિ.

આ બે પાળી ઉપરાંત વિદ્યાલય તથા છાત્રજીવનની કેટલીક સમસ્યાઓ પણ તેમના સમયનો ઠીક ઠીક ભોગ લઈ રહી હતી, એટલે સમયની સંકીર્ણતા ઊભી થઈ અને તે એમના ગૃહજીવન ઉપર અસર કરવા લાગી.

એક વાર માતા મણિબહેને તેમને કહ્યું કે 'ભાઈ! તારે સંસ્થાની જેટલી સેવા કરવી હોય, તેટલી કર; પણ ઘર ઉપરેય કંઈક નજર નાખતો રહે. અમે અહીં તારા

આશરે જ પડ્યા છીએ. વળી હવે તારી ઉંમર ત્રેવીશ વર્ષની થઈ, એટલે લગ્નનું પતાવી દેવું જોઈએ.'

ઉત્તરમાં શ્રી ધીરજલાલભાઈએ કહ્યું : 'પૂજ્ય માતાજી! મારા પર સંસ્થાના કામનો બોજો ઘણો વધારે છે, છતાં આપના તરફ મારી જરાયે ઉપેક્ષા નથી. બે પનીહારીઓ વાતો કરતી ચાલી આવતી હોય છે, પણ તેમનું ધ્યાન તો તેમના બેડા ઉપર જ હોય છે, તેમ હું અનેકવિધ પ્રવૃત્તિઓમાં પણ આપ બંને પર (એક માતા, બીજી બહેન) બરાબર ધ્યાન રાખી રહ્યો છું. લગ્નની વાત પણ મારા ધ્યાનમાં જ છે. અનુકૂલ સમય આવતાં તે જરૂર પતાવી દઈશ.'

માતા મણિબહેને કહ્યું : 'અનુકૂલ સમય ક્યારે આવશે? વળી લગ્નનાં કામ એમને એમ પતતાં નથી. તે માટે સગાંવહાલાંઓ તથા સ્નેહીસંબંધીઓને મળતાં રહેવું જોઈએ. જો તેમાંનો કોઈ આગળ પડીને આ કામ હાથ ધરે, તો જ લગ્નનું કામ પતે. પરંતુ તું કોઈને મળતો નથી કે મળવાની દરકાર પણ કરતો નથી. તું ભલો અને તારું કામ ભલું, એટલે મને બહુ ચિંતા થાય છે.'

ઉત્તરમાં શ્રી ધીરજલાલભાઈએ કહ્યું : 'તમારું કહેવું બરાબર છે, પણ સમય સમયનું કામ કરે છે. મને લાગે છે કે તે હવે થોડા જ વખતમાં પતી જશે.' પરંતુ તેમના આ ઉત્તરથી માતાને સંતોષ થયો ન હતો. તેઓ આ બાબતમાં સચિંત જ રહેતા હતા.

વાત એમ બની હતી કે થોડાંક વર્ષો પહેલાં તેમનું સગપણ ધ્રાંગધ્રા નજીક કોંઢ ગામમાં થયું હતું, પણ તે સામસામું હતું, એટલે કે પોતાની બહેનને ત્યાં દેવાની હતી અને ત્યાંની કન્યા પોતાને લેવાની હતી. શ્રી ધીરજલાલભાઈ વધારે સમજણા થયા, ત્યારે તેમને આ વ્યવહાર પસંદ પડયો ન હતો, એટલે એ સગપણ મૂકી દેવામાં આવ્યું હતું. ત્યાર પછી લગ્નને લગતી ખાસ હિલચાલ થઈ ન હતી, પણ છેલ્લાં બે વર્ષમાં કહેણો આવવા લાગ્યાં હતાં, જે માતા મણિબહેનની કે તેમની પસંદગી પામ્યા ન હતાં. આ સ્થિતિમાં માતા મણિબહેનને ચિંતા થાય, એ સ્વાભાવિક હતું. પરંતુ શ્રી ધીરજલાલભાઈને આ બાબતની કોઈ ચિંતા ન હતી. તેઓ તો તેમના કામમાં મશગુલ રહેતા અને એક પ્રકારના આંતરિક આનંદનો અનુભવ કરતા.

એવામાં બોટાદ નજીક ટાટમ ગામના નિવાસી શ્રી લવજીભાઈ સાકરચંદની સુપુત્રી શ્રી ચંપાબહેનનું કહેણ તેમના મોટાભાઈ મનસુખલાલ તરફથી ખાસ વ્યક્તિ દ્વારા આવ્યું. આ ઘર ઘણું ખાનદાન હતું અને ન્યાત–જાત તથા ગામમાં પણ તેની સારી પ્રતિષ્ઠા હતી, એટલે કન્યા જોવાનો નિર્ણય લેવાયો. એ કામ શ્રીધીરજલાલભાઈએ પોતાના એક શિક્ષકમિત્ર શ્રી વ્રજલાલ કોઠારીને સોંપ્યું. તેઓ પોતાની પત્ની સાથે ટાટમ ગયા, કન્યા જોઈ, ઘર જોયું અને પાછા આવી 'એકંદર ઠીક' નો અભિપ્રાય આપતાં શ્રી ધીરજલાલભાઈનું સગપણ શ્રી ચંપાબહેન સાથે કરવામાં આવ્યું.

શ્રી ધીરજલાલભાઈએ પોતાની માતા તથા બહેનને અમદાવાદ બોલાવી લીધા, ત્યારે દાણાવાડાનું ઘર કાઢી નાખ્યું હતું અને તેનો સરસામાન વઢવાણ શહેરમાં એક ઘર ભાડે રાખી તેમાં ભરી દીધો હતો. તેઓ કોઈ કોઈ વાર ત્યાં જતા, પણ ખાસ રહેણાક કરેલી નહિ. હવે લગ્નનો પ્રસંગ ઉપસ્થિત થતાં તેમણે આ ઘરને વ્યવસ્થિત કર્યું અને ઠીક ઠીક શણગારી લગ્નસ્થાનને યોગ્ય બનાવી દીધું.

શ્રીધીરજલાલભાઈ સંસ્થામાંથી વીસ દિવસની રજા લઈ વઢવાણ ગયા, નિર્ધારિત સમયે જાન જોડાઈ અને વિ. સં. ૧૯૮૬ ના કારતક સુદિ ૧૦ ના રોજ તેઓ લગ્નગ્રંથિથી જોડાયા. ગામડાનાં પ્રમાણમાં ધામધૂમ સારી થઈ, જો કે શ્રીધીરજલાલભાઈએ તેમને આ પ્રસંગ બને તેટલો સાદાઈથી ઉજવવાનો અનુરોધ કરેલો. તેઓ આ વખતે શુદ્ધ ખાદીના પોષાકમાં હતા અને ખાંડ નહિ વાપરવાની તેમની પ્રતિજ્ઞા જે અગાઉ લીધેલી, તે ચાલુ હતી.

જાન વઢવાણ પાછી ફર્યા પછી દશ દિવસે શ્રી ધીરજલાલભાઈ પાછા અમદાવાદ આવી ગયા અને સંસ્થાના કામમાં જોડાઈ ગયા.

શ્રી ચંપાબહેન સાત ગૂજરાતી ભણેલા હતા, પણ ઘર તરફથી સારા સંસ્કારો પામેલા હતા. વળી સ્વભાવે વિનમ્ર હતા અને સેવાપરાયણવૃત્તિ ધરાવતા હતા, એટલે શ્રી ધીરજલાલભાઈનો સંસાર સુખી થયો. તે જોઈ માતા સંતોષ પામ્યા.

શ્રીધીરજલાલભાઈને ગૃહસ્થજીવનનાં ફલરૂપે સાત સંતાનોની પ્રાપ્તિ થઈ, તેમાં પ્રથમ પુત્ર જન્મસમયે તંદુરસ્ત અને દેખાવડો હતો, પરંતુ આયુષ્ય ઓછું લઈને આવેલો, એટલે થોડા જ વખતમાં મરણ પામ્યો. તે પછી ઇન્દુમતી, સુલોચના, નરેન્દ્રકુમાર, મનોરમા, રશ્મિકા અને ભારતીનો જન્મ થયો. તેમાં ઇન્દુમતી સહુની ચાહના મેળવી અગિયારમા વર્ષે અવસાન પામી અને મનોરમા પણ વર્ષ–દોઢ વર્ષની થઇને તેનાથી ત્રણ દિવસ પહેલાં જ અવસાન પામેલી. આ બંને મૃત્યુ વઢવાણમાં મેલેરિયાનો ભયંકર ઉપદ્રવ ચાલી રહ્યો હતો, ત્યારે થયેલાં અને તે માતા–પિતા બંનેના હૃદયને ભારે આઘાત આપી ગયેલાં.

સુલોચના નામ તેવા ગુણવાળી હતી. તે સુશિક્ષિત તથા વિવાહિત બની, પણ ત્રણ સંતાનોનું માતૃપદ મેળવ્યા પછી બત્રીશ વર્ષની ભર યુવાવસ્થામાં મૃત્યુને ભેટી. તેનો આઘાત માતાપિતાને ઘણો લાગ્યો, પણ તેમણે સંસારનું સ્વરૂપ વિચારી મન મનાવ્યું.

નરેન્દ્રકુમાર નાનપણમાં એકંદર નબળો હતો, એટલે માતાપિતાને ચિંતા થતી હતી, પણ કાલક્રમે તે મોટો થયો અને મેટ્રીક સુધી પહોંચ્યો. તે વધારે અભ્યાસ કરી શકે એવી શક્યતા ન હતી, એટલે તેને પ્રથમ નોકરીમાં અને પછી પોતાના કાર્યાલયમાં જોડયો. આજે તો એ કાર્યાલયનો પ્રાણ છે અને ઘણુંખરું કામ સંભાળી લે છે. વળી છેલ્લાં થોડાં વર્ષોમાં શ્રી ધીરજલાલભાઇના હાથે શ્રી પાર્શ્વ–પદ્માવતી

પૂજન તથા તેનાં ખાસ અનુષ્ઠાનો થવા લાગ્યાં, તેમાં પણ તે ઉત્તરસાધકનું સ્થાન બરાબર સાચવે છે.

નરેન્દ્રકુમારને બે–ત્રણ મોટી માંદગીઓ આવેલી, તેમાંની એક માંદગી સન્નિપાત સાથેના ટાઇફોઇડ તાવની હતી, એટલે કે ઘણી ભારે હતી. અન્ય કોઇને તેના જીવવાની આશા ન હતી, પણ માતાપિતાએ ઇષ્ટદેવ પર શ્રદ્ધા રાખી નમસ્કાર મહામંત્ર તથા ઉવસગ્ગહરં સ્તોત્રનું સતત સ્મરણ કરતાં તે બચી જવા પામ્યો હતો. તે એકંદર શ્રદ્ધાળુ જીવડો છે અને શ્રદ્ધામય જીવન જીવવામાં આનંદ પામે છે.

તેનાં લગ્ન જોરાવરનગર–નિવાસી સ્વ. મનસુખલાલ કચરાભાઈની સુપુત્રી શ્રી રંજનબાલા સાથે થયેલાં છે અને તેથી તેનું ગૃહસ્થજીવન સુખી છે.

રશ્મિકા સુશિક્ષિત વિવાહિત બની પુત્ર–પુત્રીના પરિવાર યુક્ત સુખી જીવન જીવે છે અને ભારતી એસ.એન.ડી.ટી. મહિલા વિદ્યાપીઠની બી.એડ. થયા પછી વિવાહિત બની જીવનયાત્રાનો આનંદ માણી રહી છે.

માતા મણિબહેન શ્રી ધીરજલાલભાઈની આ હરિયાળી વાડી જોતાં જોતાં ધર્મધ્યાનપૂર્વક સં. ૧૯૯૧ ના અષાડ સુદિ ૧૪ ના રોજ સ્વર્ગવાસી થયા હતા.

શ્રી ધીરજલાલભાઈ ચડતી–પડતીના ચમત્કારો જોતાં જોતાં આગળ વધ્યા હતા અને છેવટે ઉચ્ચપદે આરૂઢ થયા હતા, તેમાં તેમના અનેકવિધ ગુણો ઉપરાંત શ્રીમતી

ચંપાબહેનનો પણ નોંધપાત્ર ફાળો હતો. અન્ય શબ્દોમાં કહું તો જો શ્રીમતી ચંપાબહેનનો યોગ્ય સાથ–સહકાર સાંપડયો ન હોત તો શ્રીધીરજલાલભાઇ પોતાના જીવનમાં જે કંઈ કરી શકયા, તેથી ઘણું ઓછું કરી શકયા હોત.

એક મનુષ્ય ચતુર હોય, કામગરો હોય કે વિશિષ્ટ શક્તિથી વિભૂષિત હોય, પણ તેને ગુણિયલ ગૃહિણીનો સાથ ન સાંપડે તો એ જીવનનો જંગ ભાગ્યે જ જિતી શકે છે. જ્યાં વારંવાર અથડામણો થતી હોય, કજિયા–કંકાસ ફાટી નીકળતા હોય કે દિવસો સુધી અબોલા લેવાતા હોય ત્યાં જીવનનો જંગ બહાદુરીથી લડાય શી રીતે? અને તેમાં સફળતા મળે શી રીતે? પરંતુ શ્રીધીરજલાલભાઈ આ બાબતમાં ખરેખર ભાગ્યશાળી હતા, કારણ કે તેમને શ્રીમતી ચંપાબહેન જેવા સુશીલ, ઠરેલ અને ગુણિયલ ગૃહિણી સાંપડયા હતા.

ધન–વૈભવનું આકર્ષણ કોને હોતું નથી? પણ શ્રીમતી ચંપાબહેન તેમાં અપવાદરૂપ પુરવાર થયા હતા. તેઓ સમજી ગયા હતા કે જ્યાં સાહિત્યસર્જન અને સમાજ-કલ્યાણની પ્રવૃત્તિઓ સતત ચાલતી હોય, ત્યાં ધનવૈભવની વાતો વચ્ચે લાવી એ પ્રવૃત્તિઓને અભડાવવી એ કોઇ રીતે યોગ્ય નથી. તેમણે સાદાઈને અપનાવી લીધી હતી અને ધાર્મિક નિત્યનિયમોના યથાર્થ પાલન વડે જીવનને સાત્ત્વિકતાનો ઓપ આપવા માંડયો હતો. પછી તપશ્ચર્યા વડે પોતાના જીવનને પાવન કરવા લાગ્યા હતા. છેલ્લાં

દશ–બાર વર્ષમાં તો તેમણે તપોમય જીવન જ ગાળ્યું છે, એમ કહું તો ખોટું નથી.

ગૃહસ્થજીવનનો એક અપ્રતિમ ગુણ અતિથિસત્કાર છે. એ ગુણ તેમનામાં પૂરેપૂરો ખીલેલો છે. જેમણે એક વાર પણ તેમના આતિથ્યસત્કારનો અનુભવ કરેલો છે, તે એમને ભૂલી શકે એમ નથી. હું તેમને શ્રદ્ધાંજલિ સમર્પી આ પ્રકરણ પૂરું કરું છું.

[ ૯ ]

# સાહિત્યસર્જનનો પ્રારંભ

હવે હું શ્રીધીરજલાલભાઈની જીવનકથાના એક અતિ મહત્ત્વપૂર્ણ પ્રકરણ પર આવું છું. આ પ્રકરણ તેમના સાહિત્યસર્જનને લગતું છે કે જેણે તેમને આગળ જતાં ભારે પ્રતિષ્ઠા આપી છે અને તેમની કમનીય કીર્તિનો ધ્વજ સર્વત્ર લહેરાવવામાં અતિ અગત્યનો ભાગ ભજવેલો છે.

સાહિત્યસર્જન જે તે મનુષ્યો કરી શકતા નથી. તે વિશિષ્ટ અધિકારની અપેક્ષા રાખે છે અને એવો અધિકાર તેને જ પ્રાપ્ત થાય છે કે જેના અંતરમાં જ્ઞાન માટે પ્રેમ ઊભરાતો હોય, જે વિશિષ્ટ પ્રતિભાથી યુક્ત હોય અને જેનું વાણી પર અનેરું પ્રભુત્વ હોય. શ્રીધીરજલાલભાઈમાં આ ત્રણેય ગુણો વિકાસ પામેલા હતા, એટલે કે તેમના અંતરમાં જ્ઞાન માટે ભારોભાર ભક્તિ–પ્રેમ–બહુમાન ભરેલું હતું, તેઓ વિશિષ્ટ પ્રતિભાને વરેલા હતા અને વાણી પર અનેરું પ્રભુત્વ ધરાવતા હતા, તેથી જ તેઓ

વિશાલ વિશદ સાહિત્યસર્જન કરી અગ્રગણ્ય સાહિત્યકારોની પંક્તિમાં બિરાજી શકયા.

હું પોતે શ્રીધીરજલાલભાઈને એક અત્યંત ભાગ્યશાલી સાહિત્યકાર ગણું છું, કારણ કે તેમની લગભગ બધી કૃતિઓ પ્રસિદ્ધિમાં આવી છે, તેનાં એક કરતાં વધારે સંસ્કરણો થયેલાં છે અને તેમાંની કેટલીક કૃતિઓનો હિંદી, કેટલીક કૃતિઓનો બંગાલી તથા કેટલીક કૃતિઓનો અંગરેજી અનુવાદ થયેલો છે. પ્રચારની દૃષ્ટિએ પણ તેમનું આ સાહિત્ય-વિમાનની પાંખો વીંઝતું રહ્યું છે, એટલે કે ૩૦,૦૦૦,૦૦ ત્રીસલાખનો અંક વટાવી ગયું છે! પરંતુ સહુથી વધારે નોંધપાત્ર બીના તો એ છે કે તેમણે રચેલા ગ્રંથના પ્રકાશન-નિમિત્તે ભવ્ય સમારોહો યોજાયેલા છે અને તેણે પોતાની આગવી વિશેષતાને લીધે જન–મન પર પોતાનો ભારે પ્રભાવ પાડેલો છે. આ સમારોહોમાં જાણીતા દેશનેતાઓ, સુપ્રસિદ્ધ સાક્ષરો અને સાહિત્યકારો તથા સંનિષ્ઠ સામાજિક કાર્યકરોએ ભાગ લીધેલો છે અને શ્રી ધીરજલાલ-ભાઈના સાહિત્યસર્જનને ભાવભરી શ્રદ્ધાંજલિઓ સમર્પિત કરેલી છે. હું પોતે આ સમારોહોમાં કોઈ વાર પ્રેક્ષક તરીકે, તો કોઈ વાર અતિથિવિશેષ તરીકે અને એક વાર અધ્યક્ષ તરીકે ઉપસ્થિત થયેલો છું અને તેમની સાહિત્યવિષયક આ લાવણ્યમયી લીલાને નિહાળીને આનંદવિભોર બનેલો છું.

શ્રી ધીરજલાલભાઈને અનુપમ યશ–કીર્તિ આપનારા આ સાહિત્યસર્જનનો પ્રારંભ કઈ રીતે થયો અને તે કઈ ઢબે આગળ વધ્યો, તે અહીં જણાવવા ઇચ્છું છું,

શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાલયમાં ધાર્મિક અને અન્ય વિષયોના શિક્ષક તરીકે તેમની કારકીર્દિ ઘણી ઉજ્જવલ હતી. તેમનો આત્મા સંશોધકનો હતો. વસ્તુના મૂલમાં જવાનો તેમનો ગુણ દરેક વિષયનું ઊંડું અધ્યયન કરવાને પ્રેરતો હતો. ધાર્મિક શિક્ષણ કેવું હોવું જોઈએ? તેનો અભ્યાસક્રમ કેવો હોવો જોઈએ? ધાર્મિક શિક્ષણ રસપ્રદ કેમ બની શકે? વગેરે બાબતોના વિચારો તેમના મનમાં વારંવાર ઉઠતા હતા. તેમની એવી માન્યતા હતી કે જો વિદ્યાર્થીઓ ધર્મશ્રદ્ધાન્વિત હશે, તો જ તેમનું જીવન–ઘડતર ઉત્તમ પ્રકારે થઈ શકશે.

એક દિવસ તેમણે વિદ્યાર્થીઓને જૈનધર્મના મહાપુરુષો અંગે થોડા પ્રશ્નો પૂછ્યા, પણ તેનો સંતોષકારક ઉત્તર મળ્યો નહિ. તેમને પૂછવામાં આવ્યું કે 'શું તમે આમાંના કોઈની કથા–વાર્તા સાંભળી છે?' તેનો ઉત્તર નકારમાં મળ્યો, ત્યારે શ્રીધીરજલાલભાઈને લાગ્યું કે 'મારી માતા તરફથી મને જે કંઈ મળ્યું છે, તે આ વિદ્યાર્થીઓને તેમની માતાઓ તરફથી મળ્યું નથી. ખરેખર! આપણો ઉત્તમ કથાવારસો આ રીતે લુપ્ત થતો જાય છે. તેને જીવંત કરવો જ જોઈએ.'

તે જ દિવસે તેમણે વિદ્યાર્થીઓ સમજી શકે એવી ભાષામાં '**શ્રી રીખવદેવ**' નામની એક નાનકડી કથા લખી કાઢી. બીજા દિવસે તે કથા વિદ્યાર્થીઓ સમક્ષ વાંચી તો તેમને સાંભળવામાં મજા પડી. તે પરથી તેઓ આ કથાને એક પુસ્તિકારૂપે છપાવી નાખવાના નિર્ણય પર

આવ્યા. પરંતુ તેમણે હજી સુધી છાપખાનું જોયું ન હતું, જોવાનો પ્રસંગ જ આવ્યો ન હતો, એટલે ક્યાં જવું ? શું કરવું ? પુસ્તિકાનો છપાઈખર્ચ કેટલો આવશે ? વગેરે બાબતો અંગે મનમાં ભાંજગડ થવા લાગી. છેવટે પુસ્તિકાનું લખાણ લઈ, કબાટમાં પડેલા પચાશ રૂપિઆ ગજવામાં ઘાલી, તેઓ છાપખાનાની શોધમાં નીકળી પડ્યા અને પાનકોર નાકા–પીરમશાહનાં રોજા નજીક એક છાપખાનાનું બોર્ડ વાંચી તેમાં દાખલ થયા. તેમણે પ્રેસમાલિકને જણાવ્યું કે 'મારે એક પુસ્તિકા છપાવવી છે, એટલે અહીં આવ્યો છું.' પ્રેસમાલિકે તેમનો સત્કાર કર્યો અને પુસ્તિકાનું લખાણ જોયા પછી પૂછ્યું કે તમારે એ કઈ સાઈઝમાં છપાવવી છે ? રોયલમાં ? ક્રાઉનમાં ? કે ડેમીમાં ?

શ્રી ધીરજલાલભાઈએ કહ્યું : 'તમારા છાપખાનાના આ પારિભાષિક શબ્દોથી હું પરિચિત નથી. તમે મને વિવિધ કદનાં પુસ્તકો બતાવો, એટલે જોઈને કહું કે મારે મારી પુસ્તિકા કઈ સાઈઝમાં છપાવવી છે.' પ્રેસમાલિકે તેમને વિવિધ કદનાં પુસ્તકો બતાવ્યાં, એટલે શ્રી ધીરજલાલભાઈએ તેમાંની એક સાઈઝ પસંદ કરી. પ્રેસમાલિકે કહ્યું : 'આને ક્રાઉન સાઈઝ કહેવાય. આજ કાલ બધા આની જ પસંદગી કરે છે, એટલે તમારી પસંદગી બરાબર છે.'

પછી તેનો ભાવ પૂછી, કાગળનો નમૂનો જોઈ ૧૦૦૦ નકલની વરદી આપી અને તેના ખર્ચના રૂપિયા પચાશ રોકડા ચૂકવી આપ્યા. પછી તેમણે પ્રેસમાલિકને પૂછ્યું કે

'આ પુસ્તિકા લેવા ક્યારે આવું ?' પ્રેસમાલિકે કહ્યું: 'પ્રથમ તો તમારે તેનાં પ્રુફો જોવાં પડશે, પછી ઓર્ડર આપવો પડશે, ત્યાર પછી પુસ્તિકા છપાશે. તે પછી તેનું ફોલ્ડીંગ થશે, તેને ટાઈટલ ચડશે, તેનું સ્ટીચીંગ અને કટીંગ થશે અને ત્યાર પછી તેની થોકો બંધાશે. પછી તેની ડીલીવરી તમને આપી શકાશે.' આપણા કામધંધામાં અને રોજિંદા વ્યવહારમાં કેટલા બધા અંગરેજી શબ્દો ઘૂસી ગયા છે, એ વિચારે શ્રીધીરજલાલભાઈએ ખેદ અનુભવ્યો. પછી એ દરેક શબ્દના અર્થથી માહિતગાર થઈ ઘરે પાછા ફર્યા.

ચોથા દિવસે તેઓ છાપખાનામાં પ્રુફો જોવા ગયા, ત્યારે પ્રેસમાલિકે પૂંઠા પર છાપવાના લખાણની માગણી કરી. શ્રીધીરજલાલભાઈએ તે સંબંધી ખાસ વિચાર જ કર્યો ન હતો, એટલે તેનું લખાણ કરવા બેઠા. તેમાં પ્રથમ પૂંઠાનું લખાણ તૈયાર કરીને છેલ્લા પૂંઠા પર શું લખવું ? તેનો વિચાર કરતાં તેમને એક યોજના સ્ફુરી. 'આવી જ બીજી કેટલીક કથાઓ લખીને તેની એક શ્રેણી બનાવું તો કેમ ?' તેમના અંતરે જ ઉત્તર આપ્યો : 'એ ચાલે ખરી.' 'તો એક શ્રેણીમાં કેટલી કથાઓ આપવી ?' બીજો પ્રશ્ન તેમના મનમાં ઉઠયો. તેમાં પ્રથમ ૧૨ નો વિચાર આવ્યો, પછી ૧૬ નો વિચાર આવ્યો અને છેવટે ૨૦ પર મન સ્થિર થયું. જ્યારે કોઈપણ ઘોળાતા પ્રશ્નનું તેમના મનમાં સમાધાન થાય છે, ત્યારે તેમને એક પ્રકારની અજબ પ્રસન્નતાનો અનુભવ થાય છે. અહીં પણ તેમ જ થયું.

'પછી તેની કિંમત શું રાખવી' ત્રીજો પ્રશ્ન મનમાં ઉપસ્થિત થયો. અત્યાર સુધીના વાંચન અને વિચારથી તેમના મનમાં એવો વિચાર દૃઢ થયો હતો કે 'જો પુસ્તકની–કિંમત સસ્તી રાખી હોય તો જ તેનો પ્રચાર થઈ શકે,' અને આ વસ્તુ તેઓ ધંધાની ખાતર તો કરતા જ ન હતા, એટલે કેટલીક ગણતરી કરીને તેની કિંમત માત્ર પાંચ પૈસા રાખી અને ૨૦ પુસ્તિકાના પૂરા સેટનું મૂલ્ય દોઢ રૂપિયો ઠરાવ્યું.

આ રીતે પ્રશ્નોનો નિર્ણય થઈ ચૂકયા પછી 'કઈ કથાઓ લખવી?' તે વિચારવા લાગ્યા, ત્યાં તેમના મનમાં એક પછી એક નીચેનાં નામો સ્ફુરી આવ્યાં.

(૧ રીખવદેવ, નામ તો નિશ્ચિત હતું).
૨ નેમ–રાજુલ
૩ શ્રી પાર્શ્વનાથ
૪ પ્રભુ મહાવીર
૫ વીર ધન્નો
૬ મહાત્મા દૃઢપ્રહારી
૭ અભયકુમાર
૮ રાણી ચેલ્લણા
૯ ચંદનબાલા
૧૦ ઈલાચીકુમાર
૧૧ જંબૂસ્વામી

૧૨ અમરકુમાર
૧૩ શ્રીપાલ
૧૪ મહારાજા કુમારપાલ
૧૫ પેથડકુમાર
૧૬ વિમલશાહ
૧૭ વસ્તુપાલ–તેજપાલ
૧૮ ખેમો દેદરાણી
૧૯ જગડૂશાહ
૨૦ ધર્મ માટે પ્રાણ આપનાર મહાત્માઓ.

આ વખતે કોઈ કથાગ્રંથ કે ચરિત્રગ્રંથ પાસે ન હતો, પણ તેમને એની જરૂર ન હતી. તેમના અંતરમાં જ્ઞાનનો વિશાલ ભંડાર પડેલો હતો અને તે એમને આ રીતે સહાય કરી રહ્યો હતો. આખરે તો એ જ ભંડાર કામ લાગે છે ને?

પછી તેમણે થોડા જ વખતમાં ઉપરની ૧૯ પુસ્તિકાઓ લખી નાખી અને એક શુભ દિવસે બાળગ્રંથાવળીનાં ૨૦ પુસ્તકોની પ્રથમ શ્રેણીનું પ્રકાશન થયું. પુસ્તકો રૂપરંગે દેખાવડાં હતાં, તે એવા ટાઈપમાં છપાયાં હતાં કે વાંચવામાં સુગમ પડે અને તેમાં આપેલી સામગ્રી ઘણી રસપ્રદ હતી. વળી તેનું મૂલ્ય ઘણું સસ્તું હતું, એટલે લોકોએ તેને વધાવી લીધાં. આથી શ્રીધીરજલાલભાઈને પ્રોત્સાહન મળ્યું અને તેમણે આવી બીજી પાંચ શ્રેણીની યોજના કરી. તેનું પ્રકાશન સમયસર થયું અને તે યશસ્વી તથા લાભદાયક નીવડ્યું.

આ રીતે શ્રીધીરજલાલભાઈના સાહિત્યસર્જનનો પ્રારંભ બાળગ્રંથાવળીની ૬ શ્રેણીની ૧૨૦ પુસ્તિકાઓથી થયો અને તેણે એમને ઘણી ખ્યાતિ આપી. આ પુસ્તિકાઓ ભારતના બધા પ્રાંતો ઉપરાંત આફ્રિકા, ઇંગ્લેંડ, ચીન અને જાપાન જેવા દેશોમાં પણ પહોંચી કે જ્યાં ગૂજરાતીઓની થોડીઘણી પણ વસ્તી હતી. આજે પચાસ વર્ષ પછી પણ આ પુસ્તિકાઓની માંગણી થઈ રહી છે, તે એની અસાધારણ લોકપ્રિયતા તથા ઉપયોગિતા દર્શાવે છે.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે બાળગ્રંથાવળીની પહેલી અને બીજી શ્રેણીનું પ્રકાશન જ્યારે તેઓ શિક્ષક હતા, ત્યારે થયેલું અને બાકીની ચાર શ્રેણીઓનું પ્રકાશન તેમણે સંસ્થા છોડીને સ્વતંત્ર પ્રકાશન શરુ કર્યું, ત્યારે થયેલું.

'કુદરત અને કલાધામમાં વીસ દિવસ' નામનો ગ્રંથ તેમણે આ જ અરસામાં લખ્યો હતો અને તે સુપ્રસિદ્ધ સાક્ષર તથા પ્રવાસી કાકાશ્રી કાલેલકરની પ્રસ્તાવના સાથે પ્રસિદ્ધ થયો હતો. વિદ્વાનોએ આ ગ્રંથને સત્કાર્યો હતો અને શ્રીવિજયરાય વૈદ્યે તો આ ગ્રંથનું ડાંગનાં જંગલોવાળું આખું પ્રકરણ પોતાના "**કૌમુદી**" નામના વિવેચનાત્મક ત્રૈમાસિકમાં છાપ્યું હતું.

પછી આ ગ્રંથમાંથી '**ઇલુરાનાં ગુફામંદિરો**' નામના એક સ્વતંત્ર પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું હતું, જે એ વખતના સુપ્રસિદ્ધ કલાવિવેચક શ્રીનાનાલાલ સી. મહેતાની મનનીય પ્રસ્તાવનાથી અલંકૃત થયું હતું.

[ ૧૦ ]

# ઝડપી આગેકૂચ

બાલગ્રંથાવલીના યશસ્વી સર્જન પછી શ્રીધીરજલાલભાઈએ સાહિત્યસર્જનના ક્ષેત્રમાં ઝડપી આગેકૂચ કરી. તેનો ઇતિહાસ રોમાંચક છે અને તે શ્રીધીરજલાલભાઈના વિરલ વ્યક્તિત્વનો વિશેષ પરિચય આપી જાય છે.

માનવજીવનનું મધુર ફલ સેવા છે અને તે સેવા પોતે શિષ્ટ સાહિત્યનાં સર્જન દ્વારા સારી રીતે કરી શકશે, એ વાત તેમના મનમાં ઠસ્યા પછી તેમની દૃષ્ટિ સાહિત્ય–સર્જનનાં નવાં નવાં ક્ષેત્રો શોધી રહી હતી. તેઓ જૈન કુલમાં જન્મ્યાં હતા, જૈન ધર્મના સંસ્કારો પામ્યા હતા અને જૈન સંસ્થા દ્વારા વિદ્યાદાન મેળવી શક્યા હતા, એટલે જૈન સંઘ–સમાજ–સાહિત્ય તેમની દૃષ્ટિ સામે પ્રથમ આવે, એ સ્વાભાવિક હતું, આમ છતાં તેમનું વિદ્યાર્થી-જીવન રાષ્ટ્રીય ભાવનાથી રંગાયેલું હતું અને તેઓ મહાત્મા ગાંધીજી વગેરેના પરિચયમાં આવેલા હતા, એટલે તેમની

દૃષ્ટિ માત્ર જૈન સંઘ–સમાજ–સાહિત્ય પૂરતી સીમિત ન રહેતાં વ્યાપક બનેલી હતી અને સાર્વજનિક ક્ષેત્રને સ્પર્શવા મથી રહી હતી.

આ વખતે તેમને એમ લાગ્યું કે આજનો વિદ્યાર્થી આવતી કાલનો નાગરિક છે અને ભારતનું ભવિષ્ય તેના પર અવલંબે છે, તેથી તેના જીવનનું સુયોગ્ય ઘડતર થવું જોઈએ. આ સુયોગ્ય ઘડતરમાં સાહિત્ય પણ અગત્યનો ભાગ ભજવી શકે, એટલે તેને માટે ખાસ સાહિત્ય નિર્માણ કરવું જોઈએ, અને તેમણે **'વિદ્યાર્થી–વાચનમાલા'**ની વિરાટ યોજના ઘડી કાઢી. આ યોજનાને હું વિરાટ એટલા માટે કહું છું કે તેમાં ૨૦ પુસ્તિકાઓની એક શ્રેણી એવી ૨૦ શ્રેણીઓ પ્રકટ કરવાની હતી, અર્થાત્ તે અંગે ૪૦૦ પુસ્તિકાઓનું નિર્માણ કરી તેને પ્રસિદ્ધિ આપવાની હતી. આજ સુધી ગુજરાતની કે ભારતની કોઈ પણ સાહિત્ય–પ્રકાશન સંસ્થાએ આવડી મોટી યોજના ઘડી ન હતી, એટલે આ યોજના અપૂર્વ હતી અને વિષયની વિશાલતાને લીધે વિરાટ સ્વરૂપ પામી હતી.

વિદ્યાર્થીઓનું જીવનઘડતર કરવા માટે મહાપુરુષોનાં ચરિત્રોનું વાચન ઘણું ઉપયોગી છે, એવો તેમનો દૃઢ સંસ્કાર હતો, તેથી તેમણે આ વાચનમાલા માટે જીવન–ચરિત્રોની પસંદગી કરી. આ વખતે કેટલાંક જીવનચરિત્રો પ્રચલિત હતાં, પણ તે મોટા ભાગે વિદેશીઓનાં હતાં. ભારતના મહાપુરુષો અને મહામહિલાઓનાં ચરિત્રો બહુ જ

ઓછાં જોવામાં આવતાં. આથી વિદ્યાર્થીઓના મન પર એવી છાપ પડતી કે વિદેશમાં મહાપુરુષો અને મહામહિલાઓ ઘણાં થયાં છે, તેના પ્રમાણમાં આપણે ત્યાં બહુ ઓછા થયાં છે. આ છાપ ભૂંસવા જેવી હતી, એટલે તેમણે આ વાચનમાલાની પ્રથમ દશ શ્રેણીમાં ભારતના મહાપુરુષો અને મહામહિલાઓનાં ચરિત્રો પૂરતા પ્રમાણમાં આપવાનો પ્રયત્ન કર્યો. તેમને એવી આશા હતી કે આ પ્રકારના વાચનથી આપણા વિદ્યાર્થીઓ એમ માનતા જરૂર થઇ જશે કે ભારત પણ નર–નારી–રત્નોની ખાણ છે અને તેથી તેને ભારત માટે–પોતાની માતૃભૂમિ માટે જરૂર માન ઉત્પન્ન થશે કે જે ઘણું જરૂરનું છે.

વળી, 'ભારતની ભૂમિ અનેક સોહામણા સુંદર પ્રદેશથી વિભૂષિત છે અને તેમાં અનેક પ્રાચીન તીર્થો, ઐતિહાસિક સ્થાનો તથા કલામય કૃતિઓ સંઘરાયેલી છે, તેથી તે અવશ્ય દર્શનીય છે.' એવો સંસ્કાર વિદ્યાર્થીઓના મનમાં પાડવા માટે તેમણે દરેક શ્રેણીમાં આવાં સ્થાનોનો પરિચય આપવાની યોજના કરી.

અહીં એ સ્પષ્ટતા પણ કરી દેવી જોઈએ કે વિદ્યાર્થી–વાચનમાલાના વિષયોની પસંદગી કરતી વખતે તેમના મનમાં એવો ખ્યાલ આવ્યો હતો કે વિદેશના મહાપુરુષો અને મહા-મહિલાઓનાં ચરિત્રો પણ વિદ્યાર્થીઓના સુયોગ્ય જીવન-ઘડતરમાં ઉપયોગી થાય તેવાં છે, એટલે તેમને તદ્દન બાકાત તો ન જ રાખવા. વળી વિશ્વનાં અનેક દર્શનીય સ્થાનોનો

પરિચય વિદ્યાર્થીઓના જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારે તેમ છે, તેથી તેમનો પરિચય પણ આપવો જોઈએ, એટલે તેમણે અગિયારમીથી વીસમી શ્રેણી સુધીની બીજી ૨૦૦ પુસ્તિકાઓમાં તેનો સમાવેશ કરવા ધાર્યો હતો, પરંતુ પ્રથમ વિદ્યાર્થી–વાચનમાલાની દશ શ્રેણીની યોજના સફલ થયા પછી તેનું કામ હાથ ધરવાનું હતું.

મિત્રો અને પ્રશંસકોએ જ્યારે વિદ્યાર્થી–વાચનમાલાની યોજના જાણી, ત્યારે શ્રીધીરજલાલભાઇને કહ્યું કે 'આ યોજના તો ઘણી સારી છે, પણ તેને પાર શી રીતે પાડશો? પૂરતાં સાધનો વિના આવી યોજના પાર પડે નહિ.' ઉત્તરમાં શ્રીધીરજલાલભાઈએ જણાવ્યું કે 'સાધન વિના સિદ્ધિ થતી નથી એ હું જાણું છું, પણ સંકલ્પ દૃઢ હોય અને તે માટે પૂરતો પુરુષાર્થ કરવાની તૈયારી હોય તો સાધનો મળી રહે છે.'

મિત્રો અને પ્રશંસકોએ કહ્યું કે 'સાધનો મળી રહેશે, એવી આશા રાખીને કામ કરવું, તેના કરતાં પ્રથમ સાધનો મેળવીને કામ કરવું, એ વધારે ડહાપણભરેલું છે.' શ્રી ધીરજલાલભાઇએ કહ્યું કે 'આ વાત વ્યવહારની દૃષ્ટિએ સાચી હોવા છતાં સર્વથા સ્વીકારવા જેવી નથી. મેં એવા કેટલાય માણસોને જોયા છે કે જે પ્રથમ સાધનની શોધમાં ગયા, તે તેમાં એવા અટવાઈ ગયા કે કદી બહાર આવ્યા જ નહિ. નવા સવા માણસોને જોઈતાં સાધનો–પૈસા કોણ આપે છે? તેમને એવા એવા પ્રશ્નો પૂછાય છે કે જેના ઉત્તરો આપી

શકાય જ નહિ. એ તો ભાવનાનું બળ જ સાધનોને ખેંચી લાવે છે અને પ્રચંડ–પ્રશસ્ત પુરુષાર્થ વડે કાર્યની સિદ્ધિ થાય છે.'

મિત્રો અને પ્રશંસકો શ્રીધીરજલાલભાઈના સ્વભાવ અને વિચારોથી અમુક અંશે તો પરિચિત હતાં જ, છતાં તેમણે લાગણીવશ થઈને આ પ્રકારના શબ્દો ઉચ્ચાર્યા હતા. છેવટે શ્રી ધીરજલાલભાઈએ તેમણે નીચેનો શ્લોક સંભળાવ્યો હતો :

**घटो जन्मस्थानं मृगपरिजनो भूर्जवसनं,**
**वने वासः कन्दैरशनमतिदुःस्थवपुरिति ।**
**इतीदृक्षोऽगस्त्यो यदपिबदपारं जलनिधिं,**
**क्रियासिद्धिः सत्त्वे वसति महतां नोपकरणे ॥**

'અગસ્ત્ય ઋષિ ઘડામાં જન્મ્યા હતા, પરિવારમાં પશુઓ હતા, પહેરવામાં ભૂર્જ વૃક્ષની છાલ હતી, વસવાટ જંગલમાં હતો, ખાવા માટે વૃક્ષવેલીના કંદ હતા અને શરીર પણ ઘણું જ કઢંગુ એટલે કે વામણું હતું. આવી વિચિત્ર સ્થિતિમાં હોવા છતાં તેઓ અપાર એવા જલનિધિને ગટગટાવી ગયા. તેથી એ વાત નક્કી છે કે મહા પુરુષોની ક્રિયાસિદ્ધનો આધાર સાધન–સંયોગો પર નહિ, પરંતુ પોતાના સત્ત્વ ઉપર રહેલો છે.'

'ગૂજરાતી ભાષામાં આ યોજના પહેલી છે અને તેની પાછળ એક પ્રબલ શુભ ભાવના રહેલી છે, એટલે

તેનો જરૂર સત્કાર થશે.' એમ માનીને શ્રી ધીરજલાલભાઈએ આ યોજના હાથ ધરી અને કેટલાક મુશ્કેલ સંયોગોમાં પણ મક્કમ રહીને તેની નવ શ્રેણી સુધીનું પ્રકાશન કર્યું. તેની દશમી શ્રેણી 'ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય' દ્વારા પ્રસિદ્ધિ પામી. આ રીતે એક ભગીરથ કાર્ય પૂરું થયું.

જે સંયોગો તેમની સામે ઉપસ્થિત થઈ રહ્યા હતા, તે જોતાં તેમણે અગિયારમાંથી વીસમી શ્રેણી સુધીની યોજના બહાર પાડી ન હતી. પછી તે અંગે કેટલીક પૂછપરછો થઈ હતી, પણ તેમાં તેમણે વિશેષ રસ દાખવ્યો ન હતો.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઉં કે આ વાચનમાળાનું લેખનકાર્ય શ્રી ધીરજલાલભાઈ એકલા હાથે પૂરું કરી શકે એમ હતા, પરંતુ એમ કરતાં વખત ઘણો જાય એમ હતો અને તે એમ ઠીક લાગતું ન હતું. વળી આવડી મોટી વાચનમાળામાં એક શૈલીએ લખાયેલાં પુસ્તકો રજૂ થાય. તે કરતાં વિવિધ શૈલીએ લખાયેલાં પુસ્તકો રજૂ થાય તો વિદ્યાર્થીઓને તેનું વાચન કરવામાં વધારે મજા આવે, એમ તેઓ માનતા હતા અને અનેક સુપ્રસિદ્ધ લેખકોનો સહકાર સાંપડતાં આ વાચનમાળા વધારે પ્રતિષ્ઠિત બનશે, એવો પણ તેમનો ખ્યાલ હતો; તેથી તેમણે આ વાચનમાળા માટે અન્ય સુપ્રસિદ્ધ લેખકોનો સહકાર મેળવવા પ્રયત્ન કર્યો અને તેમાં તેમને નીચેના લેખકોનો સહકાર સાંપડ્યો (૧) શ્રી નાગકુમાર મકાતી, (૨) શ્રી જયભિખ્ખુ, (૩)

શ્રી રમણલાલ સોની, (૪) શ્રી ભોગીલાલ ગાંધી, (૫) શ્રી સોમાભાઈ ભાવસાર (૬) શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ, (૭) શ્રી પ્રહલાદ બ્રહ્મભટ્ટ, (૮) શ્રી માધવરાવ કર્ણિક, (૯) શ્રી ચંદ્રશંકર મ. ભટ્ટ, (૧૦) શ્રી રમણલાલ નાનાલાલ શાહ–તંત્રી બાલજીવન વગેરે.

મને જણાવતાં આનંદ થાય છે કે આટલા બધા લેખકો જોડે કામ પાડવા છતાં કોઈ જાતનો વાંધો–વિરોધ ઊભો થયો ન હતો અને તેમની સાથેનો પરિચય એકંદર સુખદ નીવડયો હતો.

એક વાર એક પત્રકારે શ્રી ધીરજલાલભાઈને પ્રશ્ન પૂછ્યો હતો કે, 'આપ પોતે લેખક હતા અને લેખક હોવાના નાતે પ્રકાશનના વ્યવસાયમાં દાખલ થયા. સામાન્યતઃ લેખક ધંધાદારી દૃષ્ટિએ વિચારી શકતો નથી. આ વિદ્યાર્થી-વાચનમાળાના સેટોનાં વિતરણ અંગે તમારી ગણતરી શી હતી !'

શ્રી ધીરજલાલભાઈએ તેનાં જવાબમાં જણાવ્યું હતું કે, 'હું પોતે લેખક હતો અને લેખકના નાતે પ્રકાશનના વ્યવસાયમાં દાખલ થયો, એ વાત સાચી છે; પરંતુ મારે પ્રકાશનના વ્યવસાયમાં શા માટે દાખલ થવું પડયું, તે તમારે જાણવું જોઈએ. પ્રકાશકોની નજર મોટા ભાગે ચલણી નોટો ઉપર હોય છે, એટલે તેઓ સુપ્રસિદ્ધ લેખક-ની જ કૃતિઓ છાપે છે; પણ લેખક નવો હોય, લખાણ

ભાવાત્મક હોય કે ચાલુ વિષયો પર ન હોય તો તેઓ પ્રકાશન માટે તરત જ નનૈયો સુણાવી દે છે અને કદાચ પ્રકાશન હાથ ધરે તો પણ લેખક પર મોટી મહેરબાની કરતા હોય, એ રીતે તેનું પ્રકાશન કરે છે, પછી લેખકને તેનું મહેનતાણું આપવાની તો વાત જ ક્યાં રહી ! કદાચ મહેનતાણું આપવાની ચેષ્ટા કરે તો રકમ એટલી કંગાલ હોય છે કે તે લેતાં પણ લેખકને શરમ આવે. વળી આગળ વધતાં રોયલ્ટીઓ નક્કી થાય તો તેમાં પણ ગરબડ–ગોટાળા થાય છે. એક સ્વમાની લેખકને આ બધું રુચિકર થાય એમ નથી. મને પોતાને તો આ પરિસ્થિતિ પરત્વે નફરત જ હતી, એટલે મનથી સંકલ્પ કર્યો કે મારા સાહિત્યનું પ્રકાશન તથા વિતરણ મારે જ કરવું. આ રીતે હું પ્રકાશનના વ્યવસાયમાં પડ્યો, પણ મારી દૃષ્ટિ વ્યાવસાયિક ન હતી, તેમાં ભાવના ભારોભાર ભરેલી હતી, એટલે મેં અલ્પ કિંમતે આ પુસ્તકોનો પ્રચાર આરંભ્યો અને તેમાં જાતમહેનત કરવા માંડી. મને સહુથી વધારે વિશ્વાસ મારી જાતમહેનત પર હતો. વિશેષમાં મારા કેટલાક મિત્રો તથા સહૃદયી સજ્જનો વિદ્યાર્થી–વાચનમાલાના સેટોના વિતરણમાં ઉપયોગી થશે, એવો પણ મારો ખ્યાલ હતો. આ રીતે વિદ્યાર્થી–વાચનમાલાના સેટોનું વિતરણ કાર્ય આગળ વધ્યું અને તે નવમી શ્રેણી સુધી પહોંચ્યું. આ પ્રસંગે મારે સ્વ. શ્રી મોતીભાઇ અમીન, સ્વ. શ્રી મણિલાલ બાલાભાઈ નાણાવટી, તથા સ્વ. શ્રી જેઠાલાલ જોશી વગેરેને યાદ કરવા

જ જોઈએ કે જેમણે પ્રારંભથી જ વિદ્યાર્થી–વાચનમાલા માટે મીઠી નજર રાખી હતી.

આ વાચનમાલા ગૂજરાતી સાહિત્યમાં આજ સુધી અજોડ રહી છે, પણ પાંચમી આવૃત્તિ પછી તે અપ્રાપ્ય બનેલી છે. આમ છતાં તે શ્રી ધીરજલાલભાઈની ભવ્ય ભાવના અને તે પૂર્ણ કરવા માટે તેમણે કરેલા અસાધારણ પુરુષાર્થનાં ગરવાં ગીતો ગાઈ રહી છે અને ગાતી જ રહેશે, એવો મને પૂર્ણ વિશ્વાસ છે.

શ્રી ધીરજલાલભાઈએ વિદ્યાર્થી–વાચનમાલાની યોજના પાર પાડતી વખતે '**કુમાર ગ્રંથમાલા**'નું આયોજન પણ કર્યું હતું. એક રીતે તે વિદ્યાર્થી–વાચનમાલાની પૂર્તિરૂપ હતું, કારણ કે જે વિષયો વિદ્યાર્થી–વાચનમાલામાં લઈ શકાયા ન હતા, તેનો આમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમાં નીચેનાં પુસ્તકો પ્રકટ થયાં હતાં: કોયડા સંગ્રહ ભાગ પહેલો તથા બીજો, કુમારોની પ્રવાસકથા, આલમની અજાયબીઓ, રમુજી ટૂચકા, જંગલકથાઓ; તે સિવાય બીજાં પણ ચાર પુસ્તકો પ્રગટ થયાં હતાં. આમાંનું દરેક પુસ્તક ૯૬ થી ૧૧૨ પાનાનું હતું, સારા કાગળ પર સુંદર રૂપરંગે છપાયેલું હતું અને સચિત્ર બોર્ડ પટ્ટીના પૂંઠાથી સુશોભિત હતું, છતાં તેનું મૂલ્ય માત્ર આઠ આના રાખવામાં આવ્યું હતું! જ્ઞાનપ્રચાર માટે શ્રી ધીરજલાલભાઈના હૃદયમાં જે ભવ્ય ભાવના રહેલી હતી, તેનું જ એ

સ્વાભાવિક પરિણામ હતું. આ પુસ્તકો લોકપ્રિય થયાં હતાં અને થોડા જ વખતમાં તેની બધી નકલો ખપી જવા પામી હતી.

આ રીતે શ્રી ધીરજલાલભાઇએ સાહિત્યસર્જનના ક્ષેત્રમાં જે ઝડપી આગેકૂચ કરી, તેણે તેમનું સ્થાન શ્રેષ્ઠ સાહિત્યકારોની પંક્તિમાં નિશ્ચિત બનાવી દીધું અને અનેક સુપ્રસિદ્ધ લેખકોનો સદ્ભાવ મેળવી આપ્યો, જે તેમના જીવનની એક મોંઘી મૂડી બની રહ્યો.

[ ૧૧ ]

# કવિત્વનો અનેરો રંગ

શ્રી ધીરજલાલભાઈ કવિ તરીકે વિશેષ પ્રસિદ્ધમાં આવ્યા નથી, પણ તેમનું હૃદય કવિનું છે અને તેમાંથી અનેક વાર અનેક પ્રકારનાં કાવ્યઝરણો વહેતાં રહ્યાં છે. તેનું અવલોકન આપણને આનંદ આપે એવું છે, પણ તેથી યે વિશેષ તો તેમણે ભાવનાસૃષ્ટિમાં વિહાર કરીને જે અલૌકિક આનંદની અનુભૂતિ કરી છે, તેનો પ્રશસ્ત પરિચય કરાવનારું છે.

મનુષ્યના અંતરમાં અનેકવિધ શક્તિઓનાં બીજ સુપ્તાવસ્થામાં પડેલાં હોય છે. તેમાંનાં કેટલાક સ્થિતિ–સંયોગાનુસાર પાંગરે છે અને તે મનુષ્યના વ્યક્તિત્વને અનેરો ઓપ આવી જાય છે. શ્રી ધીરજલાલભાઈના જીવનમાં ચિત્રકલા, શિક્ષણકલા, લેખનકલા તથા કાવ્યકલાએ સુરમ્ય સ્વરૂપે દર્શન દીધાં, તેનું કારણ આ જ છે. વળી આગળ જતાં તેઓ શતાવધાની થયા, ગણિતસિદ્ધિકાર થયા અને મંત્રમનીષી બન્યા, તેની ભીતરમાં પણ આ જ સિદ્ધાંત રહેલો છે.

શ્રી ધીરજલાલભાઈને નાનપણથી જ કાવ્યો અને કવિઓ પ્રત્યે પ્રેમ હતો. જ્યારે તેઓ કોઈ પણ કાવ્ય સુમધુર સ્વરે ગવાતું સાંભળતા, ત્યારે તેમનું હૃદય રણઝણી ઉઠતું. વધારે સ્પષ્ટ કહું તો તે એક પ્રકારનું ભાવસંવેદન કરતું. કાલક્રમે તેઓ છાત્રાલયમાં દાખલ થયા અને વિવિધગ્રંથોનું વાચન કરવા લાગ્યા, ત્યારે કેટલાક કાવ્યસંગ્રહો તેમના હાથે ચડયા. તેનું તેમણે હોંશે હોંશે વાચન કર્યું અને એક પ્રકારનો અલૌકિક આનંદ અનુભવ્યો. ત્યારથી કાવ્યનું વાચન વધ્યું અને તેનો રસ પણ વધ્યો. એમ કરતાં તેમના અંતરમાંથી જ કાવ્યો સ્ફુરવા લાગ્યાં.

લગભગ પંદર–સોળ વર્ષની ઉમરે તેઓ ‘ પ્રભાત ’ નામનું હસ્તલિખિત પત્ર સંપાદિત કરતા હતા, ત્યારે તેમણે **‘ વર્ષા ’** નામનો એક વિશેષાંક તૈયાર કરેલો. તેમાં તેમનાં કાવ્યોએ પ્રથમ વાર દર્શન દીધાં હતાં. તેનું મંગલાચરણ તેમણે આ રીતે કર્યું હતું:

[ શાર્દૂલવિક્રીડિત ]

ગર્જે છે ઘનઘોર મેઘ સઘળે કૈં દૃષ્ટિ ચાલે નહિ,
ઘોરે ઘોર રવે સુણી વનપતિ ઘેઘુર ઝાડી મહીં.
ઝબૂકે શું સૌદામિની નિજપ્રભા–થી દૂર દર્શાવતી,
ધ્યાને મગ્ન હરીમુખે શ્રીવીરને હેતે નમું હું અતિ.

વર્ષા નામનો અંક હતો, એટલે તેનું મંગલાચરણ વર્ષાના એક દૃશ્યપૂર્વક કર્યું અને તેમાં પોતાના ઇષ્ટદેવ શ્રીવીર એટલે ભગવાન મહાવીરને વંદન પણ કર્યું. સઘળે–સર્વત્ર મેઘ ગર્જી રહ્યો છે અને તે ઘનઘોર હોવાથી ચારે બાજુ

અંધકાર વ્યાપ્યો છે. તેમાં દૃષ્ટિને કંઈ સૂઝે એવું રહ્યું નથી. આ વખતે વેધુર એટલે અતિ ગાઢ ઝાડીમાં રહેલો વનપતિ અર્થાત્ સિંહ પ્રથમ તો એમ સમજે છે કે આ તો રાત્રિ પડી ગઈ અને મારા શિકારનો સમય થયો, એટલે તે પોતાના રહેઠાણમાંથી બહાર નીકળી પડે છે, પણ પછી મેઘની ગર્જના સાંભળીને તેને એમ લાગે છે કે આ તો મારો કોઈ પ્રતિસ્પર્ધી જાગ્યો, એટલે તે ઘોર રવે અર્થાત્ ભયંકર નાદે ઘોરે છે—ગર્જના કરે છે. જ્યાં મેઘ જાગ્યો હોય, ગડગડાટ થતો હોય, ત્યાં સૌદામિની એટલે વીજળી ઝબકયા વિના—ચમકયા વિના રહે જ નહિ. આવા વીજળીના એક ઝબકારાએ ગુફાના દ્વાર આગળ બેસીને ધ્યાન ધરી રહેલા શ્રીવીરને—ભગવાન મહાવીરને દર્શાવી દીધા. તેમને હું અતિ હેતથી—ઘણા પ્રેમથી નમસ્કાર કરું છું.

આ કાવ્યમાં પદલાલિત્ય છે, અર્થગૌરવ પણ છે અને ઇષ્ટાર્થનું કૌશલ્યપૂર્ણ પ્રતિપાદન પણ છે. અહીં પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે આટલી નાની ઉમરમાં તેઓ આવું સુંદર કાવ્ય શી રીતે રચી શકયા? પરંતુ શક્તિ પોતે જ જ્યારે કલાસ્વરૂપે વ્યક્ત થવા ઇચ્છતી હોય, ત્યારે વય એમાં બાધક બની શકતું નથી.

આ વર્ષા અંકમાં તેમણે નીચેનું કાવ્ય પણ લખ્યું હતુંઃ

[ શિખરિણી ]

પ્રકાશે કેવો આ શશી વિમલ જ્યોત્સ્ના પ્રસરતી,<br>
અતિ શીળી જાણે રજતરસથી વિશ્વ રસતી.

અને પેલા તારા ગગનપટમાં રાસ રમતા,
સમૂહે વા છૂટા વદન હસતે એ થઈ જતા.
અરે! આવ્યો એમાં ક્રૂર હૃદયનો મેઘભૂત હા!
ગળ્યા સર્વને એ વિણી વિણી થયો હા લય મહા.
બિચારા સર્વ એ જલદ ઉદરે ક્રંદન કરે,
અને આંસુ તેના શત સલિલ ધારે અહીં ઝરે!

આ શશી એટલે ચંદ્રમા કેવો સુંદર પ્રકાશી રહ્યો છે! તેની વિમલ જ્યોત્સ્ના એટલે નિર્મલ ચાંદની સર્વત્ર પ્રસરી રહી છે. તે અતિ શીતળ છે અને જાણે રજતરસથી એટલે ચાંદીના રસથી આખા વિશ્વને રસી રહી હોય તેવું લાગે છે. આ જ વખતે કેટલાક તારાઓ ગગનપટમાં રાસ રમી રહ્યા છે. તે ઘડીકમાં ભેગા થાય છે અને ઘડીકમાં છૂટા થઇ જાય છે, પણ તેમનું વદન તો હસતું જ હોય છે. એવામાં ત્યાં ક્રૂર હૃદયનો મેઘ નામનો ભૂત આવે છે અને તે બધાને વીણીને વીણીને ગળી જાય છે. પોતાની આવી દુર્દશા થવા માટે એ તારાઓ મેઘભૂતના પેટમાં પડ્યા પડ્યા ભારે આક્રંદ કરે છે અને તેના આંસુઓ સેંકડો ધારામાં પૃથ્વી પર પડી રહ્યાં છે.

અહીં મેઘગર્જના અને વર્ષાની ધારા માટે તેમણે જે ઉત્પ્રેક્ષા કરી છે, તે ખરેખર અદ્ભુત છે અને તેમના કવિત્વના રંગને અત્યંત ઉજ્જવલ બનાવી જાય છે.

શ્રી ધીરજલાલભાઈ પ્રકૃતિપ્રેમી હતા, તેમને કુદરત પર અનન્ય પ્રેમ હતો, એ વાત પૂર્વ પ્રકરણમાં કહેવાઈ ગઈ

છે. તેમના આ પ્રકૃતિપ્રેમનું પ્રતિબિમ્બ તેમના કાવ્યોમાં સારી રીતે પડેલું છે.

**કરમાતાં પુષ્પને જોઈને :—**

હજી તો ખીલ્યાં ને કુસુમ ઘડીઓ બે ગઈ હશે !
હજી તો રેલ્યાં ને સુરભિ ઘડીઓ બે ગઈ હશે !
અરે હાવાં હૈયાં જગ સકલના એહ હરતું !
ગયું ક્યાં એ પ્યારું મધુર ફૂલડું હાસ્ય કરતું !

તે અંગે એક બીજું મૌક્તિક પણ જુઓ—

અહા ખીલ્યું રંગે સુભગ વન કેરા ઉદર તે,
રમાડ્યું ઉછંગે જગતજનની શું કુદરતે !
કીધો ત્યાં શું કાલે કુટિલ કરથી હા કવલય !
અહાહા આ આવો ચીજ સકલનો ઉદ્‌ભવ–ક્ષય.

**વનના રમણીય પ્રદેશનું** તેમનું વર્ણન કેવું રસપ્રદ છે, તે નિહાળો :

હરિયાળી ભૂમિ સુંદર સોહામણી,
વહી રહ્યાં નિર્મલ ઝરણાં સ્વચ્છન્દ જો !
વાતો શીતલ ધીરો ધીરો વાયરો,
ચરી રહ્યાં નિર્દોષ હરણનાં વૃન્દ જો ! ૧
પંખેરુંના વિધ વિધ મધુરાં ગાનથી,
થઈ રહ્યો છે સઘળે બસ આનંદ જો !
હસતાં સઘળે રંગબેરંગી ફૂલડાં,
કરી ગુંજારવ લઈ રહ્યા રસ ભૃંગ જો ! ૨

લચી રહ્યાં ફલ પકવથી તરુ સોહામણાં,
પંખેરું સહુ તે આનન્દે ખાય જો!
જોતાં નજરે રમણીય વનપ્રદેશ આ,
હૃદય કર્યું આનન્દે નવ ઉભરાય જો! ૩

**'અજન્તાનો યાત્રી'** નામનું તેમનું ખંડકાવ્ય, ખૂબ પ્રશંસાને પામેલું છે. તેનો પ્રારંભ પણ તેમણે પ્રકૃતિનાં અભિનવ દૃશ્યથી જ કરેલો :

અનિલદલ બજાવે કુંજમાં પેસી બંસી,
તરુવર વર શાખા નૃત્યની ધૂન ચાલે;
વિહગગણ મધુરા સૂરથી ગીત ગાય,
ખળ ખળ ખળ નાદે નિર્ઝરો તાલ આપે.

પવનનો સમૂહ વૃક્ષોની કુંજમાં પેસતાં અને બહાર નીકળતાં જે અવાજ થાય છે, તેમાં એમને પ્રકૃતિની અલબેલી બંસીનો સૂર સંભળાયો. વૃક્ષોની સુંદર શાખાઓ ઊંચી-નીચી થાય છે, તેમાં તેમને નમણાં નૃત્યની ધૂન જોવામાં આવી. ત્યાં પક્ષીઓ પોતપોતાની ભાષામાં કલરવ કરી રહ્યાં છે, તેમાં તેમને ગૌરવભર્યા ગીત સંભળાયાં અને ત્યાં ઝરણાંઓ ખળ ખળ નાદ કરતાં વહી રહ્યાં છે, તેમાં તેમને શ્રેણીબદ્ધ તાલનો અનુભવ થયો.

જેની દૃષ્ટિ સ્થૂલમાંથી સૂક્ષ્મ તરફ જઈ રહી હોય, તેને જ આ બધું દેખાય છે, અનુભવાય છે; અન્ય મનુષ્યોની તો એમાં ગતિ જ નથી.

વસંત ઋતુનો આનંદ તેમણે ખૂબ ખૂબ માણ્યો છે. સાંભળો તેમના શબ્દો :

**વસંતનાં વધામણાં—**

સખિ આવ્યાં વસંતનાં વધામણાં રે,
 મારાં હૈયડાં ફૂલી ફૂલી જાય રે—આવ્યાં.
થયાં ભૂરાં આકાશ કેરાં આંગણાં રે,
 ત્યાં સોનેરી સાથિયા પૂરાય રે—આવ્યાં.
સખિ ! આંબાનાં વન રૂડાં મોરિયાં રે,
 ત્યાં કોયલ કરે ટહૂકાર રે—આવ્યાં.
ખીલી જાઈ જુઈ ને વળી માલતી રે,
 ત્યાં ભમરા કરે ઝંકાર રે—આવ્યાં.
સખિ ! ભર્યાં સરોવર શોભતાં રે,
 ત્યાં હંસ રહ્યા હરખાય રે—આવ્યાં
જ્યાં આવી વસંત ઉર ઉતરે રે,
 ત્યાં આનંદ પૂર રેલાય, રે—આવ્યાં.

આ ગીત તો પાઠશાળાઓમાં ને કન્યાશાળાઓના મેળાવડાઓમાં ઘણી વાર ગવાયું છે અને તે પ્રેક્ષકોની ભારે પ્રશંસા મેળવી શક્યું છે.

શ્રી ધીરજલાલભાઈ એ સકલ વિશ્વમાં રસદર્શન કર્યું છે, તે તેમની ગુણગ્રાહકતાને આભારી છે. જ્યાં આવું રસદર્શન થતું હોય ત્યાં કોઈપણ આપત્તિ, મુશ્કેલી કે વિપરીત પરિસ્થિતિ નિજાનંદનો ભંગ કરી શકે જ નહિ.

## વિશ્વમાં રસદર્શન

વિશ્વ તે સઘળું રસે ભર્યું હો,
રસ પીઓ ને નરનાર—સઘળું રસે ભર્યું હો.
દુઃખડાં તે સઘળાં વણસી રે જાતાં,
આનંદનો નહિ પાર—સઘળું.
વૃક્ષલતાના મંડપ રૂડા,
ફૂલડાંની તો બહાર—સઘળું.
મીઠડાં ફલ કૈં વનરાજીનાં,
ખાઓ ધરીને પ્યાર—સઘળું.
ખળ ખળ નાદે શિલા ભેદીને,
ઝરણાં વહે અમીધાર—સઘળું.
પંખેરુંનાં ગીત કૈં મીઠડાં,
સૂણો તે સુંદર સાર—સઘળું.
મધુ પીએ ભૃંગ ફૂલ ફૂલ ફરતા,
કરે મધુર ઝંકાર—સઘળું.
નિર્દોષ હરણાં ચારો ચરંતા,
લીલુડા વન મોઝાર—સઘળું.
ઉન્નત શ્રૃંગે ગિરિવર ઊભા,
મહીના મોંઘા હાર—સઘળું.
ગહન ગૂહા ત્યાં શિલાની રાજે,
શીત ભૂતલ શણગાર—સઘળું.
શીળાં સરોવરનાં જલ મીઠડાં,
મીઠા સાગર ભણકાર—સઘળું.

મીઠડી ચાંદની રસ રેલંતી,
તાપ સકલ હરનાર—સઘળું.
મીઠડી સંધ્યા ગ્રીષ્મતણી ને,
મીઠી વસંતની બહાર—સઘળું.
વિશ્વમાં સઘળે રસ ભર્યો છે,
એક અખંડ અપાર–સઘળું.
ધીરજથી રસપાન કરંતા,
રસભર્યો સંસાર–સઘળું.

પ્રકૃતિને નિહાળવાની તેમની દૃષ્ટિ જ અનેરી હતી, તેથી નર્મદા કિનારે પરિભ્રમણ કરતાં તેમના અંતરમાંથી–મુખમાંથી નીચેની પંક્તિઓ સરી પડી હતીઃ

( શાર્દૂલવિક્રીડિત )

આવે છે પૂર યૌવને મલકતી શ્યામા મનોહારિણી,
ગાતી ગીત રસાલ નૃત્ય કરતી દિવ્યદ્યુતિ–ધારિણી;
ભેદી ભીષણ કાનનો ગિરિગુહા વેગે અતિ હું ભણી,
કીધી વાત કહાય ના મુજથકી, એ દિવ્ય રેવા તણી.

આમાં રેવા એટલે નર્મદાનદીનું તો સુંદર વર્ણન છે જ, પણ તે સાથે પ્રાણનાથને મળવા ઉત્સુક બનેલી રેવા નામની પ્રેયસીનું વર્ણન પણ ધ્વનિત થયેલું છે.

સ્થાનોનાં વર્ણન કરવામાં તેમની કાવ્યકલાને સારી ફાવટ આવી ગઈ હતી. કોઈ કોઈ વાર તો દુહામાં પણ તે અનેરી છટા બતાવી જતી. એક વાર ગૂજરાતનું વર્ણન કરતાં તેમણે નીચેના દુહાઓ કહ્યા હતા :

નવાણુ નાનાં નિર્મળાં, ભદ્રિક ભોળા લોક;
ધન્ય ધરા ગૂજરાતની, આપે સંપત્તિ થોક.
સુંદર ઝાડી ઝુંપડા, વળી હરિયાળાં ખેત;
કિચુડ બોલે કોસ ત્યાં, ઉપજે અદકું હેત.
વાનરની વસ્તી ઘણી, ધીંગા એના ઢોર;
ટહૂકે કોયલ કુંજમાં, નાચે મનહર મોર.

પ્રસંગના વર્ણનોમાં પણ તેઓ કોઈ કોઈવાર દુહાનો ઉપયોગ કરતા, પણ તેની ઝલક અનેરી રહેતી. ચાતુર્માસ પછી ગુરુદેવ વિહાર કરવાર તત્પર બને છે અને ભક્તજનો તેમને થોભી જવા વિનંતિ કરે છે. સાંભળો એ પ્રસંગનું વર્ણન :

સાંભળતાં દિલ સળવળ્યાં, વિહાર કેરી વાત;
વિનવે છે ગુરુરાયને, સર્વ મળી સંઘાત. ૧
આવ્યા જ્યારથી આંગણે, વાગે મંગલ તૂર;
ઓછું–અદકું કંઈ થયું ? કે જવું છે અબ દૂર ? ૨
થોભો આંહી કૃપા કરી, નહિ નહિ જાઓ દેવ;
મન–વચન–કાયા થકી, કરશું નિત્ય જ સેવ. ૩
સૂરિ કહે સજ્જન તમે, રાખી શાસન લાજ;
પણ છે ઉંબરી× આંગણે, શાસન કેરું કાજ. ૪
જવું તેથી અમને ઘટે, કરો ન કાંઈ શોક;
સાચી જિનવર આણ છે, બાકી સઘળું ફોક. ૫

× એ નામનું એક ગામ છે.

એ જ અમારી શીખડી, એ જ અમારો બોધ;
ભવિયણ હવે વિહારમાં, કાંઈ ન કરશો રોધ. ૬

શ્રી ધીરજલાલભાઈ એ ભક્તિનો રંગ પણ માણ્યો છે. તેમાં યે તેમની કાવ્યકલા અનેરી આભાએ દીપી ઉઠી છે. તેનો એક નમૂનો અહીં રજૂ કરું છું.

**વન્દના**

( નારાચ છંદ )

મહા પ્રકાશ પાત્ર જે અનંત શક્તિ ધારકો,
કષાયપૂર ડુબિયા જનો તણા સુતારકો,
પ્રબોધતા ય જેહ મેહ વાણીથી સુધીરને,
ભજું જિનેશ એ મહેશ ઋષભાદિ વીરને. ૧

( દોહરા )

જય જોગીંદર જિન પ્રભુ, જગપતિ જગદાધાર;
જય જય જગવત્સલ વિભુ, જય જય તારણહાર. ૨

શિવ સુંદર કમલાપતિ, નાથ નિરંજન બુદ્ધ;
બ્રહ્મા ઈશ્વર તું પ્રભુ, અર્હત્ અનુપમ શુદ્ધ. ૩

વળી પુરુષ પરબ્રહ્મ તું, તું પયગમ્બર પાક;
જિનવર જગ સોહામણો, ગરુડેશ્વર ગજનાક. ૪

સુરતરુ અમીરસ કુંભ તું, તું અક્ષય ગુણધામ;
મનમોહન શંકર ગુરુ, તુંહી અલખ અભિરામ. ૫

તુમ વિણ કોઈ સહાય ના, મતલબિયો સંસાર;
રખડી રખડી આવિયો, પ્રભુ તુમારે દ્વાર. ૬

આ સંસાર અસારમાં, એક જ તું છે સાર;
**ધીરજ**થી સમરું સદા, વર્તે જયજયકાર. ૭

તેમની દુહાની રચનાઓમાં રસપ્રવાહ ધારાબદ્ધ વહે છે અને પદલાલિત્ય એટલે ઝડઝમક આપો આપ આવી જાય છે.

એક વાર એક સભામાં તેમને દીકરાની વ્યાખ્યા પૂછવામાં આવી હતી અને શીઘ્ર કવિતા દ્વારા તેનો ઉત્તર આપવાનો હતો; ત્યારે તેમના મુખમાંથી નીચેના ત્રણ દુહાઓ આવિર્ભાવ પામ્યા હતાઃ

**દીકરા**

દીકરા હોજો દી કરા, જે કાઢે જગનામ;
તેમજ માતા–પિતા તણી, પૂરે આશ તમામ. ૧

બાકીના તો ઠીકરાં, ઠેબે આવે રોજ;
રાડો લાવે ગામની, ફજેતિયાની ફોજ. ૨

**ધીરજ** તો સાચું કહે, ક્યાંથી આવે ગુણ!
નાંખ્યું નહિ જો આપણે, થોડું એ મહીં લૂણ. ૩

આ દુહાઓ સાંભળી પ્રેક્ષકોએ તાલીનો ગગડાટ કર્યો હતો.

શ્રી ધીરજલાલભાઈનાં કાવ્યોમાં ક્યારેક ક્યારેક વિનોદ અને કટાક્ષનાં દર્શન પણ થયાં છે અને તે શ્રોતાઓના ચિત્તને ચમત્કાર પમાડનારા નીવડ્યા છે.

વરઘોડાનો પ્રસંગ છે, તેમાં શરણાઈ અને ઢોલ અથડાઈ પડે છે. તેમાં કોણ કોને શું કહે છે? તે જરા સાંભળી લઈએ.

## શરણાઈ અને ઢોલ

( મનહર છંદ )

શરણાઈ કહે, ઢોલ, આમ તો છે ગોલમોલ;
પણ કેમ તારો બોલ, ઢં ઢં ઢં ઢં થાય છે?
ઢોલ કહે પાતલડી, જાણું તારી માતલડી;
બેઠી બેઠી વાતલડી, કેવી બનાવાય છે?
શુકનના બોલ ભલા, જાણે ન તું કંઈ બલા;
આ તો આ ઉપરછલા, એમ સંભળાય છે.
ઢઢા આપે ઢોરે ઘણાં, એમાં નવ રાખે મણા;
એના દહીં–ઘૃત તણાં, શુકન લેવાય છે.
ઢીમ હોય સોના કેરા, તેમ ઢાલ તણા ઢેરા;
તો જ શત્રુ તણા ઘેરા, સીફતે તોડાય છે.
પીઈ પીઈ વાણી તારી, મને નવ લાગે સારી;
પાષાણને લાગે પ્યારી, પાપે તું પંકાય છે.
સુણી શરણાઈ કહે, ઢગા તારા ઢંગ બધા;
જાણું છું હું રોજ રોજ, દેહથી ઢીબાય છે.
રૂપ જોને ઢઢા કેરું, જાણે મોટો બેઠો એરૂ;
માર વિના કોઈ દે'રું ખાલી ન જણાય છે.

આમ તો આ સંવાદ સમજાય એવો છે, પણ તેનો ભાવ ખોલું તો પાઠકોને વધારે મજા આવશે.

સંવાદની શરૂઆત શરણાઈથી થાય છે. તે ઢોલને કહે છે કે 'તારો આકાર તો ગોળમોલ છે, એટલે જાડો મજાનો

છે, પણ તારો અવાજ ઢં ઢં ઢં ઢં એવો કેમ થાય છે? અર્થાત્ તે ઘણો ખરાબ છે અને કાનને ગમે તેવો નથી.' આ સાંભળી ઢોલ ક્રોધે ભરાય છે. તે કહે છે કે 'અલી! પાતલડી એટલે કે તદ્દન પાતળી કાયાવાળી! તને હું બરાબર જાણું છું અને તારી માતલડી એટલે માતાને પણ બરાબર જાણું છું. તારે તો એઠાં બેઠાં વાતો બનાવવા સિવાય બીજો ધંધો શો છે? અલી બલા? આ તો શુકનના સારા શબ્દો છે, તે ઉપરથી ઢં ઢં ઢં ઢં એવા લાગે છે, પણ કામ ઘણું સારું કરે છે. પ્રથમ તો તે ઘણાં ઢોર આપે છે. તેમાં કંઈ મણા રાખતો નથી. આ ઢોર જે દૂધ આપે છે, તેમાંથી દહીં અને ઘી બને છે અને લોકો તેના જ શુકન લે છે.

વળી શત્રુના ઘેરા તોડવા માટે સોનાના ઢીમ અને ઢાલના ઢેરા એટલે સમૂહ જોઈએ છે, તે ઢ વિના બીજું કોણ આપે છે?

તારી પીંઈ પીંઈ એવી વાણી મને તો જરાયે સારી લાગતી નથી. તે પત્થરોને પ્યારી લાગતી હશે. તું તારા પાપે પંકાય છે, એટલે તારી જોડે વધારે માથાકૂટ શી કરવી?

શરણાઈ તેના આ શબ્દો સાંભળી લે એવી ન હતી. તે કહે છે કે 'અરે ઢગા! તારા ઢંગ કેવા છે, તે હું બરાબર જાણું છું. તું લક્ષણનો પૂરો છે, તેથી જ રોજ દંડ વડે ઢીબાય છે અને તું ઢના વખાણ કરે છે, પણ એનો આકાર તો જો! જાણે ફેણ માંડીને કોઈ એરુ એટલે કે

નાગ બેઠો હોય, એવો લાગે છે. મારે તને વિશેષ કહેવું નથી. સહુ લોકો મને ચાહે છે, તેથી જ મને દરેક મંદિરમાં માનભેર રાખે છે. કોઈ મંદિર મારા વિનાનું નથી.'

શ્રી ધીરજલાલભાઇએ છૂટક કાવ્યો ઘણાં લખ્યા છે. તે બધાનો પરિચય કરાવતાં તો તેનો જ એક સ્વતંત્ર ગ્રંથ બની જાય, એટલે અહીં તો વિષય પરત્વે થોડા નમૂના આપું છું.

પ્રથમ તેમણે રચેલી પ્રહેલિકાઓ જોઈએ. પ્રહેલિકામાં વર્ણન લાગે છે અમુક વસ્તુનું અને તે નીકળે છે બીજી વસ્તુ, એટલે તેમાં શબ્દચાતુર્યની પ્રધાનતા હોય છે. વળી તે વર્ણનનો વિશિષ્ટ ક્રમ પણ માગી લે છે.

**પ્રહેલિકા–પહેલી**

(શિખરિણી)

ગઈ ક્યાં એ મારી હૃદયરમણી રાસ રમતી ?
ગઈ ક્યાં એ મારી પ્રિય સહચરી પ્રાણ હરતી ?
ઝરંતી હૈયેથી સતત રસધારા મુદ કરી,

આટલું વર્ણન સાંભળીને તમે જરૂર કહેવાના કે

ગઈ કાન્તા કે શું ?

પણ કાવ્યકાર તેનો ઉત્તર આપે છે કે

અહહ નહિ એ પેન સખરા.

પેન હૃદયના ભાગમાં જ રમણ કરે છે, તેથી તે હૃદયરમણી છે. વળી તે ચાલે છે, ત્યારે રાસ રમતી હોય

એવી લાગે છે. તે જવાને પ્રિય હોય છે અને સદા સાથે રહે છે, એટલે સહચરી શબ્દ સાર્થક કરે છે. તે પોતાના હૈયામાંથી આનંદ આપે એવી રસધારા—શાહી રૂપે જ તો—ઝર્યા કરે છે. આવી પેન ચાલી જાય તો ચિંતા—દિલગીરી થાય કે નહિ? તેની શોધ ચલાવવી જ પડે. અર્થાત્ ચાલી ગયેલી વસ્તુ એ કાન્તા નહિ, પણ પોતાની પેન છે.

**પ્રહેલિકા બીજી .**

(મન્દાક્રાન્તા)

હા હા ગયા હૃદય ચૂર્ણ કરંત બંને,
મોંઘા મહા જીવનના સુખ—દુઃખ ભાગી;
જેણે કદી નવ કરી પરવાહ લેશ,
વર્ષા, નિદાઘ અથવા હિમકાલ કેરી. ૧

કર્તવ્ય એક જીવને વસમું પિછાણ્યું,
વાણી વળી મધુર અંતર સ્નેહપૂર્ણ;

અહીં તમે કહેશો કે—

શું પુત્ર—બેય હરિધામ અહો સિધાવ્યા?

પણ તેનો ઉત્તર એવો મળશે કે—

ના, ના, ગયાં અણમૂલાં મુજ જીર્ણ જોડાં! ૨

અને તમારે કાન પકડવા જ પડશે.

આપણાં ધર્મસ્થાનકો તથા મોટા મેળાવડામાં આપણાં જોડાં ઉપડી જાય છે, ત્યારે હૃદય ચૂર્ણ થાય છે કે નહિ! વળી તેને માટે સારું એવું મૂલ્ય ચૂકવવું પડે છે, એટલે તે મહામોંઘા પણ છે. તે સુખ અને દુઃખમાં સાથે ચાલે

છે, તેથી સુખ–દુઃખના ભાગી પણ છે. તે નિદાઘ એટલે ગ્રીષ્મ ઋતુ, વર્ષા એટલે વરસાદની ઋતુ અને હિમકાલ એટલે શિયાળાની ઋતુ એ ત્રણ ઋતુઓમાંથી કોઈ ઋતુની પરવાહ કરતા નથી, એટલે કે તે બધી ઋતુઓમાં ચાલતા જ રહે છે, અને એ રીતે પોતાનું વસમું–કઠિન કર્તવ્ય બજાવ્યા કરે છે. તે ચાલે છે ત્યારે ચમ ચમ એવો અવાજ થાય છે, એટલે તેની વાણી મધુર છે અને તે કડક ન બની જાય તે માટે તેને તેલથી અર્થાત્ સ્નેહથી ખરડવામાં આવે છે, તેથી તેમનું અંતર સ્નેહપૂર્ણ છે.

આ જોડાં જીર્ણ હોવાથી તે અણમૂલાં એટલે મૂલ્ય વિનાના અર્થાત્ મામુલી કિંમતવાળા ગણાય, પરંતુ જેની પાસે પૈસા નથી એ તો આવાં જોડાં ચાલ્યા જતાં પણ શોક–સંતાપ કરે, એ સ્વાભાવિક છે.

આ પ્રહેલિકામાં લાંબું વર્ણન હોવા છતાં આપણે મૂલ વસ્તુને પકડી શકતા નથી, એ તેની ખૂબી છે.

## પ્રહેલિકા ત્રીજી

(દ્રુતવિલમ્બિત)

મનહરાં શુકશાવક પક્ષ શાં,
સકલ દેહ ધરી હરિતાંશુક;
ચરણ કંઠ કરાગ્ર સુકેશમાં,
વિવિધ ભૂષણ પુષ્પતણાં રચે. ૧
મધુર હાસ્યભરી રસ રેલતી,
મનહરે સહુ માનવીકુલનાં;

આ વર્ણન પરથી તમે જરૂર કહેવાના કે–

પ્રણયઉત્સુક એ લલના અહો!

પણ સામેથી ઉત્તર એવો મળવાનો કે–

નહિ નહિ ધરતી જ અષાડની.

હરિતાંશુક એટલે રેશમની લીલા રંગની સાડી આખા શરીરે ધારણ કરેલી છે. તે પોપટના બચ્ચાંની પાંખ જેવી મનોહર લાગે છે. ચરણ એટલે પગ, કંઠ એટલે ગળું અને કરાગ્ર એટલે હાથનાં કાંડાં, સુકેશ એટલે પોતાના માથાના સુંદર વાળ. આ બધાં સ્થાનોએ પુષ્પનાં બનાવેલાં વિવિધ આભૂષણો ધારણ કરેલાં છે. તે મધુર હાસ્ય કરી રહી છે અને એ રીતે રસ રેલાવીને બધા મનુષ્યોના મનનું હરણ કરી રહી છે. આ વર્ણન કોઈ પ્રણય–ઉત્સુક લલનાનું લાગે છે, પણ ખરેખર તો તે અષાડની ધરતીનું જ છે.

આ ત્રણ પ્રહેલિકાઓ પરથી શ્રી ધીરજલાલભાઈનું વાણી અને વર્ણન પર કેવું પ્રભુત્વ છે, તે જણાઇ આવે છે.

શ્રી ધીરજલાલભાઈને અંતર્લાપિકાઓ રચવાનો પ્રસંગ પણ આવ્યો છે. અંતર્લાપિકામાં વર્ણનની અંદર જ નામ આવી જાય છે, એટલે તેમાં શબ્દાર્થચમત્કૃતિ હોય છે. અહીં તેમાંની એક અંતર્લાપિકા રજૂ કરું છું.

**અંતર્લાપિકા**

( મનહર છંદ )

**વિજયનાં વાજાં વાગે, પ્રેમ તણાં પૂર જાગે;**
**સૂરિવૃંદ ષડ્જ રાગે, જેના ગુણ ગાય છે,**

કામ નહિ ક્રોધ નહિ, વિષય–વિકાર નહિ,
માયા તણી છાયા નહિ, લોભ જ્યાં હણાય છે.
**રામ** અને કૃષ્ણ જેવા, નિત્ય કરે જેની સેવા,
**યશ** તણી ચાલે રેવા, ઇતિ દૂર થાય છે.
એવા જિન **ભાનુ** કેરી, **ભદ્રંકરા** ભવ્ય ભેરી,
ધીરજથી ફરી ફરી, હોંશે વગાડાય છે.

અહીં **વિજયપ્રેમસૂરિ** એવું ગુરુનું નામ વર્ણનમાં ગુંથાયેલું છે. ઉપરાંત તેમના શિષ્યો **રામ** એટલે રામ-વિજયજી—પ. પૂ. આચાર્યશ્રી વિજય રામચંદ્રસૂરિજી તથા પ્રથમ ભાનુ એટલે પ. પૂ. આ. શ્રી વિજયભુવનભાનુસૂરિજી અને ભદ્રંકરા એટલે પ. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યનું નામ પણ ગુંથાયેલું છે. ધીરજ એ કાવ્ય કર્તાનું નામ છે.

શ્રી ધીરજલાલભાઈ ને અંતર્લાપિકાઓ કરતાં બહિર્લાપિકાઓ રચવાના પ્રસંગો વિશેષ આવેલા છે. તેમાં મુખ્યત્વે તેમને ચાર અક્ષરનું નામ આપવામાં આવતું અને તેના એક એક અક્ષરને અગ્રતા આપી કાવ્યની રચના કરવાની રહેતી. કોઈ વાર તેની સાથે અમુક વિષયનો પણ નિર્દેશ થતો, ત્યારે કામ કઠિન બનતું, પણ તેમની અપ્રતિમ બુદ્ધિ-પ્રતિભા તેનો તરત ઉકેલ લાવી દેતી.

**બહિર્લાપિકા**

**સદાશિવ**—**સ**મતા સંયમ ઘટ વિષે, **દા**ન અને સુવિવેક;
શિવ સહાય કરે સદા, **વ**ચને રાખો ટેક.

'જેના અંતરમાં સમતા અને સંયમ છે, જે દાન અને સુવિવેકનો આશ્રય લે છે અને જે પોતાના વચનની ટેક રાખે છે, એટલે કે લીધેલી પ્રતિજ્ઞા બરાબર પાળે છે. તેને શિવ સદા સહાય કરે છે.'

**મહાદેવ—મદન** મહા અરિ મોટકો, હાર્યો જિણપરતાપ;
દેવ અહો સહુથી વડો, વસુધા કેરો બાપ.

'મદન એટલે કામદેવ. તે આ જગતના સર્વ સાધકો માટે મોટો અરિ–શત્રુ ગણાય છે. તે જેના પ્રતાપે હારી ગયો અને જે આખી દુનિયાનો પિતા છે, તે આ જગતનો સહુથી મોટો દેવ છે, અર્થાત્ મહાદેવ છે.' આમાં નામ અનુસાર વિષયનું વર્ણન છે.

એક વાર તેમને સહુની હસાહસ વચ્ચે 'સાવરણી' શબ્દ આપવામાં આવ્યો હતો. તેની તેમને બહિર્લાપિકા બનાવવાની હતી. આમાં ણ ને બદલે ન લેવાની છૂટ હોય છે. તેમણે થોડી જ વારમાં તેની રચના નીચે પ્રમાણે કરી હતી.

**સાવરણી(ની)–સાગર** ઉલટચો હે સખી, વમળો લખ ઘેરાય;
**ર**જની પણ રૂઠી દિસે, **ની**કળી જીવડો જાય.

એક વિરહિણી સ્ત્રી પોતાની સખીને કહે છે કે 'હે સખી! આજે તો સાગર ઉમટ્યો છે અને તેમાં લાખો વમળો ઘેરાઈ રહ્યાં છે અર્થાત્ ભારે ભરતી આવી રહી છે. આજે રાત પણ રૂઠી છે, તેથી મારો જીવ નીકળી જાય

છે. તાત્પર્ય કે આજે પૂનમની રાત છે, છતાં પતિ આવ્યા નથી, એટલે આ રાત્રિ મારા માટે અસહ્ય થઈ પડી છે.

આ બહિર્લાપિકા સાંભળીને સહુએ આનંદ વ્યક્ત કર્યો હતો.

એક સભામાં તેમને '**રુસ્તમજી**' શબ્દ આપવામાં આવ્યો હતો અને તેને શ્રૃંગારિક ભાવયુક્ત બહિર્લાપિકા બનાવવાની હતી, તે તેમણે નીચે પ્રમાણે બનાવી હતીઃ

**રુસ્તમજી**–**રુ**પે રંભા નયન ચકોરી,
**સ્ત**ન પીન ઘટશું ધારે ગૌરી.
**મ**દભર ચાલે મધુરું બોલે,
**જિ**ન પેખત ઋષિવર મન ડોલે.

આ બહિર્લાપિકા સાંભળીને શ્રોતાઓએ તેમના પર ધન્યવાદનો વરસાદ વરસાવ્યો હતો.

હજી પણ તેમની એક બહિર્લાપિકા સાંભળી લઈએ. તદ્દન સામાન્ય જણાતા વિષય પરત્વે પણ તેમની પ્રતિભા-શક્તિ કેટલું કામ કરે છે, તે આ પરથી જાણી શકાશે. તેમને આપવામાં આવેલો શબ્દ 'પેનસીલ' હતો. તેની રચના નિમ્ન પ્રકારે કરી હતી.

**પેનસીલ**–**પે**ખો સહુને પ્રેમથી, **ન**વ રાખો દિલ રોષ;
**સીલ** ભજો સમતા સજો, લહો સુખ સંતોષ.

અર્થ ઘણો સ્પષ્ટ છે.

શ્રૃંખલાજાતિ કાવ્યની રચના ઘણી કઠિન મનાય છે, કારણ કે તેમાં શબ્દના અંકોડા મેળવીને જવાબ આપવાનો હોય છે. તેમણે રચેલી એક શ્રૃંખલાજાતિ કાવ્યરચના મારા જાણવામાં નીચે પ્રમાણે આવી છે.

**અમૃત**ના ઓડકાર, કહો લાલ આવે કોને?
**મૂલી** કલ્પવૃક્ષ કેરી, કોની પાસ આવતી?
**રસિક**ને કહો કેમ,**ચંદ્ર** તણી **જ્યોત્સ્ના** અને,
**અરુણ**ની દિવ્ય આભા, ખૂબ જ સતાવતી?
**વસંત**ના વાયુ કેરી, મૃદુ મૃદુ લહરિઓ,
કહો કોનાં **જય** ગીત, હોંશે હોંશે ગાવતી?
યોગીનેકીવાલા પાસ પ્રિયા નહિ દેહ તણાં,
બુદ્ધિ તો **ધીરજ** વિના ઉત્તરે ન ફાવતી.

આ એક અંતર્લાપિકા છે અને તે સાથે શ્રૃંખલાજાતિ છે, એ તેની મોટી વિશેષતા છે. પ્રથમ તેનો અર્થ જોઈએ અને પછી તેનો ચમત્કાર નિહાળીએ.

હે લાલ! (શ્રોતાને આ સંબોધન છે) અમૃતનો ઓડકાર કોને આવે તે કહો, કલ્પવૃક્ષની મૂલી એટલે મૂળિયું કોની પાસે આવે તે પણ કહો, વળી રસિકને-રસિકજનને ચંદ્રની જ્યોત્સ્ના અને અરુણની દિવ્ય આભા, શા માટે સતાવે છે, તે પણ જણાવો. સાથે એ પણ કહો કે વસંતની મૃદુ મૃદુ લહરિઓ કોનાં જયગીત ગાય છે? આનો ઉત્તર 'યોગીનેકીવાલાપાસ પ્રિયા નહિ દેહતણા' એ શબ્દોમાં

રહેલો છે. પરંતુ ધૈર્ય દાખવીને બુદ્ધિ લડાવ્યા વિના તે તમને મળી શકશે નહિ.

આ પ્રશ્નોના ઉત્તર માટે પાઠકો બુદ્ધિ લડાવવા ચાહે તો લડાવી શકે છે. તેમણે પોતાની બુદ્ધિ લડાવ્યા પછી જ નીચેનું વિવેચન વાચવું :

અહીં પ્રથમ પ્રશ્ન એ છે કે 'અમૃતના ઓડકાર કોને આવે છે?' તેનો ઉત્તર એ છે કે '**યોગીને.**'

બીજો પ્રશ્ન એ છે કે 'કલ્પવૃક્ષનું મૂલ કોની પાસે આવે છે?' તેનો ઉત્તર એ છે કે **નેકીવાલા પાસ,** એટલે કે નેકીવાલા પાસે, ન્યાયનીતિપરાયણ પાસે. અહીં **ને** અક્ષર અંકોડારૂપ છે, એટલે કે તે શ્રૃંખલાનું કામ કરે છે.

ત્રીજો પ્રશ્ન એ છે કે 'રસિકને—રસિકજનને ચંદ્રની જ્યોત્સના અને અરુણની દિવ્ય આભા શા માટે સતાવે છે?' તેનો ઉત્તર એ છે કે '**પાસ પ્રિયા નહિ.**' એટલે કે આ વખતે તેની પાસે તેની પ્રિયા નથી, એટલે તેને દુઃખ થાય છે. અહીં 'પાસ' શબ્દ શ્રૃંખલારૂપ છે.

ચોથો પ્રશ્ન એ છે કે 'વસંતની—વસંત ઋતુની મૃદુ મૃદુ લહરિઓ કોનાં જયગીત ગાય છે?' તેનો ઉત્તર એ છે કે '**નહિ દેહ તણાં**' જેને પાર્થિવ દેહ નથી, એવા પરમાત્માનાં. અહીં 'નહિ' શબ્દ શ્રૃંખલારૂપ છે.

આ રીતે ચાર પ્રશ્નોના ઉત્તરની અહીં એક શ્રૃંખલા

રચી છે, તે પાઠકોના ધ્યાનમાં બરાબર આવી ગઈ હશે. છતાં નીચેના સ્તંભ પર નજર નાખવાથી તે વધારે સ્પષ્ટ થશે.

યોગીને.

નેકીવાલા પાસ.

પાસ પ્રિયા નહિ.

નહિ દેહ તણાં.

હવે તેનું અંતર્લાપિકા સ્વરૂપ જોઇએ. કાવ્યની પ્રથમ પંક્તિમાં અમૃતલાલ એવો શબ્દ છે, તે વ્યક્તિવિશેષને સૂચવનારો છે. તેની બીજી પંક્તિમાં 'મૂલી' શબ્દ છે, તે તેમની પત્નીનું નામ છે. ત્રીજી પંક્તિમાં રસિક, ચંદ્ર અને જ્યોત્સના શબ્દ આવે છે, તે તેમની સંતતિનો અનુક્રમ સૂચવે છે. રસિક એટલે રસિકલાલ, ચંદ્ર એટલે ચંદ્રકાન્ત અને જ્યોત્સ્ના એ પૂરું નામ છે. ચોથી પંક્તિ અરુણ નામે આવે છે; તે તેમની ચોથી સંતતિનું નામ છે. અરુણ એટલે અરુણકુમાર. પાંચમી પંક્તિમાં વસંત શબ્દ આવે છે. તે રસિકલાલના પત્નીનું નામ છે. એ જ પંક્તિમાં મૃદુ શબ્દ આવે છે, તે એમની પુત્રી મૃદુલાનો સૂચક છે અને છઠ્ઠી પંક્તિમાં જય શબ્દ આવે છે, તે તેમની બીજી પુત્રી જયા કે જયલક્ષ્મીનો સૂચક છે.

શ્રી ધીરજલાલભાઈ આ વ્યક્તિના પરિચયમાં આવ્યા, ત્યારે તેમના કુટુંબમાં જેટલી વ્યક્તિઓ હતી, તે બધી જ વ્યક્તિઓનાં નામોનો આમાં સમાવેશ કરી દીધેલો છે. આને આપણે કાવ્યરચનાની અદ્‌ભુત શક્તિ કહેવી કે નહિ, તેનો પાઠકો વિચાર કરે.

શ્રી ધીરજલાલભાઈએ રાષ્ટ્રીય ભાવનાને પણ પોતાના કાવ્યોમાં ઉતારેલી છે. તેમાંનું એક ગીત અહીં રજૂ કરવું યોગ્ય માનું છું.

**આઝાદીના જંગમાં**

આ વીરહાક વાગે,
વીરાઓ સૌ જાગે,
કરે કૂચ આગે આગે,
આઝાદી કેરા જંગમાં,
આઝાદી કેરા જંગમાં.

આ શૂરા સકલ ત્યાગે,
એક ધન્ય મૃત્યુ માગે,
કે જાલીમો જ ભાગે,
આઝાદી કેરા જંગમાં,
આઝાદી કેરા જંગમાં.

આ બોમ્બના ધડાકા,
કે તોપના ભડાકા,
ન જરીયે ડગાવે,
આઝાદી કેરા જંગમાં,
આઝાદી કેરા જંગમાં.

એ સેતાનં કેરી ચાલો,
કે કારાગારની દિવાલો,
ન જરીયે હઠાવે,
આઝાદી કેરા જંગમાં,
આઝાદી કેરા જંગમાં.

ન કાળું પાણી ફાવે,
કે ફાંસી ફોગટ જાવે,
જ્યાં એક સહસ્ર થાવે,

આઝાદી કેરા જંગમાં,
આઝાદી કેરાં જંગમાં.

આ સત્યના પોકારે,
ખેલાય જંગ ભારે,
ત્યાં જાલીમો જ હારે,

આઝાદી કેરા જંગમાં,
આઝારી કેરા જંગમાં.

શ્રી ધીરજલાલભાઈએ પંચતંત્રના પાંચેય તંત્રોને ૧૫૫ જેટલા દુહાઓમાં ઉતારી **'પંચતંત્રસાર'** નામની એક રચના પણ કરેલી છે, પરંતુ હજી સુધી તે પ્રસિદ્ધિનો પ્રકાશ પામી નથી.

શ્રી ધીરજલાલભાઈએ બે ખંડકાવ્યો પણ રચેલાં છે. તેમાંનું પહેલું **'જલમંદિર પાવાપુરી'** પાવાપુરીનાં રંગીન ચિત્ર સાથે પ્રસિદ્ધિ પામ્યું હતું, પણ તે થોડા જ વખતમાં અપ્રાપ્ય બની ગયું હતું. ખેદની વાત તો એ છે કે તેની નકલ શ્રી ધીરજલાલભાઈ પાસે પણ રહી નથી અને તે આજે પૂરું યાદ પણ નથી, એટલે તેનો આટલો નિર્દેશ કરીને જ સંતોષ માનું છું. તેમનું બીજું ખંડકાવ્ય

**'અજન્તાનો યાત્રી'** સુંદર રૂપરંગે પ્રસિદ્ધ થયેલું છે. તેનો વિસ્તૃત પરિચય આગામી પ્રકરણમાં અપાયો છે.

શ્રી ધીરજલાલભાઈએ પોતાના પુત્ર નરેન્દ્રકુમારના લગ્નપ્રસંગે એક નાનકડું કવિસંમેલન યોજ્યું હતું અને શ્રી માનતુંગસૂરિ—સારસ્વતસમારોહ પ્રસંગે મોટા પાયે કવિસંમેલન યોજ્યું હતું.

આ વિવેચન પરથી શ્રી ધીરજલાલભાઈના જીવનને કવિત્વનો કેવો અનેરો રંગ લાગ્યો હતો, તે સમજી શકાશે.

[ ૧૨ ]

## અદ્ભુત કલાદર્શન

શ્રી ધીરજલાલભાઈએ પ્રકૃતિદર્શન દ્વારા જે અલૌકિક અપૂર્વ આનંદ માણ્યો હતો, તે તેમણે પ્રસંગે પ્રસંગે કાવ્યો દ્વારા વ્યક્ત કરેલો છે. તે જ રીતે તેમણે અજન્તાના અદ્ભુત કલાદર્શન દ્વારા જે અપાર્થિવ અનન્ય આનંદની અનુભૂતિ કરી હતી, તેને **'અજન્તાનો યાત્રી'** નામના ખંડકાવ્યમાં અભિવ્યક્ત કરેલી છે.

આ ખંડકાવ્ય એ તેમની એક ઉત્કૃષ્ટ કાવ્યકૃતિ છે. તે મહાકવિ નાનાલાલ, રા. બ. કેશવ હર્ષદ ધ્રુવ અને શ્રી નરસિંહરાવ ભોલાનાથ દીવેટીયા જેવા સુપ્રસિદ્ધ ગૂર્જર-સાક્ષરોની પ્રશંસા પામેલી છે. મોડર્નરિવ્યુએ તેની સમાલોચના કરતાં ઊંચો અભિપ્રાય આપ્યો હતો. સ્વ. કલાગુરુ શ્રી રવિશંકર રાવલે તેમના રચેલા 'અજન્તાના કલામંડપો' નામના ગ્રંથમાં આ કાવ્યનાં છૂટથી અવતરણો આપ્યાં હતાં. મિત્રો અને પ્રશંસકોને આ ખંડકાવ્ય ખૂબ જ ગમી ગયું હતું. તે અંગે તેમની પાસે સંખ્યાબંધ પત્રો આવ્યાં હતાં.

આ ખંડકાવ્યનો સંસ્કૃત અનુવાદ મેં જ કરેલો છે અને તે પ્રસિદ્ધ ગૂર્જરસાક્ષર શ્રી રામપ્રસાદ બક્ષીના વરદ હસ્તે પ્રકાશિત થયેલો છે. તેનો અંગ્રેજી અનુવાદ પણ થયેલો છે, પરંતુ તે હજી સુધી પ્રકટ થયેલો નથી.

આ ખંડકાવ્યનો પ્રવેશક સ્વ. શ્રી રતિલાલ મોહનલાલ ત્રિવેદીએ લખેલો છે કે જેઓ ભારતીય સંસ્કૃતિના અનન્ય અભ્યાસી તથા એક આદર્શ શિક્ષક હતા અને 'ભારતના વિદ્યાપીઠો' આદિ મનનીય ગ્રંથોના રચયિતા હતા. તેમણે આ પ્રવેશકમાં શ્રી ધીરજલાલભાઈના આ ખંડકાવ્યનો પ્રશસ્ત પરિચય કરાવેલો છે અને તેમણે જે અદ્ભુત કલા-દર્શન કર્યું હતું, તેને યથાર્થ ન્યાય આપવા પ્રયત્ન કરેલો છે. પાઠક મિત્રોએ તે જાણવા જેવો હોવાથી અહીં તેની રજૂઆત કરું છું.

**માનવ**–આત્માના 'ઉચ્છિષ્ટ'માંથી ધર્મ, સામ્રાજ્ય, સાહિત્ય અને કલા ઉત્પન્ન થયાં છે, એમ અથર્વવેદની એક ઉક્તિ છે. જેમ આ વિશ્વના મહાન કલાકારના નિરવધિ આનંદ અને અદ્ભુત તપમાંથી આ જગત સર્જાયું છે, તેમ પ્રત્યેક કલાની કૃતિમાં પણ ઉલ્લાસ અને સંયમ રૂપી બે તત્ત્વો રહેલાં છે. કલા એટલે આ બે વિરોધી તત્ત્વોનો સમન્વય.

હિંદની પ્રતિભા કલાનિષ્ઠ છે. એનું સાહિત્ય કલાની ભાષામાં લખાયેલું છે, એટલે એ સાહિત્ય સમજનારને કલાની ભાષાનો સૂક્ષ્મ પરિચય કેળવવો પડે છે; અને ત્યારે જ એ મનોરમ સૃષ્ટિની પાર રહેલા સત્યનું દર્શન

થઈ શકે છે. પ્રત્યેક કવિ કે સાહિત્યસર્જકને પોતાની વિશિષ્ટ કલામય ભાષા હોય છે; જે દ્વારા એ સત્યની અભિવ્યક્તિ કરે છે. વેદના દ્રષ્ટાઓ, પુરાણસર્જકો અને કાલિદાસ, ભવભૂતિ આદિ કવિઓએ પોતપોતાની વિશિષ્ટ કલામય ભાષામાં કાવ્યો ગાયાં છે.

આ તો સાહિત્યવિષયક કલાની વાત થઈ, પરંતુ શિલ્પકલા અને ચિત્રકલાના પ્રદેશમાં પણ સાહિત્યવિષયક કલા જેટલો જ ઉત્કર્ષ હિંદની પ્રતિભાએ સિદ્ધ કર્યો છે. હિંદુસ્તાનના ઇતિહાસમાં ગુપ્ત સામ્રાજ્યનો સમય એ સાહિત્ય અને કલાનો વસંતકાળ હતો. અજન્તાના બૌદ્ધવિહારો અને નાલંદાનું મહાન વિદ્યાપીઠ એ સમયનાં ભવ્ય સંસ્મરણો છે. સૈકાઓ પર્યંત અજન્તાનાં ગુફામંદિરો અજ્ઞાત વાસમાં રહીને એક અંગ્રેજ લશ્કરી અમલદારના પરિભ્રમણમાંથી એકાએક જાહેરમાં આવ્યાં અને મુસલમાન સંસ્કૃતિના આગમન પૂર્વે પણ કેવું અદ્ભુત અને પરિપૂર્ણ શિલ્પ તથા ચિત્રકામ હતું, તેની જગતને પ્રતીતિ કરાવી. વળી પૌરાત-નિકોના અપાર શ્રમથી 'હજારો નાનાં નાનાં હળો નીચે દીર્ઘકાળથી ભૂમિમાં દટાયેલાં નાલંદાના ભવ્ય શિલાખંડો' બહાર આવ્યા અને ગુપ્ત અને પાલ વંશ વચ્ચેના શિલ્પ-કામની લાંબા સમયથી તૂટતી કડીઓ મળી આવી. આ પ્રમાણે કાર્લાની ગુફાઓ અને ઇલુરાનાં ગુફા-મંદિરો પણ ઇસ્લામની અસર પહેલાંની હિંદી કલાની મહાન વિભૂતિઓ છે, પણ એ બધામાં અજન્તા તો હિંદી કલાનો કળશ છે.

મહાભારત જેમ હિંદની સંસ્કૃતિનું વિશ્વકાવ્ય છે, તેમ અજન્તા બૌદ્ધ સમયની હિંદની સંસ્કૃતિનું મૂક મહાકાવ્ય છે. એમાં ભગવાન બુદ્ધની જાતકકથાઓ દ્વારા વિશ્વનો અમર ચિત્રપટ આલેખાયો છે. આમાં માત્ર ચિત્રો જ જોનારનાં હૃદયને એ હલાવી નાખે છે તો સાક્ષાત્ દર્શન કરનાર કલારસિક હૃદયના તારને ઝણઝણાવે એ સ્વાભાવિક છે. ભાઈશ્રી ધીરજલાલે અજન્તાની યાત્રા બે વાર કરી અને બીજી યાત્રાનું પરિણામ આ કાવ્યરૂપે ફલિત થયું.

કવિ એ ચિત્રકાર કરતાં અમુક અર્થમાં અધિક છે. ચિત્રકાર પાસે રંગ છે, પણ શબ્દ નથી. કવિ પાસે ઉભય છે. કવિ એની પ્રતિભા ગાતાં ગાતાં વસ્તુનું સાક્ષાત્ દર્શન કરાવી શકે છે, તેમજ શબ્દલીલા દ્વારા મનોહર સૂરો સંભળાવી શકે છે. આ કાવ્યના રચનાર જેઓ ચિત્રકાર અને કવિ ઉભય છે, તેમણે એ મૂક સૃષ્ટિના આલેખનનું સાક્ષાત્ સૂક્ષ્મદર્શન કર્યું છે. એ પ્રતિમાદર્શનથી એમની પ્રતિભાને પ્રેરણા મળી છે અને તેથી જ એ મૂક પ્રતિભાઓના આંતરભાવોને હૃદયમાં ઝીલી કલ્પનાબળે ભાવમય વાણીમાં ગાઈ શક્યા છે.

અજન્તાનાં ચિત્રો ઘણાંયે થયાં છે, પરંતુ કાવ્ય તો કદાચ આ પહેલી જ વાર રચાયું છે.

કાવ્યના આરંભમાં જ કવિની વીણાના તાર ઝણઝણે છે. અનિલ, તરુવરો, વિહંગમો અને ગિરિનિર્ઝરો સંગીતની અને નૃત્યની અજબ ધૂન મચાવે છે. વૃક્ષેવૃક્ષે સુગંધી પુષ્પો

ફોરે છે. મંદમંદ હાસ્ય કરતી ઉષા યાત્રીને શય્યામાંથી ઉઠાડે છે. એકાકી ચિત્રકાર યાત્રી સરિતાનું આતિથ્ય પામી એના વાંકાચૂંકા પ્રવાહના કાંઠે કાંઠે ચાલ્યો જાય છે. આ એકલવાયો અનિથિ ગન્તવ્ય સ્થાને પહોંચતાં ગિરિકરાડમાંની સોપાનમાળા ચડવા માંડે છે. એકાએક ભૂતકાળનો ગેબી પડદો ઉપડે છે. એના કલ્પનાનયન સમક્ષ અજન્તાના ઉત્થાનકાળથી માંડીને એમાં પુનઃદર્શન પર્યંતનો સાંગોપાંગ ઇતિહાસ દૃષ્ટિગોચર થાય છે. વિદ્યા, કલા અને શાન્તિના કેન્દ્ર અજન્તાનો જાહોજલાલીનો સમય, મુસલમાન આક્રમણ કાળમાં વનદેવીએ પોતાના ઉત્સંગમાં કરેલું આ કલાશિશુનું સંગોપન અને યોગ્ય અવસરે એનું જગત સમક્ષ કરેલું પ્રાકટ્ય ઇત્યાદિ દર્શન યાત્રી પામે છે. સોપાનમાળા પૂરી થયે યાત્રી અજન્તાના મહાવિહારમાં પ્રવેશ કરે છે. ત્યાં એ નાગરાજનું કુટુંબ, સંસારચક્ર, ગાંધર્વગાન, હસ્તિનિયંત્રણ, ભગવાન બુદ્ધની ભવ્ય મૂર્તિ, યશોધરા, રાહુલ અને બુદ્ધનું ભાવવાહી ચિત્ર, ભક્ત, ઈંદ્રનો પ્રણયોત્સવ, બુદ્ધપરિનિર્વાણ, જાતકમાળામાંના ક્ષાંતિવાદ આદિ પ્રસંગો, સર્વોત્તમ ભાત-ચિત્રો (Disigns) અવલોકિતેશ્વર, યક્ષદંપતી અને મારવિજય વગેરે ચિત્રો એક પછી એક મીટ માંડીને અવલોકે છે. યાત્રિના ચિત્રદર્શનનું પર્યવસાન કલાસમાધિમાં થાય છે.

આ કાવ્યના ત્રણ ખંડો છે : (૧) પ્રકૃતિની લીલામાં અજન્તાના યાત્રીનું પ્રયાણ, (૨) અજન્તાના ભૂતકાળનું દર્શન, (૩) ચિત્રદર્શન.

કાવ્યનો પ્રથમ ખંડ પ્રકૃતિ અને માનવહૃદયના મધુર મિલનનું મનોહર ચિત્ર છે. ધૂની કલાકાર પ્રકૃતિના ઉત્સંગમાં સૂતો છે. એને જાગૃત કરવા પ્રકૃતિનાં પરિજનો ગીતધૂન મચાવી રહ્યાં છે. સાંભળો :

અનિલદલ બજાવે કુંજમાં પેસી બંસી,
તરુવર વરશાખા નૃત્યની ધૂન ચાલે;
વિહગગણ મધુરા સૂરથી ગીત ગાય,
ખળ ખળ ખળ નાદે નિર્ઝરો તાલ આપે.

સંગીતની આ રમઝટ વચ્ચે ઉષાસુંદરી કોમળ કરસ્પર્શ ફેરવી યાત્રીને ઉઠાડે છે. યાત્રી સફાળો ઉઠે છે, પણ ઉષા પ્રત્યે સ્નેહભરી નજર નાખવા યે રોકાતો નથી. એ તો ઝટઝટ સાદડી વાળી, જયેષ્ઠિકા હાથમાં લઈ, ચિત્રઝોળી કાંધે ભરાવીને ઉતાવળો ઉતાવળો ચાલી નીકળે છે. પરંતુ એને માર્ગ કોણ બતાવશે? સરિતાસુંદરી એની સખી બની આમ તેમ ઝટપટ ચાલતી એને આનંદથી માર્ગ બતાવે છે. નિયત સ્થાને પહોંચવાની યાત્રીની કેટલી તીવ્ર ઉત્કંઠા છે, તેનું નીચેની પંક્તિઓમાં સુંદર દર્શન થાય છે :

પળ પળ વધતો તે યાત્રી આતુરતામાં,
પળ પળ વધતું તે રૂપ કલ્લોલિનીનું;
પળ પળ વધતા તે પ્હાડ ઉંચા સૂતેલા,
પળ પળ વધતો તે ભાનુ આકાશ માર્ગે.

પહાડની કરાડ પરની સોપાનમાળા જોતાં વેંત જ યાત્રીનું હૃદય અભિનવ આનંદથી ઉભરાય છે.

દગ સમીપ પડે ત્યાં એક સોપાનમાળા,
અભિનવ ઉર રંગે યાત્રી ત્યાં પાદ દેતો.

અહીં કાવ્યનો પહેલો ખંડ પૂરો થાય છે. (૨) બીજા ખંડમાં અજન્તાનું ઇતિહાસદર્શન છે. આ દર્શન કરવા જેવું છે. જુઓ:

તે ક્ષણે કાળ ઉપાડી પડદો ગેબી ભૂતનો,
અનેરૂં દૃશ્ય દર્શાવે મહાકલા મુમુક્ષુને.
કોઈ ભિખ્ખુ નયન નમણાં અર્ધઢાળી ઊભા છે,
ધીરે ધીરે મુખથી વદતાં પાઠ કૈં પિટ્કોના;
કોઈ ભિખ્ખુ દૂર દૂર થકી લાવતા યાચી ભિક્ષા,
ધીમેધીમે પગથી ચઢતાં ગુણશ્રેણી સમાન.
કોઈ ભિખ્ખુ સ્વકર ધરીને કાષ્ઠનું વારિપાત્ર,
ધીરે ધીરે પથ ઉતરતાં સૃષ્ટિસૌંદર્ય જોતાં;
યાત્રીવૃંદો જય જય વદે ભાવથી બુદ્ધ કેરી,
જેણે જોયો સકળ જગતે માર્ગ નિર્વાણદાતા.
ધીમે ધીમે શ્રમણકુલ એ થાય વિલીન ત્યાંથી,
અંતે કોઈ દીસતું નહિ ને ધામ એ સાવ સૂનાં.

જતે દહાડે ઇસ્લામીઓનું આક્રમણ થયું, હિંદની સંસ્કૃતિનાં ધામોનો વિધ્વંસ થવા માંડ્યો. જાણે આ પ્રલયમાંથી એ કલાક્ષેત્રને બચાવવા પ્રકૃતિમાતાએ એનું સંગોપન કર્યું.

શિલાખંડે પૂર્યાં દ્વાર, છાવરી રજ ઉપરે,
ઉગાડીને લતાવેલ, ગોપવ્યું અદ્રિના ઉરે.

એ કલાતીર્થના રક્ષણ અર્થે વનદેવી આ ગોપનકાળમાં સિંહ અને વ્યાઘ્રને ચોકીદારો નીમે છે.

આ કલાતીર્થનું મહાદ્વાર અનેક શતાબ્દીઓ પછી ઉઘડે છે. મેજર જીલ એક ભુંડના શિકારની પાછળ ચડી આવે છે, એ સામાન્ય પ્રસંગને મનોહર કલ્પનાની દૃષ્ટિથી આલેખવામાં આવ્યો છે. જીલ આ મહાન કલાધામ જોઇને આશ્ચર્યચકિત થાય છે. એ ઉચ્ચારે છે :

આ સ્તંભ શા ? સ્તબક શા ? વળી ચિત્ર શેનાં ?
કો દેવીના ભુવન તો નહિ ભવ્ય હોય ?

અજન્તા ફરી પાછું ઈતિહાસની રંગભૂમિ પર દૃષ્ટિગોચર થાય છે અને કલાધરો અને ઈતિહાસકારોનું યાત્રાધામ બને છે. ત્યાં બીજો ખંડ પૂરો થાય છે.

(૩) ત્રીજા ખંડમાં ચિત્રદર્શન છે. વિવિધ ચિત્રોના સામાન્ય અને વિશિષ્ટ ભાવો ભારે કુશળતાથી અહીં પ્રગટ થયા છે. નીચેની પંક્તિઓમાં એ ભાવો ટૂંકામાં પણ સચોટ રીતે કેવી રીતે વ્યક્ત થયા છે, તે જોઇ શકાય છે.

સુવેગ રેખા મનહારી રંગ,
તાદૃશ્ય ભાવો ઉરનાં અભંગ;
ગતિ સ્થિતિ ને અનુભાવ મુદ્રા,
આયોજને યે પરિપૂર્ણ સિદ્ધિ.
પ્રલંબ નેત્રો, ભૃકુટિ નમેલી;
વળેલી નાસા અતિ ખેદ ભાવે;

સંપૂટ ટુંકા દ્વય ઓષ્ઠ કેરા,
ઉદ્બોધિ મુદ્રા કરની બતાવે.
સુચારુ ગાત્રો કમનીય કાંતિ,
આછાં રૂપાળાં વસનો ઘરેણાં
પ્રગૂઢ ભાવો અતિ અલ્પરેખા,
અભિનયે તો નહિ જોડ આની.

અવલોકિતેશ્વરનું ચિત્ર તો સર્વાંગ સુંદર છે. એ ચિત્ર જોતાં ચિત્રકાર–કવિ જાણે આનંદ–સમાધિમાં લીન બને છે. આ રહ્યું તે ચિત્ર.

અહો ! અહો ! આ અવલોકિતેશ,
ઉત્કૃષ્ટ ભાવે અહીંઆં વિરાજે;
વિચારધારા મનની વહે છે,
સંસાર કેરા અતિ કૂટ પ્રશ્ને,

ભ્રૂ ચાપનમ્રા સુવિશાલ ભાલ,
નેત્રો મીંચેલાં અધપોયણાં શાં;
પ્રલંબનાસા યશકીર્તિ ગાય,
એ રાજરાજેશ તણી પ્રભૂત.
મધુ મુખેથી ઝરતું ભૂલાવે,
પિયૂષધારા રજનીપતિની;
વિશાળ સ્કંધો અતિ દીર્ઘ બાહુ,
પૃથ્વીવિજેતા નર સૂચવે છે.
દક્ષિણ હસ્તે ધર્યું પદ્મ એક,
સ્પર્ધા કરંતુ મુખપદ્મ સાથે;

અંગુલિઓ તો ભ્રમ ઉપજાવે,
શું મોગરાની કળીઓ વધેલી;
સૌંદર્યકેરી થતી પૂર્ણ સીમા,
આભૂષણોનાં રૂપ–રંગ–ઘાટે.

મારવિજયના વર્ણનમાં પ્રલોભનોના સ્વરૂપનો તાદૃશ ચિતાર આપવામાં આવ્યો છે.

પ્રલોભનોનો અહીં માર રાજા,
લૈ સૈન્ય ઉભો છળવા ગુરુને;
છ યે ઋતુઓ ધરી રૂપ આવે,
ચારુલતા શાં નવયૌવનાનાં.
યશોધરાનું વળી રૂપ કોઈ,
નાના વિલાપો કરતું જણાય;

એ પ્રલોભનો વચ્ચે બોધિસત્ત્વ અચળ મેરુ સમાન સુદૃઢ રહે છે. આ જ એનો મારવિજય.

આપણો યાત્રી આ રસદર્શન પામી કલાની મહાન દીક્ષા લે છે. કલા એ જીવનનું ધર્મકાર્ય છે, તે વૈભવ કે ધન પ્રાપ્તિને અર્થે નથી એવો એ દૃઢ સંકલ્પ કરે છે. આવી માનસિક સ્થિતિ પ્રાપ્ત થતાં કલાકાર રસ–સમાધિમાં લીન બને છે. આ અભેદાનુભવમાં જડ–ચેતનના ભેદો વિલીન થાય છે.

આરૂઢ થાતો રસશિખરે તે,
જ્યાં ભેદ ભૂલ્યો જડચેતનાના.

કાવ્યની અંતિમ પંક્તિઓ કલાનિષ્ઠ હૃદયની સાચી વાસના અને કલા પ્રત્યે ઉંડો ભક્તિભાવ પ્રકટ કરે છે અને એમાં અજન્તાની પ્રશસ્તિ પૂરી થાય છે.

> ધર્મધામ, કલાતીર્થ તું વિદ્યાપીઠ વિશ્વની,
> દેજે દેજે કલાદીક્ષા આત્મદેશ ઉજાળવા.
> ઝઝૂમી કાળની સામે યાવચ્ચંદ્ર–દિવાકર,
> ગાજે ગાજે મહાગાથા હિંદના ઇતિહાસની.

કાવ્યમાં વૃત્તની સુયોગ્ય રીતે પસંદગી થઈ છે. ગન્તવ્ય સ્થાને પહોંચવા અધીરા બનેલા યાત્રીની ત્વરિત ગતિ માલિની વૃત્ત દ્વારા વ્યક્ત થાય છે. પ્રથમ ખંડમાં પથિકના અટપટા માર્ગાનુસાર વૃત્તોમાં પણ વારંવાર પલટો થાય છે. બીજા ખંડમાં મુખ્ય છંદ મંદાક્રાંતા ગંભીરતા અને કરુણ-તાના ભાવો પ્રદર્શિત કરે છે. ત્રીજા ખંડમાં વર્ણનને માટે ઉપજાતિ છંદ સફળ રીતે યોજાયો છે. અનુષ્ટુપ્ અને વસંતતિલકા વચ્ચે વચ્ચે વિવિધતા પૂરે છે.

આમ આ કાવ્યની સમીક્ષા પૂરી થાય છે. આ અદ્-ભુત ચિત્રકાવ્ય ગૂજરાતી કાવ્યસાહિત્યમાં એક નવીન દિશા ઉઘાડે છે. આ પ્રકારનાં કાવ્યો અધિકાધિક રચાય તો ગૂજરાતની કવિતા–સામગ્રીમાં બેશક સમૃદ્ધ ઉમેરો થાય."

સ્વ. શ્રી વેણીભાઈ પુરોહિત કે જેઓ એક સમર્થ કવિ અને કાવ્યવિવેચક હતા, તેમણે શ્રી ધીરજલાલભાઈનાં કાવ્યોની સમાલોચના કરતાં આ ખંડકાવ્ય અંગે પોતાનો

ઊંચો અભિપ્રાય દર્શાવ્યો હતો. તે આખી સમાલોચના જાણવા જેવી હોવાથી અહીં ઉદ્ધૃત કરું છું.

'કવિતાનું ગગન અસંખ્ય તારલાઓથી ઝગમગતું હોય છે. અવનીના ગગન જેવી જ કવિતાના ગગનની ગહનતા છે. એ ગગનમાં ઊગેલા કવિતારૂપી તારલાઓના સામુદાયિક ઝગમગાટમાંથી જે તેજ પ્રગટે છે, તે આપણને પુલકિત કરી મૂકે છે.

હૃદયની ઊર્મિઓને, હૃદયના ચિંતન અને હૃદયના અનુભવને કવિતાના ઝરણારૂપે વહાવવાનો પણ આનંદ છે. પોતે જે અનુભવ્યું તે બીજા પણ અનુભવે, એવી ભાવના થતી હોય છે. આજે તો આપણને દુનિયાભરના કવિતા-પ્રવાહનો પરિચય થઈ શકે છે. દરેક દેશને પોતાની કવિતા છે. એ કવિતાની વ્યાખ્યા છે. એ વ્યાખ્યા પણ કાલાનુક્રમે પરિવર્તન પામતી રહે છે. પરિવર્તન વિના પ્રગતિ નથી. પરિવર્તનના વહેણ વિના પરિસ્થિતિ બંધિયાર બની જાય. ગુજરાતી કવિતામાં પણ એવી જ રીતે તબક્કે તબક્કે પરિવર્તનો આવતાં રહ્યાં છે. કવિતાની વિભાવના બદલતી રહી છે. માત્ર છંદોબદ્ધ પદાવલિ એ કંઈ કવિતા નથી. જે ગુરુ છંદ શીખવે, તે કવિ ન પણ હોય. અને છંદ શીખે છે, તે કવિ બની પણ જાય છે. આજે તો અધિકાંશ રચના-ઓમાં કવિતા પોતાનો આવિષ્કાર શોધે છે. કવિતાના આકાર અને પ્રકાર વિશે તબક્કે તબક્કે દરેક દેશમાં મતમતાંતરો જાગ્યાં છે અને એ મતમતાંતરોમાં કાવ્યતત્ત્વ કસોટીએ ચડતું

આવ્યું છે. આમાં કેટલીક કવિતા કદાચ કસોટીમાંથી પાર ઉતરી નહિ હોય, પણ કાવ્યતત્ત્વ તો સંગોપાંગ પાર ઉતરતું આવ્યું છે.

શ્રી ધીરજલાલ ટોકરશી શાહ જાણીતા જૈન વિદ્વાન છે. સર્જન, સંશોધન અને સંવર્ધનની તેમની પ્રવૃત્તિ અનેકદેશીય છે. આમ તો તેઓ એક અચ્છા શતાવધાની તરીકે સુવિખ્યાત છે, પણ શતાવધાનીપણું એ જુદી વાત છે અને કવિતા એ નિરાળો પ્રદેશ છે. બહુ ઓછા સદ્ભાગીઓને વિવિધ પ્રતિભા વરી હોય છે. શ્રી ધીરજલાલ ટોકરશી શાહના હૃદયમાં શતાવધાની તરીકેની સ્મૃતિની ગાણિતિક પ્રતિભા તો છે જ, પણ સાથે સાથે કવિતાનું પાતાળઝરણું પણ વહ્યા કરે છે.

આ કંઈ આજની વાત નથી. છેક ૧૯૩૧ માં "અજંતાનો યાત્રી" નામક તેમનું એક ગણનાપાત્ર ખંડકાવ્ય પ્રગટ થયું, ત્યારથી આજ સુધી તેઓ અવાર-નવાર કવિતા દ્વારા પોતાની ભાવના વ્યક્ત કરતા આવ્યા છે. ગુજરાતી સાહિત્યમાં જે પંડિતયુગ તરીકે ઓળખાય છે, તે અરસાના કાવ્યસર્જનની પ્રણાલીને શ્રી ધીરજલાલભાઈ એ અદ્દલ-અદ્દલ અપનાવીને આ ખંડકાવ્ય રચ્યું છે. તેમાં છંદોવૈવિધ્ય પણ ભાવવૈવિધ્યની સાથોસાથ આપ્યું છે. અજંતાની ગુફાઓ પર સમયના થર જામ્યા અને ત્યાં વનરાજી વગેરે એવાં ઊગી ગયાં કે આ બૌદ્ધકાલીન કલાધામ તેમાં ઢંકાઈ ગયું. ઇતિહાસના વારાફેરામાં આવડા અદ્ભુત શિલ્પધામની

સુંદરતા સુરક્ષિત રહેવા માટે જ જાણે ઢંકાઈ ગઈ. કાલાંતરે "એક અંગ્રેજી લશ્કરી અમલદારના પરિભ્રમણમાંથી એકાએક" આ કલાનો વારસો આપણી પ્રજાને જાણે પુનરપિ પ્રાપ્ત થયો.

"અજન્તાનો યાત્રી" નામક આ ખંડકાવ્ય પ્રગટ થયું, તેના પ્રવેશકમાં શ્રી રતિલાલ મોહનલાલ ત્રિવેદીએ આ કવિતાની, સંસ્કૃતિની અને બૌદ્ધકાલીન કલાપ્રાગટ્યની તવારીખી ખૂબીઓ સુપેરે સમજાવી છે.આ પ્રવેશક પોતેજ શ્રી ધીરજલાલ ટોકરશી શાહના કાવ્યસર્જનની કેવી પ્રતિભા છે, તે દર્શાવી દે છે. અને ખરેખર, "અજન્તાનો યાત્રી" એ ખંડકાવ્યના પ્રકારનું નોંધપાત્ર અર્પણ છે. છંદ પરનું પ્રભુત્વ, છંદ દ્વારા ભાવ પ્રમાણે નિરૂપણ એ બધું શ્રી ધીરજલાલ ટોકરશી શાહના અભ્યાસનો પરિચય કરાવે છે. "અજન્તાનો યાત્રી" એ તેમનું ઉત્તમ સર્જન છે. એમાં શબ્દચિત્રો, અને ભાવચિત્રોનો સુભગ સંગમ છે. અજંતાના અજાણ્યા બૌદ્ધકાલીન શિલ્પીઓએ જે કલા કંડારી, જે શૈલી પ્રગટ કરી, જે સમર્પણ કર્યું, તે બધું શ્રી ધીરજલાલ ટોકરશી શાહે પોતાના શબ્દશિલ્પમાં પ્રગટ કર્યું છે. આ ગુજરાતી કાવ્યનો સંસ્કૃતમાં અનુવાદ પણ પ્રગટ થયો છે. અજંતાના શિલ્પો જોઈને એક મુસ્લિમ ક્યુરેટરે એક ગઝલ લખી હતી. તે ગઝલ પૂરી તો યાદ નથી, પણ આ શિલ્પકારોને અંજલિ આપતાં લખેલી છેલ્લી પંક્તિ આજેય યાદ છે. તેણે એ શિલ્પકારો માટે કહ્યું કે "જિયે ભી કામ કે લિયે, મરે ભી કામ કે

લિયે" આ પહેલાં આ શેરની ઉપલી પંક્તિ હતી, તેમાં હતું કે તેઓએ આ બધું કર્યું છે, પણ પોતાના નામ માટે નહિ.

"અજન્તાનો યાત્રી" ઉપરાંત તેમણે અન્ય રચનાઓ પણ કરી છે. આ રચનાઓ જોતાં શ્રી ધીરજલાલ ટોકરશી શાહનું છંદો પરનું પ્રભુત્વ તુરત પરખાઈ આવે છે. વર્ણનછટાનો મહાવરો જણાઈ આવે છે. પ્રાસાનુપ્રાસની ચીવટ જોઈ શકાય છે. ગેય રચનાઓમાં કવિ નાનાલાલની આછી આછી અસર સ્વાભાવિક રીતે જ આવી ગઈ છે, કારણ કે કવિ નાનાલાલ પોતાના જમાના પર ત્યારે છવાઈ ગયા હતા. એમનું શબ્દલાલિત્ય, ડોલન, મંજુલતા અને લયછટા ગુજરાતી સાહિત્યમાં આગવું સ્થાન ધરાવે છે.

આ પ્રકીર્ણ નાની નાની છંદોબદ્ધ અને ગેય રચનાઓ દ્વારા શ્રી ધીરજલાલભાઈએ ધર્મભાવના, સદ્ભાવના સદ્બોધ, પ્રાર્થના અને ફિલસૂફીનું ચિંતન-મનન વહાવ્યું છે. તોટક, શિખરિણી, અનુષ્ટુપ, ઉપજાતિ, વસંતતિલકા અને હરિગીત જેવા છંદો, દોહરા, પદ, ગરબી વગેરે માત્રામેળ રચનાઓ પર હાથ અજમાવ્યો છે.

રચનાઓમાં રાષ્ટ્રભકિત પણ છે. માનવપ્રેમ, પ્રભુપ્રત્યેની શ્રદ્ધા, પ્રકૃતિપ્રેમ, પંખી, પુષ્પો, ગિરિવર, સરોવર, સાગર, સરિતા, ઝરણાં, વનરાજિ વગેરેનાં શબ્દાલેખનો શ્રી ધીરજલાલભાઈની આ રચનાઓમાં જોવા મળે છે. "શરણાઈ અને ઢોલ" નામની કૃતિમાં દલપત શૈલિની છટા છે. એકાદ

ઉર્દૂ કૃતિ પણ તેમણે અજમાવી છે. આ ઉપરાંત ઉખાણાં છે, પ્રહેલિકા છે, બહિર્લાપિકા છે.

"અજન્તાનો યાત્રી" માં જેમ ભાષાની પ્રશિષ્ટતા છે, તેમ આ પ્રકીર્ણ રચનાઓમાં ભાવની સરળતા અને વર્ણનની પ્રાસાદિકતા છે. કવિતાભક્તિ ક્યાંક ક્યાંક કાલી-ઘેલી છે, પણ તેની સચ્ચાઇ વિશે શંકા નથી. નિષ્ઠા નીતર્યાં નીર જેવી છે. કલાનું કોઈપણ સ્વરૂપ હોય, તેના ભૌતિક હેતુ ગમે તે હોય, પણ તેનો આધ્યાત્મિક ઉદ્દેશ તો પરમાર્થને પ્રાર્થવાનો અને પરમાર્થને પામવાનો છે.

શ્રી ધીરજલાલભાઇની કવિતા કેવી આશાવાદી છે, કેવી સમથલ છે, કેવી પ્રૌઢ છે; કેવી સ્વસ્થ છે, તે તેમની બે પંક્તિમાંથી આપોઆપ સમજાય છેઃ—

વિશ્વમાં સઘળે રસ ભર્યો છે, એક અખંડ અપાર;
ધીરજથી રસપાન કરંતાં, રસ ભર્યો સંસાર.

ઘણી મોટી વાત તેમણે કહી દીધી છે. માનવીને જો પીતાં આવડે તો માત્ર જીવનમાં જ નહિ, સમગ્ર વિશ્વમાં બધે જ રસઝરણાં વહે છે. એ ઝરણાં એકધારાં છે, અખંડ છે અને અપાર છે. જીવનની તડકી છાંયડી વચ્ચેથી ધૈર્ય-પૂર્વક પસાર થઈએ અને રસનું પાન કરીએ તો સંસાર રસભર્યો બની જાય. આ દૃષ્ટિ અનુભવમાંથી જન્મેલી છે. એમની રચનાઓની સરળતામાં સૂક્ષ્મતાના ઝબકારા જોવા મળે છે. જીવનને જોવાનો અને જીવનને જીવવાનો વ્યવ-હારધર્મી, ચિંતનધર્મી બોધ શ્રી ધીરજલાલભાઈની કવિતામાં જાણે પરમાર્થભાવે પ્રગટ્યો છે.

એમની જ એક પંક્તિ છે :–

"નિજ સ્થાને રહીને નિરખો રે
તો પાણીડાં અપરંપાર."

જીવનમાં નિજ સ્થાન શોધવું એ જ મુશ્કેલ કામ છે. સ્થાન તો મળી જાય, પણ નિજ સ્થાન મળવું સહેલું નથી. નિજસ્થાન મળ્યા પછી બધી તરસ મટી જાય છે, તદાકાર થઈ જવાય છે. આ નિજસ્થાન તપ, ભક્તિ અને જ્ઞાનથી મળે છે. ધીરજલાલભાઈની કવિતામાં આવો જ્ઞાનાનંદ પણ ઝગારા મારે છે.

પોતાની કવિતાના ગગનમાં પાંખો પસારીને તેમણે ઉડ્ડયન કર્યું છે. જેટલી ઊંચાઈએ પહોંચી શકાય તેટલી ઊંચાઈને તેઓ આંબી ગયા છે. ઊંચાઈને આંબવાની લગની પણ એક સાધકની કવિતા છે. **શ્રી ધીરજલાલ ટોકરશી શાહની કાવ્યરચનાઓમાં સાધક અને બોધક તત્ત્વનો સમન્વય છે.'**

શ્રી ધીરજલાલભાઈની કાવ્યોની આ બે સુંદર સમાલોચનાઓ અહીં રજૂ કર્યા પછી, મારે તેમાં કંઈ ઉમેરવાનું રહેતું નથી.

[ ૧૩ ]

# પ્રવાસપ્રિયતા

હવે શ્રી ધીરજલાલભાઈની પ્રવાસપ્રિયતાનો પરિચય કરીએ. તેમની પ્રવાસપ્રિયતાએ તેમને સાહસિક, નિર્ભય અને ખડતલ બનાવેલા છે તથા તેમના જ્ઞાન અને અનુભવની ક્ષિતિજો વિસ્તારેલી છે. 'કુદરત અને કલાધામમાં વીશ દિવસ' 'જલમંદિર પાવાપુરી' 'અજન્તાનો યાત્રી' તથા 'પાવાગઢનો પ્રવાસ' એ તેમની કૃતિઓ, તેમની આ પ્રવાસપ્રિયતાને આભારી છે. વિશેષમાં તેમણે વિદ્યાર્થી-વાચનમાલામાં ભારતના સૌન્દર્યસ્થાનો તથા ઐતિહાસિક સ્થલો આદિનો પરિચય આપવાનો જે નિર્ણય લીધો, તેની પાછળ પણ તેમની પ્રવાસપ્રિયતાએ જ કામ કરેલું છે. તેઓ એમ માનતા હતા કે જીવનનું સુયોગ્ય ઘડતર કરવા માટે પ્રવાસ પણ એક સુંદર સાધન છે. અને તે પગપાળા કરવામાં આવે તો વિશેષ લાભદાયી થાય છે; તેથી તેઓ પ્રવાસ-પ્રેમી બન્યા હતા અને જ્યારે પણ તક મળે ત્યારે નાનો–મોટો પ્રવાસ કરવાનું ચૂકતા નહિ.'

છાત્રાલયમાં રજાઓ પડતી ત્યારે છાત્રોને પ્રવાસે લઈ જવામાં આવતા. આ રીતે તેમણે ગૂજરાત, સૌરાષ્ટ્ર અને

રાજસ્થાનના કેટલાક ભાગોનો પ્રવાસ કરેલો, પરંતુ તેમાં મોટા ભાગે તીર્થયાત્રાઓ જ કરેલી. ત્યાર પછી તેઓ શ્રી જયકૃષ્ણ પુરાણીના પરિચયમાં આવ્યા કે જેઓ એ વખતે અમદાવાદ–સારંગપુરમાં એક અખાડો ચલાવતા હતા. તેમની મંડળી સાથે તેમણે અમદાવાદથી પગે ચાલીને પાવાગઢ સુધીનો પ્રવાસ કર્યો. એ પ્રવાસમાં તેમને ઘણો આનંદ આવ્યો અને શારીરિક–માનસિક ખડતલતા કેળવવાની તક પણ મળી.

ત્યાર પછી એક જ વર્ષે કેટલાક વિદ્યાર્થીમિત્રોને સાથે લઈને અમદાવાદથી ઈડર સુધી રેલ્વેમાં અને ત્યાંથી પગપાળા કેસરિયાજી સુધીનો પગપાળા પ્રવાસ કર્યો. તેમાં મોટા ભાગે ડુંગરો ખુંદવાના હતા, ખીણો પસાર કરવાની હતી, જાતે રસોઈ કરવાની હતી અને પોતાનો સામાન પોતાને જ ઉચકવાનો હતો. આ વખતે યોગાનુયોગ શ્રી ધીરજલાલભાઈના હાથે ખસના મોટા ફોલ્લાઓ નીકળ્યા હતા, પણ તેમણે પ્રવાસ કરવાનો પોતાનો વિચાર માંડી વાળ્યો ન હતો. બે હાથ ઝોળીમાં રાખીને તેઓ રોજ પંદરથી વીશ માઈલનો પ્રવાસ કરતા હતા. ખભે પોતાનો પાંચ કીલો જેટલો સામાન પણ ખરો.

તેમણે કેશરિયાજીની યાત્રા કર્યા પછી બીજા જ દિવસે ખસના બધા ફોલ્લાઓ સૂકાઈ ગયા હતા અને ત્યારપછી બે જ દિવસમાં તેમના હાથ પૂર્વવત્ કામ કરતા થઈ ગયા હતા. આને ચમત્કાર કહીએ તો ચમત્કાર અને અપૂર્વ ઘટના

કહીએ તો અપૂર્વ ઘટના, પણ તેણે શ્રી ધીરજલાલભાઈના હૃદયમાં શ્રદ્ધારૂપી અમૃતનું સિંચન કર્યું હતું.

કેશરિયાજીથી તેઓ શામળાજીના રસ્તે પાછા ફર્યા હતા અને નજીકના રેલ્વે સ્ટેશનથી અમદાવાદ પાછા ફર્યા હતા. આ પ્રવાસનું ખર્ચ જણ દીઠ રૂપિયા ૭–૫૦ જેટલું આવ્યું હતું, જે પાઠકને આશ્ચર્ય ઉપજાવ્યા વિના રહેશે નહિ. પરંતુ એ વખતે ગાડીભાડું સસ્તું હતું અને રોજનો ખાવાનો ખર્ચ જણ દીઠ ત્રણ આનાથી વધારે આવતો ન હતો. બીજું તો કંઈ પરચુરણ ખર્ચ કરવાનું જ ન હતું. સહુએ સવા રૂપિયો શ્રી કેશરિયાજીના ભંડારમાં નાખ્યો હતો.

શ્રી ધીરજલાલભાઈનું એવું મંતવ્ય હતું કે શ્રીમંતના છોકરાઓ ગમે તેટલો ખર્ચાળ પ્રવાસ કરે તો તેમને પરવડે, પણ ગરીબ મા–બાપના છોકરાઓએ તો બને તેટલો કર-કસરિયો પ્રવાસ જ કરવો જોઈએ. નહિ તો તેઓ પ્રવાસથી વંચિત રહે, અને એ રીતે તેમના જીવન–ઘડતરમાં એક જાતનો અંતરાય ઊભો થાય, જે ઈચ્છવા યોગ્ય નથી. તેમના ત્યાર પછીના પ્રવાસોમાં પણ આજ સિદ્ધાંત જાળવવામાં આવ્યો હતો.

ત્યાર પછી તેમણે વિદ્યાર્થીઓને લઈ પાવાગઢ–સુર-પાણેશ્વરનો પ્રવાસ કર્યો, તે ઘણો રોમાંચક હતો, કારણ કે તેઓ પાવાગઢથી પગ રસ્તે પહાડો અને જંગલો ઓળંગતા નર્મદા કિનારે પહોંચ્યા હતા અને રસ્તામાં રાની પશુઓનો ભય ઘણો હતો.

ગૂજરાત વિદ્યાપીઠની વિનીત પરીક્ષા આપ્યા પછી તેમણે ચાર મિત્રો સાથે કાશ્મીરનો અઠાવીશ દિવસનો પ્રવાસ કર્યો હતો. આ વખતે તેઓ રસોઇ જાતે બનાવતા હતા, કારણ કે ત્યાં શાકાહારી હોટેલની સગવડ ન હતી અને કદાચ સગવડ હોત તો પણ તેનો ખર્ચ કરવાની તૈયારી ન હતી. બધો ખર્ચ કરકસરથી કરવાનો હતો, આમ છતાં તેઓ આઠ દિવસ સુધી એક ફર્સ્ટક્લાસ બોટ ભાડે રાખીને દાલ સરોવરમાં રહ્યા હતા અને તેની આસપાસ પથરાયેલી પ્રકૃતિનું તેમણે રસપાન કર્યું હતું. આ પ્રવાસનાં સંસ્મરણો આજે પણ તેમને ભાવવિભોર બનાવી જાય છે. આ પ્રવાસમાંથી પાછા ફરતાં તેમણે તક્ષશિલાનાં ખંડેરો તથા અમૃતસર, હરદ્વાર, લક્ષ્મણઝુલા, દિલ્લી, આગરા વગેરે સ્થાનો જોયાં હતાં.

શ્રી ધીરજલાલભાઈ શેઠ ચી. ન. વિદ્યાલયમાં શિક્ષક હતા, ત્યારે દશ સાથીઓ સાથે એક મહાન અદ્ભુત પ્રવાસ કર્યો હતો. તેઓ અમદાવાદથી રેલ્વેમાં બીલીમોરા થઈ કાલાઆંબા સ્ટેશને પહોંચ્યા હતા અને ત્યાંથી તેમણે પગપાળા ડાંગનાં જંગલોનો સાહસિક પ્રવાસ શરુ કર્યો હતો. તેમણે આ પ્રદેશનું સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું હતું અને ત્યાં વસતી કાળી પરજના રીતરિવાજો, તેમની ભાષા, તેમનાં ગીતો તથા તેમનાં નૃત્યો આદિનો પણ પરિચય મેળવ્યો હતો. આ જંગલો પાર કરી તેમણે સપ્તશ્રૃંગના પહાડની યાત્રા કરી હતી કે જ્યાં સપ્તશ્રૃંગ દેવીનું મંદિર આવેલું છે. ત્યાંથી નાશિક

થઈ દૌલતાબાદ પહોંચ્યા હતા, તેનો પ્રસિદ્ધ કિલ્લો જોયો હતો, ત્યાંથી ઇલુરાનાં ગુફામંદિરો જોઈ પગ રસ્તે ચાલતાં અજન્તાની ગુફાઓ આગળ પહોંચ્યા હતા અને તેનું નિરીક્ષણ કરતાં અત્યંત આનંદ અનુભવ્યો હતો. ત્યાંથી ખંડવા, ૐકારેશ્વર અને મોરટકા વગેરે સ્થળે થઈ તેઓ અમદાવાદ પાછા ફર્યા હતા. કુલ ૨૦ દિવસનો આ પ્રવાસ અત્યંત સંસ્મરણીય બન્યો હતો. તેનું વર્ણન તેમણે '**કુદરત અને કલાધામમાં વીશ દિવસ**' નામના તેમના ગ્રંથમાં કરેલું છે. તેમાંનું 'નર્મદાનાં નીર પર'નું એક પ્રકરણ અહીં રજૂ કરું છું, જે શ્રી ધીરજલાલભાઈની પ્રવાસપ્રિયતા તથા તેમની સૂક્ષ્મ નિરીક્ષણશક્તિનો પૂરે પૂરો ખ્યાલ આપી જશે.

## નર્મદાનાં નીર પર

'અહીંથી આગળ વધતાં રમતીઆળ નર્મદાનું ભવ્ય દૃશ્ય નજરે પડ્યું. પટ વિશાળ થયો. તેના કિનારાના લાલ ખડકો દૂર ગયા. પાણી પર પડતો સૂર્યનો પ્રકાશ એક લીસોટા જેવો જણાવા લાગ્યો.

નદીનાં નીલવર્ણાં પાણી તરફથી એની તરફ આગળ વધતાં **तमसो मा ज्योतिर्गमय** ની પ્રાર્થના સફળ થઈ હોય તેમ લાગતું હતું. થોડીવારમાં બહુરૂપીની જેમ નર્મદા સ્વરૂપ બદલવા લાગી. પાણીનાં ઉંડાણનું ઠેકાણું નહિ. કોઈ સ્થળે તેનું પાણી બે વાંસ જેટલું ઊંડું, તો કોઈ સ્થળે કેડસમાણું. પણ જ્યાં એ કેડ-સમાણું પાણી છે, ત્યાં વેગ

ઘણો જ છે. પાણી ખડકો પરથી ઝપાટાબંધ ધસારો કરતું નીચે ચાલ્યું આવે છે. બીચારી હોડીની શી તાકાત કે એમાં ચાલી શકે ? આવા વખતે ખલાસીઓ નીચે ઊતરતા ને કેડે દોરડું બાંધીને હોડીને આગળ ધકેલતા; તે વખતે ઊંચી થતી હોડીમાં સાચવવું પડતું. કોઈ કોઈ સ્થળે બે ખલાસીઓ કિનારે ચાલતા ને હોડીને દોરડું બાંધીને ખેંચતા. ઘડીએ ઘડીએ આવતા ચઢાવ પરથી એમ લાગતું કે નર્મદાએ પહાડોને કાપીને અંદરથી પગથિયાં કર્યાં છે. પહાડ કાપવામાં તેણે પાછું વાળીને જોયું જ નથી. ઊંચો પહાડ આવો કે નીચો પહાડ આવો, અથવા કઠણ પહાડ આવો કે પોચો પહાડ આવો, દરેકને એણે કાપી જ નાખ્યા છે.

શરૂઆતમાં બન્ને બાજુ લાલ ખડકો આવ્યા, તેના પર સૂકાં નિષ્પર્ણ ઝાડો જણાતાં હતાં. પછી કાંઈક સ્વરૂપ બદલાયું. ખડકોને બદલે ડુંગર જણાવા લાગ્યા ને ચાકી નામનો એક દુર્ગમ ચઢાવ આવ્યો. મહામહેનતે હોડી એના ઉપર ચઢાવીને આગળ વધ્યા. પ્રવાહ શાંત લાગતો ત્યાં ખલાસીઓ કાંઈપણ મહેનત કર્યા સિવાય બેસતા ને આરામ લેતા. લગભગ અર્ધા રસ્તે વખતગઢ નામનું એક ગામ આવ્યું. અહીંથી ઢોરોને નદી પાર કરાવતા હતા, જે દૃશ્ય પહેલવહેલું જોયું. પા માઈલથી અર્ધા માઈલ જેટલો પટ ને પાણી ખૂબ ઊંડું, છતાં ઢોરો તરતાં તરતાં જતાં હતાં. ખડક પર નહાવા ઊભેલા ભીલ નર્મદાજીના શ્યામ

ખડક ને શ્યામ પાણીમાં ભળી જવાથી મહામુશ્કેલીથી કળી શકાતા.

વખતગઢ પછીથી નર્મદાની શોભા એકદમ વધતી ગઈ. થોડે દૂર જતાં કમલેતર નામનો આકરો ચઢાવ આવ્યો. આગળના ચઢાવની જેમ અહીં પણ ખૂબ મહેનતથી હોડીને ઉપર ચઢાવી; અહીં નર્મદાજીનું ભવ્ય સ્વરૂપ જોઈ સહુ મુગ્ધ બની ગયા.

ધીમે ધીમે નર્મદા પોતાનો પટ સંકેલવા લાગી ને ગહનતા વધારવા લાગી. આજુબાજુના ખડકો વધારે નિકટ અને ઊંચા થવા લાગ્યા. જાણે કોઈ દુર્જય કિલ્લાની પાણી ભરેલી ખાઈમાં ફરતા હોઈએ એવો ઘડીભર ખ્યાલ આવ્યો. તાણની તો હદજ ન હતી. ખડકો પણ કિલ્લાની દિવાલ જેવા જ બની ગયા હતા. તેમાં જળપ્રવાહથી સુંદર કોતરકામ થયું હતું. જાણે સાક્ષાત્ કોઈ મંદિરની કોતરણીવાળી દિવાલ જ ન હોય! તેના મથાળે ઘાસ સરખુંયે દેખાતું ન હતું, એટલે ખડકોની અત્યંત કઠોરતા જણાઈ આવતી હતી. વખતે વખતે એ ખડકમાં ખાડા આવતા હતા ને તેમાં પક્ષીઓએ માળા નાખેલા જણાતા હતા. વિધવિધ રંગનાં પક્ષીઓ કોઈ યુગલસહિત તો કોઈ એકલા નજરે પડતા હતા. આ વિષયના અભ્યાસીને તો એમાંથી ઘણું જ જાણવાનું મળે એમ છે.

ધારડી અથવા ધારાક્ષેત્ર માઈલેક દૂર રહ્યું, એટલે ઝપાટાબંધ જતો મેઈલ ટ્રેઈન જેવો અવાજ સંભળાવા

લાગ્યો. પાણીમાં ફીણનાં વમળ વધારે જણાવા લાગ્યાં. પ્રવાહ ખૂબ સાંકડો થવા લાગ્યો. એમ કરતાં લગભગ ચાર વાગે ધારાક્ષેત્ર આવી પહોંચ્યા. હોડીઓ નીચેના ભાગમાં છોડી અમે કિનારે ઉતરી પડ્યા. અહીં પટ ૧૮ થી ૨૦ વાર જેટલો પહોળો છે.

ધારાક્ષેત્ર નામ લાક્ષણિક છે. નર્મદાજી એકદમ ધસારાબંધ ઊંચા ખડકની દિવાલને કાપી તેમાંથી નીચે પડે છે. જળપ્રવાહ એકસામટો પડવાને બદલે અનેક ધારાઓમાં વહેંચાઈ જાય છે, એથી એનું સૌંદર્ય વધી જાય છે. નર્મદાએ ખડક કાપવામાં ખૂબ કરામત કરી છે, એટલે ધોધના મથાળે એક વાર અને અંદરથી દશબાર વાર જેટલી પહોળાઈ છે. આથી જળધોધના એક છેડેથી ફરી બીજા છેડે જવાય છે ને અંદરથી વેગબંધ પડતું પાણી જોવાની મજા પડે છે. પાણીની જગાએ કેવળ દૂધ જેવું ફીણ જ જણાય છે, જેના ઝીણાં ઝીણાં ફોરાં ખૂબ દૂર સુધી ઉડી પ્રેક્ષકને ન્હવરાવી દે છે. એનો ઘુઘવાટ ઘડીભર ભલભલાની છાતીને ધ્રૂજાવી દે એવો છે.

અમે એક ધારા પરથી કૂદતા સાવચેતીપૂર્વક બીજી ધારાપર ગયા ને બીજી ધારાથી ત્રીજી ધારાપર ગયા. એમ કેટલીએ ધારાઓ ફરી વળ્યા. સાહસ કરીએ છીએ એમ અમને લાગતું હતું, પણ તે કરવાને નીકળ્યા જ હતા. નીચે પાણીનું ઉંડાણ લગભગ ત્રણ વાંસ જેટલું હતું. ઉપર વિશાળ પટ ખડકોથી ભરેલો જણાતો હતો. તેમાં પણ

નર્મદાએ ખૂબ ખૂબી કરી છે. ખડક સીધા કાપવાને બદલે કૂવા જ બનાવી દીધા છે, ને તે પણ ઉપરથી સાંકડા ને અંદરથી પહોળા, એની અંદર ઘસડાઇને આવેલા પત્થરો અહીં ચક્કર ચક્કર ફરીને ગોળ બની જાય છે. આવા અસંખ્ય ગોળ પત્થરો અહીં પડેલા જણાય છે.

નર્મદાની પરકમ્મા કરનારા સાધુઓ એને ઉઠાવી લે છે ને મહાદેવજી કે શાલીગ્રામ તરીકે તેની સ્થાપના કરે છે. ભૂસ્તરવિદ્યાના જાણકારોને એમાં પત્થરની અનેક કિમ્મતી જાતો જણાઈ છે.

આ સ્થળ ધાર સ્ટેટની હદમાં છે. એનો પ્રભાવ એવો છે કે ગમે તેટલું જોઈએ તો પણ ફરી ફરીને જોયા કરવાનું મન થયા જ કરે. એની જુદી જુદી ઘણી બાજુએ ફર્યા ને જોઈ શકાય એટલી રીતે એ દેખાવ જોયો.

હવે એક ખડક ઉપર રાંધવાની શરૂઆત કરી. ચૂલો બનાવવામાં ને ચટણી વાટવામાં ત્યાંના પત્થરોએ સહકાર આપ્યો. બળતણ રેવાજીએ પોતાના પૂરમાં આણેલાં લાકડાનું તૈયાર રાખ્યું હતું. પછી રસોઈ બનતાં શી વાર? આજની ખીચડી ને ચટણી ખૂબ સ્વાદિષ્ટ લાગ્યાં. ખલાસીઓ પણ રાંધીને જમ્યા. પછી સાડા છના સુમારે હોડી પાછી હંકારી. સામા પૂરે ચાલવા કરતાં પૂરની સાથે ચાલવામાં વધારે સાચવવાનું હતું. સઢ ઉતારી નાખ્યો ને હોડી એમને એમ ચાલવા લાગી. વાંસ ને હલેસાંથી તેનું નિયંત્રણ થતું હતું. સાયંકાળના શીતળ પવનની લહરિઓ પાણી

પર થઇ ને આવતી હતી, એટલે વિશેષ શીતળ લાગતી હતી. રાત્રિ થતાં ચંદ્રનો ઉદય થયો ને પાણી રજતરસથી રસાઈ ગયું. એ ચાંદનીમાં કરેલી હોડીની સહેલ કદી વિસરાશે નહિ. પહાડની એકાંત, રાત્રિનો સમય, તેમાં શાંતિપ્રદ ચાંદની. મનપર આ સમયની અજબ અસર થતી હતી. આધિ, વ્યાધિ ને ઉપાધિથી ભરેલા જીવનનો સઘળો સંતાપ અહીં દૂર થતો હતો. ભર્તૃહરિએ હિમગિરિની શિલાપર ધ્યાન ધરી પરમ શાંતિ પામવાની ઇચ્છા પ્રદર્શિત કરી હતી, તેવી ઇચ્છા હરકોઈ મુમુક્ષુને અહીં પણ થાય તેમ હતી.

સાથીઓ એક પછી એક સહુ નિદ્રાધીન થયા. હું આ સૌંદર્યનો લાભ ચૂકી નિદ્રા લઈ શકતો ન હતો. સાથે જ બધાની દેખરેખ રાખવાની જોખમદારી હતી. હોડી મધરાતે એક ખડક આગળ નાંગરીને ખલાસીઓ એક ખડકપર ચડી સૂઈ ગયા.

રાત્રિ શમશમાકાર વહી જતી હતી. નર્મદાજીનાં નીર ખડકો સાથે અથડાઇને ધીમાં ધીમાં ગાન કરતા હતાં. એ પાણીમાંથી વખતે વખતે જળચર પ્રાણીઓ ડોકિયા કરતાં ને પાછાં પાણીમાં મગ્ન થઈ જતાં. નર્મદાજીમાં સ્થળે સ્થળે મગરોનો વાસ છે એ હું જાણતો હતો, એટલે તેનું અચાનક આગમન ન થાય એની સાવધાની રાખતો હતો. મારી આ મૂર્ખતાભરી સાવધાનીથી જાણે આજુબાજુના ખડકો ભયંકર હાસ્ય કરવા લાગ્યા ને તેમની મૂંગી વાણીમાં કહેવા લાગ્યા :

'ઓ પ્રકૃતિના ખોળે વિહાર કરવા નીકળેલા મનુજબાળ! આટલી અશ્રદ્ધા ને આટલો અહંભાવ શાને ધરે છે? શું માતા પ્રકૃતિ કોઈનું પણ આયુષ્ય સમય થયા પહેલાં લઇ લે એવી બેવકૂફ ધારે છે? અને ધાર કે એ સમય પહેલાં આયુષ્ય હરણ કરવાનો વિચાર કરશે તો તું એને ખાળનાર કોણ છે? એની વિરાટ શકિત આગળ તારું સામર્થ્ય ને તારી શકિત શી વિસાતમાં છે? જો તને આ રક્ષા કરવાને કર્તવ્યબુદ્ધિ પ્રેરતી હોય તો રક્ષા કર, પણ અંદરથી અહંભાવ ખેંચી લે.' હું તો ઘડીભર એમની એ મૂંગી વાણી સાંભળી દિઙ્મૂઢ બની ગયો. અહીં વસતા મહર્ષિઓના સહવાસથી તો આ તત્ત્વજ્ઞાન નહિ સાંપડયું હોય એમ ઘડીભર વિચાર આવ્યો ને વિજળીના ચમકારાની જેમ અદૃશ્ય થઈ ગયો. લોઢાને જેમ પારસમણિ અડતાં તેનું રૂપ જ બદલાઈ જાય, તેમ આ વિચારધારાથી મનની સ્થિતિ જ પલટાઈ ગઈ. ભય ને રક્ષા, સુખ ને દુ:ખ, હર્ષ ને શોક એ સર્વ માનસિક સંવેદન માત્ર છે. એ સંવેદનથી પર થઇએ તો એમાંનું કાંઇ નથી. અને મૃત્યુ બિચારૂં કોણ છે? તેને મહત્વ આપીયે તોજ તેની મહત્તા છે, નહિતર આત્માના શાશ્વત રાજ્યમાં એ શું ખલેલ કરી શકે તેમ છે? રક્ષા કરવાનો વિચાર ગળી ગયો. ભય ને જોખમદારીના તર્કો પણ લુપ્ત થઈ ગયા. એકાએક હોડીમાંથી ઊભો થયો. કિનારાના ખડક પર ઉતર્યો. તરતજ ખળખળ કરતું કોઈ પ્રાણી ખડક પરથી પાણીમાં ધસી પડયું. છાતી ધબકવા લાગી. "અરે! ક્ષણુ પહેલાંના વિચારો કયાં ગયા? ફરીથી

ભયગ્રસ્ત થયો ? ” આત્માની ઊંડાણમાંથી કોઈ બોલ્યું. ફરી હિમ્મત આવી ને આગળ વધ્યો. એક ઊંચા ખડક પર ચઢી ચારે બાજુ દૃષ્ટિ ફેંકી. આ ક્ષણે માનસે જે સ્થિતિ અનુભવી, તેનું વર્ણન વાણીથી થઈ શકે એમ નથી.'

સને ૧૯૩૨ માં તેમણે બ્રહ્મદેશ જોયાં પછી શાન સ્ટેટનો પ્રવાસ કર્યો અને ત્યાંથી યુનાન ચીનની સરહદ પર પહોંચી ભયંકર જંગલોમાં ત્રણ દિવસ પગપાળા પ્રવાસ કર્યો. તે ઘણો જ સાહસિક હતો. એ વખતે તેમની સાથે શ્રી વાડીલાલ કેશવજી શાહ નામનો તેમનો એક વિદ્યાર્થી હતો. આ પ્રવાસમાં તેમણે એક નાનો કેમેરા સાથે રાખ્યો હતો અને તેનાથી તેઓ કેટલાંક પ્રાકૃતિક દૃશ્યો ઝડપતા હતા, પણ એ કેમેરા તેમને આફતરૂપ પુરવાર થયો હતો.

એ વખતે જાપાની લોકો આ પ્રદેશની ખાનગી સર્વે કરતા અને તેના ફોટા લેતા, એટલે બ્રિટિશ સરકારનો સખ્ત હુકમ હતો કે કોઈ અજાણ્યા માણસને અહીં આવવા દેવો નહિ કે કોઈ સ્થાનના ફોટા પાડવા દેવા નહિ.

રસ્તામાં મીલીટરીના ચોકીદારોનો ભેટો થયો- શ્રી ધીરજલાલભાઈના હાથમાં કેમેરો જોઈ તેઓ તેમને અધિકારી પાસે લઈ ગયા.

અધિકારીએ તેમને પૂછ્યું: ‘ અહીં કેમ આવ્યા છો ?’

શ્રી ધીરજલાલભાઈએ કહ્યું: ‘ કુદરતનાં દૃશ્યો જોવાં.’

અધિકારીએ પૂછ્યું: ‘ અહીં જોવા જેવું શું છે ?’

શ્રી ધીરજલાલભાઈએ કહ્યું: 'ઘણું બધું: અહીંના પહાડો, જંગલો, ઝરણાં, પશુ–પક્ષીઓ બધું જોવા જેવું છે.'

અધિકારીએ પૂછ્યું: 'તમે આ કેમેરો તમારી પાસે શા માટે રાખ્યો છે?'

શ્રી ધીરજલાલભાઈએ કહ્યું: 'પ્રાકૃતિક દૃશ્યોને ઝડપી લેવાં.'

અધિકારીએ કહ્યું: હું, 'હું બધું સમજું છું. અહીં આવવાનું ખરું કારણ જણાવી દો, નહિ તો તમને હમણાં જ જેલ ભેગા કરી દઉં છું.'

શ્રી ધીરજલાલભાઈએ કહ્યું: 'અહીં આવવાનું ખરું કારણ તમને જણાવી દીધું છે. છતાં તમને ખાતરી ન થતી હોય તો જુઓ મારી પાસેનું પ્રમાણપત્ર.' શ્રી ધીરજલાલભાઈએ અમદાવાદથી આ પ્રવાસ શરૂ કરતાં પહેલાં ત્યાંના મેજીસ્ટ્રેટ પાસેથી સાચા પ્રવાસી ( Banafide traveller ) તરીકેનું પ્રમાણપત્ર લઈ લીધું હતું. આ પ્રમાણપત્ર વાચતાં જ અધિકારી ઠંડા પડી ગયા અને બંને પ્રવાસીઓને કોફીના કપ પાઈ વિદાય કર્યા.

ચીનની સરહદ પર 'નામ–બમ' નામાના ગામે પહોંચ્યા પછી રાત્રિના સમયે તેમણે પોઈ (ચીની લોકમેળો) જોવા અંદરના ભાગમાં જે પ્રવાસ કર્યો, તે જીવનભર યાદ રહી જાય એવો હતો. અજાણી ભૂમિ, પહાડી પ્રદેશ, રાત્રિનો સમય અને ભાષાનું અજ્ઞાન છતાં તેઓ પોતાના સાથી સાથે

પોઈ જોવા નીકળી પડ્યા. અહીં તેઓ એક પંજાબી ગૃહસ્થને ત્યાં ઉતર્યા હતા. તેણે કહેલું કે પોઈ તો નજીકમાં છે; તે જોઈને સમયસર પાછા આવી શકશો. પણ થોડું ચાલતાં જ માર્ગ અદૃશ્ય થયો. પછી તો દૂર એક દીવો દેખાતો હતો, તેને નિશાન બનાવી ચાલવા માંડયું. એમ કરતાં ખસખસનાં ખેતરો આવ્યાં કે જેના ડોડામાંથી અફીણ બને છે. એ ખેતરો ખૂંદતા નદીના કિનારે પહોંચ્યા, ત્યારે જણાયું કે પોઈ તો તેની પેલે પાર છે. હવે એ નદી સાંકડી પણ ઘણા વેગવાળી હતી. તેના કિનારે કિનારે ચાલવા માંડયું અને એમ કરતાં તેઓ એક લકડિયા પૂલ પાસે આવીને ઊભા. આ પુલ જાડા ત્રણ વાંસનો જ બનેલો હતો. આજુબાજુ પકડવાનું કંઈ પણ ન હતું. જો શરીરનું સમતોલપણું જરા પણ ગયું તો નદીમાં પડીને મોતને ભેટવાનું નિશ્ચિત હતું. હવે તેના પર ચાલીને સામા કિનારે જવું કે કેમ ? એ પ્રશ્ન ખડો થયો, પરંતુ મનમાં પોઈ જોવાનો દૃઢ નિરધાર હતો, એટલે નિર્ણય પુલ પાર કરીને સામે જવાનો થયો.

એ રીતે તેઓ પુલ પાર કરીને સામે કિનારે પહોંચ્યા અને નદી કિનારે ચાલતાં ચાલતાં પોઈ સમીપે આવી ગયા. ત્યાં એક તંબૂ તાણેલો હતો અને બહારના ભાગમાં કેટલીક મીઠાઈઓ વેચાતી હતી, જે પ્રાયઃ જીવડાંઓની બનેલી હતી. અંદરના ભાગમાં કેટલાંક ટેબલો નંખાયેલાં હતાં, ત્યાં જુગાર રમાતો હતો અને લાંબી નળીઓ દ્વારા અફીણનો કસુંબો પીવાતો હતો. તેની સામે મધ્યમાં રંગમંચ હતો અને તેમાં ભવાઈ જેવો ખેલ ચાલી રહ્યો હતો.

એ વખતે ચીનાઈ ભાષામાં કોઈ ગીત ગવાતું હતું, પણ તેના સંકેત સિવાય બીજું કંઇ સમજમાં આવે એવું ન હતું. ત્યાં કેટલાક ચોકીદારો પણ હતા અને તે સર્વત્ર નજર ફેરવતા રહેતા હતા. જો ત્યાં કોઈ અજાણ્યા કે જાસુસ જેવા માણસો જણાય તો તેમને પકડીને નદીમાં પધરાવી દેવાની ખાસ કામગીરી તેમને સોંપાયેલી હતી.

આ વખતે શ્રી ધીરજલાલભાઈ અને તેમના સાથીએ સ્કાઉટના જેવો ખાખી વેશ પહેર્યો હતો, એટલે પોલીસના માણસો જેવા દેખાતા હતા. તેમને જોતાંજ જ ચોકીદારો માંહોમાંહી વાતો કરવા લાગ્યા અને તેમના તરફ વળ્યા. શ્રી ધીરજલાલભાઈની ચકોર આંખો આ દશ્ય જોઈ રહી હતી, એટલે તેમણે પોતાના સાથીને ઈશારો કર્યો અને તરત જ તેઓ બંને પોઈના મંડપ બહાર નીકળી ગયા. પછી ત્યાંથી મૂઠીઓ વાળીને દોડયા, જેથી પેલા ચોકીદારો પાછળ પડીને તેમને પકડી લે નહિ. એમ કરતાં તેઓ લાકડિયા પુલ આગળ આવ્યા અને પાછળ જાયું તો કોઈ તેમનો પીછો કરી રહ્યું ન હતું, એટલે તેમનો શ્વાસ નીચે બેઠો.

પછી સાવધાનીથી પુલ ઓળંગી ચાલવા લાગ્યા અને જેમ તેમ કરીને રાત્રિના બાર વાગ્યે પોતાના ઉતારે પહોંચ્યા.

અહીંથી આગળ જતાં ભયંકર જંગલો આવતાં હતાં; જાણે ઝાડ પર ઝાડ ઉગ્યાં હોય, એવો એનો દેખાવ હતો. ઊંચાઈ પણ ચાલીશથી પચાશ ફીટ જેટલી હતી. જંગલી

જનાવરોનું તો આ પ્રિય સ્થાન હતું. જંગલોમાં અમુક અંતરે પોલીસની ચોકીઓ હતી. તેઓ એક ચોકીથી બીજી ચોકીએ પ્રવાસ કરતા, ત્યારે પોતાનું રેશન તથા એક ગાય સાથે લઈ જતા. આ પોલીસોની સાથે રસ્તો કાપવાનો હતો. તેમની સૂચના અનુસાર શ્રી ધીરજલાલભાઈ તથા તેમના સાથીએ માથે બુકાની બાંધી, જેથી જીવડાંઓનો ભયંકર ગણગણાટ કાનને ખરાબ કરે નહિ. હાથમાં ધારિયા જેવા હથિયાર ધારણ કર્યાં કે જે રસ્તાને આંતરી લેનાર વેલીવેલાને કાપવામાં કામ આવે. સાથે પોટાશ પરમેન્ગેનેટની થોડી પડીકીઓ પણ લીધી કે જે ઝરણાનું પાણી પીતાં પહેલાં તેને સ્વચ્છ કરવાના કામમાં આવે. જો એ ઝરણાનું પાણી એમ ને એમ પીવાય તો મેલેરિયા લાગુ પડ્યા વિના રહે નહિ.

આ વખતે શ્રી ધીરજલાલભાઈ પાસે ભાતું હતું નહિ. માત્ર અર્ધો કીલો જેટલો ગોળ હતો. તેનું પાણી પીને બે દિવસમાં ચાલીશ માઈલનો પ્રવાસ કર્યો હતો. અને રાત્રિઓ ઊંચા માંચડા પર ગાળી હતી કે જ્યાં શિકારી પશુઓના આક્રમણનો ભય રહે નહિ. ત્રીજા દિવસે સિપાઈઓએ પોતાની પાસેનો થોડો આટો આપ્યો હતો. તેમાંથી રોટલી બનાવી મીઠા સાથે ખાધી હતી.

આ છેલ્લા દિવસે પવન જોરથી ફૂંકાતો હતો, અને ડાળી સાથે ડાળી અથડાતાં તેમાંથી અગ્નિ ઝરતો હતો. ભયંકર વરસાદ થોડી જ વારમાં તૂટી પડે એવાં ચિહ્નો જણાતાં હતાં, એટલે શ્રી ધીરજલાલભાઈ તથા તેમના સાથી ખૂબ ઝડપથી ડુંગર ઉતરી ગયા, પરંતુ એમ કરતાં

તેમના પગો ભરાઈ ગયા અને ચાલવાનું મુશ્કેલ થઈ પડયું. છતાં સામે એક નદી આવી તેને પાર કરી મેદાનમાં પહોંચી ગયા કે વરસાદ જોરથી તૂટી પડયો. પરંતુ હવે તેઓ સંસ્કારી લોકોની વસ્તીમાં આવી ગયા હતા, એટલે બીજો ભય ન હતો.

આ પ્રવાસ એકંદર ઘણો સાહસિક હતો, છતાં શ્રી ધીરજલાલભાઈ તેમાં પાર ઉતર્યા હતા. જો આ પ્રવાસ-વર્ણનનો ગ્રંથ બહાર પડયો હોત તો તેમાંથી લોકોને ઘણું જાણવાનું મળત, પણ એક યા બીજા કારણે એમ બની શક્યું નથી.

શ્રી ધીરજલાલભાઈને પાવાગઢના એક પ્રવાસમાં વહેલી સવારે રસ્તો ભૂલતાં વાઘનો સામનો કરવાનો પ્રસંગ આવ્યો હતો અને આબૂ પર ગુરુશિખરની યાત્રા કરવા જતાં રસ્તો ભૂલાતા બાજુના પહાડ પર પહોંચી જવાનો પ્રસંગ આવતાં ઘણીજ મુશ્કેલીભરી પરિસ્થિતિ ઊભી થઈ હતી, છતાં છેવટે રસ્તો મળ્યો હતો અને તેઓ ગુરુશિખર પહોંચી ગયા હતા. જંગલમાં રાત્રિઓ પસાર કરવાના અને તે વખતે ચોકીપહેરો ભરવાના પ્રસંગો પણ આવેલા છે. એક પ્રવાસી તરીકે તેઓ સાહસિક અને ખડતલ જીવન જીવ્યા છે, તે તેમને પછીના જીવનમાં ઘણું ઉપયોગી થયેલું છે.

શ્રી ધીરજલાલભાઈએ સાહિત્યસંશોધન તથા મંત્ર-યંત્ર-તંત્રાદિના જ્ઞાન માટે બંગાલ, બિહાર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક આદિ પ્રદેશોનો પ્રવાસ કર્યો છે અને તેનાં અનેક સ્થાનો તથા વ્યક્તિઓની મુલાકાત લીધેલી છે. તેમાંથી જે કંઈ પ્રાપ્ત થયું, તે તેમણે નિખાલસ ભાવે પોતાના ગ્રંથોમાં પીરસેલું છે.

[ ૧૪ ]

# પ્રાણુવાન પત્રકારિત્વ

શ્રી ધીરજલાલભાઈની જીવનકથામાં પત્રકારિત્વ પણ અનેરો રંગ પૂરી ગયું છે અને તેમને કડવા–મીઠા અનેક પ્રકારના અનુભવો કરાવી ગયું છે, એટલે આપણે તેનાથી પરિચિત થવું જોઈએ.

શ્રી ધીરજલાલભાઈ છાત્રાલયમાં રહીને ચોથા–પાંચમા અંગ્રેજી ધોરણનો અભ્યાસ કરતા હતા, ત્યારે ત્યાં નવજીવન, સૌરાષ્ટ્ર આદિ કેટલાંક સામયિકો આવતાં હતાં. તેનું તેઓ રસપૂર્વક વાચન કરતા હતા. એમ કરતાં તેમને પોતાને 'છાત્ર' નામનું એક હસ્તલિખિત માસિક પત્ર કાઢવાનું મન થયું. તેમાં તેઓ લેખો લખવા લાગ્યા અને પોતાને જે કવિતાઓ સ્ફુરતી હતી, તેની પણ તેમાં રજૂઆત કરવા લાગ્યા. આ વખતે તેઓ ડ્રોઈંગના ખાસ વર્ગો ભરતા હતા, એટલે તેમાં પોતાની કલ્પના મુજબના ચિત્રો પણ દોરવા લાગ્યા. આને આપણે તેમના પત્રકારિત્વનું 'શ્રી ગણેશાય નમઃ' કહી શકીએ.

એ વખતે હિંદીને રાષ્ટ્રભાષા બનાવવાના જોરદાર પ્રયાસો થઈ રહ્યા હતા, એટલે શ્રી ધીરજલાલભાઈને લાગ્યું કે આપણે હિંદીમાં પણ લખતાં શીખવું જોઈએ, એટલે તેમણે 'પ્રભાત' નામનું બીજું હિંદી હસ્તલિખિત માસિક પત્ર શરુ કર્યું. પરંતુ તેના થોડા અંકો કાઢ્યા પછી એમ લાગ્યું કે બે પત્રો કાઢવાને બદલે એક જ પત્ર કાઢવું ઠીક છે, એટલે તેમણે એ બંને પત્રોની જગાએ '**છાત્ર પ્રભાત**' નામનું એક જ માસિક કાઢવા માંડયું અને તેમાં અર્ધા લેખો ગૂજરાતી અને અર્ધા લેખો હિંદી આપવા માંડ્યા. આ પત્ર તેમણે છાત્રાલય છોડયું, ત્યાં સુધી ચાલુ રહ્યું હતું. તાત્પર્ય કે તેમને પત્રકારિત્વનો રંગ તો છાત્રાવસ્થામાંથી જ લાગી ગયો હતો.

સાહિત્ય-સર્જન-પ્રકાશનમાં પડયા પછી તેમનો પત્રકારિત્વનો રંગ જાગૃત થયો અને તેઓ '**જૈન જ્યોતિ**' નામના એક માસિકનું સંપાદન-પ્રકાશન કરવા લાગ્યા. આ પત્ર ગૂજરાતના સુપ્રસિદ્ધ માસિક કુમારની ઢબે નીકળતું હતું અને તેમાં અપાતી રસપ્રદ ઉપયોગી સામગ્રીને લીધે વિદ્વાનો તથા વિચારકોની સારી પ્રશંસા પામ્યું હતું. બે વર્ષ પછી તેમણે આ માસિકનો એક દળદાર 'શિક્ષણાંક' કાઢી તેમાં જૈન શિક્ષણસંસ્થાઓ તથા પાઠશાળાઓને લગતી પ્રચુર માહિતી આપી હતી. પરંતુ આ માસિકની ગ્રાહક સંખ્યા મર્યાદિત હોઈ તેમને ખોટ ખમવી પડતી હતી.

વધારે સ્પષ્ટ કહું તો તેઓ સાહિત્યસર્જનમાં આજીવિકા જેટલું કમાતા હતા. તેમાંથી આ ખોટ ભરપાઈ કરવી પડતી હતી, એટલે આર્થિક સંકોચ ઘણો અનુભવવો પડતો હતો. કોઈ કોઈ વાર તો શાકભાજી માટે રાખેલા પૈસા તેની ટીકીટો ખરીદવામાં વપરાઈ જતા હતા. આમ છતાં તેમણે કદી હૃદયદૌર્બલ્ય દાખવ્યું ન હતું. તેઓ કહેતા કે 'સાહિત્યકારો અને પત્રકારોની જિંદગી તો આમ જ જાય. તેમને જે કષ્ટો વેઠવા પડે છે, તેથી તેમનું હૃદય જાગૃત રહે છે અને તે અન્ય લોકોનાં કષ્ટો–દુઃખો વધારે સારી રીતે સમજી તેને વાચા આપી શકે છે.'

આ વખતે તેઓ જૈન યુવકોમાં જાગૃતિ આણી તેમને કર્તવ્યપરાયણ બનાવવાની ભાવનાથી યુવકપ્રવૃત્તિમાં પણ રસ લેવા લાગ્યા હતા અને અમદાવાદ જૈન યુવકસંઘનું સુકાન સંભાળી રહ્યા હતા. પરંતુ એ વખતે યુવકસંઘ પ્રાથમિક અવસ્થામાં હતો. તેની સભ્યસંખ્યા અલ્પ હતી અને તેની પ્રવૃત્તિઓ પણ સામાન્ય કોટિની હતી. શ્રી ધીરજલાલભાઈએ તેમાં પ્રાણ પૂર્યા. પરિણામે તેની સભ્યસંખ્યા વધવા લાગી અને પ્રવૃત્તિઓએ વ્યવસ્થિતરૂપ ધારણ કર્યું. આ સંયોગોમાં તેમને એ વિચાર આવ્યો કે 'જૈન જ્યોતિ' માસિકને સાપ્તાહિક બનાવીએ અને તેના દ્વારા સામાજિક સુધારા આદિની લડત ચલાવીએ તો પરિણામ ઘણું સારું આવી શકે. જો કે આમ કરતાં આર્થિક જોખમ તો ખેડવું જ પડશે, પણ તે ખેડી લેવું. એનો પણ કોઈ ઉપાય મળી જ રહેશે. અને એ વિચાર અમલમાં મૂક્યો.

આ સાપ્તાહિકના અગ્રલેખો જોરદાર રહેતા, તેની નોંધો પણ માર્મિક રહેતી અને સમાચારો આપવામાં પણ તે મોખરે રહેતું. આમ છતાં તેની ગ્રાહકસંખ્યા એટલી ઝડપથી વધી નહિ કે જે તેને પગભર કરી શકે. પરંતુ શ્રદ્ધાના બલ પર તેનું પ્રકાશન ચાલતું રહ્યું.

એવામાં અમદાવાદ ખાતે જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સાધુસંમેલન ભરવાનો નિર્ણય અમલમાં મૂકાયો. તેની તડામાર તૈયારીઓ થવા લાગી, સાધુ–સાધ્વીઓ દૂર દૂરથી વિહાર કરીને અમદાવાદ આવવા લાગ્યા અને તે માટે નગરશેઠના વંડે વિશાલ મંડપ રચાયો. તેની વ્યવસ્થા માટે સ્વયં-સેવકોની ભરતી થઈ અને બીજી પણ અનેક ગોઠવણો કરવામાં આવી. આ વખતે સંમેલનના સૂત્રધારોએ એવો નિર્ણય કર્યો કે 'આ સંમેલનના સમાચારો ગુપ્ત રાખવા, એટલે કોઈ પણ પત્રકારને ત્યાં આવવાનું આમંત્રણ આપવું નહિ કે તે પોતાની મેળે ત્યાં આવવા ઈચ્છે તો તેને દાખલ થવા દેવો નહિ.'

શ્રી ધીરજલાલભાઈને આ નિર્ણય ગમ્યો નહિ. તેમની માન્યતા એવી હતી કે ' આ સંમેલનમાં જે કંઈ બને તે જાણવાનો જૈન જનતાને પૂરો અધિકાર છે.' પરંતુ એ અધિકારની બજવણી શી રીતે કરવી? એ એક ગંભીર પ્રશ્ન હતો. આ સંમેલન નગરશેઠના વંડે ખાસ બંધાયેલા મંડપમાં મળવાનું હતું, તેની આસપાસ સ્વયંસેવકોનો સખત પહેરો રહેવાનો હતો, વળી વંડામાં દાખલ થવાના મુખ્ય

દ્વારે પણ પાકી ચોકી રહેવાની હતી અને કોઇ પણ અજાણ્યા માણસને તેમાં પ્રવેશ કરવા દેવાનો ન હતો, એટલે સમાચારો મેળવવાનું કામ લગભગ અશક્ય જ હતું. જ્યાં સમાચાર જ ન મળી શકે ત્યાં ખાસ વધારો તો બહાર પડે જ ક્યાંથી? વળી જૈનજ્યોતિ સાપ્તાહિક જે પ્રેસમાં છપાતું હતું, તે સામાન્ય હતું. તેની પાસે એવું કોઇ મોટું કે ઝડપી યંત્ર ન હતું કે તે થોડા કલાકમાં જ વધારો બહાર પાડી શકે. આમ છતાં તેમણે ખાસ વધારો બહાર પાડવાનો નિર્ણય કર્યો અને સંમેલન ભરાવાના ત્રણ–ચાર દિવસ અગાઉ તેની જાહેરાત પણ કરી દીધી.

આ વસ્તુ લોકોમાં ભારે કુતૂહલ જગાડે, એ સ્વાભાવિક હતું. એક તો આ નિર્ણય સંમેલનના સૂત્રધારો સામે આહ્વાહનરૂપ હતો અને બીજું તેને અમલમાં મૂકી શકાય એવી કોઇ જ શક્યતા દેખાતી ન હતી. કેટલાકે કહ્યું કે 'શ્રી ધીરજલાલભાઇએ આવી જાહેરાત કરવી જોઇતી ન હતી.' કેટલાકે કહ્યું કે 'બળિયા સાથે બાથ ભીડવામાં કંઇ સાર નીકળે નહિ.' કેટલાકે કહ્યું કે 'આ તો એક સ્ટન્ટ છે. સાધુસંમેલનના સમાચારો તે બહાર નહિં જ પાડી શકે.' અને કોઇકે એમ પણ કહ્યું કે 'આ તો પાગલનો પ્રલાપ છે. જ્યાં કોઈ ખબરપત્રીને આવવા જ દેવાનો નથી, ત્યાં સમાચારો શી રીતે છપાવાના?'

પરંતુ સં. ૧૯૮૦ ના ફાગણ વદિ ૩, તા. ૪–૩–૧૯-૩૧ રવિવારના દિવસે બપોરના ૧૨–૩૯ મીનીટે સંમેલનનો

પ્રારંભ થયો, તેની કાર્યવાહી શરુ થઇ અને એ રીતે ઘડિયાળે ચારના ટકોરા વગાડયા, ત્યાં જૈનજ્યોતિનો ખાસ વધારો પ્રકટ થયો. તેમાં સંમેલનની શરૂઆતથી જે જે હકીકતો બની હતી, તથા જે ક્રમે વક્તવ્યો થયાં હતાં, તેની યથાર્થ રજૂઆત થઇ હતી. લોકોના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેમણે વધારાની નકલો ચપોચપ ઉપાડી લીધી. સંમેલનના સૂત્રધારો આગળ પણ એ વધારો પહોંચ્યો. તેનું નિરીક્ષણ કરતાં જ તેઓ આશ્ચર્યમુગ્ધ બની ગયા અને ભારે ખેદ પણ પામ્યા. 'સમાચારો બહાર ન જાય, તેની આટઆટલી તકેદારી રાખવા છતાં આ કેમ બન્યું?' અક્કલ કામ ન કરી શકે એવી આ વસ્તુ હતી. રાત્રે બધા સૂત્રધારો ભેગા થયા, ગંભીર વિચારણા ચાલી અને આ વધારા કોઇપણ ભોગે બંધ થવા જોઇએ, એવી સૂચનાઓ પણ થઇ. પરંતુ શ્રી ધીરજલાલભાઇ કોઈ પણ રીતે મચક નહિ આપે એવી તેમને ખાતરી હતી, એટલે તેમણે બીજા દિવસે સ્વયંસેવકોનો પહેરો બમણો કરી દીધો તથા કેટલાક એવા માણસોની નિમણૂક કરી કે જેઓ સંમેલનના પ્રારંભથી અંત સુધી ચારે બાજુ સૂક્ષ્મ નજર દોડાવતા જ રહે અને જરા પણ શંકાનું કારણ લાગે કે ત્વરિત પગલાં ભરે.

પરંતુ બીજા દિવસે ચાર વાગ્યે પણ જૈન જ્યોતિનો ખાસ વધારો બહાર પડયો. તેમાં ગઈ કાલના બાકી રહેલા સમાચારો તથા આજની ત્રણ વાગ્યા સુધીની કાર્યવાહીના

સમાચારો વ્યવસ્થિત રીતે અપાયેલા હતા. પછી તો આખા શહેરમાં આ જ વાત ચાલી અને જેટલાં મસ્તકો તેટલા મત પ્રકટ થવા લાગ્યા.

પાંચમા દિવસની કાર્યવાહીના અંતે સંમેલનના વિષયો નક્કી કરવા માટે ત્રીશ સાધુઓની એક સમિતિ નીમવામાં આવી, તેનાં નામો પણ જૈનજ્યોતિના ખાસ વધારામાં પ્રકટ થયાં અને ત્યાર પછી આ સમિતિએ મંડપને બદલે નગરશેઠના બંગલામાં ઉપરના માળે બેસી પોતાની બેઠક ભરવા માંડી, ત્યારે પણ જૈનજ્યોતિના ખાસ વધારાઓમાં તેના સમાચારો ચમકવા લાગ્યા.

જૈનજ્યોતિના આ વધારાઓમાં સંમેલનના સમાચારો ઉપરાંત ખાસ નોંધો પ્રકટ થતી અને કઈ કઈ બાબતોમાં કેવા ઠરાવો થવા જોઈએ, તેનાં ખાસ સૂચનો પણ કરવામાં આવતાં. ખાસ કરીને અયોગ્ય દીક્ષાઓ અટકાવવા માટે એક અસરકારક ઠરાવ કરવાની તેમાં જોરદાર હિમાયત થઈ રહી હતી, કારણ કે છેલ્લાં થોડાં વર્ષોમાં આ પ્રશ્ને સંઘમાં ભારે ખળભળાટ મચાવ્યો હતો અને તે અંગે કેટલાંક તોફાનો પણ થયાં હતાં.

સંમેલન ચોત્રીસ દિવસ ચાલ્યું અને આખરે તે સફલતામાં પરિણમ્યું. તેમાં દીક્ષાને લગતો ઠરાવ વિગતવાર થયો, જે અયોગ્ય દીક્ષાઓ પર અંકુશ મૂકનારો હતો. આ ચોત્રીશે ય દિવસ જૈનજ્યોતિના ખાસ વધારા બહાર પડ્યા

હતા અને તેણે જૈન સમાજમાં ભારે જાગૃતિ આણી દીધી હતી. પરંતુ આ વધારાઓ શી રીતે બહાર પડ્યા? તે એક રહસ્યમય ઘટના બની ગઈ, જેનો સ્ફોટ આજ સુધી કોઈ કરી શક્યું નથી.

આ ઘટના પછી સુધારકવર્ગને જૈન જ્યોતિ માટે ઘણો આદર ઉત્પન્ન થયો હતો, પણ તે એવી કોઈ યોજના કરી શક્યો નહિ કે જેથી જૈનજ્યોતિની ખોટ ભરપાઈ થાય અને તે દીર્ઘકાલ સુધી પોતાના પગ પર ઊભું રહી શકે.

ત્યારપછી લગભગ બે વર્ષે શ્રી પરમાણંદ કુંવરજી કાપડિયાને તેમના એક ભાષણ માટે સંઘ બહાર મૂકવાની હિલચાલ શરૂ થઈ. તેનો અમદાવાદ જૈન યુવકસંઘે શ્રી ધીરજલાલભાઈની આગેવાની નીચે જોરશોરથી વિરોધ કર્યો અને છેવટે સંઘની બેઠક મળતાં તેને તોડી પાડવામાં આવી. આ વખતે તેમણે જીવસટોસટનું સાહસ ખેડ્યું હતું, એમ કહીએ તો જરા પણ અત્યુક્તિ નથી, કારણ કે સામો પક્ષ તેમના પર અંગત હુમલો કરવાની પૂરેપૂરી તૈયારી સાથે જ એ સભામાં હાજર થયો હતો. આ પ્રકરણમાં પણ જૈનજ્યોતિ સાપ્તાહિકે ઘણી સુંદર કામગીરી બજાવી હતી.

શ્રી ધીરજલાલભાઈના પત્રકારિત્વનો સમય સને ૧૯૩૦ થી ૧૯૪૦ સુધીનો ગણાય. તેમાં તેમણે જૈન જ્યોતિ માસિક-સાપ્તાહિક ઉપરાંત 'જૈન શિક્ષણપત્રિકા' નામની એક માસિક પત્રિકા માત્ર એક રૂપિયાના લવાજમે કાઢેલી, 'નવી

દુનિયા' નામનું વાર્તાઓનું સાપ્તાહિક કાઢેલું અને પાછળથી વિદ્યાર્થી આલમને અતિ ઉપયોગી થાય તેવું 'વિદ્યાર્થી' નામનું બીજું સાપ્તાહિક પ્રકટ કરેલું પણ તે પગભર થાય તેવા સંયોગો ન લાગતાં તેમને બંધ કરી દેવામાં આવ્યાં હતાં. ત્યારપછી શ્રી ધીરજલાલભાઈએ પોતાનું કોઈ પત્ર કાઢેલું નથી, અલબત્ત. અન્ય દ્વારા પ્રકાશિત થયેલા પત્રોનું સંપાદન ઘણી કુશલતાપૂર્વક કરેલું છે.

[ ૧૫ ]

## ધી જ્યોતિ કાર્યાલય લિમીટેડ

શ્રી ધીરજલાલભાઈએ પ્રથમ તો '**બાલગ્રંથાવલી કાર્યાલય**'ના નામે પ્રકાશન શરુ કરેલું, પરંતુ પછી બાલગ્રંથાવલી ઉપરાંત બીજા પ્રકાશનો કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો, એટલે તેમણે એ કાર્યાલયનું '**જ્યોતિ કાર્યાલય**'માં રૂપાંતર કર્યું. આ કાર્યાલય એકંદર ઠીક ચાલતું હતું અને તેમને આજીવિકા આપી જતું હતું. શ્રી ધીરજલાલભાઈને એનાથી સંતોષ હતો. તેમને લાખ કમાઈને લખેસરી થવું ન હતું; અથવા તો **मनसि च परितुष्टे कोऽर्थवान् को दरिद्र :**? જો મન સંતુષ્ટ થયું હોય તો કોણ અર્થવાન્ અને કોણ દરિદ્ર?

પછી આ કાર્યાલય દ્વારા જનજ્યોતિ માસિકનું પ્રકાશન શરુ થયું. આ માસિક તેમને ખૂબ ગમતું હતું, પણ તેની ગ્રાહકસંખ્યા મર્યાદિત હતી અને તે એની છપાઈ તથા રવાનગીનો ખર્ચ કાઢવા માટે પૂરતી ન હતી, એટલે તેમને આર્થિક સંકોચનો અનુભવ થવા લાગ્યો.

હજી તો તેમને વિદ્યાર્થી વાચનમાલાની ભગીરથ યોજના પાર પાડવી હતી અને કુમારો માટે સાહિત્ય તૈયાર કરવું હતું, એટલે તેમણે ઘણો વિચાર કર્યા બાદ જ્યોતિ કાર્યાલયનું એક લીમીટેડ કંપનીના રૂપમાં પરિવર્તન કરવાનું મુનાસબ માન્યું અને '**ધી જ્યોતિ કાર્યાલય લિમીટેડ**' અસ્તિત્વમાં આવ્યું. તેમની એવી ધારણા હતી કે આ રીતે લગભગ રૂપિયા એક લાખનું ભંડોળ ઊભું કરી શકાશે અને તેથી જે જે કાર્યો કરવા ધાર્યાં છે, તે પૂરાં કરી શકાશે.

આ કંપનીનો શેર રૂપિયા પચીસનો રાખવામાં આવ્યો અને તેનું વેચાણ શરુ કર્યું. આજ સુધીના અનુભવથી તેઓ અમદાવાદ માટે વધારે આશાસ્પદ ન હતા, પણ મુંબઈ તેમની ધારણા પૂરી કરશે, એવો તેમને વિશ્વાસ હતો. પરંતુ તેમણે મુંબઈ આવી શેરો નોંધવા માંડ્યા, ત્યારે તેમના ધારણારૂપી કોટના કાંગરા ખરવા લાગ્યા. જ્યાં સો શેરોની ધારણા હતી, ત્યાં વીશ લખાયા અને વીશ શેરોની ધારણા હતી, ત્યાં પાંચ લખાયા. શેરોનું વેચાણ ૨૮૦૦૦ થી આગળ વધ્યું નહિ. આથી શ્રી ધીરજલાલભાઈના ઉત્સાહ પર ઠંડું પાણી રેડાયું, છતાં સમય આવ્યે બાજી સુધરી જશે, એમ માનીને કામ ચલાવ્યું.

શ્રી ધીરજલાલભાઈએ પોતાનાં તમામ પુસ્તકો વગેરે આ કંપનીને વેચ્યાં, તે પેટે તેમને રૂા. ૪૦૦૦૦ હજાર લેવાના હતા, તેમાં તેમણે ૨૦૦૦૦ ના શેરો લીધા અને બાકીના પૈસા લેણા રાખ્યા.

આ કંપની માટે તેમના પાંચ મિત્રો ડીરેકટર બન્યા હતા. કોઈ પણ નવું પગલું ભરતાં પહેલાં તેમની સલાહ લેવી પડતી હતી. વિદ્યાર્થીવાચનમાલા તો આ વખતે શરુ થઈ ગયેલી જ હતી અને સાપ્તાહિકમાં પરિણમેલું જૈન જયોતિ પણ ચાલુ હતું, પરંતુ મુદ્રણાલયનો પ્રશ્ન ચર્ચાની એરણ પર હતો. 'જો પોતાનું મુદ્રણાલય હોય તો પ્રકાશનો સસ્તાં પડે, વળી તે સમયસર પ્રકટ પણ થઈ શકે અને બહારનું કામ મળતાં આવકમાં ઉમેરો થાય,' આવા ખ્યાલથી મુદ્રણાલય ચલાવવાનો નિર્ણય કરવામાં આવ્યો. પરંતુ શ્રી ધીરજલાલભાઈ તે માટે ખંચકાતા હતા, કારણ કે તેમની માતાએ કહેલું કે 'તું બધું કરજે, પણ છાપખાનું કરતો નહિ' તેમના તપસ્વી તેજોમય અંતરને તેનું ભવિષ્ય સૂઝેલું હશે. ગમે તેમ પણ તેઓ છાપખાનું કરવાની તરફેણમાં ન હતા. બીજું શ્રી ધીરજલાલભાઈને એમ લાગતું હતું કે થોડા પૈસામાં છાપખાનું ચલાવી શકાશે નહિ, પણ જ્યારે કંપનીના એક ડીરેકટરે ભારપૂર્વક એમ કહ્યું કે, 'તમારે મુંઝાવાની જરૂર નથી. જ્યારે પૈસા જોઈએ ત્યારે એક ટકાના વ્યાજે લઈ જજો.' શ્રી ધીરજલાલભાઈના વિશ્વાસુ હૃદયે આ વાત માની લીધી અને થોડા જ વખતમાં મુદ્રણાલય શરૂ કરવામાં આવ્યું. તેમની પાસે શેરોના વેચાણની જે રકમ આવી હતી, તે બધી તેમાં જ ખરચાઈ ગઈ.

પછી થોડા થોડા દિવસને અંતરે મુદ્રણાલય એક યા

બીજી વસ્તુઓ માટે ધન માગતું જ ગયું. જો એ ધન એને આપવામાં ન આવે તો કામ બંધ પડે અથવા તો ધાર્યું કામ થઈ શકે નહિ. આ વસ્તુ ઇચ્છવા યોગ્ય ન હતી, એટલે તે માટે ધન ખર્ચવું જ પડતું. પેલા ડીરેક્ટર મહાશયે એક-બે વાર થોડાં નાણાં આપ્યાં પછી જણાવ્યું કે, 'હું પોતે નાણાંભીડમાં છું અને હવે પછી તમને નાણાં આપી શકું તેમ નથી.' જેમના પર આધાર રાખ્યો હોય તે જ આ રીતે છૂટી પડે, ત્યારે હાલત કેવી કફોડી થાય, એ સમજી શકાય એવું છે.

પુસ્તકોનું કામ એકંદર લાભમાં હતું, પણ શરૂઆતમાં તે પૈસાનું સારું એવું રોકાણ માગતું હતું. તેમાં પૈસાની જરૂર પડવા માંડી. તે માટે કેટલીક ગોઠવણ કરવામાં આવી, પણ તે પૂરતી ન હતી. વધારે સ્પષ્ટ કરું તો તે જરૂરિયાત કરતાં ચોથા ભાગની જ હતી.

અહીં એક વસ્તુ નોંધવાની છે કે શ્રી ધીરજલાલભાઈએ આર્થિક સંકડામણમાં પણ પોતાની ધર્મશ્રદ્ધા–આત્મશ્રદ્ધા ગુમાવી ન હતી. તેઓ વારંવાર ઉવસગ્ગહરં-સ્તોત્રનું રટણ કરતા હતા અને કોઈ કોઈ વાર તેનો ચમત્કાર પણ અનુભવતા હતા. તેનો એક દાખલો તેમણે પોતાના સુપ્રસિદ્ધ ગ્રંથ **'મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર'**માં નીચે પ્રમાણે ટાંક્યો છે :

'એક વખત કસોટી આવી પડી. અમારો લખેલો

રૂપિયા બે હજારનો ચેક બેંકમાં રજૂ થયો હતો અને તે સ્વીકારાય તે માટે અમારે બેથી ત્રણ કલાકમાં તેટલી રકમ બેંકમાં ભરી દેવાની જરૂર હતી. કાર્યાલય શરૂ થયા પછી વ્યવસ્થાપકે આ બાબતમાં અમારું ધ્યાન ખેંચ્યું, પણ તેનો તાત્કાલિક તોડ નીકળે એમ લાગ્યું નહિ. છેવટે અમે ઉવસગ્ગહરં સ્તોત્રનો આશ્રય લેવા વિચાર કર્યો અને તેનું શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરવા માંડયું. એ સ્તોત્રનો સાત વાર પાઠ કર્યા પછી અમે થોડી વિશ્રાંતિ લેવા લાગ્યા. એ વખતે એક અજાણી વ્યક્તિએ અમારા કાર્યાલયમાં પ્રવેશ કર્યો અને અમારું નામ પૂછ્યું. અમે તેનો સત્કાર કર્યો અને બેસવા માટે ખુરશી આપી. તેણે કહ્યું : 'મારે તમારી સાથે એક ખાનગી વાત કરવી છે.' એટલે અમે બંને પાસેના ઓરડામાં ગયા. ત્યાં એ વ્યક્તિએ જણાવ્યું કે, 'મારે અને તમારે આમ તો કંઈ ઓળખાણ નથી, પણ મેં તમારું નામ સાંભળ્યું છે અને તેથી જ અહીં આવેલો છું. તમે મારી રૂપિયા બે હજારની આ રકમ અનામત રાખો.' અને તેણે પોતાના ગજવામાંથી રૂપિયા બે હજારની નોટો કાઢી. વિશેષમાં તેણે કહ્યું : 'હું ગુજરાતના પ્રવાસે જવા ઇચ્છું છું, એટલે આ રકમને મારી સાથે ફેરવવાની ઇચ્છા નથી.'

આગંતુકના આ શબ્દો સાંભળતાં જ અમે આશ્ચર્યમાં ડૂબી ગયા અને ફરી તેના ચહેરા સામે જોયું, પણ એ ચહેરો ધીર–ગંભીર હતો, સ્વસ્થ અને પ્રસન્ન હતો.

અમે કોઈ પણ જાતની આનાકાની કર્યા વગર એ રકમનો સ્વીકાર કર્યો અને મુંઝવણમાંથી મુક્ત થયા. એક માસ પછી એ વ્યક્તિ પાછી આવી અને તેને રૂપિયા બે હજારની રકમ પરત કરવામાં આવી. પછી એ વ્યક્તિનો ફરી મેળાપ થયો નથી કે તેના તરફથી કોઈ પત્ર આવ્યો નથી. નરસિંહ મહેતાની હુંડી શામળિયાજીએ સ્વીકારી, એવું જ કંઈ આમાં બન્યું અને તેણે આ સ્તોત્રની ગણનામાં અમારી શ્રદ્ધા અનેક ગણી વધારી દીધી.'

શ્રી ધીરજલાલભાઈએ નાણાંભીડનો ઉકેલ લાવવા માટે મુંબઈ–પ્રીન્સેસ સ્ટ્રીટમાં પુસ્તકોની દુકાન ખોલી તેને જ્યોતિ કાર્યાલય લિમીટેડની શાખા બનાવી તેનું સંચાલન જાતે કરવા માંડ્યું. એ રીતે તેઓ મુંબઈમાં આવી સ્થિર થયા. અહીં તેમનું મુખ્ય કાર્ય નાણાં મેળવવાનું હતું. એ નાણાં તેમને કેવી રીતે મળતાં અને તેમાં કસોટીનો પ્રસંગ કેવી રીતે આવી પડ્યો, તેનું વર્ણન તેમણે **'અર્હં મંત્રોપાસના'** ગ્રંથના અગિયારમા પ્રકરણમાં નીચે પ્રમાણે કરેલું છે :

'સને ૧૯૩૭–૩૮ ની આ વાત છે, જ્યારે અમે નાણાંભીડમાં ફસાયેલા હતા. પણ આધ્યાત્મિક શક્તિમાં પૂરેપૂરા શ્રદ્ધાન્વિત હતા. વધારે સ્પષ્ટ કહીએ તો એ દિવસો અમે તેના આધારે જ વ્યતીત કરતા હતા. રોજ પૂજા કર્યા પછી અમને એવી અંતઃસ્ફુરણા થતી કે આજે અમારું કામ અમુક વ્યક્તિ દ્વારા થશે અને અમે તેને મળતા કે

કામ થઈ જતું. આવું બે–ત્રણવાર બન્યું હોય તો સમજીએ કે આ બનવા કાલ વસ્તુ છે, એટલે બની છે, પણ આવો અનુભવ લાગલગાટ ૧૫૦ દિવસ સુધી થયો હતો, એટલે અમે તેને દૈવી કૃપા સમજતા હતા.

પરંતુ એક દિવસ આવી અંતઃસ્ફુરણા થઈ નહિ; એટલે અમારે કોઈને મળવાનું રહ્યું નહિ. અમે સવારના સાડા દશના સુમારે પ્રીન્સેસ સ્ટ્રીટ પર આવેલી અમારી પેઢી પર આવ્યા. તરત જ મુનીમે પૂછ્યું કે ' આજે ઇમ્પીરિયલ બેન્કની ૩૨૦૦ રૂપિયાની હુંડી છે, તે માટે શી વ્યવસ્થા થઈ છે ? ' અમે કહ્યું : ' હજી સુધી તો એવી વ્યવસ્થા થઈ નથી, પણ થઈ રહેશે ખરી.' તેમણે પૂછ્યું : ' તે માટે કોઈને મળવાના છો ખરા ! ' અમે કહ્યું : ' એ કંઈ નક્કી નથી, પણ અમને શ્રદ્ધા છે કે આપણું કામ થશે ખરૂં.'

અમારો જવાબ તેમને વિચિત્ર લાગ્યો. આ જવાબ આજના કોઈ પણ બુદ્ધિમાન મનુષ્યને વિચિત્ર લાગે એવો જ હતો. તેઓ અમારી સામે જોઈ રહ્યા અને અમે ટેબલ પાસે પડેલી ખુરશી પર બેઠક લીધી. પછી તે વખતે અમારા તંત્રીપદે ચાલતા ' જૈન જ્યોતિ ' સાપ્તાહિક માટે તંત્રીલેખ લખવા બેઠા.

પરંતુ મુનીમથી રહેવાયું નહિ. તેમણે કહ્યું : 'કોઈકને મળો તો કામ થઈ જશે. તમારી લાગવગ તો ઘણી જ છે.' અમે કહ્યું : ' મળવા જેવી ઘણી વ્યક્તિઓને મળી લીધું છે. આજે તો મળવા જેવી કોઈ વ્યક્તિ નજરે પડતી

નથી.' 'તો આપણું શું થશે?' તેમણે કંઈક વ્યગ્રતા ભરેલા અવાજે કહ્યુંઃ અમે જણાવ્યું 'બધાં સારાં વાનાં થશે. તે માટે ચિંતા કરવાની જરૂર નથી.' અને પાછો તંત્રીલેખ લખવામાં ગુંથાઈ ગયા.

દશ–પંદર મીનીટ પછી મુનીમે કહ્યું : 'આમ બેસી રહેવાથી દહાડો નહિ વળે. થોડો પ્રયત્ન તમે કરો, થોડો પ્રયત્ન હું કરું. ત્રણ વાગતાં તો બેન્ક હુંડીઓનું કામકાજ બંધ કરશે અને આપણી હુંડી પાછા ફરતાં કેવી પરિસ્થિતિ ઊભી થશે, તેનો વિચાર કરો. બાર તો વાગવા આવ્યા છે.' અમે કહ્યું : 'અત્યારે પ્રયત્ન કરવાની જગા નથી, પણ અમને એમ લાગે છે કે આપણું કામ થયા વિના નહિ રહે.' તેમણે પૂછ્યું : 'કેવી રીતે થઈ જશે?' અમે કહ્યું : 'એ તો અમે પણ જાણતા નથી.'

મુનીમને લાગ્યું કે અમે અંધશ્રદ્ધાના ચક્કરમાં ફસાઈ ગયા છીએ અને અમારી જાતે જ અમારો વિનાશ નોતરી રહ્યા છીએ. જો આજની હુંડી ભરપાઈ ન થતાં પાછી ફરશે તો બીજી હુંડીઓનાં નાણાં કાચી મુદતે ભરવાની માગણી થશે અને એ માગણી થતાં જ પેઢી બંધ કરવાનો વખત આવશે. તેઓ અત્યંત લાગણીવશ હતા અને અમારા માટે ભારે મમતા ધરાવતા હતા. થોડી વાર પછી તેમણે કહ્યું : 'ભરોસાની ભેંસ પાડો તો નહિ જણે ને!' તાત્પર્ય કે તમે જે અંધશ્રદ્ધા કે અંધવિશ્વાસ રાખી રહ્યા છો, તેનું પરિણામ સારું નહિ આવે.

અમે કહ્યું : 'અમે જેના પર શ્રદ્ધા રાખી છે, તે અમને દગો નહિ દે. જેણે અમને અનેકવાર મુસીબતોમાંથી પાર ઉતાર્યા છે, તે શું આ વખતે અમારું વહાણ ડૂબાડશે? એમ કદી બને જ નહિ. તમે નિશ્ચિંત રહો અને મને મારું કામ કરવા દો.'

આવા કટોકટીભર્યા પ્રસંગે જરા યે હાંફળા-ફાંફળા થયા વિના અમે એકાગ્રચિત્તે લેખ લખી રહ્યા હતા, એ વસ્તુ પણ તેમને આશ્ચર્ય ઉપજાવી રહી હતી. અમે લેખ પૂરો કર્યો અને કોફી-નાસ્તાને ન્યાય આપી કંઈક સ્વસ્થ થયા.

એ જ વખતે એક મિત્ર મળવા આવ્યા કે જેમનું એક અગત્યનું કામ અમે ભારે જહેમત ઉઠાવીને પાર પાડેલું હતું. તેમને લઈ અમે ઓરડામાં ગયા. ત્યાં પેલા મિત્રે થોડી પ્રાસંગિક વાત કર્યા પછી કહ્યું : 'કંઈ પણ કામ હોય તો જરૂર કહેશો. અમે કહ્યું : 'કામ તો છે પણ...' પેલા મિત્રે કહ્યું : 'સંકોચ પામવાની જરૂર નથી. જે કામ હોય તે ખુશીથી કહો.' અમે કહ્યું : 'આજે- અત્યારે રૂપિયા ૩૨૦૦ ની જરૂર છે.' તેમણે કહ્યું : 'આવી નાની વાત માટે આટલો સંકોચ રાખો છો? ચાલો મારી સાથે. નજીકની બેંકના ખાનામાં મારા પૈસા પડેલા છે. તેનાથી તમારું કામ પતાવી દઉં.' તે વખતે અમે તેમને પંદર દિવસ ફેરનો રૂા. ૩૨૦૦ નો ચેક આપવા માંડ્યો, તે એમણે લીધો નહિ. તે એમ કહીને કે કદાચ એ વખતે

પણ મુશ્કેલી હોય, તો તમને અગવડ પડશે. તમે તમારી સગવડે જ મને આ નાણાં પરત કરજો.'

પછી ઓરડામાંથી બંને બહાર આવ્યા અને અમે મુનીમને કહ્યું : 'જરા બહાર જઈને આવું છું. તમે પેઢીનું ધ્યાન રાખજો.' અમે પેલા મિત્ર સાથે પેઢીનાં પગથિયાં ઊતર્યાં. મુનીમને લાગ્યું કે આ તો શેઠ વિદાય લઈ રહ્યા છે. હવે તે પાછા આવે–કરે નહિ. જે કંઈ રોઝડી થવી હશે, તે મારા માથે જ થશે. પરંતુ દોઢ કલાક પછી અમે પેઢી પર પાછા ફર્યા અને ભરપાઈ થયેલી હુંડીનું ખોખું તેમના હાથમાં મૂકી નામું લખવાની સૂચના આપી, ત્યારે તેમનું હૈયું હર્ષથી નાચી ઉઠયું. તેઓ કહેવા લાગ્યા કે 'શ્રદ્ધાનો આવો ચમત્કાર તો મારી જિંદગીમાં હું આ પહેલવહેલો જ જોઉં છું. તમારી શ્રદ્ધાને ખરેખર ધન્ય છે.'

શ્રી ધીરજલાલભાઈએ એક મિત્ર મારફત મુલતાની-ઓની ત્રણ હુંડીઓ મેળવી હતી. મુલતાનીઓ પુસ્તકની દુકાન પર વધારે પૈસા ધીરવા તૈયાર ન હતા. બૅન્ક તો પુસ્તકપ્રકાશનના ધંધાને બિલકુલ પૈસા ધીરતી જ ન હતી. આગળના એક–બે અનુભવ પછી તેમણે પુસ્તકપ્રકાશનના ધંધા પર ચોકડી મારેલી હતી.

આ વખતે શ્રી ધીરજલાલભાઈ પાસે પુસ્તકો, કાગળો તથા મુદ્રણાલયની યંત્રસામગ્રી વગેરે મળીને રૂપિયા એક

લાખની મિલકત હતી, પણ તેનો વ્યવહાર ચલાવવા માટે પૈસા ન હતા, એટલે તેમની વિમાસણનો પાર ન હતો. છેવટે એક મિત્ર પાસે કાર્યાલય ગીરો મૂકી રૂપિયા ૧૨૦૦૦ બાર હજાર ઉપાડ્યા અને કામ ચલાવ્યું, તે એવી આશાએ કે હજી પણ તેનો કોઈ રસ્તો નીકળશે, પરંતુ એ રસ્તો નીકળ્યો નહિ અને જ્યોતિ કાર્યાલય લિમીટેડ બંધ પડ્યું.

પેલા મિત્રે જ્યોતિ કાર્યાલય લીમીટેડનો કબજો લીધો. જો તેમણે આ કાર્યાલયમાં વિશેષ નાણાં રોકી તેને ચાલુ રાખ્યું હોત, તો ધીમે ધીમે બધું ઠેકાણે આવી જાત, પણ તેમણે એ માર્ગ અખત્યાર કરવાને બદલે તેની હરાજી કરી અને પાણીનાં મૂલે બધો માલ–સામાન વેચી નાખ્યો, જેના રૂપિયા ૧૨૦૦૦ ઉપજ્યા! તે તેણે પોતાના લેણા પેટે વસુલ કરી લીધાં. આ સંયોગોમાં શેર હોલ્ડરોને કંઈ પણ મળવાની શકયતા રહી નહિ, પણ એ શેર હોલ્ડરો પૈકી કોઈનું પણ આ કાર્યાલયમાં રૂા. ૧૦૦૦ એક હજારથી અધિક રોકાણ હતું નહિ, એટલે તેમણે એની પરવા ન કરી, પણ આ કાર્યાલય બંધ પડતાં શ્રી ધીરજલાલભાઈની તમામ મિલકત તેમાં ચાલી ગઈ અને તેઓ આ કાર્યાલયને ઊભું રાખવા માટે પોતાની અંગત જવાબદારી પર રૂપિયા ૨૦૦૦૦ વીશ હજાર જેટલી રકમ લાવ્યા હતા, તેનું દેવું તેમના માથે રહી ગયું!

આ વખતે તેઓ એક લેખક, વિચારક, યુવકનેતા,

સામાજિક સંનિષ્ઠ કાર્યકર અને શતાવધાની તરીકે પ્રસિદ્ધિમાં આવેલા હતા, એટલે તેમને ભારે આઘાત લાગે, એ સ્વાભાવિક છે.

તેમણે મુંબઈ કાયમ રહેવાની ગણતરીએ અમદાવાદ તો લગભગ બે વર્ષ પહેલાં જ છોડયું હતું, એટલે તેઓ આ ઘટના બન્યા પછી મુંબઈમાં જ રહેવા લાગ્યા.

આજે પણ તેઓ મુંબઈમાં જ રહીને સમાજસેવાની અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહેલા છે.

[ ૧૬ ]

## સાત વરસનો કપરો કાલ

સુખના દિવસો સહેલાઇથી પસાર થઇ જાય છે, તેમાં વિશિષ્ટ જ્ઞાન કે ગુણની જરૂર પડતી નથી; પણ દુઃખના દિવસો પસાર કરવામાં વિશિષ્ટ જ્ઞાન અને ગુણ બંનેની જરૂર પડે છે. જો વિશિષ્ટ જ્ઞાન ન હોય તો મનુષ્ય પોતાના મનનું સમાધાન કરી શકતો નથી કે તેને કાબૂમાં રાખી શકતો નથી; અને 'મન બગડ્યું એટલે બધું બગડ્યું' એ ન્યાયે તેની પરિસ્થિતિ અત્યંત બગડી જાય છે. અહીં ગુણ શબ્દથી ધૈર્ય કે સહનશીલતા સમજવાની છે. જો મનુષ્યમાં ધૈર્ય કે સહનશીલતાનો ગુણ કેળવાયો ન હોય તો તે દુઃખના ભારથી તૂટી પડે છે અને તેનો અંજામ ઘણો કરુણ આવે છે.

શ્રી ધીરજલાલભાઇ તો વિશિષ્ટ જ્ઞાની હતા અને 'સુખ સમયમાં છકી નવ જવું, દુઃખમાં ન હિમ્મત હારવી' એ સિદ્ધાંતને વરેલા હતા, એટલે તેઓ હિમ્મત હાર્યા નહિ.

વળી તેઓ પોતાના વિપુલ સ્વાધ્યાયથી એ વસ્તુ પણ સારી રીતે જાણી ચૂક્યા હતા કે 'તડકા પછી છાંયડો આવે છે અને છાંયડા પછી તડકો આવે છે; ભરતી પછી ઓટ આવે છે અને ઓટ પછી ભરતી આવે છે; તેમ માનવજીવનમાં સુખ પછી દુઃખ આવે છે અને દુઃખ પછી સુખ આવે છે, એટલે તેઓ હતાશ થયા નહિ.

શ્રી ધીરજલાલભાઈએ એક સ્થળે એમ વાંચ્યું હતું કે 'જેમ કાળા વાદળને રૂપેરી કોર હોય છે, તેમ દુઃખદ જણાતી દરેક ઘટનાને કંઈક બોધ આપવાનો હોય છે, તે સુજ્ઞ મનુષ્યે ગ્રહણ કરવો જોઈએ.' તેથી ઉક્ત ઘટના બન્યા પછી તેમણે નીચેના પાંચ સિદ્ધાંતો નક્કી કર્યા હતા :

(૧) કોઈ પણ વ્યક્તિ પર આંધળો વિશ્વાસ મૂકવો નહિ.

(૨) કોઈ પણ યોજના શરૂ કરતાં પહેલાં તેની આર્થિક બાજુનો પૂરેપૂરો વિચાર કરવો અને તેને પહોંચી વળાય એવું લાગે તો જ એ યોજના આગળ ધપાવવી.

(૩) ભાવનાશીલ બનવું સારું છે, પણ અવ્યવહારુ બનવું ખોટું છે.

(૪) કરજ કરવું નહિ. જો સંયોગવશાત્ કરવું જ પડે તો તે વહેલી તકે ચૂકવી દેવાય તેવા પ્રયત્નમાં રહેવું.

(૫) આધ્યાત્મિક શક્તિને જાગૃત કરવા પૂરતો પ્રયત્ન કરવો.

આ સિદ્ધાંતોનો ચીવટાઈથી અમલ કરતાં તેમની કાર્યપદ્ધતિમાં તથા તેમના જીવનમાં મોટું પરિવર્તન થયું હતું, તે આગળ જોઈ શકાશે.

પોતાની પાસેની બધી મૂડી ખલાસ થઈ હતી અને ઉપરથી રૂપિયા વીશ હજારનું દેવું થયું હતું. વળી આવકનું કોઈ સાધન રહ્યું ન હતું. કોઈ મિત્ર કે સ્નેહી પાસે જવા જેવી પરિસ્થિતિ પણ ન હતી, કારણ કે તેઓ ઓછાવત્તા અંશે ખરડાયેલા હતા. મનુષ્ય જ્યારે ચારે બાજુથી અસહાયતા અનુભવે છે, ત્યારે તેની નજર પરમાત્મા—પ્રભુ—ઈશ્વર પર પડે છે, કારણ કે તેઓ નોધારાના આધાર છે અને શરણાગત વત્સલ હોઈ સહુને શરણ આપે છે. શ્રી ધીરજલાલભાઈને આ વસ્તુનો પૂર્વ અનુભવ થઇ ચૂક્યો હતો, એટલે તેમણે પરમાત્માનું શરણ લીધું અને રોજ સવારે તેમનું ધ્યાન ધરી પ્રાર્થના કરવા લાગ્યા કે 'હે પરમાત્મા ! હે પ્રભો ! તું મને રસ્તો બતાવ. હવે મારે શું કરવું ? અને આ દેવું શી રીતે કાપવું ?' થોડા દિવસ ધ્યાન—પ્રાર્થનાનો આ કાર્યક્રમ ચાલ્યો કે એક દિવસ એકાએક તેમના અંતઃકરણમાં સ્ફુરણા થઇ કે 'વૈદકનો ધંધો કર. તેમાં તારાં સાત વર્ષ નીકળી જશે અને દેવું કપાઈ જશે.'

આથી તેઓ આશ્ચર્ય પામ્યા, પણ તેમને સમજતાં વાર ન લાગી કે આ તો મારી ધ્યાનગત પ્રાર્થનાનો જવાબ છે.

અહીં કદાચ પાઠકોને પ્રશ્ન થશે કે 'શું આ રીતે પરમાત્માને પ્રાર્થના કરતાં આપણને જોઈતો જવાબ મળે ખરો ?' તેનો ઉત્તર એ છે કે 'જો આપણી યોગ્યતા અમુક અંશે કેળવાયેલી હોય અને આપણે પૂર્ણ શ્રદ્ધા–ભક્તિ–બહુમાનપૂર્વક પરમાત્મા કે પ્રભુની પ્રાર્થના કરીએ તો આપણને જોઈતો જવાબ જરૂર મળે છે.' શ્રી ધીરજલાલભાઈના જીવનની પૂર્વકથા અને ઉત્તરકથા બંનેમાં આવી ઘટનાઓ અનેકવાર બનેલી છે અને તે તેમણે પોતાના ગ્રંથોમાં પ્રસંગોપાત્ત જણાવેલી પણ છે.

ખરી વાત તો એ છે કે આજે આપણે ભૌતિકવાદની ભ્રમણામાં પડીને પરમાત્મા–પ્રભુ–ઈશ્વરને ભૂલ્યા છીએ અને તેમને વિનમ્ર ભાવે શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના કરવાનું ચૂકી ગયા છીએ, એટલે આપણને આ જાતના પ્રશ્નો ઊઠે છે. પરંતુ આપણો ધાર્મિક ઇતિહાસ આ વાતની ડગલે ને પગલે સાક્ષી પૂરે છે, એટલે શ્રી ધીરજલાલભાઈને તેમની પ્રાર્થનાનો યોગ્ય ઉત્તર મળ્યો હોય, એમાં કંઈ આશ્ચર્ય પામવા જેવું નથી.

હવે આગળ શું બન્યું, તે જુઓ. તેમણે વૈદકનો ધંધો કદી કર્યો ન હતો અને વિના અનુભવે એ ધંધો કરવામાં કેવાં જોખમો રહેલાં છે, તે તેઓ બરાબર જાણતા હતા. હા, એટલું ખરું કે તેમણે છાત્રાવસ્થામાં રજાઓ દરમિયાન એક કુશલ વૈદ્યના પુત્ર સાથે વગડામાં જઈને કેટલીક વનસ્પતિઓ ઓળખેલી અને તેનો વૈદકમાં કેવો

ઉપયોગ થાય છે, તે જાણેલું. વળી આર્યભિષક્ ગ્રંથ તેઓ રસપૂર્વક એકથી વધારે વાર વાંચી ગયેલા, પણ તે વૈદકના ધંધા માટેની યોગ્યતા ગણાય નહિ. પરંતુ બીજા જ દિવસે વૈદકનો ધંધો કરનાર એક મહાશય તેમનું નામ પૂછતાં તેમની પાસે આવ્યા અને કેટલીક ઔપચારિક વાતો કર્યા પછી કહેવા લાગ્યા કે 'હવે મારો વિચાર મુંબઈમાં સ્થિર થવાનો છે, પરંતુ આ શહેરમાં મારી ખાસ ઓળખાણો નથી. જો તમે આ બાબતમાં રસ લ્યો અને સારા સારા ગ્રાહકો મેળવી આપો તો મારું પણ કામ થાય અને તમારું પણ કામ થાય.'

તેમની વાતચીત પરથી એટલી તો ખાતરી થઈ હતી કે તેઓ વૈદકનો સારો અનુભવ ધરાવે છે અને તેમના ઉપચારથી દર્દીઓને જરૂર ફાયદો થશે, એટલે શ્રી ધીરજલાલભાઈ એ તેમની માગણીનો સ્વીકાર કર્યો અને ભાગીદારીમાં કામ શરૂ કર્યું.

આ કામ એકંદર સારું ચાલ્યું. શ્રી ધીરજલાલભાઈએ દર્દીઓની ચિકિત્સામાં અંગત રસ લીધો અને આ બાબતનું પોતાનું જ્ઞાન વધે તે માટે વૈદકના સારા સારા ગ્રંથો મેળવી વાંચવા માંડ્યા. તે સાથે તેમણે યોગ અને મંત્ર-યંત્ર-તંત્રનું સાહિત્ય પણ વાંચવા માંડ્યું.

હવે એક ઘટના એવી બની કે ભાગીદારી છૂટી કરવામાં આવી, પણ શ્રી ધીરજલાલભાઈ એ પોતે વૈદકનો ધંધો કરવાનો નિર્ણય કરી પોતાના નિવાસસ્થાનની સામે સેન્ડ-

હર્સ્ટ રોડ, પારેખ હોસ્પીટલ નીચે '**જીવન વિકાસ ચિકિત્સાલય**' ખોલ્યું. અહીં તેઓ આયુર્વેદિક ઔષધોનો ઉપયોગ કરતા હતા અને સાથે સાથે માનસિક ચિકિત્સા પણ અજમાવતા હતા. વળી તેઓ શારીરિક રોગો કરતા માનસિક રોગોની ચિકિત્સા વધારે પ્રમાણમાં કરતા હતા, એટલે માનસવૈદ્ય તરીકે ઓળખાવા લાગ્યા. આ ધંધામાં તેમને અંતઃપ્રેરણાએ અનેક વાર અનેક પ્રકારની મદદ કરી હતી.

આ ધંધામાંથી તેમને ઠીક ઠીક કમાણી થવા લાગી. તેમાંથી આજીવિકા જેટલી રકમ પાસે રાખી બાકીની રકમ તેઓ દેવા પેટે લેણદારોને આપવા લાગ્યા. નોંધપાત્ર બીના તો એ છે કે તેમની પાસે જે મિત્રોનું લહેણું હતું, તેમાંના કોઈએ તેમની પાસે એ રકમની ઉઘરાણી કરી ન હતી, પરંતુ શ્રી ધીરજલાલભાઈ સામે જઈને તેમને એ રકમ આપી આવતા હતા.

'કરજનો ભાર વહેલી તકે દૂર કરવો' એ તેમની લગન હતી, એટલે એકી સાથે વીશ–પચીશ હજાર રૂપિયા મળી જાય, એવી યોજના તેમણે વિચારી હતી, પણ તેનું વહાણ કિનારે આવીને ડૂબ્યું હતું. ત્યાર પછી બીજી–ત્રીજી યોજના ઘડી, તેનું પરિણામ પણ આવું જ આવ્યું હતું, એટલે શ્રી ધીરજલાલભાઈ વિચાર કરવા લાગ્યા કે 'આમ કેમ બને છે?' એમ કરતાં એક જાણકાર પુરુષને મળવાનું થયું. તેણે શ્રી ધીરજલાલભાઈના જીવનની ઘણી ઘટનાઓ

આબેહૂબ કહી બતાવી અને છેવટે જણાવ્યું કે 'તમારા પર કોઈ સાધુ દ્વારા ઉચ્ચાટનનો પ્રયોગ થયેલો છે, એટલે તમારું કાર્યાલય બંધ પડયું, તમારે અમદાવાદ છોડી મુંબઈ રહેવાનો વખત આવ્યો અને હવે જે જે યોજનાઓ હાથ ધરો છો, તે તૂટી પડે છે. જ્યાં સુધી આ પ્રયોગનો પ્રતિકાર નહિ થાય, ત્યાં સુધી આમ જ ચાલવાનું.'

શ્રી ધીરજલાલભાઈને પૂર્વે પણ આ વસ્તુની ગંધ આવી હતી, પણ તેની તેમણે દરકાર કરી ન હતી. પરંતુ જ્યારે પરિસ્થિતિ આ પ્રકારની નિર્માણ થઈ, ત્યારે તેમણે એ પ્રયોગનો પ્રતિકાર કરવાનો નિર્ણય કર્યો. પેલી જાણકાર વ્યક્તિએ તેનો ઉપાય બતાવ્યો અને તે માટે અમુક ખર્ચ બતાવ્યો, પરંતુ ગમે તે કારણે શ્રી ધીરજલાલભાઈને એ ઉપાય ગમ્યો નહિ અને તે માટે બતાવેલો ખર્ચ કરવાનું દિલ પણ થયું નહિ. પોતાના વિશાલ શાસ્ત્રસ્વાધ્યાયથી એ ઉપાય તેમણે જ શોધી કાઢ્યો. મહિનામાં પાંચ મોટી તિથિએ ઉપવાસ કરવા અને તે વખતે ઉવસગ્ગહરં સ્તોત્રની ૧૦૮ વાર ગણના કરવી. આ રીતે એક વરસમાં ૬૦ ઉપવાસ અને ઉવસગ્ગહરં સ્તોત્રની ૧૦૮ × ૬૦ = ૬૪૮૦ ગણના કરતાં ઉચ્ચાટન–પ્રયોગની અસર દૂર થઈ અને ત્યાર પછી જે જે કાર્યો હાથ ધરવા માંડયાં, તેમાં પ્રગતિ થવા લાગી.

આ પ્રસંગ પછી તેમણે મંત્રશાસ્ત્રમાં વધારે રસ લેવા. માંડયો અને કાલાંતરે મંત્રસાધક બની તેમાં સારી પ્રગતિ કરી.

વૈદકનો ધંધો કરતાં સાત વર્ષ પૂરાં થયાં. દરમિયાન

તેમનું બધું દેવું ભરપાઈ થઈ ગયું. આ રીતે અંતઃકરણની પ્રેરણા દ્વારા જે દૈવી સંકેત થયો હતો, તે યથાર્થ નીવડયો.

હવે આ જ અરસામાં મુંબઈના ઉદ્યોગપતિ શ્રીમાન્ શેઠશ્રી અમૃતલાલ કાલિદાસ તરફથી તેમને પ્રતિક્રમણ સંબંધી એક સુંદર ગ્રંથ તૈયાર કરી આપવાનું આમંત્રણ મળ્યું. તે અંગે કેટલીક વાતચીત થતાં શ્રી ધીરજલાલભાઇએ તેમની ઓફિસમાં જઈ કામ કરવાનો નિર્ણય થયો, એટલે 'જીવન વિકાસ ચિકિત્સાલય' બંધ કર્યું.

કહેવાની ભાગ્યે જ જરૂર છે કે આ ઘટના પછી તેમનો સાહિત્યસર્જનના ક્ષેત્રમાં પુનઃ પ્રવેશ થયો અને તે એમને ઉત્તરોત્તર યશ–લાભદાયી નીવડચો. આજે પણ તેઓ એ ક્ષેત્રને પોતાની આધ્યાત્મિક અનેરી આભા વડે ઉજ્જવલ બનાવી રહેલા છે.

[ ૧૭ ]

## શ્રી પ્રતિક્રમણસૂત્ર–પ્રબોધટીકા

શ્રી પ્રતિક્રમણસૂત્ર–પ્રબોધટીકા અંગે હું એક સ્વતંત્ર પ્રકરણ જ લખી રહ્યો છું, કારણ કે તેના સર્જનનો ઇતિહાસ જાણવા જેવો છે અને તેની વિશેષતા લક્ષ્યમાં લેવા જેવી છે. શ્રી ધીરજલાલભાઈએ આ કૃતિ પાછળ છ થી સાત વર્ષનો સમય ગાળ્યો છે. તેમાં તેમના પ્રખર પાંડિત્યનાં, તેમની બહુશ્રુતતાનાં તથા તેમની સંશોધનાત્મક અને સમન્વયાત્મક અદ્ભુત શક્તિનાં મંગલમય દર્શન થાય છે. આ ઐતિહાસિક ભવ્ય કૃતિના સર્જન સમયે તેઓ શતાવધાની તો હતા જ, પણ આ કૃતિ પછી તેઓ સંઘ–સમાજ દ્વારા પંડિત તરીકે સંબોધાયા અને **'શતાવધાની પંડિત'** તરીકે ખ્યાતિમાં આવ્યા.

જૈન ધર્મનું મુખ્ય લક્ષ્ય આત્મશુદ્ધિ છે. તે માટે જ્ઞાન અને ક્રિયાની પ્રરૂપણા થયેલી છે. આ ક્રિયામાં પ્રતિક્રમણનું વિશિષ્ટ સ્થાન છે, કારણ કે તે વિષય અને કષાયજન્ય

પાપની પરંપરામાંથી પાછા કેમ ફરવું ? તેની તાલીમ આપે છે અને એ રીતે આત્મશુદ્ધિનો આદર્શ સિદ્ધ કરે છે. આ ક્રિયા સાધુઓએ, તેમજ તેમને અનુસરનારા શ્રાવકવર્ગે રોજ સવારે તથા સાંજે કરવાની હોય છે, તેમજ પક્ષના અંતે, ચાતુર્માસના અંતે તથા સંવત્સરના અંતે પણ કરવાની હોય છે. તેને લગતો જે સૂત્ર–સમૂહ તે સામાન્ય રીતે પ્રતિક્રમણસૂત્ર તરીકે ઓળખાય છે.

આ પ્રતિક્રમણસૂત્રમાં યોગ અને અધ્યાત્મને લગતી અનેક રહસ્યમય ક્રિયાઓનું સંયોજન થયેલું છે, પણ આધુનિક જૈન સમાજને તેનો ખ્યાલ રહ્યો નથી. એ તો તેને ફડફડાટ બોલી જઈને ક્રિયા કર્યાનો સંતોષ માને છે. શ્રી ધીરજલાલભાઈ અમદાવાદમાં શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાલયમાં જ્યારે ધાર્મિક શિક્ષક હતા, ત્યારે જ તેમને લાગેલું કે આ પ્રતિક્રમણ સૂત્રનું વાસ્તવિક રહસ્ય પ્રકાશમાં લાવવું હોય તો તેના પર એક વિસ્તૃત સુંદર ટીકા રચવી જોઈએ, પણ એ કામ સામાન્ય ન હતું. વધારે સ્પષ્ટ કહું તો એ પુષ્કલ પરિશ્રમ, પૈસો અને સમય માગતું હતું, એટલે એ વખતે એની શરૂઆત થઈ શકી નહિ, પણ એની ભાવના તો તેમના અંદરમાં ગુંજારવ કરતી જ રહી હતી.

શ્રી અમૃતલાલ શેઠના ખાસ આમંત્રણથી શ્રી ધીરજલાલભાઈ તેમને મળ્યા, ત્યારે તેમણે પ્રતિક્રમણ અંગે એક સુંદર ગ્રંથ તૈયાર કરાવવાની પોતાની ભાવના પ્રકટ કરી. શ્રી ધીરજલાલભાઈએ કહ્યું : 'તમારી ભાવના ઘણી સુંદર

છે અને તેનો હું સત્કાર કરું છું, પણ સુંદર ગ્રંથથી આપ શું કહેવા ઇચ્છો છો, તે સ્પષ્ટ કરો.'

શ્રી અમૃતલાલભાઈએ કહ્યું : 'હાલ પ્રતિક્રમણસૂત્રના જે ગ્રંથો છપાય છે, તેમાં સૂત્રો પૂરેપૂરાં શુદ્ધ છપાતાં નથી, અર્થાત્ તેમાં ઘણી અશુદ્ધિઓ રહી જાય છે, તે દૂર કરવાની જરૂર છે. વળી તેમાં શબ્દોના સામાન્ય અર્થ છપાય છે અને ભાવાર્થ તો ભાગ્યે જ નજરે પડે છે, એટલે તેના સામાન્ય અર્થ અને ભાવાર્થ બંને આપવા જોઈએ. વળી દરેક સૂત્રનો ઉપયોગ શો છે? તે પણ ટૂંકમાં જણાવવું જોઇએ. જો આટલું થાય તો હું સમજું કે પ્રતિક્રમણ અંગે એક સુંદર ગ્રંથ તૈયાર થયો છે.'

શ્રી ધીરજલાલભાઈએ કહ્યું : 'આપનો આ વિચાર સ્તુત્ય છે, પણ પ્રતિક્રમણસૂત્રનું યથાર્થ રહસ્ય બહાર લાવવું હોય તો તે માટે ખાસ યોજના વિચારવી પડે એમ છે.' શ્રી અમૃતલાલભાઈએ ઉત્તરમાં જણાવ્યું કે 'તમે જો એવી કોઈ યોજના વિચારી હોય તો મને જણાવો. હું તે અંગે વિચાર કરવા તૈયાર છું.'

શ્રી ધીરજલાલભાઈએ કહ્યું : 'એ યોજનાએ હજી મારા મનમાં જોઈએ તેવો સ્પષ્ટ આકાર ધારણ કરેલો નથી, પણ થોડા દિવસ પછી તેને વ્યવસ્થિત સ્વરૂપે રજૂ કરી શકું ખરો. હાલ તો આપને એટલું જ કહું કે આ યોજના પૂર્ણ કરવામાં ઘણો ખર્ચ થાય એમ છે અને ઘણો સમય પણ જાય એમ છે. શું તે માટે આપ તૈયાર છો ખરા?'

શ્રી અમૃતલાલભાઈએ કહ્યું : 'તેનો ઉત્તર તો તમારી યોજના જાણ્યા પછી જ આપી શકાય. જો યોજના મને પસંદ પડશે તો ખર્ચનો વાંધો નહિ આવે. સમયની વાત તો તેની પછીની છે.'

શ્રી ધીરજલાલભાઈએ થોડા દિવસ પછી પોતાની યોજના રજૂ કરવાનું કહ્યું અને મુલાકાત પૂરી થઈ.

ઘરે પાછાં આવ્યા પછી શ્રી ધીરજલાલભાઈએ એ યોજના સંબંધી ઊંડું મંથન કર્યું, તેને અક્ષરાંકિત કરી, તેના પર ફરી વિચાર કર્યો અને તેને છેવટનું સ્વરૂપ આપી નિયત સમયે શેઠશ્રીને મળ્યા. આ યોજના નીચે પ્રમાણે હતી :

(૧) શ્રી પ્રતિક્રમણસૂત્ર ઉપર **'પ્રબોધ'** નામની ટીકા રચવી. આ ટીકા અષ્ટાંગ–વિવરણવાળી રાખવી.

(૧) તેના પ્રથમ અંગને **'મૂલપાઠ'** એવું નામ આપવું. તેમાં પરંપરાથી નિર્ણીત થયેલો તથા વિવિધ પોથીઓના આધારે શુદ્ધ કરેલો પાઠ આપવો.

(૨) તેના બીજા અંગને **'સંસ્કૃત છાયા'** એવું નામ આપવું. તેમાં મૂલપાઠની સંસ્કૃત છાયા આપવી.

(૩) તેના ત્રીજા અંગને **'ગૂજરાતી છાયા'** એવું નામ આપવું. તેમાં મૂલપાઠની ગૂજરાતી છાયા આપવી.

(૪) તેના ચોથા અંગને **'સામાન્ય અને વિશેષ અર્થ'** એવું નામ આપવું. તેમાં વ્યુત્પત્તિ અને ભાષાના ધોરણે દરેક પદના સામાન્ય અને વિશેષ અર્થ આપવા.

(૫) તેના પાંચમા અંગને '**અર્થનિર્ણય**' એવું નામ આપવું. તેમાં પરંપરા, પરિભાષા અને સંકેત વડે થતો પદો અને વાક્યોનો અર્થ જણાવવો.

(૬) તેના છઠ્ઠા અંગને '**અર્થસંકલન**' એવું નામ આપવું. તેમાં નિર્ણીત થયેલા અર્થની સંકલના શુદ્ધ ગૂજરાતી ભાષામાં આપવી.

(૭) તેના સાતમા અંગને '**સૂત્ર–પરિચય**' એવું નામ આપવું. જેમાં સૂત્રની અંતર્ગત રહેલો ભાવ તથા તેની રચના અંગેનું મહત્ત્વ દર્શાવવું.

(૮) તેના આઠમા અંગને '**આધારસ્થાન**' એવું નામ આપવું. તેમાં આ સૂત્રનો મૂલપાઠ કયા સૂત્ર, સિદ્ધાંત કે માન્ય ગ્રંથમાં મળે છે, તે જણાવવું.

શેઠશ્રી આ યોજના વાંચીને અત્યંત પ્રભાવિત થયા. તેમણે કહ્યું: 'તમારી આ યોજના ખરેખર! ઘણી સુંદર છે, પણ દરેક સૂત્રનું આ પ્રમાણે અષ્ટાંગ વિવરણ થઈ શકશે ખરું?' શ્રી ધીરજલાલભાઈએ કહ્યું: 'હા, તેમાં ખાસ વાંધો નહિ આવે. પણ તે માટે ઘણા શાસ્ત્રીય ગ્રંથો જોઈશે.' શેઠશ્રીએ કહ્યું: 'તમારે જેટલા શાસ્ત્રીય ગ્રંથોની જરૂર પડશે, તે હું પૂરા પાડીશ, પણ તમે પ્રથમ નમસ્કારસૂત્ર પર એ પ્રકારની ટીકા રચી બતાવો, એટલે મને સમજ પડે.'

એ વખતે જેટલા ગ્રંથો ઉપલબ્ધ હતા, તેનો આધાર લઈને શ્રી ધીરજલાલભાઈએ નમસ્કારસૂત્ર પર અષ્ટાંગ

ટીકા રચી અને તે શેઠશ્રીને પસંદ પડતાં કામ આગળ ચાલ્યું. પરંતુ આ રીતે સાત કે આઠ સૂત્રોની ટીકા રચાયા પછી શેઠશ્રીને વિચાર આવ્યો કે ઘણા ખર્ચ અને ઘણા સમયનો ભોગ આપ્યા પછી તૈયાર થયેલી આ ટીકા જૈનાચાર્યો તથા જૈન સંઘને પસંદ પડશે કે કેમ? જો તે પસંદ ન પડે તો મૂલ હેતુ માર્યો જાય, એટલે તેમણે પ. પૂ. શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મહારાજની સલાહ લેવા નિર્ણય કર્યો. તે માટે તેમણે શ્રી ધીરજલાલભાઈ ઉપરાંત ત્રણ મિત્રોને સાથે લીધા. તે વખતે પૂજ્ય આચાર્યશ્રી સુરત બિરાજતા હતા, એટલે શેઠશ્રીની મંડળી સુરત ગઈ. ત્યાં પૂજ્યશ્રીનાં દર્શન કર્યાં બાદ શ્રીપ્રતિક્રમણસૂત્ર–પ્રબોધ ટીકાની રચના અંગે વાર્તાલાપ થયો, તેમાં ઘણા ઘણા પ્રકારની ચર્ચાઓ થઇ અને તે બે દિવસ ચાલી. છેવટે આચાર્યશ્રીએ કહ્યું : 'મને લાગે છે કે શ્રી ધીરજલાલભાઇ આ ટીકાનું કામ કરી શકશે અને તે શ્રીસંઘને ઉપયોગી થશે. પણ તેમાં કોઇ આડી–અવળી વાત ન આવે, તેનું ધ્યાન રાખજો.' આથી શેઠશ્રી તથા તેમની મંડળી રાજી થઇ અને શ્રી ધીરજલાલભાઇએ પૂજ્ય આચાર્યશ્રીને જણાવ્યું કે 'આ કાર્ય પરિપૂર્ણ કરવા માટે આપના આશીર્વાદ જોઇએ. હું આ ટીકા સૂત્ર અને પરંપરાના આધારે જ રચવા માગું છું. તેમાં કોઇ પણ આડીઅવળી વાત નહિ આવે, તેની આપને ખાતરી આપું છું.' એટલે પૂજ્ય આચાર્યશ્રીએ તેમના મસ્તકે વાસક્ષેપ નાખી આશીર્વાદ આપ્યા.

અહીંથી વિદાય લેતાં શ્રી ધીરજલાલભાઈએ શેઠશ્રીને જણાવ્યું કે 'આપ બધા મુંબઈ ભલે પધારો, પણ મારું મન વડોદરા જવાનું છે કે જ્યાં આગમપ્રભાકર પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ બિરાજે છે. તેમની સલાહ–સૂચના પણ આપણને આ વિષયમાં ઘણી ઉપયોગી થઈ પડે એમ છે.' શેઠશ્રીએ તે માટે સ્વીકૃતિ આપી અને શ્રી ધીરજલાલભાઈ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજને મળ્યા.

મુનિરાજશ્રી પુણ્યવિજયજીએ તેમની બધી યોજના સાંભળ્યા પછી જણાવ્યું કે 'તમારે આ ગ્રંથને સંઘમાન્ય કરાવવો હોય તો પ. પૂ. આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના સંઘાડાના એક વિદ્વાન સાધુને તથા પ. પૂ. આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના સંઘાડાના એક વિદ્વાન સાધુને આ ગ્રંથના સંશોધક બનાવો. તેમના દ્વારા આ ગ્રંથનું સંશોધન થયા પછી અન્ય કોઈ સાધુ-સમુદાય કે શ્રીસંઘને તે અંગે કશું કહેવાનું નહિ રહે. અમે તો તમારા કાર્યનું સમર્થન કરનારા જ છીએ. તે માટે ગ્રંથો, હસ્તલિખિત પ્રતિઓ આદિ જે કંઈ જોઈશે, તે જરૂર આપીશું.'

વડોદરાથી પાછા ફર્યા પછી શ્રી ધીરજલાલભાઈએ આ વાત શેઠશ્રીને જણાવી. શેઠશ્રી તે માટે સંમત થયા, પણ આ કાર્ય તેમને જ સોંપ્યું. પૂર્વે આ બંને સમુદાય સાથે અથડામણના કેટલાક પ્રસંગો આવ્યા હતા, એટલે

આ કાર્યમાં પોતાને સફલતા મળશે કે કેમ? એ પ્રશ્ન વિચારણીય બન્યો. આમ છતાં આત્મશ્રદ્ધા કેળવી તેમણે એ કાર્ય માટે પ્રયાણ કર્યું. તેમાં પ્રથમ અમદાવાદમાં પ. પૂ. આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજનાં દર્શન કરીને પોતે ઉપાડેલા કામની બધી વિગતો રજૂ કરી અને તેમાં સહાય આપવા વિનંતિ કરી. સામેથી પ્રશ્ન થયો કે 'તમારે કયા પ્રકારની સહાય જોઈએ છે?' તેના ઉત્તરમાં એમ જણાવવામાં આવ્યું કે અમે જે ગ્રંથ તૈયાર કરીએ છીએ, તે આપના સમુદાયના વિદ્વાન મુનિરાજ જોઈ આપે, જેથી તેમાં કોઈ ભૂલો રહી ન જાય.' પૂજ્ય આચાર્યશ્રીને આ વાત ઠીક લાગી, 'એટલે તેમણે પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યને બોલાવી આ વાતથી વાકેફ કર્યા અને સંશોધન કરી આપવા જણાવ્યું. પૂજ્ય પંન્યાસજી મહારાજ આવશ્યકનિર્યુક્તિના અનન્ય અભ્યાસી હતા અને આ વસ્તુમાં અંગત રસ ધરાવતા હતા, એટલે તેમણે ગુરુદેવની આજ્ઞાને શિરોધાર્ય કરી.' શ્રી ધીરજલાલભાઈએ આ ગુરુ-શિષ્યને પુનઃ પુનઃ વંદન કર્યા અને આભારની લાગણી વ્યક્ત કરી.

આમ પ્રથમ પ્રયાસ સફલ થયો, એટલે તેમણે બીજો પ્રયાસ હાથ ધર્યો. તેઓ પોતાના મિત્ર શ્રી ફુલચંદ હરિચંદ દોશીને સાથે લઈને પાલીતાણા નજીક કદંબગિરિ તીર્થમાં પહોંચ્યા કે જ્યાં પ. પૂ. આચાર્યશ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આચાર્યશ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહા-

રાજ, પ. પૂ. આચાર્યશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ તથા પ. પૂ. પંન્યાસ શ્રી ધુરંધરવિજયજી મહારાજ આદિ બિરાજતા હતા.

શ્રી ધીરજલાલભાઈ એ તે બધાને વિધિપૂર્વક વંદન કર્યા પછી પોતાના આગમનનું કારણ જણાવ્યું અને છેવટે સહકાર આપવાની વિનંતિ કરી. આ વખતે યોગાનુયોગ પંડિત શ્રી પ્રભુદાસ બહેચરદાસ પારેખ ત્યાં હાજર હતા. તેમણે આ બાબતમાં કેટલીક ઉટાંગપટાંગ વાતો રજૂ કરી, પણ પૂજ્ય આચાર્ય ભગવંતો તેનાથી દોરવાયા નહિ. તેમણે ત્રણ વાગે ઉત્તર આપવાનું કહેતાં મિલન પૂરું થયું.

બપોરના ત્રણ વાગે શ્રી ધીરજલાલભાઈ પૂજ્ય આચાર્ય ભગવંતોને ફરી મળ્યા, ત્યારે તેમણે જણાવ્યું કે અમે તમારી વાત ધ્યાનમાં લીધી છે અને અમારી વતી પંન્યાસ શ્રી ધુરંધરવિજયજી ગણી તમારા ગ્રંથનું સંશોધન કરી આપશે.' આથી શ્રી ધીરજલાલભાઈ ને ખૂબ જ આનંદ થયો અને તેમનો પુનઃ પુનઃ આભાર માની વિદાય લીધી.

શેઠશ્રીને શ્રી ધીરજલાલભાઈની કાર્યશક્તિ માટે વિશ્વાસ તો હતો જ, તે આ પ્રસંગથી ખૂબ વધવા પામ્યો. બે સમર્થ સંશોધકોનો સહકાર એ કાર્યની સફલતાનો પૂર્વસંકેત હતો. ત્યાર પછી વિશેષ વિચારણા કરતાં એમ લાગ્યું કે આ કાર્યમાં પંડિત શ્રી લાલચંદ્ર ભગવાન ગાંધીનો સહકાર મળે તો પ્રુફસંશોધન આદિમાં ઘણી સરલતા રહેશે અને ઐતિહાસિક કે વ્યાકરણવિષયક કોઈ ભૂલ રહેવા

પામશે નહિ. એટલે શ્રી ધીરજલાલભાઈએ વડોદરા જઈ તેમનો સંપર્ક સાધ્યો અને તેમનો સહકાર મેળવ્યો.

આટલી તૈયારી પૂર્વક પ્રબોધટીકાની રચના થવા લાગી. તે માટે જે જે ગ્રંથોની જરૂર પડી, તે જામનગરથી વિમાન-માર્ગે તથા અમદાવાદ–સરસ્વતી પુસ્તકભંડારમાંથી આવવા લાગ્યા. જોતજોતામાં તો તે અંગે એક સરસ પુસ્તકાલય ખડું થઈ ગયું.

શ્રી ધીરજલાલભાઈ જે લખાણ તૈયાર કરતા, તે શેઠશ્રીને સોંપી જતા અને તેઓ રાત્રિના નવરાશના સમયે તેનું વાચન કરી જતા. તે અંગે જે કંઈ પ્રશ્નો પૂછવાના હોય તે તેઓ બીજા દિવસે શ્રી ધીરજલાલભાઈને પૂછી લેતા. તેના ઉત્તરો સંતોષકારક મળતા, એટલે તેમના હૈયે ધરપત હતી કે આ ગ્રંથ જરૂર ઉત્તમ કોટિનો બનશે.

આ વખતે યોગ અને મંત્રો વિષે પણ વાતો થતી. તેમાં શેઠશ્રી એવું મંતવ્ય પ્રકટ કરતા હતા કે 'આપણે ત્યાં યોગનું ખેડાણ જોઈએ તેવું થયેલું નથી.' શ્રી ધીરજ-લાલભાઈ તેના ઉત્તરમાં જણાવતા કે 'જૈનધર્મનો પાયો જ યોગ પર રચાયેલો છે. તેના તીર્થંકરો અને આચાર્યોએ યોગની જેવી અને જેટલી સાધના કરી છે, તે અન્ય સંપ્રદાયવાળાઓ કરી શક્યા નથી.' પછી તે અંગે સાધક–બાધક ચર્ચા ઘણી થતી. એમ કરતાં એવો નિર્ણય થયો કે તિરુવણ્ણામલાઇ અને પોંડીચેરીમાં જે યોગસાધના ચાલી રહી છે, તેનું નિરીક્ષણ કરી આવવું.

આ વખતે શેઠશ્રીને અન્ન પચતું ન હતું. તેઓ મોટાભાગે ફલરસ તથા છાશ પર જ રહેતા, એટલે આપ્તજનોએ આ પ્રવાસ ખેડવાની ના પાડી, પરંતુ શ્રી ધીરજલાલભાઈએ તેમને ખાતરી આપી કે 'તેમની તબિયતને કશો વાંધો નહિ આવે. હું તેમની સારસંભાળ બરાબર કરીશ.' છેવટે આપ્તજનો સંમત થયા અને માત્ર એક નોકરને સાથે રાખી શ્રી ધીરજલાલભાઈ તથા શેઠશ્રીએ તિરુવણ્ણામલાઈ તથા પોંડીચેરીનો પ્રવાસ કર્યો. એ વખતે શ્રી રમણ મહર્ષિ વિદ્યમાન હતા અને શ્રી અરવિંદ ઘોષે દેહત્યાગ કરેલો હતો. આ બંને સ્થળે ચાલી રહેલી યોગસાધના જોયા પછી શેઠશ્રીને ખાતરી થઈ કે જૈનધર્મે સમત્વયોગની જે પ્રરૂપણા કરી છે, તે ઘણી ઉચ્ચકોટિની છે અને તેના વિશિષ્ટ અંગ તરીકે સામાયિક તથા પ્રતિક્રમણનો પ્રચાર કરવા જેવો છે. આ પ્રવાસ પછી શેઠશ્રી જૈન ધર્મનાં યોગવિષયક પુસ્તકોનું વાચન–મનન વિશેષ પ્રમાણમાં કરવા લાગ્યા.

પ્રબોધટીકાનું લેખનકાર્ય એકંદર ઘણું પરિશ્રમવાળું હતું, કારણ કે તે માટે અનેક ગ્રંથો જોવા પડતા, અનેક ટીકાઓનું અવલોકન કરવું પડતું અને વિવિધ કોશોનો પણ આશ્રય લેવો પડતો. વળી તે અંગે અન્ય વિદ્વાનો સાથે ચર્ચા–વિચારણા કરવી પડતી. તેના પર ચિંતન–મનન કરવું પડતુ અને કોઈ કોઈ વાર પ્રવાસો પણ ખેડવા પડતા. પરંતુ શ્રી ધીરજલાલભાઈએ આ બધો પરિશ્રમ

પ્રેમપૂર્વક કર્યો. તેમના મનમાં તો એક જ લગન હતી કે પ્રબોધટીકાને પ્રમાણભૂત નમૂનેદાર કૃતિ બનાવવી.

શ્રીધીરજલાલભાઈની સ્મરણશક્તિ સતેજ હતી, પ્રતિભા ઉચ્ચકોટિની હતી અને તેઓ જે વિષય પરત્વે એકાગ્ર થવા ઇચ્છે, તે વિષય પરત્વે એકાગ્ર થઈ શકતા હતા. તેથી તેમના સર્જનમાં ઊંડાણ આવ્યું, અનેક બાબતો પર નવીન પ્રકાશ પડયો અને તે જિજ્ઞાસુજનો માટે માર્ગ-દર્શક બન્યો. જૈનધર્મના કોઈ પણ સૂત્ર પર અષ્ટાંગ ટીકા રચાઈ હોય, તો તે આ પહેલી જ હતી અને તે નામ પ્રમાણે ગુણવાળી બની હતી.

પ્રબોધટીકાનો વિસ્તાર જોતાં તેને ત્રણ ભાગમાં પ્રકાશિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. આ દરેક ભાગ ૬૦૦ થી ૭૦૦ પૃષ્ઠોનો થવાની ધારણા હતી અને તેની પડતર કિંમત રૂપિયા અગિયારથી બાર આવે એમ હતી, છતાં પ્રચારાર્થે તેનું મૂલ્ય માત્ર રૂપિયા પાંચ લેવાનું ઠરાવ્યું.

સને ૧૯૫૧ માં તેના પ્રથમ ભાગનું પ્રકાશન ભૂલેશ્વર લાલબાગ ઉપાશ્રયમાં પ. પૂ. આચાર્યશ્રી વિજયપ્રેમસૂરી-શ્વરજી મહારાજ તથા પ. પૂ. આચાર્યશ્રી વિજયપ્રતાપ-સૂરીશ્વરજીની અધ્યક્ષતામાં અનેરા ઉત્સાહથી થયું. તેમાં જૈન આગેવાનોએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી અને જૈન જનતા તો મહેરામણની જેમ ઉછળી પડી હતી. પ્રબોધટીકા પ્રથમ ભાગની ૨૦૦૦ નકલો છપાઈ હતી,

તેમાંથી ૧૯૦૦ નકલોની નોંધણી આ સમારોહમાં થઈ જતાં લેખક–પ્રકાશક ઉભયને અતિશય આનંદ થયો હતો. ત્યાર પછી થોડા જ વખતે પ્રથમ ભાગનું દ્વિતીય સંસ્કરણ પ્રકટ કરવાનો પ્રસંગ આવ્યો હતો.

સને ૧૯૫૨ માં તેના બીજા ભાગનું પ્રકાશન શ્રી નમિનાથ જૈન ઉપાશ્રયમાં પ. પૂ. આચાર્ય શ્રી વિજયવલ્લભ સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં થયું હતું અને તે વખતે પણ જૈન સમાજે અપૂર્વ ઉલ્લાસ બતાવ્યો હતો.

સને ૧૯૫૩ માં તેના ત્રીજા અને છેલ્લા ભાગનું પ્રકાશન શ્રી નમિનાથ જૈન ઉપાશ્રયમાં પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય તથા પ. પૂ. પંન્યાસ શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્યની અધ્યક્ષતામાં અનેરા ઠાઠથી થયું હતું.

શ્રી ધીરજલાલભાઈ સાથે મારો પ્રથમ પરિચય આ પ્રબોધટીકાના સર્જન સમયે જ થયો હતો અને તે આજ સુધી ચાલુ છે.

પ્રબોધટીકાના ત્રણ ભાગ સાધુ–સાધ્વીઓ તથા ધાર્મિક શિક્ષકોને સુંદર માર્ગદર્શન આપનારા બન્યા હતા અને અનેક સ્ત્રી–પુરુષો તેનું વારંવાર મનન–પરિશીલન કરવા લાગ્યા હતા. આ ત્રણ ભાગ પરથી ગૂજરાતી અને હિંદી સંક્ષિપ્ત શુદ્ધ આવૃત્તિઓ તૈયાર કરવામાં આવી હતી. તેની ૫૦૦૦ અને ૩૦૦૦ નકલો તરત ખપી ગઈ હતી. ત્યાર પછી શ્રી

ગોડીજી જ્ઞાનસમિતિ તરફથી ગૂજરાતી આવૃત્તિનું પ્રકાશન થોડા ફેરફાર સાથે ચાલુ છે.

આ યશસ્વી સર્જન પછી શ્રી ધીરજલાલભાઈએ સાહિત્યસર્જન પ્રકાશનની પોતાની સ્વતંત્ર પ્રવૃત્તિ ચાલુ કરી હતી અને તેનાં પરિણામો ઘણાં સુંદર આવ્યાં હતાં, જે આગામી પૃષ્ઠોમાં જોઈ શકાશે.

આ પ્રકરણ સમાપ્ત કરતાં એટલું જણાવી દઉં કે આજે તો પ્રબોધટીકાના ત્રણ ભાગ અપ્રાપ્ય બન્યા છે, પણ તે પોતાની સુવાસ કાયમને માટે મૂકતા ગયા છે.*

---

* થોડા વખત પહેલાં શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર–પ્રબોધ ટીકા નામનું એક પ્રકાશન થયું છે, પણ તેના સંપાદક જુદા છે અને તેનું લખાણ પણ મૂળ લખાણ કરતાં ઘણું ફેરફારવાળું છે. આ પ્રકાશન સાથે શ્રી ધીરજલાલભાઈને કંઈ સંબંધ નથી.

[ ૧૮ ]

# ગૌરવશાલી ગ્રંથમાલાઓ

શ્રી ધીરજલાલભાઈના સાહિત્યસર્જનમાં ગ્રંથમાલાઓ વિશિષ્ટ સ્થાન ધરાવે છે. વધારે સ્પષ્ટ કહું તો તેમના સાહિત્યસર્જનનો સારો એવો ભાગ ગ્રંથમાલાઓએ રોકેલો છે અને તેમને વિશેષ પ્રસિદ્ધિ પણ આ ગ્રંથમાલાઓએ જ આપેલી છે. બાળગ્રંથાવલી! વિદ્યાર્થી વાચનમાલા! કુમાર-ગ્રંથમાલા! આ ત્રણેય ગ્રંથમાલાઓને લોકો આજે પણ યાદ કરે છે અને તે માટે ભારે મૂલ્ય ચૂકવવાની તૈયારી દાખવે છે, પણ એ ગ્રંથમાલાઓ અપ્રાપ્ય બનેલી છે.

શ્રી ધીરજલાલભાઈની ભાવના ભવ્ય હતી, આત્મશ્રદ્ધા અનેરી હતી અને પુરુષાર્થ કરવાની પૂરી તૈયારી હતી, તેથી જ છ–સાત વર્ષના ગાળામાં આ ત્રણ ગ્રંથમાલાઓનું સર્જન થઈ શક્યું, અને આશ્ચર્યની વાત તો એ છે કે માત્ર એક હજાર રૂપિયાની મૂડીમાં તેમણે આ ગ્રંથમાલાઓનું પ્રકાશન જાતે કરવાની હામ ભીડી. તેઓ પુસ્તકો લખતાં

ગયાં, તેનું વેચાણ થતું ગયું અને તેમાંથી જે પૈસા પ્રાપ્ત થતા ગયા, તેનાથી નવું પ્રકાશન કરતા ગયા. આ રીતે તેમણે બાલગ્રંથાવલીની છ શ્રેણીનાં ૧૨૦ પુસ્તકો, વિદ્યાર્થી વાચનમાલાની નવ શ્રેણીનાં ૧૮૦ પુસ્તકો * અને કુમાર ગ્રંથમાલાનાં ૧૦ પુસ્તકોનું પ્રકાશન કર્યું. આ કાર્યમાં વિઘ્નો તો આવ્યાં, પણ 'સત્પુરુષો વિઘ્નો વડે વારંવાર હણાવા છતાં પોતાનું આરંભેલું કાર્ય છોડતા નથી,' એટલે શ્રી ધીરજલાલભાઈએ તેનો જય કરીને આ કાર્ય પૂર્ણ કર્યું.

શ્રી ધીરજલાલભાઈનું એવું મંતવ્ય હતું કે લોકોને સારું અને સસ્તું સાહિત્ય આપવું. વળી તે શ્રેણીબદ્ધ આપીએ તો વધારે લોકોપયોગી બને છે, તેથી તેમણે ગ્રંથમાલાઓ તરફ વિશેષ લક્ષ આપ્યું હતું.

શ્રી ધીરજલાલભાઈએ ઉક્ત ત્રણ ગ્રંથમાલાઓ ઉપરાંત બીજી પણ ત્રણ ગ્રંથમાલાઓ રચીને જૈન ધર્મનું ગૌરવ વધારેલું છે. તેમાં પહેલી **'ધર્મબોધ ગ્રંથમાલા'**, બીજી **'જૈન શિક્ષાવલી'** અને ત્રીજી **'જૈન ચરિત્રમાલા'** છે. તે ત્રણેય ગ્રંથમાલાઓનો અહીં સંક્ષિપ્ત પરિચય આપવા ઈચ્છું છું.

**ધર્મબોધ ગ્રંથમાલાની** રચના પ. પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ તથા તેમના શિષ્ય

---

* દસમી શ્રેણીનું પ્રકાશન ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય—અમદાવાદ તરફથી થયું હતું. એટલે તેની ગણના આમાં કરેલી નથી.

રત્ન ૫. પૂ. મુનિરાજ શ્રી યશોવિજયજી મહારાજ (હાલ ૫. પૂ. આચાર્ય શ્રી વિજયયશોદેવ સૂરિજી મહારાજ)ની પ્રેરણાથી થયેલી હતી. તે દરેક પુસ્તક લગભગ ૮૦ પૃષ્ઠનું હતું, તેમાં સુભાષિતો તથા દાખલા-દલીલોની રજૂઆત અનેરી છટાથી થયેલી હતી, એટલે તે રસપૂર્વક વાંચી શકાય એવું હતું અને તેનું મૂલ્ય માત્ર આઠ આના રાખવામાં આવ્યું હતું, એટલે તે સહુના ગજવાને પરવડે એમ હતું. તેનું પ્રકાશન શ્રી મુક્તિકમલ જૈન મોહન ગ્રંથમાલા-વડોદરા તરફથી કરવામાં આવ્યું હતું. તેમાં નીચેના ૨૦ ગ્રંથો અપાયા હતા.

(૧) ત્રણ મહાન તકો
(૨) સફલતાની સીડી
(૩) સાચું અને ખોટું
(૪) આદર્શ દેવ
(૫) ગુરુદર્શન
(૬) ધર્મામૃત
(૭) શ્રદ્ધા અને શક્તિ
(૮) જ્ઞાનોપાસના
(૯) ચારિત્રવિચાર
(૧૦) દેતાં શીખો
(૧૧) શીલ અને સૌભાગ્ય

(૧૨) તપનાં તેજ

(૧૩) ભાવનાસૃષ્ટિ

(૧૪) પાપનો પ્રવાહ

(૧૫) બે ઘડી યોગ

(૧૬) મનનું મારણ

(૧૭) પ્રાર્થના અને પૂજા

(૧૮) ભક્ષ્યાભક્ષ્ય

(૧૯) જીવનવ્યવહાર

(૨૦) દિનચર્યા

આ વીશ ગ્રન્થોમાં જૈન ધર્મનાં શાસ્ત્રીય અને પરંપરાગત મંતવ્યોને શ્રુતિ, યુક્તિ તથા અનુભૂતિ વડે પ્રમાણિત કરવામાં આવ્યા હતા, વળી તેની ભાષા સરલ હતી અને શૈલિ સુગમ હતી, એટલે તે લોકપ્રિય બન્યા હતા અને થોડા જ વખતમાં તેની બધી પ્રતિઓ ખપી ગઈ હતી. જો તેનું પુનઃ મુદ્રણ ચાલુ રહ્યું હોત તો સમાજને વિશેષ લાભ થાત, પણ એક યા બીજા કારણે તેમ બની શક્યું ન હતું.

શ્રી પ્રતિક્રમણસૂત્ર–પ્રબોધટીકાનું કાર્ય પૂરું કર્યા પછી શ્રી ધીરજલાલભાઈએ વિ. સં. ૨૦૧૪ના શ્રાવણવદિ ૮ના મંગલદિને જૈન સાહિત્ય પ્રકાશન મંદિરની સ્થાપના કરી હતી, તેના પ્રથમ પ્રસાદ તરીકે તેમણે **'જૈન શિક્ષાવલી'**ને રજૂ કરી, જેની ત્રણ શ્રેણીઓમાં બાર–બાર પુસ્તકોની હાર-

માલા હતી. નિબંધાત્મક શૈલીએ લખાયેલાં આ ૩૬ પુસ્તકોમાં જૈનધર્મની સમગ્ર શિક્ષાને-ઉપદેશ પ્રણાલિને આવરી લેવામાં આવી હતી અને તેમાં યથાસ્થાને સૂત્રો, દૃષ્ટાંતો તથા કથાઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. કોઇ પણ જિજ્ઞાસુને જૈન ધર્મની પ્રમાણભૂત જાણકારી મેળવવી હોય તો આ પુસ્તકોમાંથી મળી રહે એમ છે. વિશેષમાં યોગાભ્યાસ અને મંત્રસાધના અંગે પણ તેમાં અગત્યની માહિતી અપાયેલી છે.

**જૈનશિક્ષાવલી-પ્રથમ શ્રેણીમાં** નીચેનાં ૧૨ પુસ્તકો પ્રકટ થયાં હતાં :

(૧) જીવનનું ધ્યેય
(૨) પરમપદનાં સાધનો
(૩) ઈષ્ટદેવની ઉપાસના
(૪) સદ્‌ગુરુસેવા
(૫) આદર્શ ગૃહસ્થ
(૬) આદર્શ સાધુ
(૭) નિયમો શા માટે?
(૮) તપની મહત્તા
(૯) મંત્રસાધન
(૧૦) યોગાભ્યાસ
(૧૧) વિશ્વશાન્તિ
(૧૨) સફલતાનાં સૂત્રો

**જૈનશિક્ષાવલી–બીજી શ્રેણીમાં** નીચેનાં ૧૨ પુસ્તકો પ્રકટ થયાં હતાં:

(૧) સારું તે મારું
(૨) જ્ઞાનજ્યોતિ લે. મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી મ.
(૩) દાનની દિશા
(૪) કર્મસ્વરૂપ લે. મુનિશ્રી કીર્તિવિજયજી મ.
(હાલ આ. શ્રી. વિજયકીર્તિચંદ્રસૂરિજી મ.)
(૫) નયવિચાર
(૬) સામાયિકની સુંદરતા
(૭) મહામંત્ર નમસ્કાર
(૮) કેટલાક યંત્રો
(૯) આયંબિલ–રહસ્ય
(૧૦) આહારશુદ્ધિ લે. શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા
(૧૧) તીર્થયાત્રા લે. શ્રી પ્રિયદર્શન
(૧૨) સુધાબિન્દુ લે. પૂ. પં. શ્રી ધુરન્ધર વિજયજી ગણિવર્ય

આ શ્રેણીમાં ૫ પુસ્તકો અન્યનાં લખેલાં હતાં, પણ તેનું સંપાદન શ્રી ધીરજલાલભાઈએ કરેલું હતું.

**જૈનશિક્ષાવલી–ત્રીજી શ્રેણીમાં** નીચેનાં ૧૨ પુસ્તકો પ્રકટ થયાં હતાં:

(૧) ભાવના ભવનાશિની
(૨) સમ્યક્ત્વસુધા

(૩) શક્તિનો સ્રોત
(૪) અહિંસાની ઓળખાણ
(૫) જીવનઘડતર
(૬) બ્રહ્મચર્ય લે. શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા
(૭) પ્રાર્થનાનું રહસ્ય
(૮) પ્રતિક્રમણનું રહસ્ય
(૯) ઉવસગ્ગહરં સ્તોત્ર
(૧૦) તંત્રોનું તારણ
(૧૧) સાધર્મિક–વાત્સલ્ય
(૧૨) જૈન પર્વો

આ ત્રણે ય શ્રેણીઓનો લોકોએ ઉમળકાભેર આદર કર્યો હતો. પરિણામે તેની બધી પ્રતિઓ થોડા જ વખતમાં ખપી જવા પામી હતી. તેની માગ આજ સુધી ચાલુ છે, પણ વિશિષ્ટ યોજના વિના તેનું પ્રકાશન થઈ શકે તેમ નથી. શ્રી ધીરજલાલભાઈને એવી આશા છે કે સમય સમયનું કામ કરશે, એટલે કે સમય પાકતાં તેનું પુનઃ પ્રકાશન જરૂર થશે.

ત્યાર પછી મુંબઈ–પ્રીન્સેસસ્ટ્રીટ સી. શાન્તિલાલની કંપનીની ખાસ માગણી આવતાં '**જૈન ચરિત્રમાલા**'ની રચના કરવામાં આવી હતી. તેમાં નીચેનાં ૨૦ પુસ્તકો અપાયાં હતાં.

(૧) શ્રી આદિનાથ
(૨) શ્રી મલ્લિનાથ

(૩) શ્રી અરિષ્ટનેમિ
(૪) પ્રભુ પાર્શ્વનાથ
(૫) શ્રમણ ભગવાન મહાવીર
(૬) ભરતેશ્વર
(૭) ચક્રી સનત્ કુમાર
(૮) મગધરાજ શ્રેણિક
(૯) સતી સીતા
(૧૦) દ્રૌપદી
(૧૧) સતી દમયંતી
(૧૨) સતી ચંદનબાલા
(૧૩) અનાથીમુનિ
(૧૪) મહર્ષિ કપિલ
(૧૫) મુનિશ્રી હરિકેશ બલ
(૧૬) નમિરાજ
(૧૭) દશ ઉપાસકો
(૧૮) શેઠ સુદર્શન
(૧૯) મંત્રનો મહિમા
(૨૦) વીતરાગની વાણી

આ દરેક પુસ્તક ૨૦ પાનાનું હતું, પણ તે બાલ ગ્રંથાવલી કરતાં ઊંચા સ્તરે લખાયેલું હતું, તેથી કુમારો, યુવાનો વગેરેને પણ પસંદ પડે તેવું હતું. આ ચરિત્રમાલામાં વિશેષ ચરિત્રો આપવાની યોજના હતી; પણ પ્રકાશક આ કાર્યને આગળ ધપાવી શક્યા ન હતા. આ ચરિત્રમાલા આજે અલભ્ય છે.

[ ૧૯ ]

# શ્રીવીર્-વચનામૃત

જૈન શિક્ષાવલીના યશસ્વી પ્રકાશન પછી શ્રી ધીરજલાલભાઈને એમ લાગ્યું કે જૈનધર્મનો યથાર્થ પ્રચાર કરવો હોય તો ભગવાન મહાવીરનાં મૂલ વચનોને પ્રકાશમાં લાવવાં જોઈએ. તે અંગે કેટલાક પ્રયાસો થયા છે ખરા, પણ તે પ્રમાણમાં નાના હોઈ જોઈએ તેવા કાર્યસાધક બનેલા નથી. આથી તેમણે જુદા જુદા આગમોનું અવલોકન–અવગાહન કરીને ૧૦૦૮ જેટલાં વચનો ચૂંટી કાઢયાં, તેનું કાળજીપૂર્વક સંપાદન કર્યું, તેનું મૂલસ્થાન નોંધી લીધું અને તેને '**શ્રીવીર-વચનામૃત**' એવું અષ્ટાક્ષરી અભિધાન આપીને તેનું ભવ્ય સમારોહપૂર્વક પ્રકાશન કર્યું.

આ સમારોહ ભાયખલા–મોતીશાહમંદિરની બહાર આવેલા વિશાલ–ભવ્ય મંડપમાં ઉજવાયો હતો, તેમાં અનેક આચાર્યોએ, અનેક મુનિવરોએ અને સંખ્યાબંધ સાધ્વીજી મહારાજોએ હાજરી આપી હતી, તેમજ જૈન

આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. લગભગ ૩૦૦૦ ની પ્રેક્ષક–સંખ્યા આ સમારોહ પ્રત્યે લોકોને કેવું અદ્‌ભુત આકર્ષણ થયું હતું, તેની સાક્ષી પૂરતી હતી.

આ વખતે જે પ્રવચનો થયાં, તે ઘણાં મનનીય હતાં અને ખાસ કરીને તો શ્રી ધીરજલાલભાઈની સાહિત્ય સેવાને શ્રદ્ધાંજલિ સમર્પનારાં હતાં. પૂર્વે પણ શ્રી ધીરજ-લાલભાઈને તેમની સાહિત્યસેવા માટે શ્રદ્ધાંજલિઓ અપાઈ હતી, પણ આ વખતનો ઉમળકો જુદો હતો, આ વખતનો રંગ ખરેખર અદ્‌ભુત હતો.

આ પ્રસંગે '**શ્રી ધીરજલાલ શાહની સાહિત્ય-વાટિકા**' નામે એક પ્રદર્શન પણ યોજાયું હતું અને તેમાં તેમની આજ સુધીની લભ્ય કૃતિઓને વ્યવસ્થિત રીતે રજૂ કરવામાં આવી હતી. આ પ્રદર્શનનું નિરીક્ષણ કરતાં જ લોકો આશ્ચર્યમાં ડૂબી જતા હતા કે આટલું બધું સાહિત્ય-સર્જન! તે શી રીતે થઈ શક્યું હશે! ખરેખર! શ્રી ધીરજલાલભાઈએ કમાલ કરી છે. તેમણે ચોત્રીશ વર્ષમાં ચોરાશી વર્ષનું કામ કરી લીધું છે,× વગેરે. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન જાણીતા દાનવીર સ્વ. શેઠશ્રી મેઘજી પેથરાજે કર્યું હતું. આ ગ્રંથનો લોકોએ ખૂબ આદર કર્યો હતો, એ કહેવાની જરૂર છે ખરી?

× સને ૧૯૨૮થી સાહિત્યસર્જન શરૂ થયું અને આ સમારોહ સને ૧૯૬૨ ના નવેમ્બરની ૧૮ મી તારીખે થયો હતો, એટલે અહીં ૩૪ વર્ષનો ઉલ્લેખ છે.

શ્રી વીર–વચનામૃતના પ્રકાશનસમયે જ આ મહત્ત્વ-પૂર્ણ ગ્રંથના હિંદી અનુવાદની માગણી થઈ હતી, એટલે શ્રી ધીરજલાલભાઈનું મન તે તરફ વળ્યું અને વિશેષ વિચારણાને અંતે તેમણે આ કાર્ય માટે મારી પસંદગી કરી. મેં તેનો સહર્ષ સ્વીકાર કર્યો અને લગભગ આઠથી દશ મહિનાના ગાળામાં તો તે તૈયાર પણ કરી નાખ્યો. આ ગ્રંથનું નામ 'श्री महावीर वचनामृत' રાખવામાં આવ્યું.

આ ગ્રંથમાં જે સામગ્રી રજૂ થઈ હતી, તેમાં કોઈ સાંપ્રદાયિક વિવાદ ન હતો, એટલે તે સર્વમાન્ય બનવાના સંયોગો ઉજ્જવલ હતા. પરંતુ તે ત્યારે જ બની શકે કે જ્યારે જૈનોના ચારે ય સંપ્રદાયના વિદ્વાનો તેમાં રસ લઈ સંમતિની મહોર મારે. આ કાર્ય આમ તો કઠિન જ ગણાય, પરંતુ શ્રી ધીરજલાલભાઈએ આત્મશ્રદ્ધા કેળવી તેને હાથ ધર્યું. તે માટે મુંબઈમાં મૂર્તિપૂજક સંપ્રદાયના આચાર્ય પ. પૂ. શ્રી વિજયધર્મસૂરિજીનો, આગરા જઈ સ્થાનકવાસી સંપ્રદાયના પ. પૂ. શ્રી અમરમુનિજીનો, દિલ્હી જઈ તેરાપંથી સંપ્રદાયના પ. પૂ. મુનિશ્રી નથમલજીનો તથા વારાણસી જઈ દિગમ્બર સંપ્રદાયના પંડિત શ્રીમાન્ કૈલાસચંદ્ર શાસ્ત્રીનો સંપર્ક સાધ્યો અને તે દરેક પાસેથી ગ્રંથને અનુરૂપ આમુખો મેળવ્યાં.

આ ગ્રંથનું પ્રકાશન–સમર્પણ યશસ્વી રીતે થાય, તે માટે શ્રી ધીરજલાલભાઈ લગભગ ત્રણ મહિના સુધી કલ-કત્તામાં રહ્યા અને આ ગ્રંથની ૩૩૦૦ પ્રતિઓ ત્યાં જ

છપાવી. પછી ત્યાંના તમામ ફિરકાના જૈન આગેવાનોની બનેલી સમિતિ દ્વારા તેનું પ્રકાશન કર્યું. આ વખતે બંગાળના જે વિદ્વાનો જૈન ધર્મના અભ્યાસમાં રસ લઈ રહ્યા હતા તથા તે સંબંધી મનનીય લેખો લખતા હતા, તેમનું સન્માન કરવાનો નિર્ણય થયો હતો અને એ રીતે સાત બંગાળી વિદ્વાનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

અહીં એ પણ જણાવી દઉં કે શ્રી ધીરજલાલભાઈના ખાસ પ્રયત્નથી આ ગ્રંથ પ્રકાશિત થતાં સુધીમાં તેની ૩૦૦૦ પ્રતિઓ નોંધાઈ ગઈ હતી અને માત્ર ૩૦૦ પ્રતિઓ જ વેચવાની બાકી રહી હતી, તેમાંથી કેટલીકનું વેચાણ આ પ્રસંગે થયું હતું.

આ ગ્રંથ ભૂદાનના પ્રેરક રાષ્ટ્રસંત વિનોબાજીને અર્પણ કરવાની ભાવના હતી, તેથી શ્રી ધીરજલાલભાઈ તેમને બંગાળના એક ગામડામાં મળ્યા હતા. તે વખતે તેમણે ભગવાન મહાવીરનાં વચનામૃત અંગે પોતાના વિચારો પ્રદર્શિત કર્યા હતા અને તેની એક સર્વમાન્ય આવૃત્તિ તૈયાર કરવાનો અનુરોધ કર્યો હતો. તેના અનુસંધાનમાં જ શ્રી ધીરજલાલભાઈએ ઉપર જણાવ્યા મુજબ જૈનોના ચારેય ફીરકાના માન્ય વિદ્વાનો પાસેથી આ ગ્રંથ માટે આમુખો મેળવ્યાં હતાં. ત્યાર પછી બીજી મુલાકાત વખતે તેમણે આ ગ્રંથના સમર્પણનો સ્વીકાર કર્યો હતો.

ત્યાર પછી બંગાળના ઝારગ્રામ ખાતે ભવ્ય સમારોહ પૂર્વક શ્રી વિનોબાજીને આ ગ્રંથ સમર્પણ કરવામાં આવ્યો

હતો. તે વખતે તેમણે લગભગ ૫૫ મીનીટ સુધી ભગવાન મહાવીરના જીવન વિષે મનનીય પ્રવચન કર્યું હતું, જે પાછળથી 'भगवान महावीर का भारत पर असीम उपकार' તરીકે 'દશપુર સાહિત્ય સંવર્ધન સંસ્થાન-મંદસોર' તરફથી પ્રકટ થયું હતું.

અહીં એટલી નોંધ કરવી જોઈએ કે શ્રી ધીરજલાલભાઈ એ આ સમારોહ માટે ઘણો પરિશ્રમ કર્યો હતો. પ્રથમ તેઓ ઝારગ્રામ જઈ સમારોહનું સ્થાન જોઈ આવ્યા હતા કે જે ત્યાંની હાઈસ્કૂલનું વિશાળ પટાંગણ હતું. પછી ત્યાં ભોજન વગેરેનો પ્રબંધ શી રીતે થઈ શકશે ? તેની તપાસ કરી હતી અને તે અંગે યોગ્ય ગોઠવણ પણ કરી હતી. ત્યાંથી કલકત્તા પાછા ફર્યા પછી તેમણે આ પ્રવાસ માટે મિત્રોને તૈયાર કર્યા હતા અને એ રીતે કુલ ૨૮ જણની મંડળી કલકત્તાથી ખાસ ડબ્બામાં પ્રવાસ કરીને ઝારગ્રામ પહોંચી હતી. હું પણ તેમાંનો એક હતો. આ પ્રવાસ એકંદર ખૂબ આનંદજનક બન્યો હતો. સમારોહ પૂર્ણ થયા પછી રાત્રિની ગાડીમાં આ મંડળી કલકત્તા પાછી ફરી હતી.

આ વસ્તુ હું અહીં એટલા માટે રજૂ કરી રહ્યો છું કે શ્રી ધીરજલાલભાઈ ગ્રન્થપ્રકાશન અને તેના સમારોહ માટે કેવો અને કેટલો પરિશ્રમ કરતા હતા, તેનો ખ્યાલ પાઠકોને આવી શકે. જ્યાં નિષ્ઠાપૂર્વકનો પરિશ્રમ હોય, ત્યાં ધારી સફલતા મળવા બાબત કોઈ શંકા રહેતી નથી.

આ હિંદી અનુવાદની ૫૦૦ પ્રતિઓ બિહાર રાજ્યના પુસ્તકાલયોમાં ત્યાંના શિક્ષાવિભાગ મારફત મોકલાઇ હતી, ૪૦૦ પ્રતિઓ રાજસ્થાન રાજ્યના પુસ્તકાલયોમાં ત્યાંના શિક્ષાવિભાગ તરફથી મોકલાઇ હતી, ૩૫૦ પ્રતિઓ લોક-સભાના સદસ્યોને ભેટ તરીકે આપવામાં આવી હતી અને ૧૦૦ પ્રતિઓ ભૂદાનને લગતી ભારતની વિવિધ સંસ્થાઓને મોકલાઈ હતી. આ રીતે આ ગ્રંથનો સારો પ્રચાર થયો હતો.

આ પ્રકાશન પછી શ્રી ધીરજલાલભાઈને એમ લાગ્યું કે શ્રી વીરવચનામૃતનો અનુવાદ બંગાળીમાં પણ થવો જોઈએ, એટલે તેમણે કલકત્તામાં પાંચ સજ્જનોની એક ખાસ સમિતિ નીમી હતી અને તેના દ્વારા એક બંગાલી વિદ્વાનને એ કાર્ય સોંપવામાં આવ્યું હતું. વિશેષમાં આ બંગાળી અનુવાદનો વિશેષ પ્રચાર થાય, તે માટે તે વખતના બંગાળના મુખ્યમંત્રી શ્રીમાન્ પી. સી. સેનની મુલાકાત લેવામાં આવી હતી. તેમણે આ વિચારનો સ્વીકાર કર્યો હતો અને ૩૦૦૦ નકલો સરકાર તરફથી લેવાની બાંહેધરી પણ આપી હતી, પરંતુ જે બંગાલી વિદ્વાનને અનુવાદનું કામ સોંપાયું હતું, તે તેમણે ઘણા વિલંબમાં નાખ્યું અને છેવટે જે અનુવાદ રજૂ કર્યો, તે સંતોષકારક ન જણાતાં એ કામ ત્યાં જ અટકી પડ્યું.

ત્યાર પછી શ્રી વીરવચનામૃતનો અંગ્રેજી અનુવાદ તૈયાર કરી ભારતની પ્રસિદ્ધ વિદ્યાપીઠો તથા પ્રાધ્યાપકોને

મોકલી આપવા અંગે એક યોજના તૈયાર કરી. તેમાંથી જે નાણાં પ્રાપ્ત થયાં, તેમાંથી 'ધી ટીચીંગ્સ ઓફ લોર્ડ મહાવીર' નામનો સુંદર ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો અને તેનું યોગ્યસ્થાને વિતરણ કરવામાં આવ્યું. આ ગ્રંથની અમેરિકા, ઈંગ્લેન્ડ તથા ઈટલી વગેરે દેશોમાંથી પણ માગણી આવી હતી, તે પરથી તેની ઉપયોગિતા સમજી શકાશે.

આ ગ્રંથનો અન્ય ભાષાઓમાં પણ અનુવાદ કરવા જેવો છે, પણ તે કામ હવે કોઈ પ્રતિષ્ઠિત સંસ્થાએ ઉપાડી લેવું જોઇએ.

[ ૨૦ ]

# કેટલીક મહત્ત્વની કૃતિઓ

શ્રી ધીરજલાલભાઈનો સ્વાધ્યાય વિશાલ હતો, જ્ઞાન-રુચિ તીવ્ર હતી અને સ્મરણશક્તિ સુંદર હતી, તેથી તેઓ વિધવિધ વિષયોનું જ્ઞાન મેળવી શક્યા. 'જ્ઞાનનો ઉપયોગ સ્વ-પર-કલ્યાણ અર્થે થવો જોઈએ' એવી એમની માન્યતા હતી, તેથી તેમણે એ જ્ઞાન ગ્રંથારૂઢ કરવાનો પ્રયત્ન કર્યો અને તેમાંથી કેટલીક મહત્ત્વની કૃતિઓનું નિર્માણ થયું, જેનો પરિચય હું આ પ્રકરણમાં આપવા ઈચ્છું છું.

## ૧—જિનોપાસના

જિનની—જિન ભગવંતની ઉપાસના શા માટે કરવી જોઈએ? કેવી રીતે કરવી જોઈએ? તેને લગતાં શાસ્ત્રીય વિધાનો ક્યાં પ્રકારનાં છે? અને તેનું અનુસરણ કરતાં કેવા પ્રકારના લાભો થાય છે? વગેરે બાબતોનું વિસ્તૃત વિશદ વિવેચન કરતો એક ગ્રંથ તેમણે આજથી આશરે

વીશ વર્ષ પહેલાં લખ્યો હતો અને તે **'જિનોપાસના'** નામથી જૈન સાહિત્યમંદિર દ્વારા પ્રસિદ્ધિ પામ્યો હતો.

જિનભક્તિ કે જિનોપાસના અંગે જૈન શાસ્ત્રોમાં અનેક સ્થલે વર્ણન–વિવેચન થયેલું હોવા છતાં તેનો સાંગોપાંગ ખ્યાલ આપે એવો કોઇ પણ ગ્રન્થ તે વખતે વિદ્યમાન ન હતો અને હું જાણું છું ત્યાં સુધી આજે પણ વિદ્યમાન નથી. આ સંયોગોમાં આ ગ્રંથ આદરણીય બને અને તેનો વ્યવસ્થિત પ્રચાર થાય, એમાં કંઈ આશ્ચર્ય નથી.

જેને આત્મસાક્ષાત્કાર કે મોક્ષ ભણી આગળ વધવું હોય તેને માટે જિનોપાસના એ પાયાની વસ્તુ છે. આ વાત શ્રી ધીરજલાલભાઇએ આ ગ્રંથમાં બહુ સારી રીતે સમજાવી છે. કેટલાક એમ માને છે કે જૈન ધર્મે અહિંસા, સંયમ અને તપ ઉપર જેટલો ભાર આપ્યો છે, તેટલો ભાર ભક્તિ કે ઉપાસના પર આપેલો નથી, પણ આ મંતવ્ય નિરાધાર છે અને જૈનધર્મે અહિંસા, સંયમ તથા તપ કરતાંયે જિનભક્તિ કે જિનોપાસનાને અગ્રતા આપી છે, એ વાત શ્રી ધીરજલાલભાઈએ પુષ્ટ પ્રમાણો દ્વારા આ ગ્રંથમાં સિદ્ધ કરી આપી છે. ભક્તિ કે ભક્તિયોગમાં રસ લેનાર સહુ કોઈએ આ ગ્રંથ વાંચવા જેવો છે, પણ હવે તે ગ્રંથાલયોમાંથી જ મળી શકે એમ છે, કારણ કે તે અપ્રાપ્ય બનેલો છે.

## ૨. લોગસ્સ મહાસૂત્ર યાને જૈનધર્મનો ભક્તિવાદ

લોગસ્સસૂત્ર જૈનધર્મમાં જાણીતું છે. તેનો ઉપયોગ

અનેકવિધ ધાર્મિક ક્રિયાઓ પ્રસંગે થાય છે, પણ તેના વાસ્તવિક રહસ્યથી જૈન સમાજનો મોટો ભાગ અજાણ છે. શ્રી ધીરજલાલભાઈએ આ સૂત્ર પર ખૂબ જ ચિંતન–મનન કરેલું હતું, એટલું જ નહિ પણ એક વર્ષ સુધી તેની રોજ ૪૦ વાર વિધિસર ગણના પણ કરેલી હતી. પરિણામે તેમને આ સૂત્રનો જે મર્મ સમજાયો–મહિમા સમજાયો, તે તેમણે એક દળદાર ગ્રંથમાં આજથી બે વર્ષ પૂર્વે પ્રકટ કરેલો છે. તેનું નામ રાખેલું છે. **'લોગસ્સ મહાસૂત્ર યાને જૈનધર્મનો ભક્તિવાદ.'**

આ ગ્રંથમાં લોગસ્સ સૂત્રના દરેક પદ પર ગંભીર વિચારણા કરવામાં આવી છે તથા તેણે જૈન ભક્તિવાદની મૂલ ભૂમિકા કેવી રીતે પૂરી પાડી છે, તે ખૂબ સ્પષ્ટતાથી સમજાવ્યું છે. જૈનો કૃપાવાદ એટલે ઇશ્વરકૃપામાં માનતા નથી, પણ ઇશ્વરસ્વરૂપ જિન ભગવતની ઉપાસના કરતાં દૈવી તત્ત્વો કેવી રીતે સહાય કરે છે, તે તેમણે યુક્તિ અને અનુભૂતિ બંનેથી બહુ સરસ રીતે સમજાવ્યું છે. લોગસ્સ-સૂત્ર સાથે મંત્રવાદ અને યંત્રવાદ પણ સંકળાયેલો છે, તેની રજૂઆત પણ આ ગ્રંથમાં નિપુણતાથી કરવામાં આવી છે. એક જ વર્ષમાં તેની બધી પ્રતિઓ વેચાઈ જતાં આજે તે અપ્રાપ્ય બનેલો છે, પરંતુ જિજ્ઞાસુજનોએ ગમે તે ઠેકાણેથી તેની પ્રતિ મેળવી તેનું અવલોકન–અવગાહન અવશ્ય કરવા જેવું છે.

## ૩—જીવવિચારપ્રકાશિકા યાને જૈનધર્મનું પ્રાણી-વિજ્ઞાન

શ્રી ધીરજલાલભાઈની કેટલીક કૃતિઓ અભ્યાસક્રમમાં સ્થાન પામેલી છે. તેમાંની એક કૃતિ **'જીવવિચાર પ્રકાશિકા'** છે. **'જીવવિચાર'** નામના પ્રકરણગ્રંથ પર વિશેષ પ્રકાશ પાડનારી જે વિવેચનાત્મક ટીકા તે જીવવિચાર પ્રકાશિકા. તેમાં જૈન ધર્મનું સમસ્ત પ્રાણીવિજ્ઞાન અંતર્ભાવ પામે છે, એટલે તેનું અપર નામ **'જૈન ધર્મનું પ્રાણી-વિજ્ઞાન'** રખાયેલું છે.

જીવસૃષ્ટિ સંબંધી જેટલો સૂક્ષ્મ વિચાર જૈન ધર્મમાં થયેલો છે, તેટલો સૂક્ષ્મ વિચાર અન્ય કોઈ ધર્મમાં થયેલો નથી, એ હકીકત છે. આધુનિક વિજ્ઞાન પ્રાણીસમૂહના ભેદ અને તેના પણ ભેદ–ઉપભેદ પાડી તેનો વિશદ બોધ કરાવે છે, તેમ જૈન ધર્મે પણ પ્રાણીસમૂહના ભેદ પાડી તેના પણ ભેદ–ઉપભેદ જણાવેલા છે અને એ રીતે તેનો વિશદ બોધ કરાવવા પ્રયત્ન કરેલો છે. મૂલ તો જીવાભિગમ આદિ આગમગ્રંથોમાં તેનું વિસ્તૃત વર્ણન છે, તેના પરથી શ્રી શાન્તિસૂરિ નામના આચાર્યે તેના સંક્ષેપરૂપે 'જીવવિચાર' નામના પ્રકરણ ગ્રંથની રચના કરેલી છે.× તે કંઠસ્થ કરવો સહેલો હોવાથી ધાર્મિક અભ્યાસમાં સ્થાન પામેલો છે. પરંતુ તેના અર્થબોધરૂપે જે થોડી ટીકાઓ રચાયેલી છે, તે સામાન્ય કોટિની હોવાથી વિદ્યાર્થીઓની જિજ્ઞાસાને

× આ શાન્તિસૂરિ ક્યા, તેનો સ્પષ્ટ નિર્ણય થઈ શકેલ નથી.

સંતોષી શકે એવી નથી. આ ટીકાને આધારે વર્તમાન કાલે જે પાઠયપુસ્તકો રચાયાં છે, તે પણ લગભગ એવાં જ છે, તેથી જીવવિચાર–પ્રકરણ પર એક વિસ્તૃત વિશદ ટીકા રચવાની જરૂર જણાતાં શ્રી ધીરજલાલભાઈએ એ દિશામાં એક સબલ પ્રયાસ કર્યો. તેના પરિણામે **'જીવવિચાર–પ્રકાશિકા યાને જૈન ધર્મનું પ્રાણીવિજ્ઞાન'** એ ગ્રંથ અસ્તિત્વમાં આવ્યો.

આ ગ્રંથ શ્રી ધીરજલાલભાઈના પ્રૌઢ પાંડિત્યનું પ્રમાણ પૂરું પાડે છે. તેમણે આ ગ્રંથના 'ભૂમિકા' નામના પ્રથમ ખંડમાં નીચે પ્રમાણે નવ પ્રકરણો લખ્યાં છે.

(૧) આમુખ
(૨) આગમસાહિત્ય અને પ્રકરણગ્રંથો
(૩) દ્રવ્યાનુયોગની મહત્તા
(૪) જીવનું સ્વતંત્ર અસ્તિત્વ
(૫) વિજ્ઞાન શું કહે છે ?
(૬) જીવવિચાર અંગે કિંચિત્
(૭) જીવવિચાર–પ્રકરણના નિર્માતા
(૮) પ્રસ્તુત પ્રકરણ પર વૃત્તિઓ વગેરે
(૯) અર્થપદ્ધતિ

અસાધારણ વિદ્વત્તા સિવાય આ પ્રકરણો લખી શકાય એવાં નથી. તેમણે 'વિદ્વાન શું કહે છે?' એ પ્રકરણમાં જીવ કે આત્મતત્ત્વનો સ્વીકાર કરનારા કેટલાક આધુનિક વિદ્વાનોના અભિપ્રાય ટાંકયા છે. તે એમનો વર્તમાન વિજ્ઞાન સંબંધી ઊંડો અભ્યાસ સૂચવે છે.

આ ગ્રંથના બીજા ખંડને તેમણે **'જીવોનું વર્ગીકરણ'** એવું નામ આપેલું છે અને તેમાં જીવરાશિના વર્ગો અને પેટાવર્ગો દર્શાવતાં જે શબ્દોના અર્થ સંદિગ્ધ લાગ્યા, તેનું નિરાકરણ તેમણે નિઘંટુ તથા અન્ય કોષોનો આશ્રય લઈને કરેલું છે તથા જે જીવનો–વસ્તુનો પરિચય આપવા જેવો લાગ્યો, તેનો પરિચય પણ અન્ય અનેક શાસ્ત્રોનો આધાર લઈને આપેલો છે. તેના પરથી આ કાર્ય કેટલું શ્રમસાધ્ય હશે, તેનો ખ્યાલ આવી શકે એમ છે.

આ ગ્રંથના ત્રીજા ખંડને **'પંચદ્વાર'** એવું નામ આપેલું છે અને તેમાં જીવોનાં શરીર, આયુષ્ય, સ્વકાય-સ્થિતિ, પ્રાણ અને યોનિ એ પંચદ્વારની રજૂઆત કરવામાં આવી છે.

આ ગ્રંથ પાઠ્યપુસ્તકરૂપ હોઈ તેનું સંશોધન પ. પૂ. આ. શ્રી વિજયધર્મધુરંધરસૂરિજી મ., પ. પૂ. આ. શ્રી વિજયકીર્તિચંદ્રસૂરિજી મ., પ. પૂ. મુ. શ્રી મહાપ્રભવિજયજી મ. તથા પ. પૂ. મુનિશ્રી ધર્માનંદવિજયજી મ. પાસે કરાવવામાં આવ્યું હતું. તેની પ્રસ્તાવના શ્રી ફત્તેચંદ ઝવેરચંદ શાહ તથા શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાએ સંયુક્તપણે લખી હતી. વળી આ ગ્રંથને જરૂરી ચિત્રોથી સુશોભિત કરતાં તેની ઉપયોગિતામાં ઘણો વધારો થયો હતો. વિદ્વાનો અને વિચારકોની ખૂબ પ્રશંસા પામેલો આ ગ્રંથ બીજી આવૃત્તિ પછી હાલ અપ્રાપ્ય બનેલો છે.

## ૪. નવતત્ત્વદીપિકા યાને જૈનધર્મનું અદ્ભુત તત્ત્વજ્ઞાન

'જીવવિચાર પ્રકાશિકા'નો જોડીદાર ગ્રંથ '**નવતત્ત્વદીપિકા**' છે. તે પણ ઘણા સ્થળે ધાર્મિક અભ્યાસક્રમમાં દાખલ થયેલો છે. ધાર્મિક શિક્ષણશિબિરોમાં તો તેનું ખાસ અવલંબન લેવાય છે. નવતત્ત્વ પ્રકરણ ગ્રંથ પરની વિવેચનાત્મક ટીકા તે '**નવતત્ત્વદીપિકા.**' તેમાં જૈન તત્ત્વજ્ઞાનનું પ્રતિપાદન થયેલું હોવાથી તે '**જૈનધર્મનું અદ્ભુત તત્ત્વજ્ઞાન**' એવું અપરનામ પામેલો છે. સામાન્ય રીતે પ્રથમ જીવવિચાર અને પછી નવતત્ત્વનું શિક્ષણ અપાય છે, એટલે આ બે ગ્રંથોની રચના એ જ ક્રમે કરેલી છે.

નવતત્ત્વ એ જૈનધર્મનું નવનીત છે: વધારે સ્પષ્ટ કહું તો સમગ્ર જૈનદર્શન આ નવતત્ત્વ પર આધારિત છે. જેને નવતત્ત્વનો બોધ નથી, તે જૈનધર્મ પ્રતિપાદિત આત્મવાદ, કર્મવાદ કે મોક્ષવાદનું સ્વરૂપ સમજી શકે નહિ. તેથી જ જૈનધર્મનું શિક્ષણ લેનારે નવતત્ત્વનું શિક્ષણ લેવું જોઈએ, નવતત્ત્વના સ્વરૂપથી પરિચિત થવું જોઈએ.

આ નવતત્ત્વપ્રકરણ પર કેટલીક ટીકાઓ રચાયેલી છે, પણ તે આધુનિક વિદ્યાર્થીવર્ગને સંતોષ આપે તેવી નથી. ખાસ કરીને આજના વિજ્ઞાનનું શિક્ષણ લીધા પછી વિદ્યાર્થીના મનમાં જે પ્રશ્નો ઉઠે છે, તેનો તેમાં ઉત્તર નથી. આ પરિસ્થિતિ દૂર કરવા માટે શ્રી ધીરજલાલભાઈએ ઘણા પરિશ્રમપૂર્વક 'નવતત્ત્વદીપિકા'ની રચના કરી અને તેનું પ. પૂ. આ. શ્રી વિજયધર્મધુરંધરસૂરિજી, પ. પૂ.

પં. શ્રી કીર્તિવિજયજી ગણી (તે હાલના પ. પૂ. આ. શ્રી વિજયકીર્તિચંદ્રસૂરિ) અને પ. પૂ. મુ. શ્રી યશોવિજયજી મહારાજ પાસે સંશોધન કરાવ્યું. તેમજ આ વિષયના અનન્ય અભ્યાસી પ. પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજને ખાસ વિનંતિ કરી તેમની પાસે આ ગ્રંથની મનનીય પ્રસ્તાવના લખાવી.

આ ગ્રંથના **પ્રાક્કથન**માં શ્રી ધીરજલાલભાઈ એ નીચેનાં સાત પ્રકરણો લખ્યાં છે, તેના પરથી તેમની અસાધારણ વિદ્વત્તાનો ખ્યાલ આવી શકશે :

(૧) જૈનધર્મની પ્રાચીનતા અને મૌલિકતા
(૨) જૈનધર્મ પરમ આસ્તિક છે.
(૩) તત્ત્વજ્ઞાનની મહત્તા
(૪) તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કોને થાય ?
(૫) તત્ત્વસંવેદન
(૬) નવતત્ત્વ અંગે વિશાલ સાહિત્ય
(૭) પ્રસ્તુત ગ્રંથનિર્માણ

તે પછી મૂલ ગાથાઓ પર વિવેચન કરતાં પ્રથમ તેનાં નામો તથા ભેદો અંગે ખાસ પ્રકરણ રચેલું છે, વચ્ચે ષડ્દ્રવ્ય અંગે વિશેષ વિચારણા કરેલી છે, તથા કર્મવાદનું સ્વરૂપ સમજાવ્યું છે. તેમજ છેલ્લે સમ્યક્ત્વ તથા સિદ્ધના ભેદો અંગે પણ ખાસ પ્રકરણો લખેલાં છે.

આ ગ્રંથમાં અનેક સ્થળે વૈજ્ઞાનિક તુલનાઓ કરાયેલી છે અને વિદ્યાર્થીઓના મનમાં ઉઠતા પ્રશ્નોનું સમાધાન

પણ કરાયેલું છે, તેથી તેની ઉપાદેયતામાં ઘણો વધારો થયેલો છે. આ ગ્રંથ બીજી આવૃત્તિ પછી હાલ અપ્રાપ્ય બનેલો છે.

**૫. સ્મરણકલા :**

સને ૧૯૪૦ થી ૧૯૪૭ સુધીના કપરા કાલ દરમિયાન શ્રી ધીરજલાલભાઈએ પોતાની કલમ કોરે મૂકી દીધી હતી, પરંતુ તેમાં સને ૧૯૪૫ની સાલ અપવાદરૂપ નીવડી હતી, કારણ કે આ સાલમાં તેમણે '**સ્મરણકલા**' નામના એક મહત્ત્વપૂર્ણ ગ્રંથની રચના કરી હતી. તેમાં તેમણે સ્મૃતિ અર્થાત્ સ્મરણશક્તિ અંગે જે કંઈ વાંચ્યું–વિચાર્યું હતું તથા શતાવધાનના પ્રયોગો દરમિયાન અનુભવ્યું હતું, તેનો નીચોડ પત્રાકાર શૈલીમાં આપી દીધો હતો. વધારે સ્પષ્ટ કહું તો તેમાં તેમણે સ્મરણશક્તિનું મહત્ત્વ સમજાવ્યું હતું, તેના પ્રકારોનું વર્ણન કર્યું હતું અને તેનો વિકાસ કરવાના કેટલાક અનુભૂત ઉપાયો પણ બતાવ્યા હતા. વિશેષમાં અવધાનકલા પર પણ સારો એવો પ્રકાશ પાડ્યો હતો.

ગુજરાતના સુપ્રસિદ્ધ સાક્ષર શ્રી રમણલાલ વસંતલાલ દેશાઈએ તેની મનનીય પ્રસ્તાવના લખી હતી, તેમાં તેમણે જણાવ્યું હતું કે 'સામાન્ય જનતાને ચમત્કાર, મંત્રસિદ્ધિ કે યોગપ્રક્રિયા લાગે એવી સ્મરણકલાની, શતાવધાનની કલા પાછળ શાસ્ત્રીય સિદ્ધાન્તો રહેલા છે, એમ જ્યારે શ્રી ધીરજલાલભાઈએ અમને સમજાવ્યું, ત્યારે તેમની હૃદયશુદ્ધિ માટે મને ખૂબ માન ઉત્પન્ન થયું. આપણા દેશમાં વિદ્યા-

કલાને ગુપ્ત રાખવાની એક પ્રથા પડી ગઈ છે. કાં તો કલાકાર કલાચોર બને છે કાં કલાની આસપાસ ગૂઢ રહસ્ય-ભર્યું વાતાવરણ ઉત્પન્ન કરી પોતાની મહત્તા વધારવા મથે છે. આને પરિણામે આપણી કેટલીય કલાઓ અને કેટલાય હુન્નર બગડી ગયા અને નાશ પામ્યા. શ્રી ધીરજલાલભાઈએ સ્મરણકલાનું ઊંડું અવગાહન કર્યું છે અને તેના પરિણામે તેઓ પોતાના ગુરુપદની મહત્તા ઠીક ઠીક વધારી શકયા હોત, પરંતુ તેમણે તેમ ન કરતાં પોતાના અભ્યાસ અને પોતાની તપશ્ચર્યાનાં ફલ આ 'સ્મરણકલા' નામના અપૂર્વ ગ્રંથમાં પ્રકટ કરી ગુર્જર જનતા સમક્ષ ખુલ્લાં મૂકી દીધાં છે અને સ્મરણકલાની વિધવિધ કુંચીઓ ગુર્જર જનતાના હાથમાં મૂકી દીધી છે. આ ગ્રંથને ઠીક ઠીક વિચાર કરીને હું અપૂર્વ કહું છું. મને યાદ છે, ત્યાં સુધી સ્મરણકલા વિષે આવો કોઈ ગ્રંથ ગુજરાતીમાં પ્રસિદ્ધ થયો નથી.'

જેમને પોતાની સ્મૃતિ સુધારવી છે કે અવધાન પ્રયોગો શીખવા છે, તેમને માટે આ ગ્રંથ આશીર્વાદરૂપ છે, પરંતુ હાલ તે અપ્રાપ્ય બનેલો છે.

આ ગ્રંથ ઘણો ઉપયોગી જણાતાં તેરાપંથ સંપ્રદાયના મુનિશ્રી મોહનલાલજી 'શાર્દૂલે' તેનો હિંદી અનુવાદ કરેલો છે અને તે 'રાજસ્થાન પ્રાકૃત ભારતી સંસ્થાન–જયપુર' તરફથી સને ૧૯૭૯ માં પ્રકટ થયેલો છે. આ હિંદી અનુવાદ આજે ઉપલબ્ધ છે.

## ૬. સંકલ્પસિદ્ધિ

શ્રી ધીરજલાલભાઈના ખૂબ વખણાયેલા ગ્રંથોમાંનો એક ગ્રંથ '**સંકલ્પસિદ્ધિ**' છે. કુલ ૨૦ પ્રકરણોમાં તૈયાર થયેલા આ ગ્રંથમાં મનનું સ્વરૂપ, વિચારોનો વિશિષ્ટ પ્રભાવ તથા સંકલ્પશક્તિનું મહત્ત્વ સપ્રમાણ સવિસ્તર દર્શાવવામાં આવ્યું છે, તેમજ જીવનસાફલ્ય માટે અતિ જરૂરી એવા ગુણો પર આવશ્યક વિવેચન થયેલું છે. ઉદાહરણો, ઉક્તિઓ, મહાપુરુષોના અભિપ્રાયો આદિએ આ ગ્રંથને ઘણો રસમય તથા મનનીય બનાવ્યો છે. આ ગ્રંથના વાચનથી ઘણા મનુષ્યોએ નવચેતના મેળવી છે તથા તેમની આશાના બૂઝાઈ ગયેલા દીવડાને ફરી ઝગમગતો કર્યો છે.

આ ગ્રંથની અત્યાર સુધીમાં બે આવૃત્તિઓ થઈ છે અને તે બંને ભવ્ય સમારોહપૂર્વક પ્રગટ થઈ છે, એ તેની વિશેષતા છે. પરંતુ દિલગીરીની વાત એટલી જ છે કે આજે તે પ્રાપ્ય નથી: લોકો તેની માગણી કરી રહ્યા છે, પણ તે માગણી સંતોષાય ત્યારે ખરી !

## ૭-૮-૯ ગણિતનાં ત્રણ પુસ્તકો

શતાવધાનના પ્રયોગો કરતાં 'સ્મરણકલા'ની ઉત્પત્તિ થઈ, તેમ શતાવધાનના પ્રયોગો કરતાં '**ગણિતચમત્કાર**, '**ગણિત-રહસ્ય**' અને '**ગણિત-સિદ્ધિ**' નામનાં ત્રણ પુસ્તકો અસ્તિત્વમાં આવ્યાં. તેની રચના કરવામાં શ્રી ધીરજલાલ ભાઈએ સારો એવો શ્રમ લીધેલો છે અને પોતાના ગુપ્તજ્ઞાનભંડારના દરવાજા ખુલ્લા મૂકી દીધેલા છે.

'**ગણિત–ચમત્કાર**'માં તેમણે ગણિતની અનેક પ્રકારની ખૂબીઓ બતાવી છે અને તે શિષ્ટ મનોરંજનનું સાધન કેવી રીતે બની શકે, તે પણ દર્શાવેલું છે. છેવટે તેમણે બુદ્ધિને કસવા યોગ્ય ૮૦ કોયડાઓ અને તેના ઉત્તરો આપેલા છે. આ ગ્રંથની હાલ ત્રીજી આવૃત્તિ ચાલે છે.

'**ગણિત–રહસ્ય**'માં તેમણે ગણિતના કેટલા સિદ્ધાન્તોની ચર્ચા કરીને તેના આધારે ગણિતના રહસ્યમય પ્રયોગોની રજૂઆત કેવી રીતે કરી શકાય, એ દર્શાવ્યું છે. આ ગ્રંથમાં પણ છેવટે બીજા ૮૦ કોયડાઓ તેના ઉત્તર સાથે રજૂ કરેલા છે. આ ગ્રંથની પણ હાલ ત્રીજી આવૃત્તિ ચાલે છે.

'**ગણિત સિદ્ધિ**'માં તેમણે સરવાળા, બાદબાકી, ગુણાકાર તથા ભાગાકારને લગતી અનેક પ્રકારની ટૂંકી રીતો બતાવી છે કે જેનો ઉપયોગ કરતાં પરિણામ ઘણું ઝડપથી લાવી શકાય છે અને એ રીતે સમય તથા શ્રમનો બચાવ કરી શકાય છે. આ ગ્રંથની હાલ બીજી આવૃત્તિ ચાલે છે.

શ્રી ધીરજલાલભાઈએ બીજું કંઇ ન લખતાં આ નવ ગ્રંથોજ લખ્યા હોત તો પણ તેમની એક સમર્થ સાક્ષર તરીકે ગણના થાત, એમ હું માનું છું.

[ ૨૧ ]

## આરાધનાવિષયક ઉત્કૃષ્ટ સાહિત્ય

શ્રી ધીરજલાલભાઈએ ઘણું વાંચ્યું અને ઘણું વિચાર્યું; વળી તેના પર નિદિધ્યાસન પણ કર્યું; તેથી તેમને પ્રજ્ઞાનો પ્રકાશ સાંપડ્યો અને તેઓ આટલા વિપુલ સાહિત્યનું સર્જન કરી શક્યા. પ્રબોધટીકાના સર્જન પછી તેમના મનનો–અંતરનો ઝોક અધ્યાત્મમાર્ગ તરફ વિશેષ રહ્યો અને તેમની આરાધના, ઉપાસના કે સાધનાએ વ્યવસ્થિત રૂપ ધારણ કર્યું. તેના આશ્ચર્યકારક અનુભવ પછી તેમણે આરાધના-વિષયક સાહિત્યનું સર્જન કરવા માંડ્યું. તેમાં અધ્યાત્મની અનેરી ઝલક આવવા લાગી, યોગ અને મંત્રવિદ્યાના ઊંડા અભ્યાસનું પ્રતિબિમ્બ પડવા લાગ્યું અને અનુભવરૂપી અમૃતનો અનેરો છંટકાવ થવા લાગ્યો. પરિણામે એ સાહિત્ય ઉત્કૃષ્ટ કોટિનું બન્યું અને તેમની પ્રતિષ્ઠામાં ભારે વધારો થયો.

આરાધનાની પ્રાચીન રીતો જે ખરેખર સંગીન હતી, તેની પરંપરા એકસરખી ચાલુ રહી ન હતી, એટલે કે તેમાં

ભંગાણ પડ્યું હતું, તેનું અનુસંધાન શ્રી ધીરજલાલભાઈએ પોતાની પ્રકૃષ્ટ પ્રજ્ઞા વડે કરી દીધું અને તેની રજૂઆત એવી અનેરી છટાથી કરી કે તે સહુને પ્રતીતિજનક થઈ પડી. આ રીતોની અજમાયશના તેમને જે હેવાલો મળ્યા, તે ઘણા સંતોષકારક તેમજ ઉત્સાહપ્રેરક હતા. પરિણામે તેમણે આ વિષયના સાહિત્યસર્જનને આગળ ધપાવ્યું અને નવરત્નો જેવા નવ ગ્રંથો સમાજ સન્મુખ ધર્યા. પ્રસ્તુત પ્રકરણમાં આ નવેય ગ્રંથોનો પરિચય આપવામાં આવ્યો છે.

## ૧–નમસ્કારમંત્રસિદ્ધિ

જૈન ધર્મમાં નમસ્કારમંત્રને જિનશાસનનો સાર અને ચૌદ પૂર્વોનો ઉદ્ધાર માનવામાં આવ્યો છે, એટલે તેની આરાધના વ્યાપક પ્રમાણમાં થઈ રહી છે. જૈન ધર્મનો કોઈ પણ સંપ્રદાય કે ગચ્છ એવો નથી કે જે નમસ્કાર મહામંત્રને અતિ પવિત્ર માની તેની આરાધના કરતો ન હોય. આ આરાધનામાં શ્રદ્ધાનું તત્ત્વ તો ઠીક ઠીક જળવાઈ રહ્યું છે, પણ શુદ્ધિ અને વિધિની બાબતમાં સ્થિતિ જરાયે સંતોષકારક નથી. આ સ્થિતિનું નિરાકરણ કરવા માટે શ્રી ધીરજલાલભાઈએ '**નમસ્કારમંત્રસિદ્ધિ**' નામના મનનીય ગ્રંથની રચના કરી.

આજ સુધીમાં નમસ્કારમંત્ર કે મહામંત્ર અંગે કેટલાક ગ્રંથોની રચના થઈ ચૂકી હતી અને તેનો ઠીકી ઠીક પ્રચાર પણ થયો હતો, પરંતુ આ ગ્રંથો મોટા ભાગે નમસ્કારમંત્રનો મહિમા સૂચવનારા હતા, તેમાં નમસ્કારની

એક મંત્ર–મહામંત્ર તરીકે આરાધના કરવાની કોઈ ચોકસ પદ્ધતિ દર્શાવવામાં આવી ન હતી. 'નમસ્કારમંત્રસિદ્ધિ' એ આ ખોટ પૂરી કરી. સાથે સાથે નમસ્કારમાંથી ઉદ્ભવેલા અન્ય મંત્રો તથા ઉદ્ભવેલી કેટલીક વિદ્યાઓની રજૂઆત પણ કરી અને એ રીતે આ ગ્રંથની ઉપયોગિતામાં ઘણો વધારો કર્યો.

આ ગ્રંથને સાધ્યખંડ, સાધનાખંડ, સિદ્ધિખંડ, નમસ્કાર–સ્વાધ્યાય અને નમસ્કારમાહાત્મ્ય એ રીતે પાંચ ભાગમાં વિભક્ત કરવામાં આવ્યો છે અને તેમાં નમસ્કાર મહામંત્ર અંગે જાણવા જેવી બધી સામગ્રી રજૂ કરી દેવામાં આવી છે. અહીં હું એમ કહું કે નમસ્કાર મહામંત્ર અંગે પ્રસિદ્ધ થયેલા બધા ગ્રંથોમાં આ ગ્રંથ મૂર્ધન્ય સ્થાન ધરાવે છે, તો તેને અત્યુક્તિ માનશો મા. ઘણા નિરીક્ષણ–પરીક્ષણ પછી હું મારો આ અભિપ્રાય ઉચ્ચારી રહ્યો છું.

આ ગ્રંથ પ્રસિદ્ધ થયા પછી ઘણા જૈનભાઈઓ અને બહેનોએ તેની યથાવિધિ આરાધના કરીને પરમ સંતોષ અનુભવ્યો છે, તો કેટલાકે તેની આરાધના વડે દુઃખ-નિવારણ, તથા રોગનિવારણ કરીને ભારે રાહત મેળવી છે. આ જ રીતે કેટલાકે તેના વડે ઇષ્ટકાર્યની સિદ્ધિ કરીને જય–વિજયની પરંપરા પણ મેળવેલી છે.

આ ગ્રંથનું વાચન કર્યા પછી કલકત્તાના એક સજ્જને ખાસ પત્ર લખીને જણાવ્યું હતું કે 'હું ઘણા વખતથી જે વસ્તુની શોધમાં હતો, તે વસ્તુ આખરે મને મળી ગઈ

છે. તેનું વાચન–મનન મારા મનને ઘણી શાન્તિ આપે છે. હું માનું છું કે મારા મૃત્યુ સમયે આ ગ્રંથ મારી પાસે પડયો હશે અને તેના દર્શનમાત્રથી પણ મેં પરમ સંતોષ અનુભવ્યો હશે.'

આ ગ્રંથનું અધ્યયન કર્યા પછી બીજા એક મહાશયે પત્ર દ્વારા જણાવ્યું હતું કે 'આવો એક અમૂલ્ય ગ્રંથ લખવા માટે મારાં લાખ લાખ અભિનન્દન સ્વીકારજો. હવે આ ગ્રંથ મારો સાથી બન્યો છે અને તે મને આધ્યાત્મિક સાધના માટે જોઈતું માર્ગદર્શન આપી રહ્યો છે. મને ખાતરી છે કે હવે હું ઇન્દ્રિયો અને મન પર વિજય મેળવીને મારી જીવનયાત્રા સફલ કરી શકીશ.'

આ ગ્રંથની હાલ ચોથી આવૃત્તિ ચાલે છે, તે એની ભારે લોકપ્રિયતા સૂચવે છે.

## ૨–મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર યાને જૈન મંત્રવાદની જયગાથા

નિત્ય સ્મરણ કરવા યોગ્ય મંત્ર તથા સ્તોત્રને જૈન ધર્મમાં 'સ્મરણ'ની સંજ્ઞા અપાયેલી છે. પ્રથમ આવાં 'સાત સ્મરણો'ની પ્રસિદ્ધિ હતી, વર્તમાન કાલે આવાં 'નવ સ્મરણો'ની પ્રસિદ્ધિ છે. તેમાં પ્રથમ સ્મરણ તરીકે 'નમસ્કાર મહામંત્રની'ની ગણના થાય છે અને બીજા સ્મરણ તરીકે '**ઉવસગ્ગહરં સ્તોત્ર**'ની ગણના થાય છે. વ્યંતરકૃત ઉપદ્રવનું નિવારણ કરવા માટે શ્રી ભદ્રબાહુ સ્વામીએ તેની રચના કરેલી હતી અને તે કાર્ય સિદ્ધ થતાં તેનો મહિમા

વિસ્તાર પામ્યો હતો. આ ભદ્રબાહુ સ્વામી તે ચતુર્દશ પૂર્વધર કે અન્ય કોઇ? તેનો નિર્ણય હજી સુધી થઈ શક્યો નથી, પણ તે બહુશ્રુત મંત્રવિશારદ મહાત્માની કૃતિ છે, એમાં કશી શંકા નથી.

મૂલ તો આ સ્તોત્ર પાંચ ગાથાનું છે, તે તેના પર રચાયેલી ટીકાઓના ઉલ્લેખ પરથી સ્પષ્ટ થાય છે, પણ કાલાંતરે તેમાં બીજી ગાથાઓ ઉમેરાતી રહી છે અને તે નવગાથાનું, તેર ગાથાનું, સત્તર ગાથાનું, એકવીશ ગાથાનું તથા સત્તાવીશ ગાથાનું બનેલું છે. તેનો નિત્ય પાઠ ભાવિકજનો પોતપોતાના મંતવ્ય અનુસાર કરે છે અને મંગલની પ્રાપ્તિ થયાનો સંતોષ અનુભવે છે.

શ્રીધીરજલાલભાઈને ઉવસગ્ગહરં સ્તોત્ર પર પહેલેથી જ પ્રીતિ હતી. પછી તેના કેટલાક ચમત્કારો જોવામાં આવ્યા, એટલે તેના પ્રત્યે શ્રદ્ધા–ભક્તિ–બહુમાનની લાગણી જાગી અને છેવટે તેના મંગલ મહિમાનો પ્રચાર કરવાના હેતુથી તેમણે '**મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર**' નામના મનનીય ગ્રંથની રચના કરી. તેમાં જૈન મંત્રવાદ અંગે પણ સારું એવું વિવેચન કર્યું અને તેની જયશાલિતાનો સ્પષ્ટ ખ્યાલ આપ્યો. તે પરથી તેનું અપરનામ '**જૈન મંત્રવાદની જય ગાથા**' રાખ્યું.

તેમણે આ ગ્રંથમાં ૨૭ પ્રકરણો નીચે મુજબ લખેલાં છે, તેના પરથી તેના મહત્ત્વનો ખ્યાલ આવી શકશે :

(૧) મંગલ અને અભિધેય.
(૨) પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ.
(૩) જૈન ધર્મમાં મંત્રોપાસનાને મહત્ત્વનું સ્થાન.
(૪) મંત્રશક્તિનો સદુપયોગ.
(૫) ઉવસગ્ગહરં સ્તોત્રની ઉત્પત્તિ.
(૬) ઉવસગ્ગહરં સ્તોત્રનો અજબ પ્રભાવ.
(૭) તે અંગે અમારો અનુભવ.
(૮) મંત્રસિદ્ધિ અંગે કિંચિત્.
(૯) યંત્રનો મહિમા.
(૧૦) ઉવસગ્ગહરં સ્તોત્ર અંગે રચાયેલું સાહિત્ય.
(૧૧) સ્તોત્રનું ગાથાપ્રમાણ.
(૧૨) પહેલી ગાથાનું અર્થવિવરણ.
(૧૩) બીજી ગાથાનું અર્થવિવરણ.
(૧૪) ત્રીજી ગાથાનું અર્થવિવરણ.
(૧૫) ચોથી ગાથાનું અર્થવિવરણ.
(૧૬) પાંચમી ગાથાનું અર્થવિવરણ.
(૧૭) સ્તોત્ર રચના અંગે વિશિષ્ટ વિચારણા.
(૧૮) પ્રથમ ગાથાના યંત્રો અને મંત્રો.
(૧૯) બીજી ગાથાના યંત્રો અને મંત્રો.
(૨૦) ત્રીજી ગાથાના યંત્રો અને મંત્રો.
(૨૧) ચોથી અને પાંચમી ગાથાના યંત્રો અને મંત્રો.
(૨૨) નવ ગાથાનું સ્તોત્ર.
(૨૩) તેર ગાથાનું સ્તોત્ર.

(૨૪) સત્તર ગાથાનું સ્તોત્ર.

(૨૫) એકવીશ ગાથાનું સ્તોત્ર.

(૨૬) સત્તાવીશ ગાથાનું સ્તોત્ર.

(૨૭) ઉપસંહાર.

તે ઉપરાંત તેમણે આ ગ્રંથમાં ઉવસગ્ગહરં સ્તોત્રની સંસ્કૃત અને પ્રાકૃત પાદપૂર્તિ, એકસો આઠ નામગર્ભિત શ્રી પાર્શ્વનાથ સ્તોત્ર તથા શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં વિદ્યમાન મુખ્ય તીર્થોનો સંક્ષિપ્ત પરિચય પણ આપ્યો હતો અને તેમાં ૧૭ જેટલાં યંત્રો આપી ગ્રંથની ઉપયોગિતામાં ઘણો વધારો કર્યો હતો.

આ ગ્રંથની અત્યાર સુધીમાં બે આવૃત્તિઓ પ્રકટ થઈ છે અને તે બંને ભવ્ય સમારોહપૂર્વક પ્રકટ થઈ છે. હાલ આ ગ્રંથ અપાપ્ય બનતાં અનેક જિજ્ઞાસુજનો ખેદ અનુભવી રહ્યા છે. તેની ત્રીજી આવૃત્તિ ક્યારે અને કેવા સંયોગોમાં પ્રકટ થશે, તે કહેવું મુશ્કેલ છે.

## ૩–હ્રીઁકાર–કલ્પતરુ યાને જૈન ધર્મનો દિવ્ય પ્રકાશ

જૈન સંઘમાં વિદ્યાસાધના–મંત્ર સાધના પ્રાચીન કાલથી પ્રચલિત હતી, તેનાં અનેક પ્રમાણો પ્રાપ્ત થાય છે. ચૌદ પૂર્વોમાં દશમું પૂર્વ 'વિદ્યાપ્રવાદ' નામનું હતું, તે પણ એનું પુષ્ટ પ્રમાણ છે. આ વિદ્યાપ્રવાદ પૂર્વમાં અન્ય મંત્ર-કલ્પોની જેમ હ્રીઁકાર વિદ્યાનો પણ એક વિસ્તૃત કલ્પ સંઘરાયેલો હતો. શ્રી જિનપ્રભસૂરિએ હ્રીઁકાર કલ્પના પ્રારંભમાં "માયાબીજબૃહત્કલ્પ'નો જે ઉલ્લેખ કર્યો છે, તે આ કલ્પ જ

સંભવે છે. તાત્પર્ય કે જૈન ધર્મમાં હ્રીઁકારની બીજરૂપે તથા વિદ્યારૂપે વિશિષ્ટ આરાધના પ્રાચીનકાલથી પ્રચલિત હતી અને તે અત્યંત પ્રભાવશાલી હોવાથી સકલ સંઘનું આકર્ષણ કરી રહી હતી.

મંત્રશાસ્ત્રનો સ્વાધ્યાય કરતાં શ્રીધીરજલાલભાઈને એમ લાગ્યું કે આપણી આ પ્રાચીન આરાધનાનો પુનરુદ્ધાર કરવા જેવો છે, એટલે તેમણે આ વિષયનો એક સ્વતંત્ર ગ્રંથ રચવાનો નિર્ણય કર્યો.

હ્રીઁકારબીજની–વિદ્યાની વિધિસર આરાધના કરતાં સકલ મનોરથોની સિદ્ધિ થાય છે, એટલે તે કલ્પતરુની ઉપમા પામેલો છે, આથી શ્રીધીરજલાલભાઈએ તેનું નામ '**હ્રીઁકારકલ્પતરુ**' રાખ્યું અને તેમાં ચોવીશ તીર્થંકરો, પંચપરમેષ્ઠી તથા સર્વ તીર્થોની સ્થાપના હોઈ તેને '**જૈન ધર્મનો દિવ્ય પ્રકાશ**' એવું અપરનામ આપ્યું.

આ ગ્રંથના પ્રારંભમાં તેમણે 'વિશ્વનો શ્રેષ્ઠ ધર્મ' અને 'સિદ્ધાંતસાર' નામનાં બે પ્રકરણો લખી જૈન ધર્મની મહત્તાનો ખ્યાલ આપ્યો છે અને ત્યાર પછીનાં ત્રણ પ્રકરણોમાં મંત્રશાસ્ત્રની મૂલ ભૂમિકા સમજાવી છે. ત્યારપછી શ્રી જિનપ્રભસૂરિજી મહારાજનું ટૂંકું ચરિત્ર આપી જૈન મંત્રો દ્વારા કેવા ચમત્કારો નીપજાવી શકાય છે, એ હકીકત રજૂ કરી છે. તે પછી શ્રી જિનપ્રભસૂરિ કૃત હ્રીઁકારકલ્પ ઉપર શબ્દાર્થ તથા ભાવાર્થ સાથે સવિસ્તર વિવેચન કરી

હ્રીઁકારનો આરાધનાવિધિ પ્રકાશમાં આણ્યો છે. તે પછી 'શ્રી હ્રીઁકારવિદ્યાસ્તવન' તથા 'માયાબીજરહસ્ય' નામની કૃતિઓ પણ ઉપરની ઢબે જ આપી છે. છેવટે હ્રીઁકાર અંગે સર્વોપયોગી સુંદર લેખ રજૂ કરીને ગ્રંથની પૂર્ણાહુતિ કરી છે. આરાધક આત્માઓ માટે આ ગ્રંથ આશીર્વાદરૂપ બનેલો છે, પણ છેલ્લા દોઢ વર્ષથી તેની નકલો મળતી નથી.

**૪–ભક્તામર–રહસ્ય**

આ સ્તોત્રની રચના શ્રીમાનતુંગસૂરિજીએ કરેલી છે કે જેઓ તેમના યુગના સમર્થ આચાર્ય હતા અને જેમણે પોતાની અદ્‌ભુત આધ્યાત્મિક શક્તિ તથા મંત્રશક્તિ વડે જિન શાસનની પરમ પ્રભાવના કરી હતી. રાજા હર્ષવર્ધને કે રાજા વૃદ્ધ ભોજે કે રાજા ભોજે જૈન સ્તોત્રનો ચમત્કાર જોવા માટે તેમને કારાગારમાં પૂર્યા હતા અને તેમના શરીર પર લોખંડની ૪૪ શૃંખલાઓ વીંટી દીધી હતી. તે આ મહાપુરુષે ૪૪ અદ્‌ભુત પદ્યોની રચના વડે તોડી નાખી હતી અને મુક્તપણે કારાગારની બહાર આવી જૈન ધર્મની જયપતાકા ફરકાવી હતી.

સંસ્કૃત ભાષામાં રચાયેલું આ સ્તોત્ર જિનભક્તિનું એક અમર કાવ્ય ગણાય છે અને તે આજ સુધીમાં અનેક કવિઓ તથા વિદ્વાનો વગેરેને આકર્ષતું રહ્યું છે. પરિણામે તેના પર સંખ્યાબંધ ટીકાઓ રચાઈ છે તના તેના પ્રત્યેક પદ્યના ચતુર્થ ચરણ કે પ્રથમ ચરણનું આલંબન લઈને

પાદપૂર્તિઓ રચવામાં આવી છે. વળી આ સ્તોત્રના હિંદી, ગુજરાતી તથા કન્નડ ભાષામાં અનેક પદ્યાનુવાદો થયેલા છે અને અંગરેજી ભાષામાં પણ સુંદર પદ્યાનુવાદ થયેલો છે.

આ સ્તોત્ર સાથે મંત્ર–યંત્રની ઘણી સામગ્રી સંકળાયેલી છે અને તેની વિશિષ્ટ આરાધના નિમિત્તે કેટલાંક વિધિ-વિધાનો પણ યોજાયેલાં છે.

શ્રીધીરજલાલભાઈએ આ સ્તોત્રનું રહસ્ય પૂર્ણ પ્રકાશમાં આવે તે માટે '**ભક્તામર–રહસ્ય**' નામનો એક દળદાર ગ્રંથ રચેલો છે, જે તેના સમકાલીન બધા ભક્તામર ગ્રંથો કરતાં ઊંચું સ્થાન ભોગવે છે. જેણે ભક્તામર સ્તોત્રનું રહસ્ય જાણવું હોય, તેણે આ ગ્રંથનું નિરીક્ષણ-અવલોકન–અવગાહન અવશ્ય કરવા જેવું છે.

આ ગ્રંથના પ્રથમ ખંડમાં તેમણે સ્તોત્રનો મહિમા સમજાવ્યો છે, તેની ઉત્પત્તિ સંબંધી વિશદ ચર્ચા કરી છે અને સ્તોત્રકારનો સામાન્ય પરિચય આપી સ્તોત્રના નામકરણ તથા પદ્ય પ્રમાણ અંગે પણ સારો એવો પ્રકાશ પાડ્યો છે. ઉપરાંત તેના પર જેટલી વૃત્તિઓ અને પાદપૂર્તિઓ રચાઈ છે, તેનો પણ ખ્યાલ આપ્યો છે.

આ ગ્રંથના બીજા ખંડમાં સ્તોત્રના દરેક પદ્ય પર પંચાંગ વિવરણ કર્યું છે, ત્રીજા ખંડમાં તેની મહિમાદર્શક બધી કથાઓ સંસ્કરણ સાથે રજૂ કરી છે, ચોથા ખંડમાં તેની આરાધના–નિમિત્ત કેટલાંક વિધિ–વિધાનો આપ્યાં છે અને પાંચમા ખંડમાં કાવ્યસમીક્ષા વગેરે આપી ગ્રંથનું ગૌરવ

વધાર્યું છે. વિશેષમાં આ સ્તોત્ર અંગે જે ૪૮ યંત્રો પ્રચલિત હતા, તે ઘણું સંશોધન માગતા હોઈ તેનું સંશોધન કરવામાં આવ્યું હતું અને એ રીતે પરિશુદ્ધ થયેલા યંત્રોના નવાં જ ચિત્રો નિર્માણ કરી તેના બ્લોકો બનાવી તે ગ્રંથના છેડે આપવામાં આવ્યા હતા.

આ ગ્રંથ રચનાના પાછળ તેમણે અસાધારણ પરિશ્રમ કર્યો હતો, જે સફળ થયો હતો. લોકોએ તેને અંતરના ઉમળકાથી વધાવી લીધો હતો.

વિશેષ નોંધપાત્ર બીના તો એ હતી કે તેમણે આ ગ્રંથના પ્રકાશન-નિમિત્તે મુંબઈ-ધોબી તલાવ નજીક ક્રોસ મેદાનમાં 'શ્રી માનતુંગસૂરિ સારસ્વત રંગભવન'ની ખાસ રચના કરી હતી અને તેમાં ચાર દિવસ સુધી અનેરો ઉત્સવ ઉજવ્યો હતો. પ્રથમ દિવસે ગ્રંથપ્રકાશન, આઠ વિદ્વાનોનું બહુમાન તથા 'બંધન તૂટયાં' નામના ત્રીઅંકી નાટયનો પ્રયોગ; બીજા દિવસે કવિસંમેલન, ત્રીજા દિવસે ભારતની ૧૩ ભાષાઓનાં ગીતો અને ચોથા દિવસે વિવિધ નૃત્યોની રજૂઆત કરવામાં આવી હતી. આ ભવ્ય કાર્યક્રમને લીધે શ્રીમાનતુંગસૂરિનું નામ ભારતના એક મહાપુરુષ તરીકે ગાજતું થયું હતું અને ભક્તામરસ્તોત્રનો મહિમા વિસ્તાર પામ્યો હતો.

## ૫. શ્રીઋષિમંડલ-આરાધના

જૈનધર્મમાં 'નવસ્મરણ' ઉપરાંત કેટલાંક સ્તોત્રો નિત્યપાઠને યોગ્ય મનાયેલાં છે. તેમાં 'શ્રી ઋષિમંડલ-

સ્તોત્ર'ની મુખ્યતા છે. આજે હજારો જૈન ભાઈ–બહેન તેની ગણના ખૂબ શ્રદ્ધાપૂર્વક કરે છે. આ સ્તોત્રના અર્થ ભાવ–રહસ્યનું પ્રકાશન કરવા માટે તથા તેનો શાસ્ત્રી સમુચિત વિધિ દર્શાવવા માટે શ્રી ધીરજલાલભાઈએ ઘણ પરિશ્રમપૂર્વક **'શ્રી ઋષિ મંડલ–આરાધના'** નામન મનનીય ગ્રંથ નિર્માણ કરેલો છે. તેની સંકલના નીં જણાવેલાં ૨૩ પ્રકરણો દ્વારા થયેલી છે :

(૧) અગ્રવચન
(૨) ઋષિમંડલસ્તોત્ર અંગે કેટલીક વિચારણા
(૩) પ્રત્યક્ષ પ્રભાવ
(૪) આરાધનાનાં મૌલિક તત્ત્વો
(૫) પ્રાથમિક માર્ગદર્શન
(૬) શ્રી ऋषिमण्डलस्तोत्र (મૂલ પાઠ)
(૭) ,, (મોટું)
(૮) અર્હં મંત્ર અને તેનો મહિમા
(૯) આઠ આરાધ્યપદોને નમસ્કાર
(૧૦) ન્યાસ તથા અંગરક્ષા
(૧૧) મૂલમંત્રાદિ
(૧૨) પાર્થિવી ધારણા અંગે અદ્ભુત પ્રક્રિયા
(૧૩) અર્હદ્બિંબનું ધ્યાન
(૧૪) હ્રીંકારબીજમાં ચોવીશ તીર્થંકરોની સ્થાપન
(૧૫) વિવિધ ભયોમાંથી રક્ષા
(૧૬) મહાદેવીઓને પ્રાર્થના

(૧૭) સ્તોત્ર–માહાત્મય અને ફલશ્રુતિ
(૧૮) ઋષિમંડલનો મહિમા
(૧૯) સ્તોત્ર સંબંધી વિશેષ
(૨૦) આરાધનાવિધિ
(૨૧) ધ્યાનની ક્રમિક ભૂમિકાઓ
(૨૨) જીવનચર્યા અંગે કિંચિત્
(૨૩) દિવ્યજીવનનો સાક્ષાત્કાર

આ પ્રકરણસૂચીનું નિરીક્ષણ કરતાં આપણને પહેલી જ નજરે એટલું તો સમજાઈ જ જાય છે કે આ ગ્રંથને તેની આગવી વિશેષતા છે અને તેમાં આરાધનાવિષયક ઘણી ઉપયોગી માહિતીનો સંગ્રહ થયેલો છે.

આ ગ્રંથનાં પ્રથમ પાંચ પ્રકરણોમાં અભ્યાસપૂર્ણ વિવેચના વડે મૂલવિષયની ભૂમિકા સ્પષ્ટ કરવામાં આવી છે અને પછીનાં પ્રકરણોમાં સ્તોત્રનિર્દિષ્ટ વિષયોનું અર્થ–ભાવ–રહસ્ય સાથે સ્ફુટ દર્શન કરાવવામાં આવ્યું છે. આજ સુધીમાં શ્રી ઋષિમંડલસ્તોત્ર અંગે બે–ત્રણ ગ્રંથો બહાર પડેલા છે, તેમાં આ ગ્રંથનું સ્થાન મૂર્ધન્ય છે.

આ ગ્રંથનું બીજું મહત્ત્વ એ છે કે તેમાં શ્રી ભદ્રગુપ્તાચાર્યવિરચિત '**અનુભવસિદ્ધદ્વાત્રિંશિકા**' મૂલશ્લોક, અર્થ અને વિવેચન સહિત અપાયેલી છે, જે મંત્રના આરાધકો માટે અતિ ઉપયોગી છે. તેમાં યંત્રના જે ચિત્રો અપાયાં છે, તે ગ્રંથ ગૌરવમાં વધારો કરનારાં છે.

હાલ આ ગ્રંથની બીજી આવૃત્તિ ચાલે છે.

## ૬-શ્રીપાર્શ્વ-પદ્માવતી આરાધના

જૈનધર્મમાં મુખ્ય આરાધના ચોવીશ જિન, અર્હત કે તીર્થંકરોની છે. તેમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવની, સોળમા તીર્થંકર શ્રી શાન્તિનાથની, બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ કે અરિષ્ટનેમિની, ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથની અને ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીની આરાધના વિશેષ પ્રમાણમાં થાય છે. આ પાંચમા પણ ત્રેવીશમા તીર્થંકર પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રત્યે આરાધકોનું વલણ વિશેષ રહે છે. ભારતવર્ષમાં જેટલાં તીર્થો અને મંદિરો શ્રી પાર્શ્વનાથનાં છે, તેટલાં તીર્થો અને મંદિરો અન્ય કોઈ તીર્થંકરનાં નથી.

શ્રી પાર્શ્વનાથની આરાધના શીઘ્ર ફલદાયી થાય છે, એવું એક મંતવ્ય જૈન જનતાના માનસમાં દૃઢ થયેલું છે, તેનું આ પરિણામ છે.

જૈનધર્મમાં તીર્થંકરોની આરાધના ઉપરાંત શાસનદેવ અને શાસનદેવીઓની આરાધના પણ પ્રચલિત છે. એ રીતે શ્રી પાર્શ્વનાથ ભગવાનની શાસનદેવી શ્રી પદ્માવતીની આરાધના પ્રચાર પામેલી છે. સામાન્ય માન્યતા એવી છે કે અન્ય સર્વ તીર્થંકરો કરતાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના શાસનદેવ અને શાસનદેવી વધારે જાગતાં છે, એટલે તેમની આરાધનાથી ઇષ્ટફલની પ્રાપ્તિ અવશ્ય થાય છે અને તે ઘણા ટૂંકા સમયમાં થાય છે. આ સંયોગોમાં જૈન જનતા

શ્રી પાર્શ્વનાથ અને શ્રી પદ્માવતીની આરાધના સંબંધી વિશેષ જાણકારી મેળવવા ઈચ્છે, એ સ્વાભાવિક છે.

શ્રીધીરજલાલભાઈ પોતે વર્ષોથી શ્રીપાર્શ્વનાથ ભગવાન અને શ્રીપદ્માવતી દેવીની આરાધના કરી રહેલા છે અને તેના અનેકવિધ ચમત્કારો નિહાળી ચૂકેલા છે. તેમની ભાવના એવી છે કે શ્રી પાર્શ્વ–પદ્માવતી આરાધનાનો વિશેષ પ્રચાર થાય, તો લોકો પોતાનું અભીષ્ટ ત્વરિત સિદ્ધ કરી શકે અને એ રીતે પોતાની પ્રગતિનાં દ્વારા ખુલ્લાં કરી શકે, એટલે તેમણે **'શ્રી પાર્શ્વ–પદ્માવતી આરાધના'** નામના મનનીય ગ્રંથની રચના કરેલી છે અને તેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન તથા શ્રીપદ્માવતી દેવી અંગે જાણવા જેવી અનેક હકીકતો રજૂ કરી તેમની આરાધના કરવાનો વિધિ દર્શાવેલો છે.

આ ગ્રંથની વિશેષતા એ છે કે તેમાં (૧) શ્રી પાર્શ્વનાથસ્તોત્ર (૧૦૮ નામગર્ભ), (૨) મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર, (૩) મંત્ર–યંત્રમય મહા પ્રાભાવિક પદ્માવતી સ્તોત્ર, (૪) અષ્ટોત્તરશતનામગર્ભ શ્રીપદ્માવતી સ્તોત્ર અને (૫) શ્રીપદ્માવતી–સહસ્રનામ–સ્તોત્ર એ રીતે પાંચ સ્તોત્રો તેના અર્થ સહિત અપાયેલાં છે અને શ્રી પાર્શ્વનાથ ભગવાન તથા શ્રીપદ્માવતીદેવીને લગતા સિદ્ધ મંત્ર–યંત્રોની રજૂઆત પણ થયેલી છે. વળી તેમાં **'શ્રી પાર્શ્વ–પદ્માવતી પૂજન'**નો પણ પૂરો વિધિ અપાયેલો છે, જેના આધારે કોઈ પણ ક્રિયાકાર આ પૂજન કરાવી શકે છે.

શ્રી ધીરજલાલભાઇ પોતે શ્રીપાર્શ્વપદ્માવતીપૂજનઅને તેને લગતાં અનુષ્ઠાનો કરવામાં નિષ્ણાત હોઈ આ બધી સામગ્રી અનુભૂત છે અને એ રીતે ઘણી મૂલ્યવાન છે.

આ લોકપ્રિય ગ્રંથની હાલ ત્રીજી આવૃત્તિ ચાલે છે.

## ૭–સિદ્ધિદાયક સિદ્ધચક્ર

શ્રી ધીરજલાલભાઈની અભ્યાસપૂર્ણ અનોખી કૃતિઓમાં આ ગ્રંથનો સમાવેશ થાય છે. તેમણે અનેક માન્ય ગ્રંથોનો આધાર લઈને ઘણા પરિશ્રમપૂર્વક આ ગ્રંથની રચના કરેલી છે. તેમાં શ્રી સિદ્ધચક્રને લગતી અનેકવિધ માહિતી આપવામાં આવી છે, તેના દરેક અંગનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો છે અને પ્રાસંગિક જૈન શ્રમણોની પ્રાચીન યોગપદ્ધતિ, મંત્રસાધના, યંત્રસાધના તથા લબ્ધિઓ વગેરે પર પણ ઘણો પ્રકાશ પાડવામાં આવ્યો છે. તે સાથે સિદ્ધચક્રનો પ્રચલિત પૂજનવિધિ પૂરેપૂરો આપી આ ગ્રંથની ઉપયોગિતામાં ઘણો વધારો કરેલો છે. શ્રી સિદ્ધચક્ર અંગે હજી સુધી આટલો માહિતીપૂર્ણ અન્ય કોઈ ગ્રંથ પ્રકટ થયેલો નથી.

આ ગ્રંથમાં નવપદજી અને અર્હં મંત્રના વિશદ વર્ણન ઉપરાંત સોળ વિદ્યાદેવીઓ, જયાદિ આઠ દેવીઓ, ચોવીશ યક્ષ, ચોવીશ યક્ષિણીઓ, નવ ગ્રહો વગેરેનો જે પરિચય અપાયો છે, તે ઘણો મહત્ત્વનો છે. જૈન ધર્મમાં જે તંત્રવાદ પ્રચાર પામ્યો છે, તેને સમજવા માટે આ ગ્રંથ સબલ સાધન પૂરું પાડે છે.

## ૮–સામાયિક વિજ્ઞાન

સામાયિક સંબંધી વિશિષ્ટ, વિશદ તથા વિસ્તૃત જ્ઞાન આપનારો જે ગ્રંથ તે **'સામાયિક વિજ્ઞાન'**. તેની રચના શ્રી ધીરજલાલભાઈએ એટલા માટે કરી છે કે લોકો સામાયિકનો સાચો અર્થ સમજે, તેના વાસ્તવિક મહિમાથી પરિચિત થાય અને તેનું અનુષ્ઠાન શુદ્ધિ–વિધિપૂર્વક કરી શકે.

આજે ઘણી ધાર્મિક ક્રિયાઓમાં 'સાપ ગયા અને લીસોટા રહ્યા' જેવી સ્થિતિ પ્રવર્તે છે. સામાયિકની ક્રિયા તેમાં અપવાદરૂપ નથી. આ ક્રિયામાં શું કરાય ? અને શું ન કરાય ? તેનો વિવેક પણ ઘણાએ ગુમાવી દીધો છે. અને આ ક્રિયા સમત્વયોગની સિદ્ધિનું એક સુંદર સાધન છે, એનો ખ્યાલ બહુ થોડાને રહ્યો છે. તેથી શ્રી ધીરજલાલભાઈએ આ ગ્રંથમાં સમત્વ અંગે–સમત્વ યોગ અંગે વિસ્તૃત મીમાંસા કરી છે અને તેનો સાધનાક્રમ પણ દર્શાવેલો છે. બાર ભાવના અને ચતુર્વિધ ધ્યાનનું સ્વરૂપ સમજવા માટે પણ આ ગ્રંથ ઘણો ઉપયોગી છે. તેનું પ્રકાશન સને ૧૯૭૭ માં થયેલું છે, એટલે કે તે શ્રી ધીરજલાલભાઈના છેલ્લા ગ્રંથોમાંનો એક છે.

## ૯–અર્હં મંત્રોપાસના યાને સકલ–મનોરથ–સિદ્ધિ

જૈન ધર્મમાં નમસ્કાર મહામંત્ર પછીનું સ્થાન અર્હં-મંત્રને પ્રાપ્ત થયેલું છે, આમ છતાં તેની ઉપાસનાનો સળંગ ખ્યાલ આપતો એક પણ ગ્રંથ આજે વિદ્યમાન નથી. ધાર્મિક ગ્રંથોમાં તે અંગે જે વિધિ–વિધાનો દર્શાવેલાં છે, તે છૂટા

છવાયાં હોઈ આરાધકવર્ગની આવશ્યકતા પૂરી પાડી શકે એમ નથી. શ્રીધીરજલાલભાઈ અર્હં મંત્રના ઉપાસક છે અને તેની અચિંત્ય શક્તિમાં શ્રદ્ધાન્વિત છે. અર્હં મંત્રના રોજના બે–ત્રણ હજાર જપ તો તેમને માટે સામાન્ય થઈ પડ્યા છે. તેમણે અર્હં મંત્રનો મહિમા પ્રચારવાના ઉદ્દેશ્યથી તથા મુમુક્ષુજનોને તે સંબંધી યોગ્ય માર્ગદર્શન આપવાના હેતુથી ગત વર્ષે જ '**અર્હં મંત્રોપાસના યાને સકલ–મનોરથ–સિદ્ધિ**' નામનો મનનીય ગ્રંથ તૈયાર કરીને પ્રસિદ્ધ કરેલો છે. તેમાં તેમણે જૈન મંત્રવાદનાં તમામ અંગોની વિશદ વિચારણા કરેલી છે અને તે અંગે પોતાનાં છેવટનાં મંતવ્યો પણ જણાવેલાં છે.

અર્હં મંત્રની યથાર્થ ઉપાસના વડે સકલ મનોરથની સિદ્ધિ થાય છે, તેથી આ ગ્રંથને '**સકલ મનોરથ સિદ્ધિ**' એવું અપરનામ અપાયેલું છે. આ ગ્રંથ પુનઃ પુનઃ વાંચવા–વિચારવા જેવો છે.

[ ૨૨ ]

# મંત્ર અને યોગ

શ્રીધીરજલાલભાઈએ ભવ્ય ભાવનાથી પ્રેરાઈને, ઉચ્ચ આદર્શ સન્મુખ રાખીને, લોકહિતની બુદ્ધિથી જે વિશાલ સાહિત્યનું સર્જન કર્યું, તેની પ્રશંસા કરવા માટે મારી પાસે પૂરતા શબ્દો નથી. તેમના આ સાહિત્યસર્જને હજારો-લાખો હૈયાંનો અંધકાર ઉલેચી તેમાં અધ્યાત્મની અનેરી આભા પ્રકટાવી, એ તેમની સહુથી મોટી સફલતા છે. કઠિનમાં કઠિન વિષયોને પણ પોતાની અદ્ભુત વિવેચન શક્તિથી સરલ-સરલતમ બનાવી દેવા અને તેમાં ઉક્તિઓ, દૃષ્ટાંતો તથા સ્વાનુભવની સામગ્રી ઉમેરીને રસમય બનાવવા, એ એમની આગવી વિશેષતા છે. વાણી પર તેમનું પ્રભુત્વ અનેરું છે. તેના ધારાબદ્ધ પ્રવાહમાં યથાર્થ ઉપમા, અર્થગૌરવ અને પદલાલિત્ય સહેજે આવી જાય છે.

મંત્ર અને યોગના વિષયો એવા છે કે તેમાં જે તે મનુષ્યની કલમ ચાલી શકતી નથી. જેણે આ વિષયોનું સારી

રીતે અધ્યયન કર્યું હોય તથા અનુભવ પણ લીધો હોય, તે જ આ વિષયમાં પોતાની કલમ ચલાવી શકે છે. શ્રી ધીરજલાલભાઈએ આ બંને વિષયોનું સારી રીતે અધ્યયન કર્યું હતું અને તેનો અનુભવ પણ લીધો હતો, તેથી તેઓ આ વિષયમાં પોતાની કલમ સફલતાપૂર્વક ચલાવી શક્યા. મંત્રશાસ્ત્ર કે મંત્રવિદ્યા પર પ્રમાણભૂત સાહિત્ય લખનાર ભારતના ગણ્યાગાંઠ્યા વિદ્વાનોમાં તેમનું નામ ચમકી રહ્યું છે.

છાત્રાવસ્થા તથા શિક્ષકજીવન દરમિયાન તેમણે મંત્ર અને યોગસંબંધી કેટલુંક સાહિત્ય વાંચેલું, પણ તે પ્રાથમિક કોટિનું ગણાય. તેમનું આ વિષયનું ખરું અધ્યયન તો સને ૧૯૪૦ થી અને ૧૯૪૭ ના સમય દરમિયાન થયું કે જેને આ ગ્રંથમાં 'કપરા કાલ'ની સંજ્ઞા અપાઈ છે. આ કાલ આર્થિકદૃષ્ટિએ કપરો હતો, પણ તેણે શ્રી ધીરજલાલભાઈને મંત્ર અને યોગવિદ્યા સંબંધી ઊંડુ અધ્યયન કરવાની અનુકૂલતા કરી આપી, એટલે તે સપરો પણ ખરો જ ને! દરેક વસ્તુને બે બાજુ હોય છે, તેમ આમાં પણ સમજવું.

ત્યાર પછી યોગાનુયોગ તેમને શ્રી પ્રતિક્રમણસૂત્ર પર પ્રબોધટીકાની રચના કરવાનો પ્રસંગ આવ્યો. તેમાં કેટલાંક સૂત્રો એવાં હતાં કે જેને મંત્ર અને યોગવિદ્યાનાં વિશેષ અધ્યયન વિના ન્યાય આપી શકાય જ નહિ. તેથી તેમણે આ બે વિષયોનું અધ્યયન વધાર્યું. તે માટે જોઈતા ગ્રંથો ત્યાં ઉપલબ્ધ હતા કે થોડા સમયમાં ઉપલબ્ધ થઈ

શકે તેમ હતા. વળી આ ટીકાના લેખન દરમિયાન તેમને જે પ્રવાસો કરવાના પ્રસંગો આવ્યા, તેમાં મંત્ર અને યોગના જાણકાર કેટલાક મહાનુભાવોને મળવાની તથા તેમની સાથે વિચારવિનિમય કરવાની તક સાંપડી, એટલે તેમના આ વિષયોના જ્ઞાનને ઓપ ચડયો. તેમાં વિશેષ ઝમક તેમની પોતાની સાધનાથી આવી.

## ૧–મંત્રવિજ્ઞાન

ઘણા અધ્યયન અને અનુભવ પછી શ્રી ધીરજલાલભાઈને લાગ્યું કે મંત્રવિદ્યા સત્ય છે અને તે ભારતની મોંઘેરી મૂડી છે, પણ તે અનેક પ્રકારના વહેમમાં અટવાઈ ગઈ છે અને આધુનિક જડવાદના જોરે અવગણનાપાત્ર બની ચૂકી છે, એટલે તેમણે કલમ ઉપાડી, તેમાંથી ૩૫ પ્રકરણો ટપકયાં અને તેના સંકલન વડે '**મંત્રવિજ્ઞાન**' નામનો એક મનનીય ગ્રંથ અસ્તિત્વમાં આવ્યો.

આ ગ્રંથમાં તેમણે પુષ્ટ પ્રમાણો વડે એ વસ્તુ સિદ્ધ કરી આપી કે મંત્રોપાસના એ કોઈ ભેજાંબાજનો તુક્કો નથી, મંત્રારાધના એ ટાઢા પહોરની ગપ નથી, અથવા મંત્રસાધના એ અજ્ઞાન અને વહેમમાંથી ઉત્પન્ન થયેલી એક પ્રકારની ઘેલછા નથી, પરંતુ મહાપુરુષો દ્વારા નિર્માયેલું પ્રતિષ્ઠિત થયેલું એક સુંદર સાધન છે કે જે આપત્તિઓના નિવારણમાં સહાયભૂત થાય છે, સુખની સંપ્રાપ્તિમાં અનેરો ભાગ ભજવે છે અને ઇષ્ટદેવ કે પરમતત્ત્વનો સાક્ષાત્કાર કરવાનો માર્ગ મોકળો કરી આપે છે.

આ ગ્રંથમાં તેમણે વૈદિક, તાંત્રિક, પૌરાણિક, જૈન તથા બૌદ્ધ સાહિત્યનો ઉપયોગ કર્યો છે તથા મંત્રવિદ્યાના વિશેષજ્ઞ વિદ્વાનોના અભિપ્રાયો પણ ટાંકયા છે. વળી તેમાં યુક્તિઓ અને અનુભવના પ્રસંગોની રજૂઆત કરવામાં કોઈ કસર રાખી નથી, એટલે આ ગ્રંથ સુવાચ્ય બન્યો છે અને ભારે લોકાદરને પ્રાપ્ત થયો છે. આજે તેની ત્રીજી આવૃત્તિ ચાલી રહી છે.'

અહીં એ પણ જણાવી દઉં કે મંત્ર સંબંધી—મંત્ર સાધના સંબંધી જે માહિતી મેળવવા અનેક ગ્રંથો ઉથલાવવા પડે છે, તે આમાં સરલતાથી મળી જાય છે અને તે જ એની સાચી મહત્તા છે.

## ૨–મંત્રચિંતામણિ

મંત્રવિજ્ઞાનના યશસ્વી પ્રકાશન પછી શ્રી ધીરજલાલભાઈને જે પત્રો પ્રાપ્ત થયા, તેના પરથી તેમને એમ લાગ્યું કે હજીયે આપણા સમાજનો એક મોટો વર્ગ મંત્રવિદ્યા અંગે પ્રમાણભૂત માહિતી માગે છે અને તેની ઉપાસનામાં તથા તેના પ્રયોગોમાં પણ રસ ધરાવે છે, તેથી આ પ્રકારનું વિશેષ સાહિત્ય બહાર પાડવું જોઈએ, એટલે તેમણે **'મંત્રચિંતામણિ'** નામનો બીજો ગ્રંથ નિર્માણ કર્યો.

તેના પ્રથમ ખંડમાં તેમણે બાર પ્રકરણો દ્વારા ૐકાર અને તેની ઉપાસનાનો સવિસ્તર વિધિ બતાવ્યો. કેટલાક એમ માને છે કે ગૃહસ્થોને ૐકારની ઉપાસના કરવાનો

ભાઈએ એક મોટી સેવા બજાવી છે અને મંત્ર બાબત નિખાલસ, સરળ, સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન આપ્યું છે. આની પૂર્વે 'મંત્રવિજ્ઞાન' 'નમસ્કારમંત્રસિદ્ધિ' આદિ ગ્રન્થોથી આરંભેલી આ લેખનયાત્રા 'મંત્ર ચિંતામણિ'માં વધુ પરિપક્વ, વધુ પુષ્ટ અને વધુ પીઢ બની છે. આવો સુંદર ગ્રંથ લખવા બદલ તેમને હાર્દિક અભિનંદન આપતાં હું આનંદ અનુભવું છું.

હાલ આ ગ્રન્થની બીજી આવૃત્તિ ચાલે છે.

## ૩–મંત્રદિવાકર

'મંત્રવિજ્ઞાન' અને 'મંત્રચિંતામણિ'ના નિર્માણ પછી શ્રીધીરજલાલભાઈને મંત્ર સંબંધી એક વિશેષ ગ્રન્થ રચવાની જરૂર જણાતાં તેમણે **'મંત્રદિવાકર'** નામના ત્રીજા મનનીય ગ્રન્થની રચના કરી. આ ગ્રન્થ તો પહેલા બે ગ્રન્થો કરતાં પણ વિશેષ વખણાયો અને સારા સારા સાધકોએ પણ તેને પ્રાપ્ત કરવા માટે હરિફાઈ કરી. તેની પ્રથમ આવૃત્તિ ઝડપથી પૂરી થઈ ગઈ અને ત્યાર પછી ચાર વર્ષે પ્રકટ થયેલી તેની બીજી આવૃત્તિ માટે પણ લોકોએ એવી જ ચાહના બતાવી. પરિણામે એ ગ્રન્થ આજે અપ્રાપ્ય બન્યો છે અને ત્રીજી આવૃત્તિની રાહ જોઈ રહ્યો છે.

આ ગ્રંથનું વાસ્તવિક મહત્ત્વ પાઠકોના ખ્યાલમાં આવે તે માટે તેની પ્રકરણ સૂચિ અહીં રજૂ કરું છું.

**પહેલો ખંડ–સાધનાપ્રબોધ**

૧. મંગલ પ્રસ્થાન
૨ મંત્રનો અલૌકિક પ્રભાવ
૩ મંત્રયોગ અને મંત્રવિદ્યા
૪ દેહાદિ અંગે વિશિષ્ટ જ્ઞાન
૫ બીજમંત્રના અર્થો અને ક્રિયાસંકેતો
૬ મંત્રસાધનાપદ્ધતિ
૭ ભૌતિક શુદ્ધિકરણ
૮ માનસિક શુદ્ધિકરણ
૯ દિવ્યતા સંપાદન કરવાની ખાસ કલા
૧૦ મુદ્રાઓનું મહત્ત્વ
૧૧ દેવતાઓ અંગે કિંચિત્
૧૨ પૂજન–અર્ચન સંબંધી વિશેષ

**બીજો ખંડ–પ્રયોગવિવરણ**

(૧૩) આધ્યાત્મિક વિકાસનો અનેરો મંત્ર
(૧૪) શાંતિદાયક સિદ્ધ પ્રયોગ
(૧૫) નિત્ય નીરોગી રહેવાનું સાધન
(૧૬) રોગનિવારક મંત્રપ્રયોગો
(૧૭) ભયનિવારક મંત્રપ્રયોગો

(૧૮) ધનપ્રાપ્તિને લગતા મંત્રપ્રયોગો

(૧૯) સંતાનપ્રાપ્તિને લગતા મંત્રપ્રયોગો

(૨૦) બુદ્ધિ–સ્મૃતિ વધારનારું અદ્ભુત સ્તોત્ર

(૨૧) આકર્ષણ તંત્ર

(૨૨) સંમોહન તંત્ર

(૨૩) વશીકરણ તંત્ર

(૨૪) કર્ણપિશાચિની તંત્ર

(૨૫) પશુ–પક્ષીઓની બોલીનું જ્ઞાન

(૨૬) ગારુડ તંત્ર

**ત્રીજો ખંડ–મંત્ર–યંત્ર–કલ્પસંગ્રહ**

(૨૭) દેવ–દેવતાના મૂલ મંત્રો

(૨૮) ભૂત–પ્રેતાદિને લગતા મંત્રો

(૨૯) ઉપયોગી મંત્રસંગ્રહ

આમાં ૫૦ મંત્રો અપાયા છે.

(૩૦) કેટલાક અદ્ભુત યંત્રો

(૩૧) ત્રણ વનસ્પતિ કલ્પો

(૩૨) દક્ષિણાવર્ત શંખના કલ્પો

(૩૩) એકાક્ષી નાલિયેરનો કલ્પ

આ ત્રણ ખંડો ઉપરાંત તેમાં પરિશિષ્ટ પણ અપાયેલ છે, જેમાં ‘ તંત્ર સાહિત્ય–એક વિહંગાવલોકન ’ નામનો

સારો લેખ આપવામાં આવ્યો છે અને સૂર્યાષ્ટક પણ રજૂ થયેલ છે.

### ૪. જપ-ધ્યાન-રહસ્ય

મંત્રોપાસનાની પૂર્ણતા પૂજન, સ્તોત્રપાઠ, જપ, ધ્યાન અને લય એ પાંચ અંગો વડે થાય છે. તેમાં જપ અને ધ્યાન અંગે પ્રમાણભૂત વિપુલ માહિતી આપવા માટે શ્રી ધીરજલાલભાઈએ '**જપ-ધ્યાન-રહસ્ય**' નામનો એક ખાસ ગ્રંથ રચેલો છે.

તેમણે આ ગ્રન્થના પ્રકાશન પૂર્વે જપ અને ધ્યાન સંબંધી કેટલાંક વ્યાખ્યાનો આપેલાં હતાં, ખાસ વર્ગો પણ ચલાવ્યા હતા અને 'આરાધના શિક્ષણસત્ર' યોજી ઘણા જિજ્ઞાસુઓની આ વિષયસંબંધી ખાસ જિજ્ઞાસા સંતોષી હતી. એટલે આ ગ્રન્થમાં તેમના જપ અને ધ્યાન સંબંધી અનુભવનું સચોટ પ્રતિબિમ્બ પડેલું છે.

આ ગ્રંથનો પ્રથમ ભાગ 'જપ-રહસ્ય' નામનો છે. તેમાં તેમણે જપનું રહસ્ય તથા સ્વરૂપ પ્રકાશવા માટે પોતાની આગવી શૈલિએ ૩૭ પ્રકરણો લખ્યાં છે, જે કોઈને પણ પ્રભાવિત કરે એવાં છે. તેનાં છેલ્લાં પ્રકરણમાં ૧૫૬ જેટલા મંત્રોનો સંગ્રહ રજૂ થતાં ગ્રંથગૌરવમાં ઘણો વધારો થએલો છે.

આ ગ્રન્થનો બીજો ભાગ 'ધ્યાન-રહસ્ય' નામનો છે. તેમાં તેમણે ધ્યાનનો મહિમા, ધ્યાનના હેતુઓ, તેના

પ્રાથમિક પ્રયોગો તથા ધ્યાનાભ્યાસ વગેરે સમજાવવા માટે ૭ મહત્ત્વપૂર્ણ પ્રકરણો લખેલાં છે.

આ ગ્રન્થ પણ લોકપ્રિય બનેલો છે અને હાલ તેની બીજી આવૃત્તિ ચાલે છે.

## ૫. આત્મદર્શનની અમોઘ વિદ્યા

યોગનું મુખ્ય લક્ષ્ય આત્મદર્શન છે, તેની પ્રાપ્તિ માટે જ સમસ્ત યોગવિદ્યાનું પ્રવર્તન છે. આમ છતાં આજે તેના લક્ષ્ય અને સ્વરૂપ અંગે ભળતી જ વાતો થાય છે. કેટલાકે તેને શરીરસુધારણાનો અખાડો બનાવી દીધો છે, તો કેટલાકે તેને ચમત્કારોનું ધામ બનાવી દીધો છે. આ સંયોગોમાં લોકોને યોગવિદ્યા અંગે સત્યપ્રમાણભૂત માહિતી આપવાની જરૂર ઊભી થઈ છે. શ્રી ધીરજલાલભાઈ એ '**આત્મદર્શનની અમોઘ વિદ્યા**' નામનો ગ્રન્થ રચીને એ દિશામાં પહેલ કરી છે.

તેમણે આ ગ્રન્થમાં યોગની પ્રાચીન પદ્ધતિ કેવી હતી, તેના પર સુંદર પ્રકાશ પાડયો છે તથા યોગ એ સર્વ ધર્મનો સાર છે, અધ્યાત્મવાદનો નીચોડ છે તથા જીવનનું વિજ્ઞાન છે, એ વસ્તુ પુષ્ટ પ્રમાણો વડે સિદ્ધ કરી આપી છે. વળી યોગસાધકમાં કેવા ગુણો જોઈએ, તે પણ તેમણે વિસ્તારથી સમજાવ્યું છે અને યોગના મુખ્ય પ્રકારો—મંત્રયોગ, હઠયોગ, લયયોગ અને રાજયોગ-નો વિસ્તૃત વિશદ પરિચય આપ્યો છે. તે પછી તેમણે

યોગનાં આઠ અંગો સંબંધી અનુભવપૂર્ણ વિવેચન કર્યું છે અને યોગજન્ય સિદ્ધિઓ અંગે પણ ઘણી અગત્યની માહિતી રજૂ કરેલ છે.

વાસ્તવમાં આ ગ્રંથ અષ્ટાંગ યોગસાધનાનો છે, પણ તે સમસ્ત યોગવિદ્યાને આવરી લે છે અને એ રીતે યોગ-સાહિત્યનું એક મહત્ત્વપૂર્ણ પ્રકાશન બને છે.

શ્રી ધીરજલાલભાઈએ યોગસંબંધી વિશેષ ગ્રંથો લખ્યા નથી, પણ તેમના આરાધના અને મંત્રવિષયક સાહિત્યમાં અનેક સ્થળે યોગસંબંધી મહત્ત્વપૂર્ણ વિવેચનાઓ કરેલી છે.

[ ૨૩ ]

# નૌતમ નાટ્યસંપદા

શ્રી ધીરજલાલભાઈએ આપણને કથાઓ, ચરિત્રો, નિબંધો અને કાવ્યો આપ્યાં છે, તેમ નિર્મલ ભાવથી નીતરતી નૌતમ નાટ્યસંપદા પણ આપેલી છે; પરંતુ તે પુસ્તકાકારે લોકોના હાથમાં પહોંચી નથી, તેથી ઘણાખરા તેનાથી અજાણ છે. હવે જ્યારે તેમના સાહિત્યસર્જનનો પૂર્ણ પરિચય આપવાનો પ્રસંગ ઉપસ્થિત થયો છે, ત્યારે તેમની આ નૌતમ નાટ્યસંપદાથી પાઠકોને પરિચિત કરું, તો તે યોગ્ય જ લેખાશે.

કથા, ચરિત્રો અને નિબંધોમાં ગદ્યનો રસ હોય છે, કાવ્યોમાં પદ્યનો રસ હોય છે, ત્યારે નાટ્યમાં–નાટકોમાં ગદ્ય અને પદ્ય બંનેના રસ હોય છે. તેમાં ગદ્યનો રસ સંવાદો દ્વારા વ્યક્ત થાય છે અને પદ્યનો રસ કાવ્યો કે ગીતો દ્વારા વ્યક્ત થાય છે; એટલે જે લેખક અને કવિ ઉભય હોય, તે જ સુંદર નાટકની રચના કરી શકે છે. શ્રી ધીરજ-

લાલભાઈ લેખક અને કવિ ઉભય હોવાથી તેઓ આજ સુધીમાં ૧૧ જેટલાં નાટકોની રચના કરી શકયા છે.

'તત્ત્વજ્ઞાનના તરંગોથી તરબોળ બનેલો અથવા અરાધનારૂપી અમૃતનો આસ્વાદ લઈ રહેલો મનુષ્ય નાટકની રચના શી રીતે કરી શકે?' એવો પ્રશ્ન અહીં પૂછાવા સંભવ છે. તેનો ઉત્તર એ છે કે 'શ્રી ધીરજલાલભાઈ આ બંને સ્થિતિમાં હોવા છતાં તેમને કેટલીક વાર નાટકો રચવાની અંતઃપ્રેરણા થાય છે; અને ત્યારે તેઓ નાટ્યરચનામાં મશગુલ બની જાય છે. પછી તો એ નાટ્યરચના પૂરી થાય, ત્યારે જ તેમને મનનું સમાધાન સાંપડે છે અને પાછા પૂર્વસ્થિતિમાં આવી જાય છે.'

'ધાર્મિક–આધ્યાત્મિક વલણવાળા પુરુષોએ નાટકની રચના શા માટે કરવી જોઈએ? નાટક તો એક હલકી વસ્તુ છે.' આવો પણ એક અભિપ્રાય મારા કર્ણપટ પર અથડાઈ રહ્યો છે. જો તેનો ઉત્તર નહિ આપું તો ગેરસમજ થવા સંભવ છે, એટલે તેનો ઉત્તર આપું છું. 'ધાર્મિક–આધ્યાત્મિક વલણવાળા પુરુષો જે હેતુથી કથા–ચરિત્રોની રચના કરે છે, જે હેતુથી કાવ્યોની રચના કરે છે, તેજ હેતુથી તેઓ નાટ્યની–નાટકની રચના કરે છે. તાત્પર્ય કે તેની રચના કરવા પાછળ તેમનો હેતુ માનવજીવનની સુધારણાનો જ હોય છે. આજ સુધીમાં ધાર્મિક–આધ્યાત્મિક વલણવાળા સંખ્યાબંધ પુરુષોએ નાટક રચેલાં છે, તે આ જ હેતુથી રચેલાં છે. તેમાં જૈનાચાર્યો અને જૈનમુનિઓનો

પણ સમાવેશ થાય છે. તાત્પર્ય કે ધાર્મિક–આધ્યાત્મિક વલણવાળા પુરુષો નાટકની રચના કરે, તેમાં કોઈ જાતની વિસંગતિ નથી.

જો નાટક એક હલકી વસ્તુ હોત તો ધાર્મિક–આધ્યાત્મિક વલણવાળા પુરુષોએ તેનો સ્પર્શ જ ન કર્યો હોત. પણ જ્યારે તેમણે આટલી મોટી સંખ્યામાં નાટકો લખ્યાં છે, ત્યારે એ વસ્તુ નક્કી છે કે નાટક એ મૂળમાં હલકી વસ્તુ નથી, વાસ્તવમાં એ એક પ્રકારની લલિતકલા છે અને તેથી જ તે રાજમાન્ય–સમાજમાન્ય થયેલી છે.

અહીં એ પણ જણાવી દઉં કે પૂર્વકાલમાં નાટકની રચના અંગે ઘણું ઊંચું ધોરણ જળવાતું અને તે પરંપરા લગભગ વીશમી સદીના પ્રારંભ સુધી સારી રીતે જળવાઈ રહી હતી. પરંતુ ત્યાર પછી લોકોના આનંદનું ધોરણ બદલાવા લાગ્યું, એટલે નાટકોમાં હળવો હાસ્યરસ દાખલ થયો અને છેલ્લાં દશ–વીશ વર્ષમાં તો લોકોના આનંદનું ધોરણ છેક જ નીચે ઉતરી જતાં તેમાં અશ્લીલતા પણ પ્રવેશી ચૂકી છે. આ સંયોગોમાં કોઈ નાટકને હલકી વસ્તુ માને અને તેનાથી બચવાનો અનુરોધ કરે, તો એ સમજી શકાય એવું છે. પરંતુ બધાં નાટકો આવાં હોતાં નથી. તેમાં સારાં અને સુંદર નાટકો પણ અવશ્ય હોય છે.

શ્રી ધીરજલાલભાઈએ જે નાટકો લખ્યાં છે, તે આ પ્રકારનાં છે, એટલે કે ઉચ્ચ કોટિનાં છે અને તે લોકોનાં હૃદયમાં ભવ્ય ભાવોની ભરતી કરવામાં સફલ થયેલાં છે.’

તેમણે ઘણાં વર્ષો પહેલાં '**સતી નંદયંતી**' નામે એક ત્રિઅંકી નાટક લખ્યું હતું, જે મુંબઈ–જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તરફથી પ્રકટ થતા જૈનયુગ પત્રમાં કકડે કકડે છપાયું હતું. ત્યાર પછી તેમણે '**શાલિભદ્ર**' નામનું બીજું ત્રિઅંકી નાટક લખ્યું હતું, તે સુઘોષા માસિકમાં ક્રમશઃ છપાયું હતું.

સં. ૨૦૨૦માં તેમણે ત્રીજા નાટક '**સંકલ્પસિદ્ધિ યાને સમર્પણ**'નું સંકલન કર્યું હતું, જે પાછળથી કવિ મનસ્વી દ્વારા અક્ષરદેહ પામ્યું હતું અને પ્રસિદ્ધ કલાકારો દ્વારા રંગભવનમાં રજૂ થયું હતું.×

ત્યારપછી તેમણે '**કાચાસૂતરને તાંતણે**' નામની એકાંકી નાટિકા લખી સતી સુભદ્રાના જીવનનો પરિચય કરાવ્યો હતો. આ નાટિકા પ્રથમ તા. ૧૫–૬–૭૦ ના રોજ બીરલા માતુશ્રી સભાગારમાં સારી રીતે ભજવાઈ હતી અને ત્યારપછી તેણે બીજા રંગમંચોને પણ શોભાવ્યા હતા.

ત્યાર પછી ' શ્રી માનતુંગ સૂરિ સારસ્વત સમારોહ 'ની ઉજવણી પ્રસંગે ભક્તામરસ્તોત્રનો અપૂર્વ મહિમા બતાવવા માટે તેમણે '**બંધન તૂટયાં**' નામનું ત્રિઅંકી નાટક તૈયાર કર્યું હતું, જે ત્યાં ખાસ બંધાયેલા સારસ્વત રંગભવનમાં તા. ૬–૩–૮૧ ના રોજ પૂર બહારમાં ભજવાયું હતું. તેના સંવાદો, દૃશ્યો અને વસ્તુસંકલને પ્રેક્ષકો પર ભારે પ્રભાવ પાડયો હતો. યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશનના ચેરમેન

* આ નાટકને તેમની રચનામાં ગણેલ નથી.

શ્રીમાન્ ડી. એસ. કોઠારી એ વખતે અધ્યક્ષસ્થાને હતા. તેમણે આ નાટકને શ્રેષ્ઠ કોટિનું ગણાવ્યું હતું અને તેનો હિંદી અનુવાદ કરવાનો અનુરોધ કર્યો હતો, જેથી તે ભારતના ઘણાં શહેરોમાં રજૂ કરી શકાય.

ત્યાર પછી લગભગ છ વર્ષે ભક્તામર–રહસ્યની બીજી આવૃત્તિના પ્રકાશન સમયે આ નાટક થોડા ફેરફાર સાથે બીરલા-માતુશ્રી–સભાગારમાં સરસ રીતે ભજવાયું હતું અને કેટલાયે પ્રેક્ષકોને ટીકીટના અભાવે પાછું જવું પડયું હતું. ત્યાર પછી દોઢ વર્ષના ગાળામાં આ નાટક છ વાર ભજવાયું હતું અને તેણે લોકોની અપૂર્વ પ્રશંસા પ્રાપ્ત કરી હતી.

તે પછી શ્રી ઋષિમંડલ–આરાધના ગ્રંથના પ્રકાશન–સમર્પણ–સમારોહ પ્રસંગે તેમણે **'હજી બાજી છે હાથમાં'** એ નામના ત્રિઅંકી નાટકની રચના કરી હતી અને તે તા. ૨૧–૧૧–૭૧ ના રોજ બીરલા માતુશ્રી સભાગારમાં ચુનંદા કલાકારો દ્વારા રજૂ થયું હતું. આ નાટકમાં મનુષ્યોને કેવી મહત્ત્વકાંક્ષા હોય છે? તે માટે કેવાં સાહસો ખેડે છે? તેમાં કેવી મુશીબતો નડે છે? વળી ભોગ–લાલસા મનુષ્યને કયાં ઘસડી જાય છે અને તેમાં જીવનની કેવી બરબાદી થાય છે? વગેરે દર્શાવી છેવટે 'સંયમની આરાધના જ મનુષ્યને સાચું સુખ આપી શકે છે' તેની કલાત્મક રીતે પ્રતીતિ કરાવી હતી.

ત્યાર પછી સંકલ્પસિદ્ધિ ગ્રંથની બીજી આવૃત્તિના પ્રકાશન વખતે તેમણે '**શ્રી પાર્શ્વપ્રભાવ**' નામની દ્વિઅંકી

નાટિકા રચી હતી, જેમાં અરવલ્લીના ડુંગરોમાં અજ્ઞાતવાસ ભોગવી રહેલા મહારાણા પ્રતાપે શ્રી પાર્શ્વનાથ ભગવાનની ૨૧ દિવસની આરાધના કેવી રીતે કરી તથા તેનું શું ફલ મળ્યું ? વગેરે હકીકતોને સરસ રીતે રજૂ કરી હતી.

તે પછી '**કારમી કસોટી**' નામનું ત્રિઅંકી નાટક નિર્માણ કર્યું હતું, જેમાં સાજણ મંત્રીએ કેવા સંયોગોમાં શ્રી ગિરનાર તીર્થનો ઉદ્ધાર કર્યો હતો, તેની અસરકારક રજૂઆત કરી હતી. તે વખતના ગૂજરાતના રાજકીય રંગનો પણ તેમાં હૂબહુ ચિતાર અપાયો હતો,

તે પછી '**જાગી જીવનની જ્યોત**' નામનું ત્રિઅંકી નાટક તેમના હાથે આકાર પામ્યું હતું. તેમાં સંયોગો એક ચોરને બનાવટી યોગી થવાની ફરજ પાડે છે, તેમાંથી કેવી રીતે ખરેખર યોગી બની જાય છે અને સમત્વયોગની સાધના કરે છે વગેરે બાબતોની કલાત્મક રજૂઆત કરી હતી.

તે પછી પણ તેમના હાથે એક ત્રિઅંકી નાટકની રચના થયેલી છે. તેનું નામ છે : '**આખરે આશા ફળી**' તેમાં તેમણે એક પ્રાચીન કથાને યોગ્ય ફેરફારો સાથે અદ્‌ભુત રીતે રજૂ કરી છે. તેમાં પત્નીને થતા સામાજિક અન્યાયનું ચિત્ર ઘણું અસરકારક છે.

તેમનાં આ ચારે ય નાટકો સાહિત્ય–પ્રકાશન–સમારોહ પ્રસંગે બીરલા માતુશ્રી સભાગારમાં ઘણી તૈયારી સાથે રજૂ થયેલાં છે અને તે પ્રેક્ષકોની પ્રશંસા પામી શકેલાં છે.

**'ધન્ય શ્રીપાલ મયણા'** નામનું એક ત્રિઅંકી નાટક તેમણે ઘણા વર્ષ પહેલાં રચેલું છે, પણ તેનું જે સંસ્કરણ કરવા ધાર્યું હતું, તે હજી સુધી થઈ શક્યું નથી.

**'માવજીભાઈની મૂંઝવણ'** એ તેમણે રચેલું એક માત્ર પ્રહસન છે, તે 'પાર્શ્વપ્રભાવ.' નામની દ્વિઅંકી નાટિકા સાથે ભજવાઈ ગયું છે. આ પ્રહસનમાં માનવ સ્વભાવ અંગે જબર. કટાક્ષો છે, પણ તેમાં શિષ્ટતાની મર્યાદાને જરાપણ ઓળગવામાં આવી નથી.

[ ૨૪ ]

## શતાવધાનકલા

શ્રી ધીરજલાલભાઈ એ સાહિત્યકાર તરીકે ઘણી ખ્યાતિ મેળવેલી છે, પણ તેથી યે વધુ ખ્યાતિ તેમણે **'શતાવધાની'** તરીકે મેળવેલી છે. ઘણા લોકો તો તેમને શતાવધાની તરીકે જ ઓળખે છે અને તેમના પ્રત્યે ભારે માન અને આદરની લાગણી પ્રકટ કરે છે.

ભારતની ૬૦ કે ૭૦ કરોડની વસતિમાં શતાવધાની કેટલા ? તેમની સંખ્યા બે દશકથી આગળ જાય તેમ નથી. તાત્પર્ય કે કરોડો મનુષ્યમાં કોઈક જ શતાવધાનીનું પદ પ્રાપ્ત કરી શકે છે, એટલે તે એક અસાધારણ કોટિનું અતિ ગૌરવવંતુ પદ મનાયેલું છે.

જે શત એટલે સો (૧૦૦) અવધાનો કરી શકે, તે શતાવધાની ગણાય. વધારે સ્પષ્ટ કહું તો જે મનુષ્ય જોયેલી, સાંભળેલી કે સ્પર્શેલી સો બાબતોને–વસ્તુઓને યાદ રાખી તેને યથાક્રમ કહી શકે, તે શતાવધાની કહેવાય. આપણે

સામાન્ય રીતે જોયેલી–સાંભળેલી–સ્પર્શેલી ત્રણ–ચાર વસ્તુઓ અને બહુ બહુ તો સાત–આઠ વસ્તુઓ યાદ રાખી શકીએ છીએ, પણ તેથી વધારે વસ્તુઓ યાદ રાખવાનો પ્રસંગ આવે તો મનમાં ગરબડ થઈ જાય છે, એટલે કે તેને બરાબર યાદ રાખી શકતા નથી, પછી તેને યથાક્રમ કહેવાનું તો રહ્યું જ કયાં ? જ્યારે આ તો સો વસ્તુઓને યાદ રાખીને તેને યથાક્રમ કહેવાની વાત છે, તે પરથી તેની અસાધારણતાનો–અદ્ભુતતાનો ખ્યાલ આવી શકશે.

શ્રી ધીરજલાલભાઈની સ્મરણશક્તિ નાનપણથી જ સારી હતી. કેટલાકના કહેવા મુજબ તેમને આ શક્તિ માતા તરફથી મળેલી હતી. તેઓ નમસ્કારમંત્ર અને ચોવીશ તીર્થંકરોનાં નામ ઝડપથી શીખી ગયેલાં. છાત્રાવસ્થામાં શિક્ષકો તેમને જે કંઈ શીખવતા, તે તરત યાદ રહી જતું. આ અવસ્થામાં તેમણે પોતાની જ્ઞાનતૃષા છીપાવવા માટે ૧૯૦૦ જેટલા ગ્રંથોનું વાચન કરેલું, તે બધાના રૂપ–રંગ તેમને યાદ રહી ગયેલાં અને તેનો વિષય પણ ખ્યાલમાં રહી ગયેલો. આ બાબતમાં તેમની પરીક્ષા થતાં તેમાં પાર ઊતરેલા. ત્યાર પછી પણ તેઓ જે કંઈ વાંચતા, તે અલ્પ પ્રયાસે યાદ રહી જતું. આને આપણે શતાવધાની થવા માટેની યોગ્ય ભૂમિકા ગણી શકીએ. જો ખેતર 'બરાબર ખેડાયેલું' હોય અને તેમાં વિધિસર બીજ વવાય, તો તે અંકુરિત–પલ્લવિત થયા વિના રહેતાં નથી.

હવે વિદ્યાર્થી-વાચનમાલાનું સર્જન કરતી વખતે

શ્રીમદ્ રાજચંદ્રનું જીવન આલેખવાનો પ્રસંગ આવ્યો. તે માટે કેટલાંક પુસ્તકો એકઠાં કરવામાં આવ્યાં, જેમાં 'સાક્ષાત્ સરસ્વતી' નામનું પણ એક પુસ્તક હતું; આ પુસ્તકમાં શ્રીમદ્ રાજચંદ્રનો ઓગણીશમા વર્ષ સુધીનો હેવાલ હતો અને તેમણે કરેલા અવધાન–પ્રયોગોનું વર્ણન પણ હતું. તે વાંચી શ્રી ધીરજલાલભાઈ ખૂબ પ્રભાવિત થયા અને મન સંગાથે વિચાર કરવા લાગ્યા કે 'હું પણ આવા પ્રયોગો કરી શકું તો કેવું સારું ?'

પછી એક–બે મહાનુભાવો સાથે આ બાબતમાં વાત થઇ, ત્યારે તેમણે જણાવ્યું કે 'જેને કુદરતી બક્ષીશ હોય તે જ અવધાનપ્રયોગો કરી શકે, એ કંઈ શીખ્યા શીખાય નહિ.' તેમાં કુદરતી બક્ષીશવાળી વાત તો શ્રી ધીરજલાલ-ભાઇને મંજૂર હતી, પણ 'અવધાન પ્રયોગો શીખ્યા શીખાય નહિ.' એ વાત તેમના ગળે ઉતરી નહિ. તેમનું અંતર એમ જ કહેતું હતું કે 'જો આ બાબતમાં યોગ્ય માર્ગ-દર્શન મળે તો અવધાનપ્રયોગો જરૂર શીખી શકાય.'

'ઢુંઢો અને તે તમને મળશે' એ સુવાક્ય તેમની મદદે આવ્યું અને તેઓ યોગ્ય વ્યક્તિની શોધમાં પડયા. એવામાં સ્થાનકવાસી સંપ્રદાયના મુનિરાજ શ્રી નાનચંદ્રજી મહારાજ અને તેમના શિષ્યરત્ન મુનિરાજ શ્રી સૌભાગ્યચંદ્રજી મહારાજની ત્યાં (અમદાવાદમાં) પધરામણી થઈ કે જેઓ 'સંતબાલ'ના ઉપનામથી વિશેષ પ્રસિદ્ધ હતા અને શતાવ-ધાનના પ્રયોગો કરી જાણતા હતા.

આ વખતે શ્રી ધીરજલાલભાઈ અમદાવાદ જૈન યુવક સંઘના મંત્રી હતા અને જાહેર જીવનમાં સારો રસ લેતા હતા, એટલે ઉક્ત મુનિરાજોએ તેમને મળી જવાનું કહેણ મોકલ્યું. શ્રી ધીરજલાલભાઈ પોતે પણ તેમને મળવા ઇચ્છતા હતા, એટલે તરત મિલન થયું અને કેટલીક ચર્ચા–વિચારણા પછી ભદ્ર નજીક પ્રેમાભાઈ હોલમાં બંને મુનિરાજોની આઠ દિવસની વ્યાખ્યાનમાલા યોજાઈ. આ વ્યાખ્યાન સભામાં પ્રથમ શ્રી ધીરજલાલભાઈ ઉપક્રમ કરતા, પછી મુનિરાજ શ્રી નાનચંદ્રજી મહારાજ વ્યાખ્યાન આપતા અને ત્યાર પછી શ્રી સંતબાલજી વ્યાખ્યાન આપતા. આ બંને સાધુપુરુષો ઘણા ઉદાર વિચારના હોઈને શ્રોતા પર તેમનો સારો પ્રભાવ પડતો.

આ રીતે આઠ દિવસ સુધી શ્રી સંતબાલજીના પરિચયમાં આવ્યા પછી શ્રી ધીરજલાલભાઈએ તેમને વિનંતિ કરી કે 'મને અવધાનપ્રયોગોમાં રસ છે. તે સંબંધી થોડું માર્ગદર્શન આપવા કૃપા કરો.' તે પરથી સંતબાલજીએ તેમને પ્રારંભિક માર્ગદર્શન આપ્યું અને શ્રી ધીરજલાલભાઇ માટે અવધાનપ્રયોગોની દિશા ખૂલી ગઈ.

પરંતુ આગળ વધવાનું કામ સહેલું ન હતું, કારણ કે તેમાં અનેક વિષયો આવતા હતા અને તે દરેક માટે જુદી જુદી રીતો અજમાવવી પડતી હતી. આમ છતાં શ્રી ધીરજલાલભાઈ કંટાળ્યા નહિ. તેમણે એ દિશામાં પ્રયત્ન

ચાલુ રાખ્યો. અને છેવટે અંતઃપ્રેરણા દ્વારા માર્ગદર્શન મળતાં તેઓ આ વિષયમાં ધારી પ્રગતિ કરી શક્યા.

શ્રી ધીરજલાલભાઈ અવધાનપ્રયોગોમાં કયા ક્રમે આગળ વધી શતાવધાની બન્યા, તે પણ જોઈ લઈએ.

તેમણે સહુ પ્રથમ તા. ૯–૭–૩૪ ના રોજ ૧૮ અવધાનપ્રયોગો ગૂજરાતના સાઠંબા ગામમાં ત્યાંના સ્ટેટ મેનેજર શ્રી ત્રિકમલાલ એન. દવેની અધ્યક્ષતામાં કર્યા. આ વખતે પ્રસિદ્ધ વક્તા મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી ત્યાં હાજર હતા. તેમણે આ પ્રયોગોની પ્રશંસા કરી હતી અને હિમ્મતથી આગળ વધવાનો અનુરોધ કર્યો હતો.

તે પછી તેમને મુંબઈ આવવાનું થતાં પાયધુની–આદીશ્વરજી જૈન ઉપાશ્રયમાં પ. પૂ. ઈતિહાસવિશારદ આચાર્ય શ્રી વિજયેન્દ્રસૂરિજી મહારાજની અધ્યક્ષતામાં ૨૭ અવધાનપ્રયોગો કરી બતાવ્યા. તેની આચાર્યશ્રીએ પ્રશંસા કરી હતી અને ઉપસ્થિત જૈન જનતાએ વાહવાહ બોલાવી હતી.

તે પછી તેમને વડોદરા જવાનું થતાં ત્યાંની સાહિત્ય સભાના ખાસ આમંત્રણથી અનેક સાક્ષરો અને પ્રાધ્યાપકો આદિની સમક્ષ તેમણે ૩૬ અવધાનપ્રયોગો કરી બતાવ્યા. અહીં પ્રશ્નો ઘણા કઠિન પૂછાયા હતા, પણ શ્રી ધીરજલાલભાઈ તેના ઉત્તરો આપવામાં સફળ થયા હતા. તેનાથી પ્રભાવિત થઈને સભાના પ્રમુખ પ્રા. અતિસુખશંકર કમલાશંકર ત્રિવેદીએ તેમને ધન્યવાદ પૂર્વક એક સુંદર પ્રમાણપત્ર આપ્યું હતું.

વડોદરાના સુશિક્ષિત–સંસ્કારી લોકોએ જ્યારે શ્રી ધીરજલાલભાઈના અવધાનપ્રયોગોની વાત જાણી, ત્યારે તેમણે ભારે આશ્ચર્ય અનુભવ્યું અને આ પ્રયોગો પોતાની સંસ્થામાં કરી બતાવવા માટે ઉપરાઉપરી આમંત્રણો આવ્યાં. તે પરથી શ્રી ધીરજલાલભાઈએ ચીમનાબાઈ સ્ત્રી ઉદ્યોગશાલા, ન્યુ ઈરા હાઈસ્કૂલ અને વડોદરા કોલેજમાં અનુક્રમે ૨૬, ૩૨ અને ૪૦ અવધાનપ્રયોગો કરી બતાવ્યા.

સામાન્ય માન્યતા એવી છે કે અવધાનપ્રયોગો ઘણી તૈયારીપૂર્વક કરવા પડે છે, એટલે તે પંદર કે સાત દિવસે એક જ વાર થઈ શકે, પણ શ્રી ધીરજલાલભાઈએ અહીં ચાર દિવસ સુધી રોજ સાંજે અવધાનપ્રયોગો કરી બતાવ્યા હતા, તે એમની શારીરિક તથા માનસિક ખડતલતાનું પ્રમાણ પૂરું પાડે છે.

ત્યાર પછી અવધાનપ્રયોગો ચાલુ રહ્યા હતા. તેમાં પાલણપુર–નવાબના ખાસ આમંત્રણથી ભારતના એકસ-કમાન્ડર–ઇન–ચીફ સર ફિલિપ ચેડવુડ સમક્ષ ગાર્ડનપાર્ટીમાં જે પ્રયોગો રજૂ કર્યા, તે નોંધપાત્ર હતા. આ પ્રયોગો જોયા પછી તેમણે જે શબ્દો ઉચ્ચાર્યા, તે પ્રસ્તુત ગ્રંથના પ્રથમ પ્રકરણમાં છપાયેલા છે.

અવધાનપ્રયોગોમાં જેમ જેમ સફળતા મળતી ગઈ, તેમ તેમ શ્રીધીરજલાલભાઈએ વધારે પ્રયોગો કરવાની હામ ભીડી. એ રીતે તા. ૨૨–૧૨–૩૪ના રોજ તેમણે ધરમપુર મહારાજા શ્રી વિજયદેવસિંહજીની વર્ષગાંઠ નિમિત્તે દરબાર

હૉલમાં ૬૪ અવધાનપ્રયોગો કરી બતાવ્યા હતા. તેમાં કસોટીનો જે પ્રસંગ ઉપસ્થિત થયો હતો, તેનો ઉલ્લેખ હું પ્રથમ પ્રકરણમાં કરી ગયો છું.

ત્યાર પછી વીજાપુર–વિદ્યાશાળામાં ફરી ૬૪ અવધાન પ્રયોગો કર્યા હતા અને ત્યાર બાદ માત્ર પંદર દિવસે મુંબઈ મહાવીર જૈન વિદ્યાલયના હૉલમાં યોજાયેલ પ્રયોગો વખતે તેની સંખ્યા ૭૦ સુધી પહોંચાડી હતી.

તે પછી વીજાપુર જૈન સંઘના ખાસ આમંત્રણથી તેઓ વીજાપુર ગયા અને ત્યાં તા. ૨૯–૯–૩૫ના રોજ વિદ્યાશાલાના હૉલમાં શ્રીરામચંદ્ર જમનાદાસ અમીન બી. એ. એલ્‌એલ્‌. બી.ની અધ્યક્ષતામાં ચતુર્વિધ સંઘ તથા અન્ય નાગરિકોની વિશાલ હાજરી સમક્ષ તેમણે પૂરાં સો (૧૦૦) અવધાનો સફલતા પૂર્વક કરી બતાવ્યાં. આથી પરમ પ્રસન્ન થયેલા શ્રીસંઘે તેમને સુવર્ણચંદ્રકપૂર્વક '**શતાવધાની**'નું માનવંતુ બિરુદ અર્પણ કર્યું અને ભારે ખુશાલી વ્યક્ત કરી. (તે પછી થોડા જ વખતે શ્રીસંઘે તેમને '**शतावधानाभिनन्दनकाव्यम्**' નામની સંસ્કૃત ભાષામાં રચાયેલા ૩૨ શ્લોકોની એક સુંદર પ્રશસ્તિ અર્પણ કરી હતી.) તેના હેવાલો પત્રોમાં પ્રકટ થતાં લોકોએ આશ્ચર્યનો અનુભવ કર્યો હતો અને એક નવા શતાવધાનીનો ઉદય થયો, એ વિચારે કેટલાકે આનંદની ઉત્કટ લાગણી પણ પ્રકટ કરી હતી.

ત્યાર પછી પણ શ્રીધીરજલાલભાઈ અવધાનપ્રયોગો કરતા રહ્યા હતા, પણ પૂરાં સો અવધાન પ્રયોગો કરતાં પાંચથી સાડાપાંચ કલાક જેટલો સમય લાગતો હોવાથી તેઓ સ્થાન–સમયની અનુકૂલતા મુજબ ૨૪, ૩૨, ૪૦, ૫૨, ૫૬ કે ૬૪ અવધાન પ્રયોગો કરતા હતા. લોકો તેનાથી પ્રભાવિત થતા હતા અને તેમને પ્રમાણપત્રો, પ્રશસ્તીઓ, રૌપ્યચંદ્રક, સુવર્ણચંદ્રક આદિ અર્પણ કરતા હતા. આમ છતાં તેમણે તા. ૧૩–૩–૩૯ને રોજ મુંબઇ–મેટ્રો સીનેમામાં પૂરાં સો અવધાન–પ્રયોગો કર્યા હતા અને તા. ૧૦–૧–૪૨ના રોજ મુંબઈ કાવસજી જહાંગીર હોલમાં ૧૦૮ અવધાનપ્રયોગો પણ કરી બતાવ્યા હતા.

તેમણે સને ૧૯૫૭ સુધીમાં ભારતના અનેક જાણીતા શહેરોમાં જાહેર રીતે અવધાનપ્રયોગો કરી બતાવતાં તેમની શતાવધાની તરીકેની સત્કીર્તિનો વ્યાપક પ્રચાર થયો હતો અને તેમાંથી હજારો સ્રીપુરુષોએ પોતાની બુદ્ધિસ્મૃતિ સુધારવાની પ્રેરણા મેળવી હતી. આ પ્રયોગોમાં તેમણે સને ૧૯૩૭ના સપ્ટેમ્બર મહિનામાં કરાંચીમાં જે પ્રયોગો કર્યા, તે ખાસ નોંધપાત્ર છે. આમ તો અવધાનપ્રયોગો નિમિત્તે તેઓ ત્યાં ત્રણ દિવસ માટે જ ગયા હતા, પણ તેમના પ્રયોગો રજૂ થયા પછી લોકોના મન પર તેનો એટલો બધો પ્રભાવ પડયો કે તેઓ આવા વિશેષ પ્રયોગોની માગણી ખૂબ આગ્રહથી કરવા લાગ્યા અને એ આગ્રહને પાછો ઠેલવાનું મુશ્કેલ બની ગયું. પરિણામે તેમને ત્યાં

૧૮ દિવસ રોકાવું પડ્યું અને તેમાં તેમણે એક એક દિવસના અંતરે એમ કુલ ૯ વાર અવધાનપ્રયોગોની રજૂઆત કરી. ભારતવર્ષના કોઈ પણ શહેરમાં હજી સુધી અવધાનપ્રયોગોની આવી ધૂમ મચી નથી.

ત્યાં પહેલો કાર્યક્રમ તા. ૧૭–૯–૩૭ના રોજ જૈન મંદિરના કમ્પાઉન્ડમાં થયો, ત્યારે ત્યાં ૩૨૦૦ જેટલી મહિલાઓ હાજર હતી. તેમણે પ્રશ્નો પણ ચુનંદા પૂછ્યા હતા અને સ્પર્શના પ્રયોગો બને તેટલા કઠિન બનાવ્યા હતા. જેમકે એક થાળીમાં બરાબર સરખી વાડકીઓ ગોઠવી એકમાં તેલ, બીજામાં સરસિયું અને ત્રીજામાં ગરમ કરેલું ઘી રાખ્યું હતું, તે માત્ર સ્પર્શથી પારખી કાઢવાનું હતું. તેજ રીતે મોટા મગ, પંજાબી ચણા અને તેના જેટલાજ કદના વટાણા જુદી જુદી વાડકીઓમાં રાખવામાં આવ્યા હતા, તે પણ એ જ રીતે પારખવાના હતા. પરંતુ શ્રીધીરજલાલભાઈએ આ બધી વસ્તુઓનો એક વાર નામપૂર્વક સ્પર્શ કરી લીધા પછી ત્રણ કલાક બાદ ઉત્તર સમયે બધી વસ્તુઓ બરાબર પારખી આપી હતી. તેમને જે વિષય પર કવિતા બનાવવાનું કહ્યું હતું, તે કવિતા પણ દિલચશ્પ બનાવી હતી અને બીજા કેટલાક અટપટા પ્રશ્નો પૂછાયા હતા, તેના ઉત્તરો પણ યથાર્થ આપ્યા હતા.

ત્યાર પછી એક દિવસના આંતરે એજ સ્થળે ફરી અવધાનપ્રયોગો થતાં ૭૦૦૦ પુરુષોએ હાજરી આપી હતી

અને આખરે કમ્પાઉન્ડના દરવાજા બંધ કરી દેવાનો વખત આવ્યો હતો.

આ પ્રયોગો પરથી ઘણા લોકો એમ માનતા હતા કે તેમણે કોઈ દેવીને સિદ્ધ કરેલી છે અને તે એમના કાનમાં ઉત્તરો કહી જાય છે, એટલે તેઓ પૂછેલા પ્રશ્નોના ઉત્તરો આપી શકે છે. આ માન્યતાનું એક પરિણામ તો એ આવ્યું હતું કે જ્યાં તેઓ બહાર નીકળતા કે લોકોનું ટોળું એકઠું થઈ જતું અને તેમને વિધવિધ પ્રકારના પ્રશ્નો પૂછવા લાગી જતું !

અહીં લક્ષ્મીબાઈ ડેન્ટલ કોલેજમાં ડોક્ટરો મોટી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા અને તેમણે શ્રી ધીરજલાલભાઈને બાયોલોજીને લગતા ઘણા અઘરા જર્મન શબ્દો સંભળાવ્યા હતા, તેમજ એ શબ્દો સાંભળ્યા પછી તરત જ તેમના કાન આગળ થાળી વગાડવાનું શરૂ કર્યું હતું, જેથી તેઓ એની વ્યવસ્થિત ધારણ કરી શકે નહિ. પાંચ મીનીટ એ રીતે થાળી વગાડ્યા પછી બીજો પણ થોડો કાર્યક્રમ થયો હતો. જ્યારે ઉત્તરની વેળા આવી, ત્યારે બધા પ્રેક્ષકો તેમની સામે કુતૂહલથી તાકી રહ્યા, પણ શ્રી ધીરજલાલભાઈએ બધા પ્રશ્નોના યથાર્થ ઉત્તરો આપતાં એ કુતૂહલ ભારે આશ્ચર્યમાં પલટાઈ ગયું હતું. આ પ્રયોગોની સફલતા માટે તેમને ખાસ ચંદ્રક આપવામાં આવ્યો હતો.

આ રીતે બીજા પણ જે પ્રયોગો થયા, તેમાં કંઈ ને

કંઈ કઠિનતા હતી, પરંતુ પ્રેક્ષકોના આનંદની ખાતર શ્રી ધીરજલાલભાઈએ તેનો સ્વીકાર કર્યો હતો.

અહીં તેમને ગાર્ડન પાર્ટી અપાઈ હતી, એક થેલી પણ અર્પણ થઈ હતી, તેમજ સુવર્ણચંદ્રકો ત્રણથી ચાર અપાયા હતા. છેવટે નાગરિકો તરફથી સુંદર સન્માનપત્ર અર્પણ થયું હતું. શ્રી ધીરજલાલભાઈએ કરાંચી છોડયું, ત્યારે તેઓ ત્રીજા વર્ગના પ્રવાસી હતા, પરંતુ તેમના આખા ડબ્બાને આસોપાલવનાં તોરણો તથા પુષ્પો વગેરેથી શણગારવામાં આવ્યો હતો.

કલકત્તામાં શ્રી ધીરજલાલભાઈના અવધાનપ્રયોગો જુદા જુદા સમયે ચાર વાર થયા હતા. તેમાંનાં સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રયોગો સંબંધી કેટલોક ઉલ્લેખ પ્રથમ પ્રકરણમાં કરી ગયો છું, પરંતુ તેથી યે વધારે ઉચ્ચ કોટિના પ્રયોગો તેમણે બંગાલ એસિયાટિક સોસાયટીના સભ્યો સમક્ષ કર્યા હતા.

અવધાનપ્રયોગોમાં સામાન્ય રીતે ૨૪, ૩૬ કે ૪૮ અંકની સંખ્યા ટુકડે ટુકડે સાંભળીને યાદ રાખવાની હોય છે અને ઉત્તરસમયે તેને મૂલક્રમમાં સંભળાવી દેવાની હોય છે; જે સાંભળતાં જ પ્રેક્ષકો આશ્ચર્યમાં ડૂબી જાય છે, પરંતુ શ્રી ધીરજલાલભાઈએ આ પ્રયોગ–વખતે કોઈ પણ પ્રેક્ષકને ઊભા થઈ ત્યાં રહેલા મોટા બોર્ડ પર પોતાને ઠીક લાગે તેટલા આંકડાની સંખ્યા જણાવ્યું હતું. તે

તેમણે એક મીનીટ જેટલા સમયમાં જોઈને ભૂંસાવી નાખી હતી. ત્યાર પછી બીજી અને ત્રીજી વ્યક્તિઓ પાસે પણ એજ રીતે રકમો લખાવીને ભૂંસી નાખી હતી. હવે ચાલુ પ્રયોગોએ તેમાંની કોઈ પણ વ્યક્તિ એમ પૂછતી કે મારી સંખ્યાનો અમુક અંક કયો? કે શ્રી ધીરજલાલભાઈ તરત ઉત્તર આપી દેતા હતા. 'આ કેમ બની શકતું હશે?' એ વિચારે વિદ્વાનો પણ આશ્ચર્ય પામતા હતા.

અહીં તેમણે એક પછી એક સાત જણને તેમની જન્મ તારીખો બોર્ડ પર લખી જવા જણાવ્યું હતું. તેનો વાર તેમણે કહી આપવાનો હતો. તે જન્મ તારીખ વાંચતા ગયા અને કહેતા ગયા. વચ્ચે ગણતરી માટે જરા ય સમય લીધો હોય, એવું લાગતું ન હતું અને તે જ મોટું આશ્ચર્ય હતું.

અહીં એક ગૃહસ્થે તેમને ૨૫ હિંદી શબ્દો સંભળાવ્યા હતા, તે તેમણે તરત જ યથાક્રમ કહી સંભળાવ્યા હતા.

આજ રીતે મલયાલમ ભાષાના એક કાવ્યના શબ્દો આડાઅવળા સાંભળી તેની મૂલ પંક્તિ બરાબર કહી સંભળાવી હતી. આમાં તેની ઉચ્ચારણપદ્ધતિનું પુનરાવર્તન કરીને તેમણે સહુને અજાયબીમાં મૂકી દીધા હતા, કારણ કે માત્ર એક જ વાર સાંભળીને આ ભાષાના ઉચ્ચારો શીખી શકાય જ નહિ, એવી સહુની માન્યતા હતી.

આ વખતે આજના પ્રસિદ્ધ જાદુગર કે. લાલ, તેમના

મિત્ર પ્રો. કુમાર અને સીલોનના પ્રસિદ્ધ રહસ્યવાદી પ્રીન્સ ઓરમા વગેરે ત્યાં હાજર હતા.

એક વખત વડોદરામાં સાક્ષરવર્ય શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈની અધ્યક્ષતામાં પ્રયોગો યોજાયા, ત્યારે એક પ્રશ્નકર્તાએ પાછળથી એક વસ્તુનો સ્પર્શ કરાવ્યો. તરત જ શ્રી ધીરજલાલભાઈએ કહ્યું : 'આ એક પુષ્પપાંખડી છે અને તે પીળા રંગની છે.' આ વખતે અધ્યક્ષે પૂછ્યું કે 'સ્પર્શજ્ઞાનથી પુષ્પની પાંખડી તો ઓળખી શકાય, પણ તે પીળા રંગની છે, એમ શાથી કહો છો ?' શ્રી ધીરજલાલભાઈએ કહ્યું : 'મારા મન પર એ જાતની છાયા પડે છે. મારો ઉત્તર સાચો છે કે ખોટો ? એ જણાવો' અધ્યક્ષે કહ્યું : 'ઉત્તર બરાબર છે.'

ભાવનગરમાં શ્રી હરભાઇ ત્રિવેદીના ખાસ આમંત્રણથી 'માય ઓન સ્કૂલ'માં શ્રી ધીરજલાલભાઈએ સ્પર્શજ્ઞાનના પ્રયોગો બતાવેલા, તેમાં ઘણી વિચિત્ર વસ્તુઓ રજૂ કરવામાં આવી હતી. જેમ કે ફૂધીનો વચલો ગર્ભ, પીસ્તાનું છીલું, પ્રીન્ટીંગ પ્રેસનો કોડ્રેટ વગેરે. પણ શ્રી ધીરજલાલભાઈએ આ વસ્તુઓ બરાબર ઓળખી આપી હતી.

મહારાષ્ટ્ર રાજ્યના હસ્તાક્ષરનિષ્ણાત પ્રો. ગજ્જરે શ્રી ધીરજલાલભાઈના પ્રયોગો જોયા પછી કહેલું કે 'તેમની સ્પર્શશક્તિ ખરેખર અદ્દભુત છે. માત્ર આંગળીના ટેરવાનો સ્પર્શ કરીને તેઓ કોઈ પણ વસ્તુ ઓળખી કાઢે છે.'

અહીં પ્રાસંગિક એ પણ જણાવી દઉં કે એક વાર પ્રો. ગજ્જર એક મિત્રને ત્યાં શ્રી ધીરજલાલભાઈને મળ્યા, ત્યારે તેમણે પોતાની પાસેનો એક કાગળ રજૂ કરીને પૂછ્યું કે 'આ શું વસ્તુ છે, તે કહી શકશો?' આમ તો એક નોટબુકના પાના જેવો કાગળ હતો અને તેમાં કોઈ બાળકે ઘસરડા–ભૂંસરડા કર્યા હોય એવો દેખાવ હતો, પણ શ્રી ધીરજલાલભાઈએ થોડીવાર તેની સામે અનિમેષ નેત્રે જોયા પછી જણાવ્યું કે 'આ એક પાકિસ્તાનમાંથી આવેલો કાગળ છે અને તેમાં જણાતા ઘસરડા–ભૂંસરડા એક પ્રકારની સંજ્ઞાઓ છે.' આ ઉત્તર સાંભળતાં જ પ્રો. ગજ્જરે કહ્યું: 'તમે વસ્તુ તો આબાદ પારખી કાઢી છે. પણ આમ શી રીતે કરી શક્યા? 'શ્રી ધીરજલાલભાઈએ કહ્યું: 'અંતરનો પ્રકાશ ગમે તેવી ગુપ્તતાને ભેદીને તેની પેલી પાર જઈ શકે છે. જો કે મારી શક્તિ આ બાબતમાં મર્યાદિત છે.'

શ્રી ધીરજલાલભાઈ અવધાનપ્રયોગોમાં નીચેના વિષયો લેતા હતા:

(૧) **સંખ્યાવધારણ**—એક મોટી સંખ્યાના ત્રણ ત્રણ અંકના ટુકડા વ્યુત્ક્રમમાં સાંભળીને આખી સંખ્યા મૂલ ક્રમમાં યાદ રાખવી, કોઈ વાર આના આઠ અવધાનો, કોઈ વાર દશ અવધાનો તો કોઈ વાર બાર અવધાનો થતાં.

(૨) **વિશેષ નામોની ધારણા**—તેમાં ૮ વસ્તુઓનાં નામ, ૮ પશુઓનાં નામ, ૮ પક્ષીઓનાં નામ કે ૮ દેવ–દેવીઓનાં નામમાંથી એક કે બે સમૂહ લેવામાં આવતા.

(૩) **સ્પર્શપરીક્ષા**—વસ્તુનો પાછળથી સ્પર્શ કરીને યાદ રાખવી. ઘણા ભાગે અહીં આઠ વસ્તુઓ રાખવામાં આવતી.

(૪) **દર્શનપરીક્ષા**—આઠ વસ્તુઓ એકવાર જોઈ લઈને યાદ રાખી લેવી.

(૫) **કાવ્યરચના**—માગેલા વિષય પર કાવ્યરચના કરવી.

(૬) **શીઘ્રકાવ્ય**—માગેલા વિષય પર તરત જ કાવ્ય બનાવી આપવું.

(૭) **પાદપૂર્તિ**—કાવ્યનું ચોથું ચરણ ગ્રહણ કરીને આગળનાં ત્રણ ચરણોની પૂર્તિ કરવી.

(૮) **નિબંધલેખન**—માગેલા વિષય પર નિબંધ લખાવવો. વચ્ચે જ્યાં અટકાવવામાં આવે ત્યાં અટકવું. ફરી ચાલુ કરવાનું કહે ત્યારે જ્યાંથી અધૂરું મૂક્યું હોય ત્યાંથી અનુસંધાન કરવું.

(૯) **વ્યાખ્યાનશ્રવણ**—એક વ્યાખ્યાન સંભળાવવામાં આવે તેના બધા મુદ્દા યાદ રાખવા.

(૧૦) **સરવાળો**—સંભળાવવામાં આવેલી ચાર કે પાંચ રકમનો સરવાળો કરી આપવો.

(૧૧) **સરવાળાનો ગુપ્ત અંક**—સરવાળાની મૂલ રકમો તથા સરવાળો સંભળાવતાં જે અંક ગુપ્ત રાખ્યો હોય, તે કહી આપવો.

**(૧૨) બાદબાકી**—સંભળાવવામાં આવેલી બે રકમોની બાદબાકી કરી આપવી.

**(૧૩) બાદબાકીનો ગુપ્ત અંક**—બાદબાકીની ઉપરની રકમ, નીચેની રકમ અને એક અંક ગુપ્ત રખાયેલો તેનો ઉત્તર સાંભળીને ગુપ્ત અંક કહી આપવો.

**(૧૪) ગુણાકાર**—ચારથી પાંચ અંક સુધીની વિષમ સંખ્યાનો ગુણાકાર કરી આપવો.

**(૧૫) વર્ગ**—સમાન દશ અંકવાળી સંખ્યાનો વર્ગ કરી આપવો.

**(૧૬) ગુણાકારનો ગુપ્ત અંક**—ગુણ્ય, ગુણક અને એક અંક ગુપ્ત રખાયેલો તેનો ઉત્તર સાંભળીને ગુપ્ત અંક કહી આપવો.

**(૧૭) ભાગાકાર**—પાંચથી સાત અંક સુધીની સંખ્યાનો ભાગાકાર કરી આપવો.

**(૧૮) ભાગાકારનો ગુપ્ત અંક :** ભાજક, ભાજ્ય અને એક અંક ગુપ્ત રખાયેલ ભાંગાકારની સંખ્યા સાંભળીને ગુપ્ત અંક કહી આપવો.

**(૧૯) નવખાનાનો સર્વતોભદ્ર યંત્ર બનાવવો.**

**(૨૦) સોળખાનાનો સર્વતોભદ્રયંત્ર બનાવવો.**

**(૨૧) પચીશ ખાનાનો સર્વતોભદ્ર યંત્ર બનાવવો.**

**(૨૨) છત્રીશ ખાનાનો સર્વતોભદ્ર યંત્ર બનાવવો.**

(૨૩) ટેલીફોનના નંબરો યાદ રાખવા.

(૨૪) રૂપિયાની નોટોના નંબરો યાદ રાખવા.

(૨૫) ગંજીપાનાં બાવને બાવન પાનાં ચાર ચારનાં સમૂહમાં જોઇને યાદ રાખવા.

(૨૬) દુનિયાની જુદી જુદી ભાષાનાં વાક્યો-તેના શબ્દો વ્યુત્ક્રમમાં સાંભળીને-યાદ રાખવા. આ પ્રયોગમાં બનતા સુધી આઠ ભાષાઓનાં વાક્યો લેવામાં આવતા.

(૨૭) ઇ. સ.ની તારીખ પરથી વાર કહી આપવો.

(૨૮) ગણિતના આધારે વિ. સં. ની મિતિ શોધી આપવી.

(૨૯) હાથમાં રહેલા સિક્કા કે કોડીઓની એકી-બેકી કહી આપવી.

(૩૦) ૩૧ પ્રશ્નોની યાદીમાંથી ધારેલો પ્રશ્ન કાર્ડના આધારે કહી આપવો.

આ સિવાય પ્રસંગાનુસાર બીજા પણ કેટલાક વિષયો લેવામાં આવતા. આ વિષયોના ભાગ કરીને ૩૨-૪૦-૫૬-૬૪-૮૦ આદિ અવધાનની સંખ્યાઓ નક્કી કરવામાં આવતી. સભાની મધ્યમાં એક ઊંચા આસન પર વિરાજીને પ્રથમ બધા વિષયો સાંભળવામાં આવતા અને છેવટે તે બધાના ઉત્તરો કહેવામાં આવતા. તે સાંભળીને લોકો આશ્ચર્યમુગ્ધ બનતા અને શતાવધાનીજીની ભારે પ્રશંસા કરતા.

પ્રાચીનકાલમાં અવધાનપ્રયોગો મોટા ભાગે રાજદરબારમાં કે વિદ્વત્સંમેલનમાં થતા. તેમાં કાવ્યરચનાઓ પુષ્કળ પ્રમાણમાં થતી અને શાસ્ત્રોક્ત પ્રશ્નો જુદી જુદી રીતે પૂછાતા, પરંતુ સમયના પરિવર્તન સાથે તેમાં પણ પરિવર્તન થયું અને તેની જુદી જુદી પદ્ધતિઓ અમલમાં આવી. શ્રી ધીરજલાલભાઈ પાસે જે પદ્ધતિ આવી, તે મોટા ભાગે મુનિશ્રી રત્નચંદ્રજીવાળી પદ્ધતિ હતી, પણ તેમાં યે સુધારણાને ઘણો અવકાશ હતો. આજે રાજાશાહીનું સ્થાન લોકશાહીએ લીધું છે અને અવધાનપ્રયોગો મોટા ભાગે શાળા, પાઠશાળા, કોલેજો, જાહેર હોલ કે ઉપાશ્રય વગેરેમાં થાય છે. ત્યાં આવનારો વર્ગ સામાન્ય કોટિનો હોય છે, એટલે શ્રી ધીરજલાલભાઈએ તેમને સમજ પડે તથા રસ પડે એ જાતના પ્રયોગો નિર્માણ કર્યા. અન્ય શબ્દોમાં કહું તો શ્રી ધીરજલાલભાઈએ અવધાનપ્રયોગોનું સંસ્કરણ કર્યું અને તેમાં વિવિધ રસો પૂર્યા. અવધાનવિષયના ક્ષેત્રમાં આ તેમની બહુ મોટી સેવા છે.

આ વિદ્યા–કલાનો વારસો જળવાઈ રહે તે માટે શ્રી ધીરજલાલભાઈએ તેનો ખાસ અભ્યાસક્રમ નક્કી કર્યો અને તેના આધારે ૨૦–૨૫ જેટલા શિષ્યો પણ તૈયાર કર્યા, જેમાંનો મોટો ભાગ જૈન સાધુ–સાધ્વીઓનો છે. આ રીતે તેઓ માત્ર શતાવધાની જ નહિ, પણ **અવધાન કલાગુરુ** પણ છે.

[ ૨૫ ]

# ગણિતસિદ્ધિના અદ્‌ભુત પ્રયોગો

શ્રી ધીરજલાલભાઈની બીજી અદ્‌ભુત કલા તેમના ગણિતસિદ્ધિના પ્રયોગોમાં રહેલી છે. આ પ્રયોગો જાદુ જેટલા જ ચમત્કારિક લાગે છે અને કેટલીક વાર તો તેના કરતાં પણ વધી જાય છે. શતાવધાનના પ્રયોગોમાં ગણિતનો કેટલોક વિષય આવતો હતો, તેનો અભ્યાસ કરતાં તેઓ ગણિતની ગેબી સૃષ્ટિમાં ઉતરી પડયા કે જ્યાં કેટલાંક સિદ્ધાંત રૂપી રત્નો ઝળહળી રહ્યા હતા. તેઓ એ સિદ્ધાન્તરૂપી રત્નોથી પ્રભાવિત થયા અને તેની સાથે ખેલતાં ખેલતાં આખરે તેના સ્વામી બન્યા.

મિત્રમંડળમાં, કલબોમાં કે નાનીસરખી મિજલસમાં ગણિતની ગમ્મત બતાવનારા તો ઘણા પડયા છે, પણ ગણિતપ્રક્રિયાના આધારે આશ્ચર્યકારી–અદ્‌ભુત પરિણામો લાવી હજારોની મેદનીને ચકિત કરવાનું કાર્ય તો તેમણે જ કર્યું છે. સને ૧૯૫૭ પછી તેમણે આ પ્રયોગો જાહેરમાં

બતાવવાનું શરુ કર્યું, ત્યારથી તેમાં પ્રગતિ કરતા રહ્યા અને ગણિતસિદ્ધિકાર કે ગણિતના મહાન જાદુગર (Mathe-magician) તરીકે બહુ મોટું નામ કમાયા.

જાદુગરો પોતાને જે કંઈ બતાવવું હોય તે પોતાની વ્યવસ્થા અનુસાર બતાવ્યા કરે છે અને કોઈક વાર પ્રેક્ષકોમાંથી થોડી વ્યક્તિઓને ઉપર બોલાવે છે, પણ મોટા ભાગે મૂર્ખ બનાવવા ! જ્યારે શ્રી ધીરજલાલભાઈ ગણિતસિદ્ધિના દરેક પ્રયોગ–વખતે પ્રેક્ષકોમાંથી જેને ઉપર આવવું હોય તેને અમુક સંખ્યામાં ઉપર આવવા દેતા, તેમની પાસે થોડી ગણિતની પ્રક્રિયા કરાવતા અને તેનું પરિણામ જાણી લીધા પછી થોડી ક્ષણોમાં અદ્ભુત ઘટનાઓ બનવા લાગતી, જે જોઈને લોકોના આશ્ચર્યનો પાર રહેતો નહિ.

જાદુગરો લોકોના મનનું રંજન કરવા માટે અનેક જાતના પોશાકો પહેરે છે–બદલે છે અને હાથમાં એક જાદુઈ લકડી કે જાદુઈ દંડ રાખે છે, જ્યારે શ્રી ધીરજલાલભાઈ તેમના રોજના ખાદીના પોષાકમાં જ સજ્જ રહેતા, પાસે જાદુઈ લાકડી કે જાદુઈ દંડ જેવી કોઈ વસ્તુ રાખતા નહિ અને મોટાભાગે પોતાના ટેબલ પાસે જ ઊભા ઊભા કે ખુરશીમાં બેઠા બેઠા આશ્ચર્યો સર્જતા !

સામાન્ય રીતે તેમના એક કાર્યક્રમમાં ૧૦ થી ૧૨ પ્રયોગો રહેતા, પણ તે આપણી બુદ્ધિને ગુલાંટ ખવડાવે એવા, આપણી કલ્પનાને મ્હાત કરે એવા: જેમણે એમના ગણિતસિદ્ધિના પ્રયોગો નજરે નિહાળ્યા છે, તેઓ આજે

પણ તેમને યાદ કરે છે અને તેમની આ અદ્‌ભુત વિદ્યા–કલા માટે ઘણા માનભર્યા શબ્દો ઉચ્ચારે છે.

આ પ્રયોગો માટે પ્રથમ તેઓ પત્ર–પત્રિકાદ્વારા વિષયની જાહેરાત કરતા અને પછી તે અનુસાર પ્રયોગ કરી બતાવતા. બે–ત્રણ દાખલાઓથી આ વાત વધારે સ્પષ્ટ થશે.

**જાહેરાત—**

**વિષય : ગણિતાધારે ગીતાજીના શ્લોકનો પાઠ**

**પદ્ધતિ :** વિદ્વાનોની મંડળી શ્રીમદ્ ભગવત ગીતાનું કોઈ પણ એક પૃષ્ઠ નક્કી કરશે. પ્રયોગકાર થોડું ગણિત કરાવશે અને તેનો ઉત્તર મળતાં જ ઉક્ત પૃષ્ઠમાં મુદ્રિત થયેલા શ્લોકો સંભળાવા લાગશે.

આ જાહેરાત કોઈને પણ આશ્ચર્યકારી લાગે એવી છે, કારણ કે ગણિતના ઉત્તર મળતાં ધારેલા પૃષ્ઠમાં મુદ્રિત થયેલા શ્લોકોનું સંભળાવું એ ખરેખર ! અધાસારણ કે ન માની શકાય એવી બાબત છે !

અને આવા બીજા દશ પ્રયોગો જોવા માટે અમદાવાદ ટાઉનહૉલ પ્રેક્ષકોથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. તેમણે આ પ્રયોગવખતે કોઈ પણ પાંચ વિદ્વાન બંધુઓ રંગમંચ પર પધારે એવી વિનંતિ કરતાં પાંચ વિદ્વાન બંધુઓ રંગમંચ પર આવ્યા હતા. તેમને પ્રશ્નકારોના ટેબલ સામે ગોઠવાયેલી ખુરશીઓ પર સ્થાન આપવામાં આવ્યું હતું અને તેમની સમક્ષ કોરા કાગળો તથા પેન્સિલો મૂકવામાં આવી હતી. ત્યાર પછી **શ્રી ધીરજલાલભાઈની**

સૂચનાથી કાર્યકર્તાઓએ તેમને ભગવદ્ગીતાનું પુસ્તક આપ્યું હતું. પ્રયોગકાર અને પ્રશ્નકારોના ટેબલ વચ્ચે આઠ–નવ ફુટનું અંતર હતું.

પછી શ્રી ધીરજલાલભાઈએ પ્રશ્નકારોને જણાવ્યું કે આપ પરસ્પર સંમતિ કરીને ભગવદ્ગીતાનું એક પૃષ્ઠ ઉઘાડો. પ્રશ્નકારોએ તેમ કર્યું. પછી તેમને કહેવામાં આવ્યું કે તમે જે પાનું ઉઘાડ્યું હોય તેનો ક્રમ દર્શાવતી સંખ્યા કાગળની ડાબી બાજુ લખો અને તેમાં આઠ ઉમેરતાં જે સંખ્યા આવે તે કાગળની જમણી બાજુ લખો. પ્રશ્નકારોએ તેમ કર્યું.

તે પછી તેમને એ સંખ્યાઓના વર્ગ (Square) કરવા જણાવ્યું. તે પછી મોટા પરિણામમાંથી નાનું પરિણામ બાદ કરવા જણાવ્યું. તેનો જે ઉત્તર આવ્યો, તે પોતાને સંભળાવવા કહ્યું. તે પરથી પ્રશ્નકારોએ તેમને ૧૮૫૬ ની સંખ્યા સંભળાવી. તે તેમણે શાન્ત ચિત્તે સાંભળી લીધી. બધા પ્રેક્ષકો આતુરતાથી જોવા લાગ્યા કે હવે શું થાય છે ? ત્યાં તો ગીતાજીના શ્લોકોનો મધુર ધ્વનિ કર્ણપટ પર અથડાવા લાગ્યો. આ શ્લોકો તે જ હતા કે જે પ્રશ્નકારોએ ઉઘાડેલા પૃષ્ઠમાં મુદ્રિત થયેલા હતા !

આમાં સામાન્ય મનુષ્યની તો મતિની ગતિ જ ન હતી, પરંતુ પોતાને મહા બુદ્ધિમાન સમજનારા કે ગણિતના વિશેષજ્ઞ માનનારા પણ માથું ખજવાળવા લાગ્યા હતા !

શ્રી ધીરજલાલભાઈએ આમાં વર્ગ (Square) ને

લગતા એક ગાણિતિક સિદ્ધાન્તનો ઉપયોગ કર્યો હતો, પણ એ તેમણે પોતે જ શોધેલો હતો, એટલે ગણિતના શિક્ષકો કે પ્રાધ્યાપકો પણ તેનું રહસ્ય પામી શક્યા ન હતા. તેઓ એટલું સમજી શક્યા હતા કે આ ૧૮૫૬ ની સંખ્યા પરથી શ્રી ધીરજલાલભાઈએ મૂલ રકમ એટલે પૃષ્ઠનો ક્રમાંક શોધી કાઢ્યો છે, પણ તે કયો હશે ? તે તેઓ જ જાણે ! તેમાં આપણો ગજ વાગે તેમ નથી. વળી એ વિચાર પણ તેમને મુંઝવી જ રહ્યો હતો કે પૃષ્ઠની ક્રમાંક સંખ્યા તો જાણી શકાય, પણ તેના પર મુદ્રિત થયેલા શ્લોકો શી રીતે બોલાવા લાગે ! તેઓ પોતે તો શાંત ચિત્તે તેમના ટેબલ સામેની ખુરશીમાં બેઠા હતા ! તાત્પર્ય કે તેમના પ્રયોગો જોયા પછી ભલભલા વિદ્વાનો પણ વિચારમાં પડી જતા અને છેવટે તેમને ધન્યવાદ આપતા.

શ્રી ધીરજલાલભાઈએ એકવાર કવિ કાલિદાસ, કવિ માઘ, કવિ બાણ, કવિ હર્ષ તથા કવિ ભવભૂતિની એક એક કૃતિ એ રીતે પાંચ કૃતિઓ પ્રશ્નકારોને આપી, તેમાંની કોઈ પણ એક કૃતિ પસંદ કરી તેનું એક પાનું ઉઘાડવાનું કહ્યું હતું. તે પછી ગણિત કરાવી તેનો ઉત્તર સાંભળતાં જ તે પાનાં પરનો શ્લોક પ્રેક્ષકોને બરાબર સંભળાયો હતો !

### બીજી જાહેરાત—

### વિષય : પુસ્તકની પસંદગી

**પદ્ધતિ :** ગૂજરાતી ભાષાનાં ૧૦૦ સુંદર પુસ્તકો એક ટેબલ પર વ્યવસ્થિત ગોઠવાયેલાં હશે, બે જિજ્ઞાસુઓ સાથે

મળીને તેમાંનું એક પુસ્તક પસંદ કરી પોતાના સ્થાને આવશે. તેમને થોડું ગણિત કરાવવામાં આવશે અને તેનો ઉત્તર પ્રાપ્ત થતાં જ એ પુસ્તકનું નામ જાહેર કરવામાં આવશે.

આ પ્રયોગો માટે બે જિજ્ઞાસુઓ ઉપર આવ્યા હતા. તેમને કેવું ગણિત કરાવવામાં આવ્યું હતું, તે પણ જુઓ.

પ્રશ્ન—તમે જે પુસ્તક પસંદ કર્યું, તેમાં નંબરની સ્લીપ હતી ?

ઉત્તર—હા જી.

પ્રશ્ન—તે તમે જોઈ હતી ?

ઉત્તર—હા જી. તે અમને યાદ છે.

પ્રયોગકાર—તો તમે એ સંખ્યાને એક કાગળ પર લખો અને તેને ત્રણથી ગુણો.

જિજ્ઞાસુ—રકમ લખી અને તેને ત્રણથી ગુણી.

પ્રયોગકાર—હવે તેમાં પ્રેક્ષકોએ કહેલી છ સંખ્યા ઉમેરવાની છે. પછી તેમણે પ્રેક્ષકો પાસે સંખ્યા બોલાવતાં નીચે પ્રમાણે સંખ્યા બોલાઈ હતી :

| |
|---:|
| ૧૧ |
| ૧૭ |
| ૧૪ |
| ૯ |
| ૧૮ |
| ૧૮ |
| ૮૭ |

પ્રયોગકાર—તેનું જે પરિણામ આવ્યું, તેને ૬૭ થી ગુણો.

જિજ્ઞાસુ—ગુણ્યા.

પ્રયોગકાર—જે રકમ આવી, તે મને સંભળાવી દો.

જિજ્ઞાસુ—૧૧૪૫૭

પ્રયોગકાર—તમે પસંદ કરેલું પુસ્તક ' નીતિનાશના માર્ગે ' નામનું હોવું જોઈએ કે જે મહાત્મા ગાંધીએ લખેલું છે.

જિજ્ઞાસુ—બરાબર છે. અમે એજ પુસ્તક ધાર્યું છે.

આમાં જિજ્ઞાસુઓએ ધારેલા પુસ્તકની સંખ્યાને ત્રણે ગુણી. એ સંખ્યા પ્રયોગકાર માટે તો અજ્ઞાત જ હતી. વળી તેમાં પ્રેક્ષકોએ પોતાને ઠીક લાગે તેવી ૭ રકમો ઉમેરાવી. અજ્ઞાત + ૮૭નું પરિણામ પણ અજ્ઞાત જ રહે. હવે તેને ૬૭ જેવી વિચિત્ર રકમે ગુણાવી અને માત્ર તેનો ગુણાકાર સાંભળીને પુસ્તકનું નામ કહી દીધું. ' માની લઈએ કે આ ગુણાકારની કોઈ પણ ચાવી તેમની પાસે હશે, એટલે તેની મૂળ સંખ્યા શોધી કાઢી હશે, પણ તે પુસ્તક અને લેખકનું નામ કહેવું, એ તો ઘણું કહેવાય '.

આવી રીતે તેમણે કોઈ કોઈ વાર ૧૦૦ વસ્તુઓમાંથી ધારેલી વસ્તુ કહી છે અને તેને પોતાની સન્મુખ પડેલા થાળમાંથી પણ રજૂ કરી છે ! વળી આ રીતે ૧૦૦ અંગરેજી દવામાંથી ધારેલી દવા પોતાની પાસેની એક પેટી કે જેને

તેમણે 'ધન્વંતરીની પેટી' એવું સૂચક નામ આપ્યું હતું, તેમાંથી કાઢી બતાવી હતી! પહેલા બે પ્રયોગોમાં વસ્તુ મૌજૂદ હતી, તેમાંથી શોધીને આપવાની હતી, જ્યારે આમાં તો માત્ર તેમની પાસે પેટી જ હતી અને તેમાંથી ધારેલી દવા કાઢવાની હતી. તેમનો આ પ્રયોગ સફલ થતાં એક ડોકટર મંચપર ધસી આવ્યા હતા અને તેમણે જણાવ્યું હતું કે ' આ દવા બહુજ ઓછી મળે છે અને અમે લગભગ એવી જ દવાઓની યાદી બનાવી હતી, છતાં શ્રી ધીરજલાલભાઈએ તેમની જાદુઈ પેટીમાંથી એ જ દવા કાઢી આપી છે, તેથી માનવું પડે કે આ વિષયમાં તેમની કરામત અજબ છે.'

## —ત્રીજી જાહેરાત !

## વિષય : અદૃશ્ય ઘંટનાદથી ઉત્તર

**પદ્ધતિ** : જિજ્ઞાસુ બે, ત્રણ કે ચાર અંકની કોઈ પણ સંખ્યાથી શરુ કરીને ક્રમશ: ૪૯ સંખ્યાઓ લખશે. પછી તેમાંની ૭ સંખ્યાઓ પસંદ કરશે અને તેનો સરવાળો કરશે. આ સરવાળાની સંખ્યા શું હશે? તેનો ઉત્તર પ્રયોગકાર અદૃશ્ય ઘંટનાદથી આપશે. વિશેષ નોંધપાત્ર બીના એ હશે કે આ પ્રયોગમાં કોઈ પણ જાતનું ગણિત કરાવવામાં નહિ આવે !

ગણિતસિદ્ધિના પ્રયોગો અને છતાં ગણિત કરાવ્યા વિના જવાબ આપવો અને તે પણ અદૃશ્ય ઘંટનાદના માધ્યમથી,

એ વાત બુદ્ધિમાં જલ્દી ઉતરે એવી નથી. પરંતુ શ્રી ધીરજ-લાલભાઈએ આ પ્રયોગ છ થી સાત વાર કરી બતાવેલો છે.

તે માટે તેઓ જિજ્ઞાસુઓને ૭ × ૭ = ૪૯ કોઠાનો એક યંત્ર આપતા અને તેમાં ક્રમાનુસાર સંખ્યા લખવાનું કહેતા. પછી દરેક પંક્તિમાંથી કોઈ પણ એક સંખ્યાને પસંદ કરાવી તેના ફરતું વર્તુલ કરાવતા. પછી એ વર્તુલની આડી લાઈન કે ઊભી લાઈનમાં ન આવે એવી રીતે બીજી સંખ્યા ધરાવી તેના પર પણ વર્તુલ દોરાવતા. એ રીતે સાત પંક્તિઓમાંથી ૭ સંખ્યા ધરાવી છેવટે તેનો સરવાળો કરાવતા. તેમાં જે સંખ્યા આવે, તે જ પ્રમાણે થોડી ક્ષણોમાં અદૃશ્ય ઘંટના ટકોરા વાગવા માંડતા. દાખલા તરીકે—

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૬૨ | ૬૩ | ૬૪ | ૬૫ | ૬૬ | (૬૭) | ૬૮ |
| ૬૯ | (૭૦) | ૭૧ | ૭૨ | ૭૩ | ૭૪ | ૭૫ |
| ૭૬ | ૭૭ | ૭૮ | (૭૯) | ૮૦ | ૮૧ | ૮૨ |
| ૮૩ | ૮૪ | ૮૫ | ૮૬ | ૮૭ | ૮૮ | (૮૯) |
| ૯૦ | ૯૧ | ૯૨ | ૯૩ | (૯૪) | ૯૫ | ૯૬ |
| ૯૭ | ૯૮ | (૯૯) | ૧૦૦ | ૧૦૧ | ૧૦૨ | ૧૦૩ |
| (૧૦૪) | ૧૦૫ | ૧૦૬ | ૧૦૭ | ૧૦૮ | ૧૦૯ | ૧૧૦ |

તેમાંની ૭ સંખ્યાનો સરવાળો નીચે મુજબ થાય:

૬૭
૭૦
૭૯
૮૯
૯૪
૯૯
૧૦૪

---

૬૦૨

તો થોડી જ વારમાં ઘંટના ૬ ટકોરા સંભળાય, પછી થોડી વાર બંધ રહે, પછી ૧૦ ટકોરા સંભળાય, જે શૂન્યનો સંકેત છે અને ત્યાર પછી થોડી વાર રહીને ૨ ટકોરા સંભળાય. તે પછી ટકોરા વાગતાં બંધ થાય. તાત્પર્ય કે આ રીતે ૬૦૨ નો ઉત્તર ટકોરાથી બરાબર મળી જતો.

શ્રી ધીરજલાલભાઈએ ગણિતસિદ્ધિના ઘણા પ્રયોગો નિર્માણ કરેલા છે, જેનો પૂર્ણ પરિચય આપવા માટે તો ખાસ ગ્રંથ જ લખવો પડે, એટલે અહીં તેમાંના કેટલાકનો ખ્યાલ માત્ર આપું છું.

## (૧) કોરા કાગળમાંથી ઉત્તરનું પ્રકટવું

ત્રણ વ્યક્તિઓ પોતાને ઠીક લાગશે તેવી સંખ્યાઓ

ધારશે. પ્રયોગકાર તેમને થોડું ગણિત કરાવશે. તે ત્રણેયનું જે પરિણામ આવશે તેનો સરવાળો કરાવશે. એ સરવાળાની રકમ પુષ્પથાળમાં પડેલા એક કોરા કાગળમાંથી જલસંયોગે પ્રકટ થશે.

### (૨) અનંતમાં એક દૃષ્ટિપાત

પ્રયોગકાર એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકાના ૨૪ વોલ્યુમ અથવા એન્સાઈક્લોપીડિયા અમેરિકાના ૩૦ વોલ્યુમમાંથી ગણિતાધારે નિર્ણીત થતી કોઈ પણ પંક્તિ ગ્રંથ જોયા વિના વાંચી બતાવશે.

### (૩) વીઝીટીંગ કાર્ડની અજાયબી

ત્રણ જિજ્ઞાસુઓ રંગમંચ પર આવશે. તેમને તે જ વખતે પ્રેક્ષકો પાસેથી ભેગા કરાયેલાં ૪૮ વીઝીટીંગ કાર્ડ આપવામાં આવશે. તેઓ તેના પર નંબરો લખશે અને તેમાંનું એક કાર્ડ પસંદ કરશે. પછી ગણિતપ્રક્રિયા થશે કે પ્રયોગકાર અલંકારોની એક પેટી રજૂ કરશે અને ધારેલું વીઝીટીંગ કાર્ડ તેમાંથી મળી આવશે.

### (૪) પુષ્પથાલ અને પ્રશ્ન

ચાર જિજ્ઞાસુઓ સાથે મળીને ૯૯ પ્રશ્નો પૈકી એક પ્રશ્ન ધારી લેશે. પછી રમુજી ગણિતપ્રક્રિયા થશે કે ચાર પુષ્પથાળો રજૂ થશે. તેમાંથી જિજ્ઞાસુઓ જે પુષ્પથાલ પસંદ કરશે તેમાંથી તેમનો ધારેલો પ્રશ્ન રજૂ કરવામાં આવશે.

### (૫) સો રૂપિયાની નોટ પર ગણિતનું પરિણામ.

છ પ્રશ્નકારો સાથે મળીને છ અંકની સંખ્યા લખશે.

પ્રયોગકાર તેમને ગણિત કરાવશે. તેનું પરિણામ એક સીલબંધ કવરમાંથી બહાર કાઢવામાં આવનારી સો રૂપિયાની નોટ પર દેખાશે.

## (૬) સમુદ્રમંથન

ગુજરાતી, હિંદી, પ્રાકૃત અને અંગરજી ભાષાના શબ્દકોષોમાં લાખો શબ્દ સંગ્રહાયેલા છે. પરંતુ જિજ્ઞાસુએ ગણિતાધારે તેમાંના કોઈ પણ કોષનો જે શબ્દ નિર્ણીત કર્યો હશે, તે પ્રયોગકાર થોડીજ સેકન્ડોમાં કહી આપશે.

## (૭) સુગંધની અજાયબ સૃષ્ટિ

ચાર જિજ્ઞાસુઓ ગણિતપ્રક્રિયા બાદ ૮૪ પ્રકારની સુગંધી દર્શાવતાં કાર્ડોમાંથી ઈષ્ટ કાર્ડ ગ્રહણ કરશે. પ્રયોગકાર એ દરેક જિજ્ઞાસુને તે તે પ્રકારની સુગંધનો અજબ અનુભવ કરાવશે.

## (૮) જલ–પુષ્પ–સંયોગે રત્નોની ઉત્પત્તિ

ત્રણ જિજ્ઞાસુઓ ગણિતના આધારે ૨૪ પ્રકારનાં રત્નોમાંથી ત્રણ પ્રકારનાં રત્નોની ધારણા કરશે. પ્રયોગકાર એ રત્નો જલ–પુષ્પ સંયોગે થોડી જ વારમાં પ્રકટ કરી બતાવશે. એ રત્નો સાચાં હશે અને ઝવેરીઓ તેની પરીક્ષા કરી શકશે.

## (૯) ૭ પ્રકારનાં પુષ્પો

સુંદર વેશવિભૂષા ધારણ કરીને ૬ મહિલાઓ રંગમંચ પર પધારશે, પણ તેમની રકાબીઓ ખાલી હશે. એમાં

કયા પુષ્પો હોવાં જોઈએ તેનો નિર્ણય મહાનુભાવોની એક મંડળી ગણિતના આધારે કરશે કે પ્રયોગકાર તરત જ એ પુષ્પોથી રકાબીઓને ભરી દેશે.

## (૧૦) ફરમાઇશ મનમાં, છતાં ગીતની રજુઆત

૬૪ સુપ્રસિદ્ધ ફીલ્મી ગીતોમાંથી મહાનુભાવોની મંડળી એક ગીતની પસંદગી કરશે અને તે મનમાં રાખશે. પ્રયોગકાર તેમની સાથે ગણિતનો થોડો વિનોદ કરશે કે એ ગીત એકાએક સર્વ પ્રેક્ષકોને સંભળાવા લાગશે.

## (૧૧) ભૈરવવાણી

પ્રેક્ષકોમાંથી ૪૮ પ્રશ્નો લખાશે. મહાનુભાવોની મંડળી તેમાંના ત્રણ ક્રમિક પ્રશ્નોની પસંદગી કરશે. પ્રયોગકાર તે અંગે થોડું ગણિત કરાવશે. બાદ અંધકાર ફેલાશે અને ભૈરવનું ખડખડાટ હાસ્ય સંભળાશે. પરંતુ પ્રયોગકારનો આદેશ થતાં ભૈરવ તે પ્રશ્નો કહી સંભળાવશે તથા પ્રશ્નકારોનાં નામ પણ જણાવશે.

## (૧૨) રંગરૂપદર્શન

પાંચ જિજ્ઞાસુઓ ગણિતપ્રક્રિયા બાદ જુદા જુદા રંગોની ધારણા કરશે. પ્રયોગકાર તે રંગોનું ક્રમશઃ કુતૂહલભર્યું દર્શન કરાવશે અને છેલ્લા રંગનો પરિચય બે મીનીટના અપસરાદર્શનદ્વારા આપશે.

## (૧૩) દેવમૂર્તિનું પ્રાકટ્ય

ત્રણ જિજ્ઞાસુઓ ગણિતપ્રક્રિયા પછી ૩૬ દેવ–દેવીઓનાં

નામમાંથી કોઈ પણ એકનું નામ ગ્રહણ કરશે કે પ્રયોગકાર તે દેવ–દેવીની મૂર્તિ એક કરંડિયામાંથી પ્રકટ કરશે.

(૧૪) બાબાજીની થેલી

મોં માગ્યું મળવું મુશ્કેલ છે, પણ ગણિતપ્રક્રિયાથી તે કાર્ય સિદ્ધ થશે. બાબાજીની થેલીમાંથી ત્રણ વ્યક્તિઓએ માગેલી મીઠાઈ, મેવા અને ફલની પ્રાપ્તિ થશે.

(૧૫) અજબ ફોટોગ્રાફી

છેલ્લાં ત્રણસો વર્ષમાં થઈ ગયેલા મહાત્માઓ પૈકી ૫૬ મહાત્માઓની એક યાદી પ્રશ્નકારોને સુપ્રત થશે. થોડા ગણિત પછી તેઓ તેમાનું એક નામ ગ્રહણ કરશે કે ૯૦ સેકન્ડમાં જ તેમનો ફોટો રજૂ થશે.

(૧૬) છગનલાલ ડ્રેસવાલા

અજબ સેલ્સમેન છે, તેઓ ભાતભાતની સુંદર સાડીઓ વેચે છે. તેમની ખૂબી એ હશે કે રંગમંચ પર આવેલ મહિલામંડળે થોડું ગણિત કર્યા પછી જે સાડી ધારી હશે, તે જ પહેલા ધડાકે રજૂ કરી દેશે.

(૧૭) ક્રિકેટકથાનો તેમનો પ્રયોગ પહેલા પ્રકરણમાં જ જણાવી ગયો છું.

આટલાં વિવેચન પરથી શ્રી ધીરજલાલભાઈએ ગણિત-સિદ્ધિના પ્રયોગોમાં કેવી અદ્ભુત પ્રગતિ કરી હતી, તેનો ખ્યાલ આવી શકશે. દિલગીરીની વાત એટલી જ છે કે આ વિષયમાં હજી સુધી તેમનો કોઈ ઉત્તરાધિકારી થયો નથી.

[ ૨૬ ]

## અનેરી ઉપાસના

શ્રી ધીરજલાલભાઈએ મંગલ અને કલ્યાણની પ્રાપ્તિ માટે જે ઉપાસના અંગીકાર કરી છે, તે એક રીતે અનેરી છે; અને વધારે સ્પષ્ટ કહું તો એ તેમણે જાતે જ—અધ્યાત્મ, યોગ અને મંત્ર–યંત્ર–તંત્રના ઊંડા અધ્યયન પછી—નિર્માણ કરેલી છે. જે આચાર્યો, મુનિવરો તથા અન્ય આરાધકોને તેમની આ ઉપાસના નજરે નિહાળવાની તક મળી છે, તેમણે તે માટે ઘણો ઊંચો અભિપ્રાય દર્શાવેલો છે અને તેમાંની કેટલીક વસ્તુઓ પોતે ગ્રહણ કરેલી છે; તેઓ ઉપાસનાની આ ભૂમિકાએ શી રીતે પહોંચ્યા, તે જાણવા જેવું હોવાથી પ્રથમ તે અંગે થોડું વિવેચન કરીશ.

શ્રી ધીરજલાલભાઈ નાનપણમાં માતાની પાસેથી નમસ્કારમહામંત્ર તથા ચોવીશ તીર્થંકરોનાં નામો શીખેલાં. તેનું તેઓ રોજ ભાવપૂર્વક સ્મરણ કરતા. એ વખતે માતાએ શીખવ્યા મુજબ તેઓ પલાંઠી વાળીને બેસતા, બે હાથ

જોડતા અને મસ્તક જરા નીચું નમાવીને ધીરે ધીરે નમસ્કાર મહામંત્રના નવ પદો તથા ચોવીશ તીર્થંકરોનાં નામો બોલી જતા. જો સ્મરણને આપણે ઉપાસનાની પ્રથમ કે મૂલ ભૂમિકા માનીએ કે જે પ્રમાણે ઘણાએ માનેલી છે, તો તેમની ઉપાસનાની મૂલ ભૂમિકા માતાની છત્રછાયામાં નાનપણમાં જ રચાયેલી હતી, એમ માનવું સુયોગ્ય છે.

પહેલી માતા અને બીજા સંત, તેમના દ્વારા જે શિક્ષણ પ્રાપ્ત થાય છે, તે મનુષ્યના અંતર પર ઊંડો સંસ્કાર પાડે છે અને તે આગળ જતાં કલ્યાણકર થયા વિના રહેતો નથી. આ વસ્તુ નિર્વિવાદ સિદ્ધ થયેલી છે, એટલે તે શ્રી ધીરજલાલભાઈની બાબતમાં સત્ય નીવડ્યા વિના કેમ રહે?

માતા ધર્મપરાયણ હતા અને તેઓ રોજ સમયની અનુકૂલતા મુજબ એક કે બે સામાયિક કરતા. તે એક જાતની આધ્યાત્મિક ઉપાસના હતી, એટલે તેનો સંસ્કાર પણ શ્રી ધીરજલાલભાઈના જીવન પર ઘેરો પડ્યો હતો. એક વાર તેમણે માતાને પૂછેલું કે 'માડી! તું સામાયિકમાં શું કરે છે?' ત્યારે માતાએ ઉત્તર આપેલો : 'બેટા! હું સામાયિકમાં ભગવાનની ભક્તિ કરું છું, જો આપણે રોજ ભગવાનની ભક્તિ કરતા રહીએ તો સાજા-નરવા રહીએ, આપણી બુદ્ધિ સુધરે અને આપણું ભલું થાય.' ત્યારે શ્રી ધીરજલાલભાઈએ કહેલું 'ત્યારે તો હું પણ રોજ ભગવાનની ભક્તિ કરીશ.'

છાત્રાલયમાં દાખલ થયા પછી તેના નિયમ મુજબ તેઓ રોજ નજીકમાં આવેલા જિનમંદિરે જતા અને ત્યાં બિરાજમાન મૂર્તિનાં દર્શન અને પૂજન કરી આનંદ પામતા. એ વખતે બીજી સમજ તો ન હતી, પણ તેઓ એટલું જરૂર સમજતા હતા કે આ રીતે હું ભગવાનની ભક્તિ કરી રહ્યો છું, તેથી તે મારું જરૂર ભલું કરશે. તે પછી ધાર્મિક શિક્ષકે તેમને નીચેના બે શ્લોકો શીખવ્યા :

जिने भक्तिर्जिने भक्तिर्जिने भक्तिर्दिने दिने ।
सदामेऽस्तु सदामेऽस्तु सदामेऽस्तु भवे भवे ॥
दर्शनं देवदेवस्य, दर्शनं पापनाशनम् ।
दर्शनं स्वर्गसोपानं, दर्शनं मोक्षसाधनम् ॥

'ભવોભવને વિષે પ્રતિદિન મારી જિનેશ્વરદેવને વિષે ભક્તિ હો, ભક્તિ હો, ભક્તિ હો.'

'દેવદેવ એટલે દેવોના પણ દેવ અર્થાત્ દેવાધિદેવ. એવા શ્રી જિન ભગવંત. તેમનાં દર્શન અવશ્ય કરવા યોગ્ય છે, કારણ કે તે પાપનો નાશ કરે છે, સ્વર્ગ એટલે દેવલોકમાં લઈ જાય છે અને છેવટે મોક્ષની પ્રાપ્તિ કરાવે છે.'

શ્રી ધીરજલાલભાઈને આ બે શ્લોકો બહુ ગમી ગયેલા, એટલે તેઓ એનું વારંવાર રટણ કરતા અને કોઈ કોઈ વાર તેનો અર્થ પણ વિચારતા. તેમને એ ખબર ન હતી કે તેમનું આ રટણ ભવિષ્યની અનેરી ઉપાસના માટે એક વિશિષ્ટ ભૂમિકા તૈયાર કરી રહ્યું છે.

સ્મરણ કરતાં દર્શનની ભૂમિકા વધારે ઊંચી મનાયેલી છે, કારણ કે તે ઉપાસકને ઉપાસ્ય દેવની વધારે નજીક લઈ જાય છે.

તે પછી શ્રી ધીરજલાલભાઈ ધાર્મિક શિક્ષક પાસેથી નીચેનો શ્લોક શીખ્યા :

**उपसर्गाः क्षयं यान्ति, छिद्यन्ते विघ्नवल्लयः ।**
**मनः प्रसन्नतामेति, पूज्यमाने जिनेश्वरे ॥**

'શ્રી જિનેશ્વરદેવની પૂજા કરવાથી ઉપસર્ગો દૂર થાય છે, વિઘ્નરૂપી વેલડીઓ છેદાઈ જાય છે અને મન પ્રસન્નતાને પામે છે.'

ઉપસર્ગ એટલે દુઃખ કે પીડા. તે ભૂત–પ્રેત તરફથી પણ થાય, શત્રુરૂપ મનુષ્યો તરફથી પણ થાય અને હિંસક-પશુઓ તથા સર્પ વગેરે તરફથી પણ થાય. પરંતુ શ્રી જિનેશ્વરદેવનું પૂજન ભક્તિ ભાવે કરવા લાગીએ તો આ પ્રકારનું કોઈ દુઃખ કે કોઈ પીડા થાય નહિ. કેવી સુંદર વાત !

બીજું આપણે કોઈ પણ કામ કરવા ધાર્યું હોય, અને તેનો પ્રારંભ પણ કરી દીધો હોય, ત્યાં ગમે તે દિશામાંથી વિઘ્નો આવી પડે છે અને સઘળો તાલ બગાડી નાખે છે. ઘણી વાર તો એવું પણ બને છે કે આ પ્રકારનાં વિઘ્નો આવ્યા પછી આદરેલું કામ છોડી દેવું પડે છે અને એ રીતે આપણા સમય અને શ્રમની બરબાદી થાય છે

તથા કેટલીક વાર નામોશી પણ સહન કરવી પડે છે. પરંતુ શ્રી જિનેશ્વરદેવનું પૂજન ભક્તિભાવથી કરવા લાગીએ તો આ પ્રકારનાં વિઘ્નો આવતાં અટકી જાય છે અને કદાચ સમીપ આવ્યાં હોય તો દૂર થઈ જાય છે, એટલે આરંભેલાં કામ નિર્વિઘ્ને પાર પડે છે. કેવી મહત્ત્વની વાત !!

ત્રીજું ભય, શોક, ચિંતા, રોગ આદિ કોઈ પણ કારણે આપણું મન અસ્વસ્થ રહેતું હોય, ગમગીની અનુભવતું હોય કે વિષાદથી ઘેરાતું હોય, પણ આપણે શ્રી જિનેશ્વરદેવની પૂજા ભક્તિ ભાવથી કરવા લાગીએ કે અસ્વસ્થતા–ગમગીની–વિષાદ દૂર થઈ જાય છે અને તેની જગાએ પ્રસન્નતા પ્રકટવા લાગે છે. કેવી અદ્ભુત વાત !!!

સામાન્ય માન્યતા એવી છે કે આપણને જોઈતી વસ્તુ મળી જાય, એટલે મન પ્રસન્ન થાય. પણ આ માન્યતા છીછરી છે અને વધારે સ્પષ્ટ કહું તો સુધારવા જેવી છે; કારણ કે જોઈતી (ભૌતિક) વસ્તુ મળી જતાં જે પ્રસન્નતા થાય છે, તે ક્ષણિક હોય છે અને આપણું મન તૃષ્ણાતરલિત હોવાને લીધે પાછું અસ્વસ્થ–ગમગીન–વિષાદયુક્ત બની જાય છે.

થોડા વખત પહેલાં મને એક અમેરિકન મહાશયનો ભેટો થયો કે જેઓ મોટા રસાલા સાથે ભારતમાં પ્રવાસ કરી રહેલ હતા. મેં તેમને પૂછયું કે 'તમે અહીં પ્રવાસ શા માટે કરી રહ્યા છો ?' તેમણે કહ્યું : 'મારે મનની શાંતિ

જોઇએ છે, ચિત્તની પ્રસન્નતા જોઇએ છે. તે વિપુલ સંપત્તિ હોવા છતાં અમેરિકામાં મળતી નથી. એ વસ્તુ મને ભારત પાસેથી–ભારતના સંતમહંતો કે યોગીઓ પાસેથી મળશે, એવી પાકી શ્રદ્ધા છે, તેથી હું અહીં આવ્યો છું અને આ રીતે પ્રવાસ કરી રહ્યો છું.' તાત્પર્ય કે ચિત્તની પ્રસન્નતા એ બહુ મોટી વાત છે. તે શ્રીજિનેશ્વરદેવની ભક્તિ વડે સહેલાઈથી પ્રાપ્ત થાય છે, એ તેનો મંગલ મહિમા છે.

દર્શન કરતાં પૂજનની ભૂમિકા શ્રેષ્ઠ ગણાય છે, કારણ કે તે ઉપાસકને ઉપાસ્ય દેવની વધારે નજીક લઈ જવામાં અગત્યનો ભાગ ભજવે છે.

આ વખતે શ્રી ધીરજલાલભાઈ શ્રી જિનમૂર્તિનાં નવ અંગે ચંદનનાં તિલકો કરતા. આ થઈ દ્રવ્યપૂજા. પછી ભાવપૂજાના અધિકારે તેઓ ચૈત્યવંદન× કરતા. તેનાં બધાં સૂત્રો તેમને કંઠસ્થ હતાં અને તેમાં જે મુદ્રાઓ રચવી જોઈએ, તે તેમણે ધાર્મિક શિક્ષક પાસેથી શીખી લીધી હતી.

ત્યાર પછી ધાર્મિક શિક્ષણ આગળ વધતાં તેઓ વધારે ભાવથી દર્શન–પૂજન કરવા લાગ્યા અને ચૈત્યવંદનનાં સૂત્રોમાં કોઈ અશુદ્ધિ આવી ન જાય, તેની ખાસ કાળજી રાખવા લાગ્યા. આ વખતે તેમણે શ્રી ભદ્રબાહુસ્વામીકૃત ઉવસગ્ગહરં સ્તોત્ર મુખપાઠ કરી લીધેલું હતું અને સ્તવનના અધિકારે ઘણીવાર તેનો જ ઉપયોગ કરતા હતા. તેમણે

× ચૈત્ય એટલે જિનમૂર્તિ. તેને વંદન કરવાની જે વિશિષ્ટ ક્રિયા તે ચૈત્યવંદન.

આ સ્તોત્રનો મહામહિમા જાણી લીધો હતો, એટલે તેના પર તેમની ખાસ આસ્થા જામી હતી.

આ રીતે શ્રી જિનેશ્વરદેવનાં નિત્ય–દર્શન–પૂજનથી શ્રી ધીરજલાલભાઈ ઉપાસનામાર્ગમાં બે ડગલાં આગળ વધ્યા હતા.

ત્યાર પછી વ્યાવહારિક જીવન–ગૃહસ્થ જીવનમાં દાખલ થયા, ત્યારે પણ આ ઉપાસના ચાલુ રહી, પરંતુ જ્યારે ઉપસર્ગો થવા લાગ્યા અને કરવા ધારેલાં કાર્યોમાં વિઘ્નો આવવા લાગ્યાં, ત્યારે તેઓ વિચારમાં પડયા કે આમ કેમ? તેમાં વર્તમાન જીવનનું નિરીક્ષણ કરતાં એ વાત નક્કી થઈ કે હાલ પ્રવૃત્તિના અતિરેકથી તેમજ પ્રવાસ–પર્યટનની અધિકતાથી શ્રીજિનેશ્વરદેવની ભક્તિ નિત્ય પણ થતી નથી અને નિયમિત પણ થતી નથી; વળી તેમાં ચિત્તની જેવી અને જેટલી સ્થિરતા રહેવી જોઈએ, તે પણ રહેતી નથી, તેથી જિનપૂજા તેનું યથાર્થ ફલ આપી શકતી નથી. હવે સંયોગો એવા હતા કે હાથ ધરેલી પ્રવૃત્તિઓમાં કાપ મૂકાય એવો ન હતો, તેમજ પ્રવાસ–પર્યટનને પણ એકદમ ટાળી શકાય એવાં ન હતાં, એટલે તેમણે ચિત્તની સ્થિરતા માટે વિશેષ પ્રયત્ન કરવા માંડયો અને જિનભક્તિમાં જે ખામી રહી જતી હતી, તેની પૂર્તિ કરવા માટે પ્રાપ્ત થતા સમયમાં ઉવસગ્ગહરં સ્તોત્રની વિશેષ ગણના કરવા માંડી.

હવે એક વાર ધમધમતો તાવ ચડયો, ત્યારે તેમને

વિચાર આવ્યો કે 'ઉવસગ્ગહરં' સ્તોત્રની ગણનાથી જ્વરનું –તાવનું શમન થઈ જાય છે.' તો અત્યારે ઉવસગ્ગહરં સ્તોત્રની ગણના કરું અને તેમણે ખૂબ ભાવપૂર્વક ઉવસગ્ગહરં સ્તોત્રની ગણના કરી કે ૯૦ મીનીટમાં તાવ ઉતરી ગયો. ત્યાર બાદ તરત જ એક ધર્મસભામાં જઈ જૈનધર્મના મૌલિક સિદ્ધાન્તો અંગે પ્રવચન કર્યું. આ પ્રસંગથી ઉવસગ્ગહરં સ્તોત્ર પરની તેમની શ્રદ્ધામાં ઘણો વધારો થયો.

ત્યાર બાદ થોડા વખતે પોતાનો એક ચેક બેન્કમાં પસાર કરાવવા માટે રૂપિયા ૨૦૦૦ ની જરૂર પડી, ત્યારે તેમણે ઉવસગ્ગહરં સ્તોત્રનો પુનઃ પ્રયોગ કર્યો અને તે પણ સફલ થયો. ગણના પૂરી થયા પછી પંદર મીનીટમાં જ એક અજાણ્યા શખ્સે તેમની પાસે આવી તેમને રૂા. ૨૦૦૦ રોકડા હાથમાં આપ્યા. આ પ્રસંગનું વર્ણન મેં 'ધી જ્યોતિ કાર્યાલય લીમીટેડ' નામના પ્રકરણમાં વિગતથી કરેલું છે. આ ઘટના પરથી શ્રી ધીરજલાલભાઈને એમ લાગ્યું કે જેમ નરસિંહ મહેતાની હુંડી શામળિયાજીએ સ્વીકારી હતી, તેમ મારી આ હુંડી ઉવસગ્ગહરં સ્તોત્રના અધિકારી દેવતાએ સ્વીકારી છે, એટલે આજે પણ શાસનદેવતા જાગતા છે, આજે પણ દિવ્ય શક્તિ પોતાનું કાર્ય બરાબર કરી રહી છે, પણ આપણી ખામીભરી ઉપાસનાને લીધે આપણે તેનું અનુસંધાન કરી શકતા નથી.

ત્યાર પછી ઉપાસનાને પૂર્ણ કેમ બનાવવી, તે સંબંધી મંથન ચાલ્યું અને કેટલાક તાંત્રિક ગ્રન્થોનું નિરીક્ષણ કર્યા બાદ નીચેના સિદ્ધાન્તો નક્કી કરવામાં આવ્યા.

(૧) ઇષ્ટદેવની ઉપાસના નિત્ય કરવી, એટલે કે તેમાં એક પણ દિવસનો ખાડો પાડવો નહિ. બહાર ગામ જવાનું થાય તો ત્યાં પણ આ ઉપાસના ચાલુ રાખવી.

(૨) ઇષ્ટદેવની ઉપાસના નિયમિત કરવી, એટલે કે તે માટે જે સમય નિયત કર્યો હોય, તે જ સમયે તેનો પ્રારંભ કરવો. અસાધારણ કારણ સિવાય તેમાં કંઈ ફેરફાર કરવો નહિ.

(૩) ઇષ્ટદેવને અનંત શક્તિમાન માનીને તેની ઉપાસના કરવી. તેના સામર્થ્ય કે શક્તિ વિષે જરા પણ શંકા લાવવી નહિ.

(૪) દરેક ક્રિયા પોતાનું ફલ આપે છે, તેમ આ ઉપાસનારૂપી ક્રિયા પણ પોતાનું ફલ અવશ્ય આપશે, એવી દૃઢ શ્રદ્ધા ધારણ કરવી. તેના ફલ અંગે વિચિકિત્સા કરવી નહિ.

(૫) ઇષ્ટદેવની ઉપાસના દ્રવ્ય અને ભાવ બંનેથી કરવી. તેમાં દ્રવ્ય પોતાની શક્તિ મુજબ વાપરવાં, પણ ભાવમાં ખામી રાખવી નહિ. તેમાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરતા રહેવું. આ ભાવપૂજા મુખ્યત્વે સ્તુતિ–સ્તવન–સ્તોત્ર રૂપ સમજવી.

(૬) ત્યાર પછી ઇષ્ટદેવનું સ્વરૂપચિંતનરૂપ ધ્યાન ધરવું.

(૭) તે પછી ઇષ્ટદેવનો મંત્રજપ કરવો. તેમાં આસન, માલા, મુદ્રા, દિશા આદિનો વિવેક રાખવો.

આ સિદ્ધાન્તોનો બરાબર અમલ કરતાં તેમની ઉપાસનામાં બલ આવ્યું, તેજ આવ્યું, અને તેનો પ્રભાવ જણાવા લાગ્યો. નાણાંભીડ વખતે મુંબઈમાં છ માસ સુધી અંતઃપ્રેરણા થયેલી, તે આ ઉપાસનાનો પ્રકટ પ્રભાવ હતો.

પછી તો તેનો પ્રભાવ અનેક વાર દેખાવા લાગ્યો. પ્રબોધટીકાની રચના દરમિયાન એવા પ્રસંગો અનેક વાર આવ્યા હતા કે જ્યારે તેમને ઉપાસનાબલે સહાય કરી હતી અને છેવટે તેમને ઉજ્જવલ યશ અપાવ્યો હતો.

અહીં એ વાતની નોંધ લેવી જોઈએ કે પ્રબોધ ટીકાની રચના દરમિયાન તેમને દક્ષિણમાં પ્રવાસ કરવાનો પ્રસંગ આવ્યો, ત્યારે બેંગલોરના સુપ્રસિદ્ધ જૈન જ્યોતિષી શ્રી શશિકાન્ત જૈનની ખાસ સૂચનાથી તેમણે મ્હૈસુરના શીમોગા પ્રાંતમાં આવેલા હોમ્બુજા પદ્માવતી તીર્થની યાત્રા કરી. તે વખતે કેટલાક ચમત્કારો જોવામાં આવતાં શ્રી પદ્માવતી દેવી પ્રત્યેની તેમની શ્રદ્ધા દૃઢ બની અને તેમની નિત્યપૂજા કે નિત્યોપાસનામાં તેમને ખાસ સ્થાન આપવામાં આવ્યું.

શ્રી ધીરજલાલભાઈ પોતાની નિત્યોપાસનામાં આસન ગ્રહણ કર્યા પછી દીપ અને ધૂપનો વ્યવહાર કરે છે, ત્યાર પછી સોહંમંત્રનો ૧૦૮ વાર જપ કરે છે, તે પછી ભૂતશુદ્ધિ, પ્રાણાયામ, ન્યાસ અને ષડ્નમસ્કારની ક્રિયા કરે છે કે જેનું વર્ણન તેમણે અર્હંમંત્રોપાસના નામના તેમના ગ્રંથમાં વિસ્તારથી કરેલું છે. તે પછી અષ્ટમહાપ્રતિહાર્યનું

ધ્યાન ધરી સમવસરણસ્થ જિનભગવંત કે અર્હત્‌ને નમો-ત્થુણંના બે વારના પાઠપૂર્વક વંદના કરે છે, તે પછી તે દિન માટે પાંચ વસ્તુઓનો ત્યાગ કરે છે, તે પછી નવપદ લઘુયંત્ર તથા અર્હં મંત્રપટની પૂજા કરી અર્હં મંત્રનો ત્રણ માલા જેટલો જપ કરે છે. તે પછી ચતુર્વિંશતિ તીર્થંકરની મંત્રમય પૂજા કરી, ત્રણ વાર લોગસ્સનો પાઠ ભણે છે અને 'ચંદેસુ નિમ્મલયરા'વાળી ગાથાની આખી માળા ગણે છે. તે પછી શ્રી પાર્શ્વનાથનું દ્રવ્યપૂજન તથા માનસપૂજન કરી સાત વાર ઉવસગ્ગહરંનો પાઠ ભણે છે અને તે પછી ચિંતામણિમંત્રની પૂરી માળા ફેરવે છે. ત્યાર પછી શ્રી પદ્માવતીપૂજનનો પ્રારંભ કરે છે. તેમાં પ્રથમ વાસક્ષેપપૂજા અને શક્ય હોય તો પુષ્પપૂજા કરે છે, તે પછી શ્રી પદ્માવતી દેવીનું ૧૦૮ નામવાળું સ્તોત્ર બોલતાં જાય છે અને દરેક નામે શ્રી પદ્માવતીની છબીનું વાસક્ષેપથી પૂજન કરતાં જાય છે. તે પછી માનસપૂજા તથા સ્વરૂપચિંતન કરી શ્રી પદ્માવતીજીના મંત્રનો જપ કરે છે અને તે પૂરો થતાં 'પુરિસાદાણી પાસજી, સિદ્ધિ સકલ ભંડાર'વાળી સ્તુતિ આરતીના અધિકારે ખૂબ ભાવપૂર્વક તાલી વગાડતાં બોલે છે, તે પછી સર્વમંગલ બોલી નિત્યો-પાસનાની પૂર્ણાહુતિ કરે છે.

અહીં એ જાણવું પણ જરૂરી છે કે શ્રી ધીરજલાલ-ભાઈએ શ્રી પદ્માવતી દેવીની ઉપાસનાનો સ્વીકાર કર્યો પછી શ્રી પાર્શ્વનાથ અને શ્રી પદ્માવતી દેવીના વિશિષ્ટ પૂજનનો

વિવિધ કલ્પોના આધારે સંકલિત કર્યો છે અને એ રીતે તેમનું પૂજન કરાવે છે, જે અવશ્ય પ્રભાવશાલી નીવડે છે. વળી તેમણે શ્રી પાર્શ્વ–પદ્માવતીનાં ખાસ અનુષ્ઠાનો પણ પ્રચલિત કર્યાં છે, જે ગમે તેવાં અટપટાં કાર્યોને પણ સિદ્ધ કરવાની ક્ષમતા ધરાવે છે. આજ સુધીમાં આવાં અનેક અનુષ્ઠાનો થયાં છે; પણ તેનું વર્ણન અહીં પ્રસ્તુત નથી.

શ્રી ધીરજલાલભાઈએ અર્હં મંત્રના લાખો જપ કર્યા છે, તેમ શ્રીચિંતામણિ પાર્શ્વનાથ તથા શ્રી પદ્માવતી દેવીના પણ લાખો જપ કર્યા છે અને એ રીતે દૈવી શક્તિનું વિશિષ્ટ અનુસંધાન કરીને પોતાની જાતને કૃતાર્થ કરી છે. સને ૧૯૪૮ પછી તેમનો સમય સુધરતો જ ગયો છે અને આજે એકંદર ઘણા સુખી છે.

[ ૨૭ ]

## સેવાની સુગંધ

એક મનુષ્ય ધીમાન્ હોય, તેથી તે લોકપ્રિય થાય એવું નથી; એક મનુષ્ય શ્રીમાન્ હોય, તેથી પણ તે લોકપ્રિય થાય એવું નથી; અને એક મનુષ્ય ઊંચા અધિકારપદે આરૂઢ થયેલો હોય, તેથી પણ તે લોકપ્રિય થાય એવું નથી. લોકપ્રિય મનુષ્ય તો તે જ થઈ શકે છે કે જેણે પોતાના જીવનમાંથી એક યા બીજા પ્રકારની સેવાની સુગંધ પ્રકટાવેલી હોય; પછી તે ગમે તે વર્ગનો હોય કે ગમે તે સ્થિતિનો હોય. મને જણાવતાં આનંદ થાય છે કે શ્રી ધીરજલાલભાઈના જીવનમાંથી અનેક પ્રકારે સેવાની સુગંધ પ્રકટતી રહી છે અને તેથી તેઓ આટલા લોકપ્રિય બનેલા છે.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે વિપુલ સાહિત્ય સર્જને શ્રી ધીરજલાલભાઈને લોકપ્રિયતા આપી છે; પ્રાણવાન પત્રકારિત્વે પણ શ્રી ધીરજલાલભાઈને લોકપ્રિયતા આપી

છે; અને શતાવધાન તથા ગણિતસિદ્ધિના અદ્ભુત પ્રયોગોએ પણ શ્રી ધીરજલાલભાઈને લોકપ્રિયતા આપી છે; પણ એ બધી લોકપ્રિયતાઓ કરતાં વધારે લોકપ્રિયતા તેમને સેવાની સુગંધ વડે સાંપડી છે. અહીં એ પણ જણાવી દઉં કે તેમણે જીવનના પ્રારંભથી જ સેવાને વધારે મહત્ત્વ આપ્યું હતું અને તેના સોનેરી તાણાવાણા પોતાના જીવનમાં વણી લેવાની કોઈ પણ તક જતી કરી ન હતી. સુગંધની આ સેવા ક્યારે પ્રકટી અને કેવા સ્વરૂપે પ્રકટી, એ આ પ્રકરણનો વિવેચ્ય વિષય છે.

તેઓ વિદ્યાર્થી અવસ્થામાં હતા, ત્યારે સમગ્ર રાષ્ટ્રમાં દેશસેવા અને સમાજસેવાની હાકલ પડી રહી હતી અને સર્વત્ર તેના પ્રાણવાન પડઘા પડી રહ્યા હતા. તેની અસર તેમના મન પર–અંતર પર પડી હતી અને તેમણે નિર્ણય કર્યો હતો કે, મારે સમાજની બની શકે તેટલી સેવા કરવી. એવામાં ઇન્ફ્લુએન્ઝાનો રોગચાળો આવ્યો. લોકો પટોપટ પથારીમાં પડવા લાગ્યા. છાત્રાલય પણ તેમાંથી બચી શક્યું નહિ. જોતજોતામાં તેના લોખંડનાં ખાટલાઓ બિમારોથી ભરાઈ ગયા. વાતાવરણ ગમગીન બની ગયું. આનંદ અને આશ્ચર્યની વાત એટલી છે કે આ વખતે શ્રી ધીરજલાલભાઈ રોગથી અસ્પૃષ્ટ રહ્યા. તેમની તંદુરસ્તી પૂર્વવત્ જળવાઈ રહી અને તેમણે બિમારોની સેવા કરવાનો નિર્ણય કર્યો.

તેઓ વહેલી સવારે ઉઠી, નિત્યકર્મથી પરવારી, બિમારોની સેવામાં લાગી જતા અને બપોરના ભોજન

અને આરામનો એક કલાક બાદ કરતાં બધોજ સમય તેમાં વ્યતીત કરતા. સૂવાનું મોડી રાતે થતું. બિમારો ઘણા અને સેવા કરનારા થોડા, એવી પરિસ્થિતિ હોવાથી તેમને મોટા ભાગે ખડા પગે રહેવું પડતું. વળી બિમારો કોઈવાર ચીડાઈ જાય, આક્રોશ કરે અને ન બોલવાના શબ્દો પણ બોલી જાય. છતાં તેઓ કંટાળતા નહિ. તેઓ મનથી એમજ માનતા કે આ તો મને સેવા કરવાની ઉત્તમ તક મળી છે અને મારે તેનો બને તેટલો ઉપયોગ કરી લેવો જોઈએ.

જૈન ધર્મના શિક્ષણે તેમને એ વાત શીખવાડી હતી કે વૈયાવૃત્ત્ય અર્થાત્ સેવા એ એક પ્રકારનું અભ્યંતર તપ છે. તે જો વિશુદ્ધ ભાવે કરવામાં આવે તો કર્મની નિર્જરા થાય છે અને મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. તે માટે શ્રી નંદિષેણ મુનિ આદિના દાખલા તેમની સમક્ષ હતા.

વ્યાવહારિક જીવનમાં દાખલ થયા પછી પણ તેમની આ સેવાવૃત્તિ પ્રસંગે પ્રસંગે પ્રકટ થતી રહી હતી અને એ તેમના જીવનનો સુંદર ઘાટ ઘડી રહી હતી. તેમણે ચિત્રકામની સારી કમાણી છોડી ધાર્મિક શિક્ષકપદનો સ્વીકાર કર્યો અને મામુલી પગારથી સંતોષ માન્યો, તે આંતરિક સેવાવૃત્તિ વિના બની શકે નહિ. વળી તેમણે શિક્ષક—જીવનમાં બેપાળી કામ કરી એક જ પાળીનો પગાર સ્વીકાર્યો અને સંસ્થા તથા છાત્રના હિત માટે પોતાના કિંમતી અનેક કલાકોનો ભોગ આપ્યો, તે

પણ જીવનમાં સેવાની સુગંધ પ્રકટ્યા વિના કેમ બની શકે ? આજે કામના કલાકો અને પગારના ધોરણ અંગે જે ધમાલો મચી રહી છે, તેની સાથે આ વ્યવહારની તુલના કરો, એટલે તેમની સંનિષ્ઠાભરી સેવાવૃત્તિનો સ્પષ્ટ ખ્યાલ આવી જશે.

તેમનું સાહિત્યસર્જનનું ક્ષેત્ર પણ પ્રાયઃ સેવામય જ રહ્યું હતું. સારું અને સસ્તું સાહિત્ય આપવું, એની પાછળ સેવા સિવાય કયો ઉદ્દેશ હોઈ શકે ? વિશ્વવંદ્ય ભગવાન મહાવીરની ૧૬ પાનાંની પુસ્તિકાનું મૂલ્ય માત્ર એક પૈસા રાખી તેની ૧,૦૦,૦૦૦ એક લાખ નકલનો પ્રચાર કરવાની યોજના તેમના સેવામય અંતરમાંથી જ ઉદ્ભવી હતી.

તેમણે શતાવધાનના પ્રયોગો દ્વારા લાખો લોકોને આત્માની અનંત શક્તિમાં શ્રદ્ધાન્વિત કર્યાં તથા સેંકડો મનુષ્યોને વિદ્યોપાસનાના ક્ષેત્ર તરફ આકર્ષ્યા, એ પણ તેમનું એક સેવાકાર્ય જ ગણાય. તેમણે બે–ત્રણ અપવાદ સિવાય આ પ્રયોગો સર્વત્ર નિઃશુલ્ક એટલે કોઈ પણ જાતની ફી લીધા વિના જ બતાવેલા છે.

અમદાવાદ જૈન યુવક સંઘના મંત્રી તરીકે તેમની કારકીર્દિ સેવામય રહી હતી. આફતમાં આવી પડેલા સાધર્મિકોને સહાય કરવી, કુરિવાજોનો ભોગ થઈ પડેલી બહેનોની વારે ધાવું, તેમજ માંદાની માવજતનાં સાધનો પૂરાં પાડવાં, એ તેમનો રસનો વિષય હતો. કેટલીક કુપથગામિની બહેનોને

તેમણે ગૃહસ્થાશ્રમમાં દીક્ષિત કરી, એ તેમનું સમાજસેવાનું મોટું કાર્ય હતું.

રાજનગર–સાધુ સંમેલન પ્રસંગે તેમણે ખૂબ જ સાહસ ખેડીને તથા મોટો આર્થિક ભોગ આપીને જૈન જ્યોતિ સાપ્તાહિકના દૈનિક વધારા ૩૪ દિવસ સુધી બહાર પાડ્યા, તેની પાછળ તેમનો મુખ્ય હેતુ તો સંઘસેવા કરવાનો જ હતો. તેમની એવી દૃઢ માન્યતા હતી કે આ લડતથી અયોગ્ય દીક્ષા પર અંકુશ મૂકનારો ઠરાવ અવશ્ય કરાવી શકાશે અને એ રીતે શ્રમણસમુદાયની પરિસ્થિતિમાં સુધારો કરાવી શકાશે. અને બન્યું પણ એમ જ. સાધુસંમેલનમાં દીક્ષાને લગતો જે ઠરાવ થયો, તે અયોગ્ય દીક્ષાને અંકુશમાં રાખનારો હતો, એટલે ત્યાર પછી અયોગ્ય દીક્ષાને લગતાં તોફાનો શમી ગયાં અને શ્રમણસમુદાયની પરિસ્થિતિ સુધારવા પામી. એ વખતે સંઘર્ષનું વાતાવરણ હતું, એટલે આ વાત ઘણાની સમજમાં આવી ન હતી, પણ આજે તટસ્થ ભાવે વિચારણા કરતાં આ વાત તરત સમજાય એવી છે અને તે શ્રી ધીરજલાલભાઈની એક અણમોલ સંઘસેવા પ્રત્યે અલબેલો અંગુલિનિર્દેશ કરી જાય છે.

મુંબઈમાં સ્થિર થયા પછી પણ તેમની આ સેવાપરાયણ વૃત્તિ વિવિધરૂપે વિકસતી રહી હતી. સને ૧૯૫૫ માં મહારાષ્ટ્ર વિધાનસભામાં શ્રી પ્રભુદાસ પટવારીએ બાલસંન્યાસદીક્ષા પ્રતિબંધક બીલ દાખલ કર્યું. તેથી જૈન સમાજમાં ભારે ઉહાપોહ મચ્યો. બાલદીક્ષા એ જ અયોગ્ય

દીક્ષા એ માન્યતા પર આ બીલ આધારિત હતું. જ્યારે બાલદીક્ષા શાસ્ત્રવિહિત હતી અને તેના પર પ્રતિબંધ મૂકાતાં શ્રમણસંસ્થાનો વિકાસ રૂંધાય એમ હતો, તેથી એ બીલનો વિરોધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. શ્રી ધીરજલાલભાઈ અયોગ્ય દીક્ષાના વિરોધી હતાં, પણ બાલ-દીક્ષાને સદંતર અયોગ્ય દીક્ષા માનવા તૈયાર ન હતા, એટલે તેમણે પણ આ વિરોધમાં સૂર પુરાવ્યો અને તે અંગે ખાસ સમિતિની રચના થતાં તેનું મંત્રી પદ સંભાળ્યું. આ એક ઘણું જવાબદારીવાળું પદ હતું અને તે પ્રબલ પુરુષાર્થથી જ શોભે એવું હતું, એટલે શ્રી ધીરજલાલભાઈએ રાત-દિવસ જોયા વિના તે માટે પુરુષાર્થ કર્યો. આ વખતે તેઓ અનેક જૈનાચાર્યો, મુનિવરો તથા જૈન આગેવાનોના પરિચયમાં આવ્યા અને સહુના સહૃદયતાભર્યા સહકારથી એ બીલને પરાસ્ત કરવામાં સફલ થયા.

ત્યાર પછી આ બીલ જુદી જુદી વ્યક્તિઓ દ્વારા દિલ્લી લોકસભામાં બે વાર આવ્યું, પરંતુ શ્રી ધીરજલાલ-ભાઈની સમયસૂચકતા અને ડહાપણભરેલી કામગીરીને લીધે તે પસાર થઈ શક્યું ન હતું.

બાલ–સંન્યાસ–દીક્ષાપ્રતિબંધક બીલની રજૂઆત પહેલાં લગભગ એક વર્ષે મહારાષ્ટ્ર રાજ્ય વિધાનસભામાં ભિક્ષુકબીલ આવ્યું હતું. આમ તો એ બીલનો ઉદ્દેશ ભીખારીઓના ત્રાસને અટકાવવાનો હતો, પણ તેની વ્યા-ખ્યાઓ એ પ્રકારની હતી કે જે ત્યાગી–વૈરાગી મહાત્માઓ

પોતાના આચાર મુજબ ગૃહસ્થોને ત્યાં જઈ ભિક્ષા માગે તેનો પણ તેમાં સમાવેશ થઈ જાય. તાત્પર્ય કે તે જૈન સાધુ-સાધ્વીઓને પણ લાગુ પડી જાય એવો સંભવ હતો. આ બીલ પ્રથમ વાચનમાંથી પસાર થઈ ચૂક્યું હતું અને તેના બીજા વાચનનો પ્રસંગ આવી પહોંચ્યો હતો. આ વખતે કેટલાક મિત્રોના આગ્રહથી તેમણે આ ભિક્ષુક બીલમાં રસ લીધો અને તે માટે તે વખતના મહારાષ્ટ્ર રાજ્યના મુખ્ય મંત્રી માનનીય શ્રી મોરારજી દેસાઈની પૂનામાં ખાસ મુલાકાત લઈ તેમની સાથે લગભગ એક કલાક અભ્યાસપૂર્ણ ચર્ચા કરી. તેથી એ બીલની કલમોમાં આવશ્યક સુધારો થયો અને જૈન સાધુ-સાધ્વીઓ તેના સંભવિત ભયમાંથી મુક્ત થયા.

શ્રી ધીરજલાલભાઈએ આ બે બીલો અંગે જે ઉમદા કામગીરી બજાવી, તેનો પ્રભાવ સમસ્ત સંઘ પર ઘણો ભારે પડ્યો. ત્યાર પછી આવા દરેક પ્રસંગે શ્રી સંઘ તેમને યાદ કરતો રહ્યો હતો અને તેઓ શ્રી સંઘને પોતાની સેવાઓ અર્પણ કરતા રહ્યા હતા. તેમાં ઓલ ઇન્ડિયા રિલિજિયસ ટ્રસ્ટબીલ અને સમેતશિખરતીર્થરક્ષા પ્રસંગે તે અંગે ખાસ રચાયેલી સમિતિના મંત્રી તરીકે તેમણે આપેલી સેવા વિશેષ નોંધપાત્ર છે.

સને ૧૯૬૨ ના જાન્યુઆરી માસમાં અષ્ટગ્રહની યુતિ પ્રસંગે મુંબઈમાં વિરાજમાન પ. પૂ. આચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ તથા તેમના શિષ્યરત્ન મુનિપ્રવર શ્રી યશોવિજયજી મહારાજ ( હાલ પ. પૂ. આ. શ્રીવિજય

યશોદેવસૂરિજી મહારાજ) તરફથી. શ્રી વિશ્વશાન્તિ જૈન આરાધક સત્ર'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તેના મંત્રી અને મુખ્ય કાર્યવાહક તરીકેની બહુ મોટી જવાબદારી તેમણે સંભાળી હતી અને તેમાં તેઓ સફલતા-પૂર્વક પાર ઉતર્યા હતા.

પ. પૂ. પંન્યાસ શ્રી ધુરંધરવિજયજી ગણિવર્યને આચાર્યપદ આપવા માટેનો ખાસ મહોત્સવ સને ૧૯૬૫ના જાન્યુઆરીની ૩૧મીથી ફેબ્રુઆરીની ૮મી સુધી આઝાદ મેદાનમાં યોજાયો, તેના મંત્રી અને મુખ્ય કાર્યવાહકની જવાબદારી પણ તેમણે સંભાળી હતી અને કેટલીયે મુશ્કેલીઓ વચ્ચે પણ તેનું નાવ પાર ઉતાર્યું હતું.

સને ૧૯૭૪ માં પ. પૂ. મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજ સંપાદિત 'તીર્થંકર ભગવાન મહાવીર' નામના અપૂર્વ ચિત્રસંપુટના પ્રકાશન સમયે પણ તેમની મંત્રી અને મુખ્ય કાર્યવાહક તરીકેની સેવા ઝળહળી ઉઠી હતી.

સને ૧૯૭૯ના જાન્યુઆરી માસમાં પાલીતાણા ખાતે પ. પૂ. મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજ તથા પ. પૂ. પ્રવર્તક મુનિશ્રી જયાનંદવિજયજી મહારાજને આચાર્ય પદવી અર્પણ કરવા નિમિત્તે મહામહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. આ વખતે ભારતના વડાપ્રધાન માનનીય શ્રી મોરારજી દેસાઈની જાહેર સભા તથા માલપહેરનાર અને દીક્ષાર્થીઓના વરઘોડા વગેરેની વ્યવસ્થા સંભાળવાની હતી અને દશથી બાર હજાર જેટલા ભક્તજનો માટે ઉતારા તથા ભોજનની

વ્યવસ્થા પણ ચાર દિવસ માટે કરવાની હતી. એ સમગ્ર પ્રસંગના મુખ્ય કાર્યવાહક તરીકેની જવાબદારી પણ શ્રી ધીરજલાલભાઈએ સંભાળી હતી અને છેવટે યશકલગી પહેરી હતી.

જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, જૈન ધાર્મિક શિક્ષણસંઘ, જૈન સાધર્મિક સેવાસંઘ, રાષ્ટ્રીય અહિંસા પ્રચારસમિતિ વગેરે અનેક સંસ્થાઓને શ્રી ધીરજલાલભાઈની સેવાઓ પ્રાપ્ત થયેલી છે.

નમ્રતા, વિવેક, નિરાલસતા, પ્રામાણિકતા, ઉત્સાહ, ખંત, સતત પુરુષાર્થ અને સેવાની સાચી ભાવનાને લીધે શ્રી ધીરજલાલભાઈએ સમાજના એક સંનિષ્ઠ સેવકનું સ્થાન પ્રાપ્ત કરેલું છે અને એ રીતે તેઓ લાખો લોકોના અભિનંદનીય તથા અભિવંદનીય બનેલા છે.

આજે પણ શ્રી ધીરજલાલભાઈના અંતરમાં સેવાની સુગંધ ભરેલી છે અને તે એક યા બીજી રીતે પ્રકટ થતી રહી છે. તે માટે હું 'ધન્ય! ધન્ય!' શબ્દનો પ્રયોગ કરું તો તે અનુચિત નહિ જ લેખાય.

[ ૨૮ ]

## વકતૃત્વ આદિ

કેટલાક લેખકો માત્ર લેખકો જ હોય છે. તેઓ પોતાના લેખોથી વિશિષ્ટ વાતાવરણ સર્જી શકે છે કે જ્ઞાનદાન કરી શકે છે, પણ તેમને એક નાનકડું કાવ્ય રચવાનું કહો તો રચી શકતા નથી; અથવા તો તેમને એક વિષય પરત્વે બોલવા ઊભા કરો તો એકને બદલે બીજું બોલી નાખે છે અને કેટલીક વાર ભળતા છબરડા પણ કરે છે.

કેટલાક કવિઓ માત્ર કવિઓ જ હોય છે. તેઓ પોતાનાં કમનીય કાવ્યો વડે લોકહૃદયમાં ભાવોર્મિઓ જગાડી શકે છે, પણ તેમને એક નાનકડો લેખ કે નિબંધ લખવાનું કહો તો વિચારમાં પડે છે અથવા અમુક વિષય પરત્વે તેમનું વક્તવ્ય રજૂ કરવા કહો તો પારોઠનાં પગલાં ભરે છે.

કેટલાક વક્તાઓ માત્ર વક્તાઓ જ હોય છે. તેઓ પોતાના પ્રભાવશાલી વ્યક્તિત્વથી હજારોનાં દિલડાં ડોલાવી શકે છે, પણ જ્યાં લેખનની વાત આવે ત્યાં નાકનું ટીચકું

ચડાવે છે અને કાવ્ય રચનાને તો તેઓ નવ ગજના નમસ્કાર જ કરે છે.

તાત્પર્ય કે લેખનશક્તિ, કાવ્યશક્તિ અને વકતૃત્વ શક્તિ એ ત્રણેય નિરાળી વસ્તુ છે અને તેનો સંગમ ભાગ્યે જ થાય છે. છતાં સંયોગવશાત્ સંગમ થાય તો તેમાંની કોઈ પણ બે શક્તિઓનો સંગમ થાય છે, જેમકે—

(૧) લેખન શક્તિ + કાવ્ય શક્તિ
(૨) લેખન શક્તિ + વકતૃત્વ શક્તિ
(૩) કાવ્ય શક્તિ + લેખન શક્તિ
(૪) કાવ્ય શક્તિ + વકતૃત્વ શક્તિ
(૫) વકતૃત્વ શક્તિ + લેખન શક્તિ
(૬) વકતૃત્વ શક્તિ + કાવ્ય શક્તિ

પરંતુ આ ત્રણેય ત્રણ શક્તિનો સંગમ તો ભાગ્યેજ થાય છે. આમ છતાં પ્રકૃતિદેવીએ પ્રસન્ન થઈને શ્રી ધીરજલાલભાઈમાં આ ત્રણેય શક્તિઓનો સંગમ કરેલો છે અને એ રીતે આપણા માટે એક અનુપમ દૃષ્ટાંત રજૂ કરેલું છે.

શ્રી ધીરજલાલભાઈની લેખનશક્તિ અને કાવ્યશક્તિથી પાઠકો પરિચિત છે, પણ વકતૃત્વ શક્તિ વિષે એવી પરિસ્થિતિ નથી. વધારે સ્પષ્ટ કહું તો તેનો પરિચય આપવો બાકી જ છે, એટલે પ્રસ્તુત પ્રકરણનો પ્રારંભ તેનાથી કર્યો છે.

વકતૃત્વશક્તિ એટલે બોલવાની શક્તિ, વાર્તાલાપ કરવાની શક્તિ કે પ્રવચન કરવાની શક્તિ તથા જાહેર

ભાષણો કરવાની શકિત. શ્રી ધીરજલાલભાઈ આ ચારેય અર્થમાં વક્તૃત્વશક્તિને વરેલા છે અને તેનાં મધુર ફલો ચાખવાને શક્તિમાન થયેલા છે.

તેઓ વિદ્યાર્થી અવસ્થામાં હતા, ત્યારે લેખો લખવામાં અને કાવ્યો રચવામાં રસ લેતા હતા, તેમ વક્તૃત્વકલા કે વક્તૃત્વશક્તિનો વિકાસ કરવામાં પણ રસ લેતા હતા. તેમણે સરકારી શાલા છોડી રાષ્ટ્રીય ભાવનાવાળી ધી પ્રોપ્રાયટરી હાઇસ્કૂલમાં પાંચમી, છઠ્ઠી તથા સાતમી અંગરેજીનો અભ્યાસ કર્યો હતો, તેમાં સાતમી અંગરેજીના અભ્યાસ વખતે તેઓ ત્યાંની વક્તૃત્વસભાના મંત્રી બન્યા હતા અને તેનું યોગ્ય સંચાલન કરતા હતા. જો તેમને વક્તૃત્વશક્તિના વિકાસમાં રસ ન હોત તો તેઓ આ પદ સ્વીકારત શા માટે? અને તેનું સંચાલન કરત શા માટે?

તેઓ દર શનિવારે શાલાનો સમય પૂરો થયા પછી ત્યાં દોઢથી બે કલાક જેટલો સમય ગાળતા. તે વખતે ત્યાં કેટલાક વિદ્યાર્થીઓ આવતા અને શાલાના કોઈ શિક્ષકના અધ્યક્ષપદે નિયત વિષય પર પોતાનું વક્તવ્ય રજૂ કરતા. તેમાં ભાષાની દૃષ્ટિએ, મુદ્દાઓની દૃષ્ટિએ કે રજૂ કરવાની દૃષ્ટિએ જે કચાશ કે ભૂલે રહેતી તેનો ખ્યાલ સભાના અધ્યક્ષશ્રી આપતા અને તે પરથી વક્તાઓ પોતાની એ ભૂલો સુધારી લેવાની કોશીષ કરતા. આ વસ્તુના થોડા અનુભવ પછી શ્રી ધીરજલાલભાઈને એમ લાગ્યું કે અહીં મહિનામાં એક વાર જાણીતા વક્તાઓને નિમંત્રવામાં આવે તો તેમાંથી ઘણું જાણવાનું મળે. તેમનો

આ વિચાર શાલાના પ્રીન્સીપાલોને પસંદ પડ્યો, એટલે શ્રી ધીરજલાલભાઇએ એ દિશામાં પ્રયત્ન આદર્યો. તેઓ ગૂજરાત વિદ્યાપીઠમાંથી પ્રા. ગિદવાણી, પ્રા. જે બી. કૃપાલાણી, કાકા શ્રીકાલેલકર, શ્રી ધર્માનંદ કૌસંબી, પંડિત શ્રી સુખલાલજી વગેરેને પોતાની વક્તૃત્વસભામાં બોલાવી લાવ્યા અને તેમની પાસે અમુક વિષય પર વ્યાખ્યાનો અપાવ્યાં. હવે દરેક વક્તાને પોતાની વિશેષતા હોય છે, એટલે તેમાંથી તેમને ઘણું જાણવાનું મળ્યું અને તેઓ વક્તા બન્યા.

તેઓ વિદ્યાભ્યાસ છોડી વ્યવસાયમાં પડ્યા અને અનુક્રમે શિક્ષક બન્યા, ત્યારે તેમની વક્તૃત્વ શક્તિનો ઉપયોગ થવા લાગ્યો. સવારે પ્રાર્થના થયા પછી દશ મીનીટનું પ્રવચન રહેતું, તેમાં પ્રાયઃ તેઓ જ બોલતા; એટલે કે તેમાં તેમની વક્તૃત્વશક્તિનો ઉપયોગ થતો. પછી શાલાના વર્ગમાં કોઈ મહત્ત્વના વિષય પર સમજૂતી આપવી હોય ત્યારે વક્તૃત્વકલાનો આશ્રય લેવો પડતો અને જ્યારે વિદ્યાર્થીઓની સામુદાયિક સભા થતાં તેમને સંબોધન કરવાનો પ્રસંગ આવતો, ત્યારે પણ પ્રાપ્ત કરેલી વક્તૃત્વકલા ઘણી ઉપયોગી થઈ પડતી. કામ કામને શીખવે છે, એ ન્યાયે તેમની આ વક્તૃત્વકલા દિનપ્રતિદિન સુધરતી જતી હતી અને તેમાં અનેરી ઝળક આવી રહી હતી.

શિક્ષકપદ છોડ્યા પછી તેમણે સાહિત્યસર્જનના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો, ત્યારે એક ઘટના એવી બની કે જેણે તેમની વક્તૃત્વકલાને સારું એવું ઉત્તેજન આપ્યું. શ્રી મહાવીરજન્મકલ્યાણકની ઉજવણીનો પ્રસંગ હતો. તે

અંગે કાલુપુર–ટંકશાળામાં જૈનોની જાહેર સભા મળી હતી. તેમાં તેમને બોલવાનું આમંત્રણ મળ્યું. એ આમંત્રણનો તેમણે સહર્ષ સ્વીકાર કર્યો અને સમયસર ત્યાં ઉપસ્થિત થયા. પાંચ–છ વકતાઓ પછી તેમને બોલવાનો વારો આવ્યો. તેમાં તેમણે ભગવાન મહાવીરના જીવનનો મર્મ અનેરી છટાથી રજૂ કરતાં તાલીઓનો ગડગડાટ થવા લાગ્યો. આવું એક–બે વાર નહિ પણ લગભગ પાંચ–છ વાર બન્યું. અને તેમનું ભાષણ પ્રથમપંકિતનું ગણાયું. સભાના અધ્યક્ષે તેમને ધન્યવાદ આપ્યા અને હવે પછી જ્યારે પણ આ પ્રકારની જાહેર સભાઓ હોય, ત્યારે તેમાં અવશ્ય ભાગ લેવાનું સૂચન કર્યું. ત્યાં ઉપસ્થિત થયેલા અન્ય આગેવાનોએ પણ લગભગ આજ મતલબનાં સૂચનો કર્યાં. તે પરથી શ્રી ધીરજલાલભાઈ ને પોતાની વકતૃત્વકલામાં વિશ્વાસ આવ્યો. અને તેઓ અગત્યની સભાઓમાં ભાગ લેવા લાગ્યા.

અમદાવાદ જૈનયુવક સંઘના મંત્રીપદે આવ્યા પછી તેમને ઘણીયે વાર નાની–મોટી સભાઓમાં ભાષણ કરવાના પ્રસંગો આવ્યા હતા અને તે અસરકારક નીવડયા હતા. મુંબઈમાં ભરાયેલી પ્રથમ જૈનયુવક પરિષદ અને અમદાવાદમાં ભરાયેલી દ્વિતીય જૈનયુવક પરિષદ વખતે પ્રચારનું કાર્ય તેમણે સંભાળ્યું હતું અને તે એમના પ્રભાવશાળી પ્રવચનો વડે સફલ નીવડયું હતું.

તેઓ જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની પ્રવૃત્તિઓમાં સારો રસ લેતા હતા, એટલે તેના ત્રણ અધિવેશન–પ્રસંગોએ

તેમણે પ્રચારમંત્રીની જવાબદારી સંભાળી હતી અને તે અંગે મુંબઈ તથા ગૂજરાત–સૌરાષ્ટ્રનાં કેટલાંયે શહેરોમાં જોરદાર ભાષણો કર્યાં હતાં. અધિવેશનના મંચ પરથી કરાયેલાં તેમનાં ભાષણોએ પણ શ્રોતાઓનાં દિલ જિતી લીધાં હતાં.

આ બધા પ્રસંગો પરથી લોકોના મનમાં એવી છાપ પડી હતી કે શ્રી ધીરજલાલભાઈ એક પ્રભાવશાળી વકતા છે, એટલે તેમને સભાઓ, સંમેલનો, સમારોહો, પરિષદો કે કોન્ફરન્સમાં પધારવાનાં નિમંત્રણો મળ્યા કરતા અને તેઓ પોતાની અનુકૂલતા મુજબ તેનો સ્વીકાર કરી પોતાના વકતૃત્વનો લાભ આપ્યા કરતા.

તે પછી તેમના પોતાના તરફથી પ્રકાશન–સમારોહોની યોજના થવા લાગી, તેમાં પણ તેમના વકતૃત્વનો લાભ લોકોને મળતો જ રહ્યો.

તેમના વકતૃત્વમાં તર્કશુદ્ધ દલીલો હોય છે, મુખ્ય મુદ્દાઓની યથાર્થ છણાવટ હોય છે, શબ્દની યોગ્ય પસંદગી હોય છે અને રજૂઆતની સુંદર કલા પણ હોય છે. તેઓ આપેલા સમયમાં પોતાનું વકતવ્ય પૂરું કરે છે. કદી પણ વધારે સમય માગતા નથી. તેમને ગમે તે વિષય ઉપર બોલવા ઊભા કરો તો એકધારું બોલી શકે છે. તેઓ લખેલા કાગળ કે નોંધના આધારે કદી ભાષણ કરતા નથી, એ તો એમના અંતરમાંથી સ્વયંભૂ સ્ફુરે છે અને તે શ્રોતાઓના દિલને સ્પર્શી જાય છે.

વાર્તાલાપ કે સંવાદમાં પણ તેઓ ઘણા કુશલ છે. તેમની પાસે અનેક જાતના માણસો આવે છે અને અનેક જાતના પ્રશ્નો રજૂ કરે છે. તેઓ એ બધું શાન્તિથી સાંભળી લે છે, પણ તેના ઉત્તરો એવી યુક્તિથી આપે છે કે તેના મનનું સમાધાન થયા વિના રહે નહિ. કેટલીક વાર તેમને વિચિત્ર પ્રશ્નો પણ પૂછાય છે, પરંતુ તેઓ એનો હાવકા મોઢે યોગ્ય ઉત્તર આપે છે અને આખરે પ્રશ્નકારનું દિલ જિતી લે છે.

એક વાર એક જૈન બહેન તેમને મળવા આવ્યા. તેઓ એમ. એ. સુધી ભણેલા હતા અને કેટલોક વખત અમેરિકા પણ રહી આવ્યા હતા. તેમણે કહ્યું : 'મારું મન હમણાં ખૂબ મુંઝાય છે, તે શાંત થાય એવો કોઈ ઉપાય બતાવો. પણ જુઓ હું ઇશ્વરમાં માનતી નથી અને ધર્મના નામે જે જડ ક્રિયાઓ ચાલી રહી છે, તેમાં વિશ્વાસ ધરાવતી નથી.' તેમની આ વાત સાંભળીને શ્રી ધીરજલાલભાઈએ કહ્યું 'તમે ઇશ્વરને માનતા હો તો પણ ભલે અને ઇશ્વરને ન માનતા હો તો પણ ભલે. પણ તમે તમારી અંગત બાબતમાં મારી સલાહ લેવા આવ્યા છો, એટલે મને માનો છો એમ તો ખરું ને?' પેલા બહેને કહ્યું : 'તમને માનું છું, ત્યારે તો ખાસ સમય કાઢીને દૂરથી તમારી પાસે આવી છું. તમને મારા આ વિચાર સાંભળીને દુઃખ તો નથી થયું ને?' શ્રી ધીરજલાલભાઇએ કહ્યું : 'જરા પણ નહિ. તમારા વિચારની જવાબદારી તમારી છે, પછી મને

દુઃખ શા માટે થાય ?' પેલા બહેને કહ્યું : 'તો તો ઠીક. હું થોડા દિવસ પહેલાં એક સંતના દર્શન કરવા ગઈ હતી, ત્યાં મેં આવો વિચાર પ્રદર્શિત કરતાં જ તેઓ ગુસ્સે થઈ ગયા હતા અને મને ઠપકો આપવા લાગ્યા હતા, એટલે હું ત્યાંથી ઊભી થઈ ગઈ અને મારા સ્થાને પાછી ફરી. ત્યાર પછી તમારું નામ સાંભળી તમારી પાસે આવી છું.' શ્રી ધીરજલાલભાઈએ કહ્યું : 'એ બનવા જોગ છે, પણ મારે ત્યાં એ પદ્ધતિ નથી. વારુ તમારું મન શા કારણે મુંઝાય છે?'

પેલા બહેને કહ્યું : 'એ તો મને પણ ખબર નથી. રહેવાનો સુંદર ફ્લેટ છે; ઘરની બે મોટરો છે, નોકર-રસોઈયાનો સ્ટાફ છે, છતાં મનને આનંદ આવતો નથી. ઘડી ઘડીમાં તે ગમગીન બની જાય છે.' શ્રી ધીરજલાલભાઈએ કહ્યું : 'જો સ્થિતિ આવી જ હોય તો એનો ઉપાય બહુ સહેલો છે, પણ તે માટે તમારે રોજ અર્ધો કલાક કાઢવો પડશે.' પેલા બહેને કહ્યું : 'તે કાઢીશ. મારે બીજું કામેય શું છે ?' તે પછી શ્રી ધીરજલાલભાઈએ તેમને ઊનનું શ્વેત આસન અને સ્ફટિકની માળા આપતાં જણાવ્યું કે જુઓ, તમારે નાહીધોઈને આ આસન પર પલાંઠી વાળીને બેસવાનું. એ વખતે મુખ ઉત્તર દિશા તરફ રાખવાનું. પછી 'ૐ હ્રીઁ અર્હઁ નમઃ' એ પદો બોલતાં જવું અને માળાનો એક મણકો ફેરવતાં જવું. આ રીતે ૧૦૮ વાર પદો બોલાશે કે એક માળા પૂરી થશે. શરૂઆતમાં આ માળાનો એક વાર

ગણવી, પછી બે વાર ગણવી અને પછી ત્રણ વાર ગણવી. બસ, એટલાથી તમારું કામ થઈ જશે. તમારું મન આનંદમાં રહેશે, પ્રસન્ન રહેશે.'

પેલા બહેને કહ્યું : 'હાલ ઊંઘ પણ કંઈક ઓછી આવે છે.' શ્રી ધીરજલાલભાઈએ કહ્યું : 'મન આનંદમાં રહેશે એટલે ઊંઘ બરાબર આવી જશે, પણ તમારે એક કામ કરવાનું રહેશે. એક અઠવાડિયા સુધી કોઈની સાથે ઝઘડો કરવો નહિ કે ઊંચા સાદે બોલવું નહિ.'

આ સાંભળી પેલા બહેન વિચારમાં પડયા. પછી થોડી વારે તેમણે કહ્યું : 'ઝઘડો મારે રોજ થાય છે. કાં તો નોકર–ચાકર સાથે, કાં તો રસોઇયા સાથે, કાં તો સાસુ સાથે અને છેવટે ધણી સાથે. હું કોઈની ખરાબ વર્તણુક જરાયે સહન કરી શકતી નથી.' શ્રી ધીરજલાલભાઈએ કહ્યું : 'આ તો એકજ અઠવાડિયાની વાત છે. આટલો વખત સંભાળી લ્યો, એટલે બધું ઠીક થઈ જશે. તમને જ્યારે ગુસ્સો આવે ત્યારે આ માળા ફેરવવા લાગી જવું, અથવા ચોવીશ તીર્થંકરોનાં નામ મનમાં બોલવા માંડવા.'

પેલા બહેને કહ્યું : 'પહેલાં ચોવીશ તીર્થંકરોનાં નામ આવડતાં હતાં, પણ હાલ તે ભૂલી ગઈ છુ" શ્રી ધીરજલાલભાઈએ કહ્યું, તેની ફીકર ન કરો. તમને અંગ્રેજી બાર મહિનાનાં નામો તો આવડે છે ને ? પેલા બહેને કહ્યું: 'હા, એ બરાબર આવડે છે.' શ્રી ધીરજલાલભાઈએ કહ્યું : 'તો જ્યારે તમને ગુસ્સો આવે ત્યારે ચાલુ માસથી

શરૂ કરીને છ મહિનાનાં નામો પાછલા ક્રમે યાદ કરી જવાં. દાખલા તરીકે એ વખતે માર્ચ માસ ચાલતો હોય તો પહેલો માર્ચ, બીજો ફેબ્રુઆરી, ત્રીજો જાન્યુઆરી, ચોથો ડીસેમ્બર, પાંચમો નવેમ્બર અને છઠ્ઠો ઓકટોબર.'

પેલા બ્હેને તેનો સ્વીકાર કર્યો, અને એક અઠવાડિયાં પછી ફરી આવવાનો વાયદો કર્યો. શ્રી ધીરજલાલભાઈએ તેમને સસ્મિત વદને વિદાય આપી. આ ઘટના પરથી તેમની વાત કરવાની–સમજાવવાની પદ્ધતિનો ખ્યાલ આવી જશે.

સભા, સમારોહ કે સંમેલનનું આયોજન તેઓ ઘણા વિચારપૂર્વક કરે છે અને તેમાં ધારેલું આકર્ષણ ઊભું કરી શકે છે. સમાજમાં એવી છાંપ છે કે જેનું આયોજન શ્રી ધીરજલાલભાઈએ કર્યું હોય, તે કદી નિષ્ફલ જાય નહિ.

સભાનું સંચાલન કરવામાં પણ તેઓ શ્રેષ્ઠ ગણાયા છે. પછી તે સભા ગમે તેટલી મોટી હોય. બનતાં સુધી એ સભાનો કાર્યક્રમ પોતે જ ઘડે છે અને તેમાં સમયની ફાળવણી બહુ જ ગણતરીપૂર્વક કરે છે, એટલે તેમણે કાર્યક્રમમાં દર્શાવેલી બધી વસ્તુ સમયસર થઈ જાય છે. તેઓ વચ્ચે કોઈને બોલવા દેતા નથી કે સમયનું ગાબડું પડવા દેતા નથી. કોઈ વક્તા તેને આપેલા સમયની મર્યાદા ન ઓળંગી જાય, તેની પણ તેઓ કાળજી રાખે છે. વળી તેઓ વક્તાની ઓળખાણ માટે એક જ નીતિ રાખે છે. દરેકને માટે એક લીંટી બોલવી, તો એકજ બોલવી. કોઈની

ઓળખાણ એક લીટીમાં ને કોઈની ઓળખાણ આઠ લીટીમાં એ વ્યવહારને તેઓ પસંદ કરતા નથી.

શતાવધાન કે ગણિતસિદ્ધિના અદ્ભુત પ્રયોગો વખતે તો સભાસંચાલન ઘણું જ કુશલતાપૂર્વક કરવું પડે છે, અન્યથા તેમાં ગરબડ થવા સંભવ રહે છે, પરંતુ શ્રી ધીરજલાલભાઈ તેમાં કદી નિષ્ફલ ગયા નથી.

શ્રી ધીરજલાલભાઈને વિજયલક્ષ્મી વરેલી છે, પણ તે ઘણા પ્રયત્ન પછી અને ઘણા સમય પછી. સાઠ વર્ષ પછીનું જીવન એકધારી વિજયયાત્રા જેવું છે.

[ ૨૯ ]

# સન્માન અને પદવીઓ

શ્રી ધીરજલાલભાઈનાં અનેકવિધ કાર્યોને સમાજે પ્રેમથી વધાવ્યાં છે અને ખાસ સન્માનસમારંભો યોજીને તેમને સુવર્ણચંદ્રકો, પ્રશસ્તિઓ તથા પદવીઓ અર્પણ કરેલી છે.

તા. ૨૯–૯–૩૫ ના રોજ વીજાપુર સંઘે તેમના શતાવધાનના પ્રયોગો નિહાળીને તેમને પ્રશસ્તિ તથા સુવર્ણ-ચંદ્રકસહિત '**શતાવધાની**' નું બિરુદ આપ્યું.

સને ૧૯૫૫ માં અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળે ખાસ સમારોહ યોજી પ્રબોધટીકા–બીજા ભાગના શ્રેષ્ઠ લેખન માટે તેમને સુવર્ણચંદ્રક અર્પણ કર્યો. આ વખતે સ્વ. જયભિખ્ખુને પણ તેમની 'ચક્રવર્તી ભરતદેવ' કૃતિ માટે સુવર્ણચંદ્રક અપાયો હતો.

સને ૧૯૫૭ ના નવેમ્બર માસમાં તેમને મુંબઈ–દાદર–એન્ટોનિયો–ડી સીલ્વા હાઈસ્કૂલના વિશાલ પટાંગણમાં

મોટી જન મેદની સમક્ષ **'સાહિત્યવારિધિ'** ની પદવી અર્પણ થઈ હતી. તેને લગતો સુવર્ણચંદ્રક તે વખતના મુંબઈના મેયર શ્રી ગણપતિશંકર દેસાઈએ તેમને પહેરાવ્યો હતો. આ વખતે બેન્ડની સલામી વગેરે બીજા કાર્યક્રમો પણ થયા હતા.

સને ૧૯૬૬ માં સુરત ખાતે તેમણે સ્વ. પ. પૂ. આચાર્ય શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ તથા સ્વ. પ. પૂ. આચાર્ય શ્રી વિજયધર્મધુરન્ધરસૂરીશ્વરજી મહારાજ આદિ મુનિમંડળની નિશ્રામાં ગણિતસિદ્ધિના અદ્ભુત પ્રયોગો કરી બતાવ્યા હતા. તેથી પ્રભાવિત થઈને સુરતના જૈન સંઘે તેમને **'ગણિતદિનમણિ'** પદવીથી વિભૂષિત કર્યા હતા.

સને ૧૯૬૭ માં મધ્ય પ્રદેશ રાયપુર ખાતે અવધાન તથા ગણિતસિદ્ધિના અદ્ભુત પ્રયોગો કકી બતાવતાં તેમને મહાકોશલક્ષેત્રીય જૈન શ્વે. મૂ. સંઘ તરફથી **'વિદ્યાભૂષણ'** પદવી આપી શાલ ઓઢાડવામાં આવી હતી.

સને ૧૯૬૮ ના મે માસમાં કચ્છ–ભદ્રેશ્વર ખાતે ભરાયેલ અખિલ ભારત અચલગચ્છીય જૈન ચતુર્વિધ સંઘ સંમેલને તેમને ખાસ આમંત્રણ આપતાં તેઓ ભદ્રેશ્વર ગયા હતા અને ત્યાં વિશિષ્ટ પ્રકારના પ્રયોગો બતાવી આધ્યાત્મિક વિકાસ અંગે અનેરું માર્ગદર્શન આપતાં તેમને **'અધ્યાત્મવિશારદ'**ની પદવી આપવામાં આવી હતી.

સને ૧૯૬૯ની સાલમાં મંત્રદિવાકર ગ્રંથના પ્રકાશન–સમારોહ પ્રસંગે તેમની અપૂર્વ સાહિત્યસેવાનું તથા વિશિષ્ટ શક્તિઓનું સન્માન કરવા માટે ભારતના સુપ્રસિદ્ધ વિદ્વાનો તરફથી તેમને **'સરસ્વતી વરદપુત્ર'** અને **'મંત્રમનીષી'**ની માનવંતી પદવીઓ આપવામાં આવી હતી. આ વિદ્વાનોમાં વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિઓ, સંસ્કૃત–હિંદી વિભાગના અધ્યક્ષો, જાણીતા સાહિત્યકારો–સમીક્ષકો તેમજ જુદા જુદા પ્રાંતોમાં સાહિત્યની સેવા કરનારાઓની પ્રચુરતા હતી. આ અવસરે સંસ્કૃત ભાષામાં રચાયેલું ભવ્ય સન્માનપત્ર, શાલ, સરસ્વતીની પ્રતિમા, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની કલામય કૃતિ તથા બીજી વસ્તુઓ પણ ભેટમાં અપાઈ હતી. શ્રી અમૃતલાલ યાજ્ઞિક, શ્રી મનસુખલાલ ઝવેરી, શ્રી ગુલાબદાસ બ્રોકર તથા શ્રી જ્યોતીન્દ્ર હ. દવે વગેરે સુપ્રસિદ્ધ સાક્ષરોએ તેમની સાહિત્ય સેવાનેબિરદાવી હતી અને તેમનું તંદુરસ્તીભર્યું દીર્ઘાયુષ્ય ઇચ્છયું હતું.

સને ૧૯૭૫ના નવેમ્બરના માસની ૨૩મી તારીખે મુંબઈની ૧૧૦. સંસ્થાઓ તરફથી બીરલા માતુશ્રી સભાગારમાં તેમનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. એ વખતે પદ્મશ્રી ઈન્દુમતી ચીમનલાલ શેઠ અધ્યક્ષસ્થાને બિરાજ્યા હતા તથા તે વખતના ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી સન્માનનીય શ્રી બાબુભાઈ જશભાઈ પટેલે મુખ્ય મહેમાન તરીકે હાજરી આપી હતી. શ્રી રામપ્રસાદ બક્ષી આદિ અન્ય મહાનુભાવો અતિથિવિશેષ તરીકે પધાર્યા હતા. વિશિષ્ટ કાર્યક્રમ અને વિશદ વ્યાખ્યાનોને લીધે આ

આ ઓચ્છવ પ્રસંગ ઘણો ગૌરવભર્યો બન્યો હતો. ગૂજરાત સરકાર તરફથી તેની સમાચાર ફીલ્મ લેવાઈ હતી અને તે ગુજરાતભરના સીનેમાગૃહોમાં બતાવવામાં આવી હતી.

ત્યારપછી સને ૧૯૭૬ ના માર્ચ માસમાં અમદાવાદના સુપ્રસિદ્ધ નાગરિકોની બનેલી 'શ્રી ધીરજલાલ શાહ સન્માન સમિતિ'એ તેમનું જાહેર સન્માન કર્યું હતું. આ વખતે શ્રી ધીરજલાલભાઈએ ગણિતસિદ્ધિના ૭ અદ્ભુત પ્રયોગો બતાવ્યા હતા. રાત્રે શેઠ ચી. ન. વિદ્યાવિહારના ઓપન એર થિયેટરમાં લગભગ ચાર હજાર પ્રેક્ષકોની હાજરીમાં પણ તેમણે ગણિતસિદ્ધિના અદ્ભુત પ્રયોગો બતાવતાં લોકો આશ્ચર્યમુગ્ધ બન્યા હતા.

કરાંચી, હૈદરાબાદ (સિંધ), બારસી, વડોદરા આદિ બીજા અનેક સ્થળોએ પણ તેમના માનમાં સન્માન સમારંભો યોજાયેલા છે.

તેમના વિશાલ વાચન તથા શાસ્ત્રોના ઊંડા જ્ઞાનને લીધે ઘણા લોકો તેમને **પંડિતજી** તરીકે ઓળખે છે. ઘણા આચાર્યો અને સાધુ–સાધ્વીઓ પણ તેમને આ પ્રકારનું સંબોધન કરે છે.

આ રીતે શ્રી ધીરજલાલભાઈ આપણા સમાજના **શતાવધાની સાહિત્યવારિધિ ગણિતદિનમણિ વિદ્યાભૂષણ અધ્યાત્મવિશારદ સરસ્વતીવરદપુત્ર મંત્રમનીષી પંડિતજી** છે અને તેઓ પોતાના જ્ઞાન તથા અનુભવનો લાભ સમાજને અનેક રીતે આપી રહેલ છે.

[ ૩૦ ]

## વિશદ વ્યક્તિત્વ

સફેદ ધોતિયું, ખાદીનું પહેરણ અને ખાદીની ગાંધી ટોપી એ તેમનો વર્ષોનો પહેરવેશ છે. તેમની મુખમુદ્રામાં એક જાતનું ચૈતન્ય અને તરવરાટ નજરે પડે છે. તેમની વાતચીતમાં તથા તેમના વિચારોમાં હંમેશાં નવીનતા અને વિશેષતાનાં દર્શન થાય છે. તેમની દલીલો તર્કશુદ્ધ હોય છે, તેમજ વિદ્યાવ્યાસંગ અને તપસ્પર્શી અભ્યાસના રંગે રંગાયેલી હોય છે. તેમનું મગજ સદા કોઈને કોઈ ઉપકારી-સંસ્કારી યોજનાઓ ઘડતું જ હોય છે. તેઓ લખવા બેસે છે, અગર કોઈ કામ હાથ પર લે છે, ત્યારે ખાવા-પીવાની દરકાર કરતા નથી. દિવસોના દિવસો સુધી તેમણે રોજના અઢાર કલાક લેખે કામ કરેલું છે અને હજીયે કામ કર્યે જાય છે. તેઓ ઘણા ભાગે બ્રાહ્મ મુહૂર્તમાં ચાર વાગે ઉઠી લખવા બેસી જતા અને પ્રાતઃકર્મથી પરવારી કલાકો સુધી એક આસને બેસીને લખ્યા કરતા. હવે બ્રાહ્મ મુહૂર્તમાં ઉઠી જપ-ધ્યાનમાં પ્રવૃત્ત થાય છે અને પૂજા-પાઠ કર્યા પછી

સમયાનુસાર લેખન આદિ પ્રવૃત્તિ કરે છે. તેમની ચિંતનધારા સતત પ્રવાહમાન રહે છે. તેઓ લખતા જાય છે અને સાથે કામ કરનારાઓને ઉચિત નિર્દેશન આપતા જાય છે.

મોટા મોટા સાહિત્યકારો, સંગીતકારો, કવિઓ વગેરેમાંના કેટલાક ધૂમ્રપાન વિના લખી શકતા નથી, તો કેટલાક પોતાની સ્મૃતિને ચેતનવંતી રાખવા માટે ચાનાં પ્યાલા પર પ્યાલા ચડાવતાં નજરે પડે છે. વળી કેટલાક તો ભાંગ કે તેવી જ કોઈ નશીલી વસ્તુનું સેવન કરે ત્યારે જ તેમની કલમ ચાલે છે—ચાલતી રહે છે. પરંતુ શ્રી ધીરજલાલભાઈ તેમાં અપવાદ છે. બાલ્યકાલથી જ પોતાના જીવનને સાદું અને નિર્મલ રાખવા માટે તેઓ પ્રયત્નશીલ રહ્યા છે અને આજ સુધીમાં કોઈ વ્યસનને સ્થાન આપ્યું નથી. આ નિર્વ્યસનિતા સાહિત્યના સાધકો માટે આદર્શરૂપ છે.

સાહિત્યકાર ભાવનાશીલ ન હોય તો તેની કૃતિઓમાં ઊર્મિ-સંવેદનનાં દર્શન થતાં નથી. ભાવનાઓ અંતરની નિર્મલતા વિના ઉઠતી નથી, નિર્મલતા માટે નિઃસ્પૃહતા, નિષ્કપટતા અને સાહજિક આત્માનુભૂતિ આવશ્યક હોય છે. આ બધી વસ્તુઓનું સાંમજસ્ય શ્રી ધીરજલાલભાઈમાં હોવાથી તેઓ સાચા અર્થમાં ભાવનાશીલ બનેલા છે.

શ્રી ધીરજલાલભાઈએ જીવનના પ્રારંભ કાલથી જ ગરીબાઈ જોઈ છે અને સાહસિક વૃત્તિને લીધે આર્થિક નુકશાનો પણ વેઠયાં છે. ખીસ્સામાં એક પણ પૈસો ન

હોય, એવી સ્થિતિમાંથી પણ તેઓ પસાર થયા છે. આમ છતાં તેઓ હિંમત હાર્યા નથી કે પોતાનો આત્મા ગુમાવ્યો નથી. મુસીબતો, દુઃખો, અપકાર, તિરસ્કાર વગેરેમાંથી તવાઈ તવાઈ ને તેઓ પહેલાના કરતાં વધુ આત્મબલ સાથે બહાર આવ્યા છે. તેમણે હૃદયદૌર્બલ્યને કદી સ્થાન આપ્યું નથી.

શ્રી ધીરજલાલભાઇએ કદી વિદ્યાનું અભિમાન કર્યું નથી. તેઓ સહુની સાથે વિનમ્રતાથી વાતો કરે છે અને તેમનું હૃદય જીતી લે છે. તેમના સંબંધો ઘણાં વિશાલ છે, પણ તેનો ઉપયોગ તેઓ સાહિત્યપ્રચાર કે સમાજકલ્યાણ માટે જ કરે છે.

નિયમિતતા એ તેમનો બહુ મોટો ગુણ છે. ઊઠવામાં, ખાવા–પીવામાં, બહાર જવા–આવવામાં, વ્યાપાર–ધંધામાં, તેમજ અન્ય સર્વ કાર્યો તેઓ નિયમિતપણે કરે છે અને તેથી જ પ્રગતિના પંથે પ્રયાણ કરતા રહ્યા છે. તેઓ નિયત સમયે પૂજામાં બેસે છે અને નિયત સમયે તેની પૂર્ણાહુતિ કરે છે. અનુષ્ઠાનો વગેરેમાં પણ આ જ પરિસ્થિતિ હોય છે. સભા–સંમેલન આદિમાં તે કદી મોડા પડતા નથી કે કોઈને અમુક સમયે મળવાનું જણાવ્યું હોય તો તેમાં ચૂક કરતા નથી.

વચનપાલન માટે તેઓ ઘણો આગ્રહ રાખે છે અને કોઈને વચન આપ્યું હોય તો તે પાળવા માટે પૂરેપૂરા

પ્રયત્નશીલ રહે છે. એક વાર તેમણે પોતાની એક દુકાન માટે એક વ્યક્તિ સાથે મૌખિક સોદો કર્યો. ત્યાર પછી બીજા જ દિવસે તેમની સાથે સારી એવી મિત્રાચારીનો સંબંધ ધરાવતા સજ્જન આવ્યા. તેમણે એ દુકાન પોતાને આપવાનો આગ્રહ કર્યો અને રૂપિયા ત્રણ હજાર વધારે આપવાનું કહ્યું, પરંતુ શ્રી ધીરજલાલભાઈએ કહ્યું કે 'હવે એ વસ્તુ મારી માલિકીની રહી નથી.' પેલા મિત્રે કહ્યું : 'તમે તો મૌખિક વાત કરી છે. તે અંગે કોઈ જાતનું લખાણ કયાં કર્યું છે ? તેને કહી દો કે ગઈ કાલવાળી વાત મને મંજૂર નથી.' શ્રી ધીરજલાલભાઈએ કહ્યું : "સોદો મૌખિક હોય કે લેખિત હોય, તેથી કંઈ ફરક પડતો નથી. હું મારું વચન ફેરવી શકું એમ નથી. રૂપિયા તો ઘણા આવ્યા અને ગયા. તેના પ્રલોભનથી હું મારી વાણીને વરવી–વિકૃત કરવા તૈયાર નથી.'

એક વખત શ્રી ધીરજલાલભાઈએ દહેગામ શ્રી વિજય-ધર્મસૂરિજીની જયંતિ પર આવવાનું વચન આપ્યું હતું. આ વખતે તેઓ અમદાવાદ રહેતા હતા. તેઓ દહેગામ જવા માટે સ્ટેશને પહોંચ્યા, ત્યારે ટ્રેન ઉપડી ગઈ હતી. હવે શું કરવું ? તે વખતે ત્યાં જવાની બીજી સગવડ ન હતી, એટલે શ્રી ધીરજલાલભાઈએ ટ્રેનના પાટાનો રસ્તો પકડયો અને તેઓ સોળ માઈલની મજલ કરીને દહેગામ પહોંચ્યા. ત્યાં નિયત કાર્યક્રમમાં ભાગ લીધો. આની અસર બધા લોકો પર બહુ ભારે પડી.

સાદું જીવન અને ઉચ્ચ વિચાર (Plain living and high thinking) એ એમનું જીવનસૂત્ર છે અને તેને તેઓ બરાબર અનુસરતા આવ્યા છે. બહારનો ડોળ તેમને બિલકુલ ગમતો નથી. ઘણા માણસો તેમને મળવા આવે છે. તેમણે તેમના વ્યક્તિત્વ વિષે કંઈ કંઈ કલ્પનાઓ કરી હોય છે, પણ જ્યારે તેઓ તેમને તદ્દન સાદા પોશાકમાં નજરે જુએ છે, ત્યારે વિચારમાં પડી જાય છે. પરંતુ તેમની સાથે વાર્તાલાપ કરતાં તેમની વિશેષતાનાં દર્શન થાય છે અને તેમનું શિર ઝુકવા લાગે છે.

શ્રી ધીરજલાલભાઈને નાનપણથી જ રાષ્ટ્રપ્રેમનું શિક્ષણ મળ્યું છે અને તેઓ સદા રાષ્ટ્રપ્રેમી રહ્યા છે, પરંતુ રાજકારણ તેમને પસંદ નથી, એટલે તેનાથી દૂર રહે છે. કેટલાક રાજકારણી પુરુષોએ તેમને રાજકારણમાં આવી જવા માટે સમજાવ્યા હતા, પરંતુ શ્રી ધીરજલાલભાઈએ તેમને કહ્યું હતું કે 'સાહિત્યસર્જન અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા હું આ દેશની વધારે સારી સેવા કરી શકીશ.'

શ્રી ધીરજલાલભાઈ એમ માને છે કે હાલના સામાજિક તથા ધાર્મિક માળખામાં ઘણા સુધારાને અવકાશ છે, પણ તેની શરૂઆત આપણી જાતથી કરવી જોઇએ. ક્રાંતિનો અર્થ માત્ર તોડફોડ નથી, પણ નવું સુંદર સર્જન છે, તે જ્ઞાન અને ક્રિયાનો મેળ સાધવાથી જ થઈ શકે. કોઈની નિંદા કરવાથી કે કોઈનો તિરસ્કાર કરવાથી આપણે તેને સુધારી શકીએ નહિ. તે માટે આપણા હૃદયમાં નિઃસ્વાર્થ

પ્રેમ હોવો જોઈએ. પ્રેમ એ જ સામાને જીતવાનું-સુધારવાનું સાધન છે.

ભારતની એક વિરલ વિભૂતિ સમા શ્રી ધીરજલાલભાઇને હાલ પંચોતેરમું વર્ષ ચાલે છે, છતાં તેમનું સ્વાસ્થ્ય સારું છે. હજી તેમની બધી ઇન્દ્રિયો કામ આપી રહી છે અને તેઓ સદા પ્રવૃત્તિશીલ રહે છે.

આપણે ઇચ્છીએ અને પરમાત્માને પ્રાર્થીએ કે તેઓ ઘણો સમય આપણી વચ્ચે રહે, તંદુરસ્તીભર્યું જીવન ગાળે અને તેમના જ્ઞાનવૈભવનો તથા તેમની સાધના—સંપત્તિનો લાભ સમાજને આપ્યા કરે.

इति शम् ।

## પરિશિષ્ટ

## (૧)

### શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહનું

# વિશાલ સાહિત્યસર્જન

## [ સને ૧૯૨૮ થી ૧૯૮૦ ]

### વર્ગાનુક્રમ

| વર્ગનું નામ | ક્રમાંક | સંખ્યા |
| --- | --- | --- |
| ૧ ચરિત્રો | ૧ થી ૯૭ | ૯૭ |
| ૨ કિશોરકથાઓ | ૯૮ થી ૧૦૨ | ૫ |
| ૩ સ્થાનવર્ણન (ભૌગોલિક) | ૧૦૩ થી ૧૧૧ | ૯ |
| ૪ પ્રવાસવર્ણન | ૧૧૨ થી ૧૧૪ | ૩ |
| ૫ ગણિત | ૧૧૫ થી ૧૧૯ | ૫ |
| ૬ માનસવિજ્ઞાન | ૧૨૦ થી ૧૨૧ | ૨ |
| ૭ સામાન્ય વિજ્ઞાન | ૧૨૨ થી ૧૨૪ | ૩ |
| ૮ કાવ્યો | ૧૨૫ થી ૧૨૭ | ૩ |
| ૯ શિલ્પ-સ્થાપત્ય | ૧૨૮ | ૧ |
| ૧૦ મંત્રવિદ્યા | ૧૨૯ થી ૧૩૨ | ૪ |

| | | |
|---|---|---|
| ૧૧ યોગ | ૧૩૩ | ૧ |
| ૧૨ નાટકો | ૧૩૪ થી ૧૪૪ | ૧૧ |
| ૧૩ જૈન મંત્રવાદ તથા અધ્યાત્મ | ૧૪૫ થી ૧૫૪ | ૧૦ |
| ૧૪ જૈનધર્મ–તાત્ત્વિક નિબંધો | ૧૫૫ થી ૨૧૦ | ૫૬ |
| ૧૫ જૈન ટીકાસાહિત્ય | ૨૧૧ થી ૨૧૬ | ૬ |
| ૧૬ જૈન સંકલન–સંપાદન | ૨૧૭ થી ૨૨૩ | ૭ |
| ૧૭ જૈન ધર્મપરિચય | ૨૨૪ થી ૨૩૦ | ૭ |
| ૧૮ જૈન કથાઓ | ૨૩૧ થી ૩૫૭ | ૧૨૭ |
| ૧૯ જૈન પ્રકીર્ણ | ૩૫૮ થી ૩૬૫ | ૮ |
| | કુલ | ૩૬૫ |

આમાંનાં ૧૪૪ પુસ્તકો સર્વોપયોગી છે અને ૨૨૧ પુસ્તકો જૈનધર્મને લગતાં છે.

# વર્ગીકૃત યાદી

## ૧–ચરિત્રો

૧ વિશ્વવંદ્ય પ્રભુ મહાવીર (૧,૧૧,૦૦૦ નકલો)
૨ વીર વિઠ્ઠલભાઈ (પ્ર. ચરોત્તર એજ્યુ. સોસાયટી)
૩ મહારાજા સયાજીરાવ ગાયકવાડ (૨,૦૦,૦૦૦ નકલો)
૪ શ્રીમંત રાજર્ષિ સયાજીરાવ ગાયકવાડ
(પ્ર. શ્રી સયાજીવિજય પ્રેસ–વડોદરા)
૫ શ્રી પાદલિપ્તસૂરિ (પ્ર. જૈન કાર્યાલય–ભાવનગર)
આ ગ્રંથમાં ઐતિહાસિક નોંધો સામેલ છે.
૬ શ્રીરામ (વિદ્યાર્થી વાચનમાલા શ્રેણી પહેલી)
૭ શ્રીકૃષ્ણ ,,
૮ ભગવાન બુદ્ધ ,,
૯ ભગવાન મહાવીર ,,
૧૦ વીર હનુમાન ,,
૧૧ સતી દમયંતી ,,
૧૨ ચક્રવર્તી ચંદ્રગુપ્ત ,,
૧૩ રાજા ભર્તૃહરિ ,,

૧૪ ભક્ત સુરદાસ ,,
૧૫ નરસિંહ મહેતા ,,
૧૬ મીરાંબાઈ ,,
૧૭ લોકમાન્ય ટિળક ,,
૧૮ આદ્યકવિ વાલ્મીકિ (વિદ્યાર્થી વાચનમાલા શ્રેણી બીજી)
૧૯ મહર્ષિ અગસ્ત્ય ,,
૨૦ દાનેશ્વરી કર્ણ ,,
૨૧ મહારથી અર્જુન ,,
૨૨ વીર અભિમન્યુ ,,
૨૩ પિતૃભક્ત શ્રવણ ,,
૨૪ ચેલૈયો ,,
૨૫ મહાત્મા તુલસીદાસ ,,
૨૬ શ્રી રામકૃષ્ણ પરમહંસ ,,
૨૭ સ્વામી વિવેકાનંદ ,,
૨૮ સ્વામી રામતીર્થ ,,
૨૯ શ્રીમદ્ રાજચંદ્ર ,,
૩૦ પં. મદનમોહન માલવિય ,,
૩૧ મહામુનિ વસિષ્ઠ (વિદ્યાર્થી વાચનમાલા શ્રેણી ત્રીજી)
૩૨ દ્રૌપદી ,,
૩૩ વીર વિક્રમ ,,
૩૪ રાજા ભોજ ,,
૩૫ મહાકવિ કાલિદાસ ,,
૩૬ વીર દુર્ગાદાસ ,,
૩૭ મહારાણા પ્રતાપ ,,

૩૮ સિકીમનો સપૂત ,,
૩૯ દાનવીર જગડૂ ,,
૪૦ સિદ્ધરાજ જયસિંહ ,,
૪૧ જગત શેઠ ,,
૪૨ વીર વિઠ્ઠલભાઈ ,,
૪૩ શ્રી એની બેસન્ટ ,,
૪૪ શ્રી ગજાનન (વિદ્યાર્થી વાચનમાલા શ્રેણી ચોથી)
૪૫ શ્રી કાર્તિકેય સ્વામી ,,
૪૬ શ્રી હર્ષ ,,
૪૭ રસકવિ જગન્નાથ ,,
૪૮ ભક્ત નામદેવ ,,
૪૯ છત્રપતિ શિવાજી ,,
૫૦ સમર્થ સ્વામી રામદાસ ,,
૫૧ ગુરુ નાનક ,,
૫૨ મહાત્મા કબીર ,,
૫૩ ગૌરાંગ મહાપ્રભુ ,,
૫૪ શ્રી ત્રિભુવનદાસ ગજ્જર ,,
૫૫ શ્રી વિજયધર્મસૂરિ ,,
૫૬ બાબુ રાજેન્દ્રપ્રસાદ ,,
૫૭ મહારાજા કુમારપાલ (વિદ્યાર્થી વાચનમાલા શ્રેણી પાંચમી)
૫૮ રણજિતસિંહ ,,
૫૯ શ્રી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર ,,
૬૦ મહાદેવ ગોવિંદ રાનડે ,,
૬૧ દાદાભાઈ નવરોજી ,,

૬૨ શ્રી ગોપાલકૃષ્ણ ગોખલે ,,
૬૩ શ્રી જવાહર નહેરુ ,,
૬૪ શ્રી સુભાષચંદ્ર બોઝ ,,
૬૫ તારામંડલ (શહીદોના લઘુ ચરિત્ર) ,,
૬૬ મહાદેવી સીતા (વિદ્યાર્થી વાચનમાલા શ્રેણી છઠ્ઠી)
૬૭ કર્મદેવી અને મેવાડની વીરાંગનાઓ ,,
૬૮ સર ટી. માધવરાવ ,,
૬૯ ઝંડુ ભટ્ટજી ,,
૭૦ સ્વ. હાજીમહમ્મદ (વિદ્યાર્થી વાચનમાલા શ્રેણી સાતમી)
૭૧ વીર લધાભા ,,
૭૨ શ્રી ઋષભદેવ ,,
૭૩ વીર કુણાલ ,,
૭૪ મહામંત્રી મુંજાલ ,,
૭૫ શ્રી જયકૃષ્ણભાઈ ,,
૭૬ શ્રી સયાજીરાવ ગાયકવાડ ,,
૭૭ મહાવીરપ્રસાદ દ્વિવેદી ,,
૭૮ મહાકવિ નાનાલાલ ,,
૭૯ અબ્દુલ ગફારખાન ,,
૮૦ સોરઠી સંતો ,,
૮૧ કવિ નર્મદ (વિદ્યાર્થી વાચનમાલા શ્રેણી આઠમી)
૮૨ જમશેદજી તાતા ,,
૮૩ પં. વિષ્ણુ દિગંબર (વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી નવમી)
૮૪ વિમલશાહ (પ્ર. સયાજી બાલ સાહિત્યમાલા)
૮૫ વસ્તુપાલ તેજપાલ ,,

બાળગ્રંથાવલીમાં પ્રસિદ્ધ થયેલ છેલ્લાં બે ચરિત્રો કરતાં આમાં ઘણો વિસ્તાર થયેલો છે,

૮૬ શ્રી વિજયધર્મસૂરિ (પ્ર. શ્રી વિજયધર્મસૂરિ ગ્રંથમાલા)
૮૭ શ્રી વિજયાનંદસૂરિ ( પ્ર. જ્યોતિકાર્યાલય–અમદાવાદ )
૮૮ કવિકુલતિલક શતાવધાની ( પ્ર. આ. ક. લ. જૈન જ્ઞાન-મંદિર–દાદર–મુંબઈ ) મુનિરાજ શ્રી કીર્તિવિજયજી.
૮૯ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી ,,
૯૦ શાસનપ્રભાવક સૂરિદેવ પૂ. શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજીનું ચરિત્ર ,,
૯૨ શ્રી લબ્ધિજીવનપ્રકાશ ,,
પૂ. શ્રી લબ્ધિવિજય મહારાજનું વિસ્તૃત જીવનચરિત્ર.
૯૩ ગુણશ્રીગૌરવગાથા
પૂ. સાધ્વીશ્રી ગુણશ્રીજીનું જીવનચરિત્ર.
૯૪ વિદુષી સાધ્વીજી રંજનશ્રીજી જીવનપ્રકાશ.
આ ચરિત્ર શ્રી સમેતશિખર–તીર્થદર્શનમાં છપાયું છે.
૯૫ શ્રી સુભાષચંદ્ર બોઝ ( હરિપુરા–આવૃત્તિ )
૯૬ જીવન અને જાગૃતિ
શ્રી ટોકરશી લાલજી કાપડિયાનું વિસ્તૃત જીવનચરિત્ર. આ ગ્રંથનું હિંદી તથા અંગરેજી ભાષાંતર થયેલું છે.
૯૭ સૌજન્યમૂર્તિ શ્રી માવજી દામજી શાહ.
બાળગ્રંથાવાળી તથા જૈન ચરિત્રમાલામાં પણ ચરિત્ર કહી શકાય તેવી કેટલીક પુસ્તિકાઓ છે, પણ તેની ગણના જૈન કથાસાહિત્યમાં કરેલી છે.

## ૨–કિશોર કથાઓ

૯૮ કુમારોની પ્રવાસકથા (કુમાર ગ્રંથમાલા)
૯૯ જંગલકથાઓ (કુમાર ગ્રંથમાલા)
૧૦૦ સિકીમની વીરાંગના (પ્ર. જ્યોતિ કાર્યાલય અમ.)
૧૦૧ નેકીનો રાહ ,,
૧૦૨ ફૂલવાડી ,,

## ૩–સ્થાનવર્ણન(ભૌગોલિક)

૧૦૩ સૌંદર્યધામ કાશ્મીર (વિ. વાં. શ્રેણી છઠ્ઠી)
૧૦૪ દ્વારકા ,,
૧૦૫ મ્હૈસૂર ,,
૧૦૬ નેપાલ (વિં. વાં. શ્રેણી સાતમી)
૧૦૭ અમરનાથ ,,
૧૦૮ બદરી–કેદારનાથ ,,
૧૦૯ અનુપમ ઇલોરા ,,
૧૧૦ પાવાગઢ (વિ. વાં. શ્રેણી નવમી)
૧૧૧ અજંતાની ગુફાઓ ,,

## ૪–પ્રવાસવર્ણન

૧૧૨ કુદરત અને કલાધામમાં વીસ દિવસ. કાકા કાલેલકરે આ ગ્રંથની પ્રસ્તાવના લખેલી છે.
૧૧૩ અચલરાજ આબુ
૧૧૪ પાવાગઢનો પ્રવાસ

## ૫–ગણિત

૧૧૫ કોયડાસંગ્રહ–ભાગ પહેલો (પ્ર. જ્યોતિ કાર્યાલય અમ.)

૧૧૬ કોયડાસંગ્રહ–ભાગ બીજો ,,

૧૧૭ ગણિત–ચમત્કાર (પ્ર. પ્રજ્ઞાપ્રકાશનમંદિર મુંબઈ)

૧૧૮ ગણિત–રહસ્ય ,,

૧૧૯ ગણિત–સિદ્ધિ ,,

## ૬–માનસવિજ્ઞાન

૧૨૦ સ્મરણકલા

આ ગ્રંથની પ્રસ્તાવના સ્વ. સાક્ષરવર્ય શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈએ લખેલી છે. આમાં અવધાનનો વિષય પણ આવે છે. આ ગ્રંથનો હિંદી અનુવાદ પ્રકટ થયેલો છે.

૧૨૧ સંકલ્પસિદ્ધિ યાને ઉન્નતિ સાધવાની અદ્‌ભુત કલા

## ૭–સામાન્ય વિજ્ઞાન

૧૨૨ રમુજી ટૂચકા ( કુમાર ગ્રંથમાલા )

૧૨૩ આલમની અજાયબીઓ ,,

૧૨૪ વિમાની હુમલો અને તેમાંથી બચવાના ઉપાયો

## ૮–કાવ્યો

૧૨૫ જલમંદિર પાવાપુરી (ખંડકાવ્ય)

૧૨૬ અજન્તાનો યાત્રી (ખંડકાવ્ય)

આ કાવ્યનો હિંદી, સંસ્કૃત તથા અંગ્રેજી અનુવાદ થયેલો છે.

૧૨૭ પંચતંત્રસાર (દુહામાં). અપ્રસિદ્ધ છે.

## ૯—શિલ્પ–સ્થાપત્ય

૧૨૮ ઇલુરાનાં ગુફામંદિરો

શ્રી નાનાલાલ ચીમનલાલ મહેતા આઈ. સી. એસે ગ્રંથની પ્રસ્તાવના લખેલી છે. શ્રી ધીરજલાલભાઈ એ શિલ્પશાસ્ત્રના ગ્રંથો પર પ્રસ્તાવના લખેલી છે.

## ૧૦—મંત્રવિદ્યા

૧૨૯ મંત્રવિજ્ઞાન

શ્રી શાંતિકુમાર જે. ભટ્ટે આ ગ્રંથની પ્રસ્તાવના લખી છે.

૧૩૦ મંત્રચિંતામણિ

ડૉ. ચંદ્રશેખર ગોપાળજી ઠક્કુરે આ ગ્રંથની પ્રસ્તાવના લખી છે.

૧૩૧ મંત્રદિવાકર

ડૉ. રુદ્રદેવ ત્રિપાઠીએ આ ગ્રંથની પ્રસ્તાવના લખી છે. આ ત્રણેય ગ્રંથો સમસ્ત મંત્રવિદ્યાના સાર રૂપ છે અને તેમાં અનુભવજન્ય સામગ્રી પણ પીરસાયેલી છે. દરેક ગ્રંથ બીજી આવૃત્તિને પામેલો છે.

૧૩૨ જપ–ધ્યાન–રહસ્ય

આ ગ્રંથમાં જપ અને ધ્યાયની વિશદ માહિતી અપાઈ છે.

## ૧૧—યોગ

૧૩૩ આત્મદર્શનની અમોઘ વિદ્યા

યોગના પ્રકાર તથા અંગોપર વિશદ વિચારણા.

## ૧૨–નાટકો

૧૩૪ સતી નંદયંતી (ત્રિઅંકી)

૧૩૫ શ્રી શાલિભદ્ર ,,

૧૩૬ કાચા સૂતરને તાંતણે (એકાંકી)

૧૩૭ બંધન તૂટયાં (ત્રિઅંકી)

૧૩૮ હજી બાજી છે હાથમાં ,,

૧૩૯ શ્રી પાર્શ્વપ્રભાવ (દ્વિઅંકી)

આ છ નાટકો ભજવાઈ ગયાં છે, પણ પુસ્તકાકારે પ્રગટ થયાં નથી.

૧૪૦ ધન્ય શ્રીપાલ–મયણા

આ નાટક હજી ભજવાયું નથી કે પુસ્તકકારે પ્રસિદ્ધ થયું નથી.

૧૪૧ માવજીભાઈની મુંઝવણ

પ્રહસન. ભજવાઈ ગયું છે.

૧૪૨ કારમી કસોટી (ત્રિઅંકી)

૧૪૩ જાગી જીવનમાં જ્યોત ,,

૧૪૪ આખરે આશા ફળી ,,

આ ત્રણ નાટકો પણ ભજવાઈ ગયાં છે.

## ૧૩–જૈન મંત્રવાદ તથા અધ્યાત્મ

૧૪૫ નમસ્કારમંત્રસિદ્ધિ

ચોથી આવૃત્તિ ચાલે છે.

૧૪૬ મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર યાને જૈન મંત્રવાદની જયગાથા. બીજી પછી આવૃત્તિ અપ્રાપ્ય બનેલ છે.

૧૪૭ હ્રીંકારકલ્પતરુ
શ્રી જિનપ્રભસૂરિકૃત લઘુ હ્રીંકારકલ્પ અને તે પરનું વિવેચન પણ આ ગ્રંથમાં અપાયેલ છે. હાલ અપ્રાપ્ય છે.

૧૪૮ ભક્તામર–રહસ્ય.
ભક્તામરને લગતી વિપુલ માહિતી આ ગ્રંથમાં અપાયેલી છે. હાલ અપ્રાપ્ય છે.

૧૪૯ શ્રી ઋષિમંડલ આરાધના. બીજી આવૃત્તિ ચાલે છે.

૧૫૦ શ્રી પાર્શ્વ–પદ્માવતી આરાધના.
ત્રીજી આવૃત્તિ ચાલે છે.

૧૫૧ સિદ્ધિદાયક સિદ્ધચક્ર

૧૫૨ સામાયિક વિજ્ઞાન

૧૫૩ લોગસ્સ મહાસૂત્ર યાને જૈન ધર્મનો ભક્તિવાદ

૧૫૪ અર્હં મંત્રોપાસના યાને સકલ મનોરથસિદ્ધિ

## ૧૪–જૈનધર્મ–તાત્ત્વિક નિબંધો

| | |
|---|---|
| ૧૫૫ ત્રણ મહાન તકો | (ધર્મબોધ ગ્રંથમાલા) |
| ૧૫૬ સફળતાની સીડી | ,, |
| ૧૫૭ સાચું અને ખોટું | ,, |
| ૧૫૮ આદર્શ દેવ | ,, |
| ૧૫૯ ગુરુદર્શન | ,, |
| ૧૬૦ ધર્મામૃત | ,, |
| ૧૬૧ શ્રદ્ધા અને શક્તિ | ,, |
| ૧૬૨ જ્ઞાનોપાસના | ,, |

| | |
|---|---|
| ૧૬૩ ચારિત્રવિચાર | (ધર્મબોધ ગ્રંથમાલા) |
| ૧૬૪ દેતાં શીખો | ,, |
| ૧૬૫ શીલ અને સૌભાગ્ય | ,, |
| ૧૬૬ તપનાં તેજ | ,, |
| ૧૬૭ ભાવનાસૃષ્ટિ | ,, |
| ૧૬૮ પાપનો પ્રવાહ | ,, |
| ૧૬૯ બે ઘડી યોગ | ,, |
| ૧૭૦ મનનું મારણ | ,, |
| ૧૭૧ પ્રાર્થના અને પૂજા | ,, |
| ૧૭૨ ભક્ષ્યાભક્ષ્ય | ,, |
| ૧૭૩ જીવનવ્યવહાર | ,, |
| ૧૭૪ દિનચર્યા | ,, |
| ૧૭૫ જીવનનું ધ્યેય | (જૈન શિક્ષાવલી શ્રેણી પહેલી) |
| ૧૭૬ પરમપદનાં સાધનો | ,, |
| ૧૭૭ ઇષ્ટદેવની ઉપાસના | ,, |
| ૧૭૮ સદ્‌ગુરુસેવા | ,, |
| ૧૭૯ આદર્શ ગૃહસ્થ | ,, |
| ૧૮૦ આદર્શ સાધુ | ,, |
| ૧૮૧ નિયમો શા માટે? | ,, |
| ૧૮૨ તપની મહત્તા | ,, |
| ૧૮૩ મંત્રસાધના | ,, |
| ૧૮૪ યોગાભ્યાસ | ,, |
| ૧૮૫ વિશ્વશાંતિ | ,, |
| ૧૮૬ સફલતાનાં સૂત્રો | ,, |

૧૮૭ સારું તે મારું (જૈન શિક્ષાવલી શ્રેણી બીજી)
૧૮૮ દાનની દિશા ,,
૧૮૯ નયવિચાર ,,
૧૯૦ સામાયિકની સુંદરતા ,,
૧૯૧ મહામંત્ર નમસ્કાર ,,
૧૯૨ કેટલાક યંત્રો ,,
૧૯૩ આયંબિલ–રહસ્ય ,,
૧૯૪ ભાવના ભવનાશિની (જૈન શિક્ષાવલી શ્રેણી ત્રીજી)
૧૯૫ સમ્યક્ત્વસુધા ,,
૧૯૬ શક્તિનો સ્રોત ,,
૧૯૭ અહિંસાની ઓળખાણ ,,
૧૯૮ જીવનઘડતર ,,
૧૯૯ પ્રાર્થનાનું રહસ્ય ,,
૨૦૦ પ્રતિક્રમણનું રહસ્ય ,,
૨૦૧ ઉવસગ્ગહરંસ્તોત્ર ,,
૨૦૨ તંત્રોનું તારણ ,,
૨૦૩ સાધર્મિક વાત્સલ્ય ,,
૨૦૪ જૈન પર્વો ,,
૨૦૫ શ્રી સમેતશિખર–તીર્થદર્શન ,,

આ ગ્રંથ શ્રી સમેતશિખર જીર્ણોદ્ધાર સમિતિએ પ્રકટ કરેલો છે.

૨૦૬ જિનોપાસના

આ ગ્રંથમાં જિનભક્તિનું રહસ્ય અનેક દાખલા દલીલોથી સમજાવવામાં આવ્યું છે.

૨૦૭ ઉપધાન–રહસ્ય

૨૦૮ ઉપધાન–સ્વરૂપ

૨૦૯ ઉપધાન–ચિંતન

૨૧૦ જૈન શ્રમણ

જૈન સાધુનો સર્વાંગી પરિચય આપતો નિબંધ.

## ૧૫–જૈનધર્મ–ટીકા સાહિત્ય

૨૧૧ શ્રી પ્રતિક્રમણસૂત્ર–પ્રબોધટીકા ભાગ પહેલો (આ.પહેલી)

૨૧૨ ,, ભાગ બીજો ,,

૨૧૩ ,, ભાગ ત્રીજો ,,

આ ટીકા અષ્ટાંગ વિવરણમયી છે. તે જૈન સાહિત્ય વિકાસમંડલ વીલેપારલે–મુંબઈ તરફથી પ્રકટ થયેલી છે. હાલ તે અપ્રાપ્ય છે.

૨૧૪ પ્રબોધટીકાનુસારી પંચપ્રતિક્રમણસૂત્ર

શબ્દાર્થ, અર્થસંકલના તથા સૂત્રપરિચય સાથે.

૨૧૫ જીવવિચારપ્રકાશિકા યાને જૈન ધર્મનું પ્રાણીવિજ્ઞાન.

આ ગ્રંથમાં જીવવિચારપ્રકરણ પર વિસ્તૃત વિવેચન છે.

૨૧૬ નવતત્ત્વદીપિકા યાને જૈન ધર્મનું અદ્દભુત તત્ત્વજ્ઞાન.

આ ગ્રંથમાં નવતત્ત્વપ્રકરણ પર વિસ્તૃત વિવેચન છે.

## ૧૬ જૈન ધર્મ–સંકલન–સંપાદન

૨૧૭ શ્રીવીરવચનામૃત

ભગવાન મહાવીરનાં ૧૦૦૮ મૂળ વચનો તેના ગુજરાતી અનુવાદ સાથે અપાયેલાં છે. આ ગ્રંથનો હિન્દી તથા અંગરેજી અનુવાદ થયેલો છે.

૨૧૮ આત્મતત્ત્વવિચાર–ભાગ પહેલો

આ ગ્રંથમાં શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના વ્યાખ્યાનોનું સંકલન તથા સંપાદન કરવામાં આવ્યું છે.

૨૧૯ આત્મતત્ત્વવિચાર–ભાગ બીજો

૨૨૦ નમસ્કાર મહામંત્ર

શ્રી હરિસત્ય ભટ્ટાચાર્યના અંગ્રેજી નિબંધનો ગુજરાતી અનુવાદ થયેલો છે, તે સંપાદિત કરવામાં આવ્યો છે.

૨૨૧ જિનેન્દ્ર કાવ્યસંગ્રહ–ભાગ પહેલો

૨૨૨ જિનેન્દ્ર કાવ્યસંગ્રહ–ભાગ બીજો

આ બંને પુસ્તકોનું પ્રકાશન જૈન ધાર્મિક શિક્ષણ-સંઘ મુંબઈ તરફથી થયેલું છે.

૨૨૩ શ્રી ગોડી પાર્શ્વનાથ સાર્ધશતાબ્દી ગ્રંથ.

આમાં ઊંડા સંશોધનપૂર્વક મુંબઈના શ્રી ગોડી પાર્શ્વ-નાથ જૈન મંદિરનો ઇતિહાસ આલેખવામાં આવ્યો છે તથા કેટલીક મહત્ત્વપૂર્ણ કૃતિઓ–લેખો વગેરે પણ અપાયા છે.

## ૧૭–જૈન ધર્મપરિચય

૨૨૪ જૈન ધર્મસાર

આ દળદાર ગ્રંથનો હિંદી અનુવાદ તથા તેનો અંગ્રેજી અનુવાદ પ્રકટ થયેલો છે; પણ તેનું મૂળ ગુજરાતી લખાણ પ્રકટ થયેલું નથી.

૨૨૫ જૈન ધર્મપરિચય–ભાગ પહેલો

૨૨૬ જૈન ધર્મપરિચય–ભાગ બીજો

૨૨૭ જૈન તત્ત્વપ્રવેશક ગ્રંથમાલા–ભાગ બીજો

૨૨૮ ધાર્મિક પ્રશ્નોત્તરી–ભાગ પહેલો
૨૨૯ ધાર્મિક પ્રશ્નોત્તરી–ભાગ બીજો
૨૩૦ ધાર્મિક પ્રશ્નોત્તરી–ભાગ ત્રીજો

આ ત્રણે ભાગ જૈન ધાર્મિક શિક્ષણસંઘ મુંબઈ તરફથી પ્રકટ થયેલ છે અને પાઠ્ય પુસ્તક તરીકે ચાલે છે.

## ૧૮–જૈન કથાઓ

| | |
|---|---|
| ૨૩૧ શ્રી રીખવદેવ | ( બાલગ્રંથાવલી શ્રેણી પહેલી ) |
| ૨૩૨ નેમ–રાજુલ | ,, |
| ૨૩૩ શ્રી પાર્શ્વનાથ | ,, |
| ૨૩૪ પ્રભુ મહાવીર | ,, |
| ૨૩૫ વીર ધન્નો | ,, |
| ૨૩૬ મહાત્મા દૃઢપ્રહારી | ,, |
| ૨૩૭ અભયકુમાર | ,, |
| ૨૩૮ રાણી ચેલ્લણા | ,, |
| ૨૩૯ ચંદનબાલા | ,, |
| ૨૪૦ ઈલાચીકુમાર | ,, |
| ૨૪૧ જંબૂસ્વામી | ,, |
| ૨૪૨ અમરકુમાર | ,, |
| ૨૪૩ શ્રીપાલ | ,, |
| ૨૪૪ મહારાજા કુમારપાલ | ,, |
| ૨૪૫ પેથડકુમાર | ,, |
| ૨૪૬ વિમલશાહ | ,, |
| ૨૪૭ વસ્તુપાલ–તેજપાલ | ,, |

૨૪૮ ખેમો દેદરાણી (બાલગ્રંથાવલી શ્રેણી પહેલી)
૨૪૯ જગડૂશાહ ,,
૨૫૦ ધર્મ માટે પ્રાણ આપનાર મહાત્માઓ ,,
૨૫૧ અર્જુનમાલી (બાલગ્રંથાવલી શ્રેણી બીજી)
૨૫૨ ચક્રવર્તી સનત્ કુમાર ,,
૨૫૩ ગણધર શ્રી ગૌતમસ્વામી ,,
૨૫૪ આર્દ્રકુમાર ,,
૨૫૫ મહારાજા શ્રેણિક ,,
૨૫૬ મહાસતી અંજના ,,
૨૫૭ રાજર્ષિ પ્રસન્નચંદ્ર ,,
૨૫૮ મયણરેહા ,,
૨૫૯ ચંદન–મલયાગિરિ ,,
૨૬૦ કાન કઠિયારો ,,
૨૬૧ મુનિશ્રી હરિકેશી ,,
૨૬૨ કપિલ મુનિ ,,
૨૬૩ સેવામૂર્તિ નંદિષેણ ,,
૨૬૪ શ્રી સ્થૂલભદ્ર ,,
૨૬૫ મહારાજા સંપ્રતિ ,,
૨૬૬ પ્રભુ મહાવીરના દશ શ્રાવકો ,,
૨૬૭ સ્વાધ્યાય ,,

આ પુસ્તક કથાનું નથી, પણ ભગવાનના કેટલાંક વચનોને રજૂ કરનારું છે; પરંતુ શ્રેણીનો ક્રમ જળવાઈ રહે તે માટે આમાં મૂકેલું છે.

૨૬૮ શ્રી ભદ્રબાહુ સ્વામી (બાલગ્રંથાવલી શ્રેણી ત્રીજી)
૨૬૯ શ્રી હરિભદ્રસૂરિ ,,
૨૭૦ શ્રી બપ્પભટ્ટિસૂરિ ,,
૨૭૧ શ્રી હીરવિજયસૂરિ ,,
૨૭૨ મહાસતી સીતા ,,
૨૭૩ મૃગાવતી ,,
૨૭૪ સતી નંદયંતી ,,
૨૭૫ ધન્ય અહિંસા ,,
૨૭૬ સત્યનો જય ,,
૨૭૭ અસ્તેયનો મહિમા ,,
૨૭૮ સાચો શણગાર શીલ ,,
૨૭૯ સુખની ચાવી યાને સંતોષ ,,
૨૮૦ જૈન તીર્થોનો ટૂંક પરિચય ભાગ પહેલો ,,
૨૮૧ જૈન તીર્થોનો ટૂંક પરિચય ભાગ બીજો ,,
૨૮૨ જૈન સાહિત્યની ડાયરી ,,

છેલ્લાં ત્રણ પુસ્તકો કથાનાં નહિ હોવા છતાં શ્રેણી-બદ્ધ હોવાથી તેમનો નિર્દેશ અહીં કરાયો છે.

૨૮૩ જાવડશા (બાલગ્રંથાવલી શ્રેણી ચોથી)
૨૮૪ કોચરશા ,,
૨૮૫ ધન્ય એ ટેક ,,
૨૮૬ મણિનાં મૂલ ,,
૨૮૭ કલાધર કોકાશ ,,
૨૮૮ જિનમતી ,,
૨૮૯ રાજર્ષિ કરકંડુ ,,

૨૯૦ અનંગસુંદરી (બાલગ્રંથાવલી શ્રેણી ચોથી)
૨૯૧ નર્મદાસુંદરી ,,
૨૯૨ અષાડાભૂતિ ,,
૨૯૩ અચ્ચંકારિભટ્ટા ,,
૨૯૪ વિષ્ણુકુમાર ,,
૨૯૫ કાલિકાચાર્ય ,,
૨૯૬ શ્રી પાદલિપ્તાચાર્ય ,,
૨૯૭ જીવવિચાર–પ્રકાશિકા ,,
જીવવિચાર પરની ટૂંક નોંધ શ્રેણિબદ્ધ હોવાથી અહીં અપાયેલી છે.
૨૯૮ સાધર્મિકનાં સ્નેહઝરણાં ,,
૨૯૯ શ્રીમલ્લિનાથ (બાલગ્રંથાવલી શ્રેણી પાંચમી)
૩૦૦ મહાકવિ ધનપાલ ,,
૩૦૧ સુરાચાર્ય ,,
૩૦૨ મહિયારી લીલાવતી ,,
૩૦૩ લલિતાંગકુમાર ,,
૩૦૪ ચંપકશેઠ ,,
૩૦૫ તરંગવતી–ભાગ પહેલો ,,
૩૦૬ તરંગવતી–ભાગ બીજો ,,
૩૦૭ રોહક અને વિનયચંદ્ર ,,
૩૦૮ હાથે તે સાથે ,,
૩૦૯ કામલક્ષ્મી ,,
૩૧૦ મહાત્માનો મેલાપ ,,
૩૧૧ મન જીતવાનો માર્ગ ,,

૩૧૨ સિદ્ધિદાયક સિદ્ધચક્ર (બાલગ્રંથાવલી શ્રેણી પાંચમી)
૩૧૩ સિદ્ધર્ષિગણિ ,,
૩૧૪ છ ધર્મકથાઓ ,,
૩૧૫ મુનિ અર્હન્નક ,,
૩૧૬ સતી કલાવતી (બાલગ્રંથાવલી શ્રેણી છઠ્ઠી)
૩૧૭ સુદર્શન શેઠ ,,
૩૧૮ કુમાર મંગલકલશ ,,
૩૧૯ ચક્રવર્તી બ્રહ્મદત્ત ,,
૩૨૦ શ્રીશાલિભદ્ર ,,
૩૨૧ શ્રીવીરસૂરિ ,,
૩૨૨ ધર્મવીર કર્માશાહ ,,
૩૨૩ શ્રીવાદિદેવસૂરિ ,,
૩૨૪ મંત્રીશ્રી કર્મચંદ્ર ,,
૩૨૫ વીર દયાલશાહ ,,
૩૨૬ શ્રી માનતુંગસૂરિ ,,
૩૨૭ વ્યાપારી રત્નચૂડ ,,
૩૨૮ શ્રી જિનપ્રભસૂરિ ,,
૩૨૯ સહસ્રમલ ,,
૩૩૦ કુમાર કર્મરક્ષિત ,,
૩૩૧ ચંપકમાલા ,,
૩૩૨ દાનવીર રત્નપાળ ,,
૩૩૩ સાચાં મોતી ,,

ધર્મ તથા નીતિને લગતા દુહાઓ.

| | |
|---|---|
| ૩૩૪ શ્રી આદિનાથ | (જૈન ચરિત્રમાલા) |
| ૩૩૫ શ્રી મલ્લિનાથ | ,, |
| ૩૩૬ શ્રી અરિષ્ટનેમિ | ,, |
| ૩૩૭ પ્રભુ પાર્શ્વનાથ | ,, |
| ૩૩૮ શ્રમણ ભગવાન મહાવીર | ,, |
| ૩૩૯ ભરતેશ્વર | ,, |
| ૩૪૦ ચક્રી સનત્‌કુમાર | ,, |
| ૩૪૧ મગધરાજ શ્રેણિક | ,, |
| ૩૪૨ સતી સીતા | ,, |
| ૩૪૩ દ્રૌપદી | ,, |
| ૩૪૪ સતી દમયંતી | ,, |
| ૩૪૫ સતી ચંદનબાલા | ,, |
| ૩૪૬ અનાથી મુનિ | ,, |
| ૩૪૭ મહર્ષિ કપિલ | ,, |
| ૩૪૮ મુનિશ્રી હરિકેશ બલ | ,, |
| ૩૪૯ નમિરાજ | ,, |
| ૩૫૦ દશ ઉપાસકો | ,, |
| ૩૫૧ શેઠ સુદર્શન | ,, |
| ૩૫૨ મંત્રનો મહિમા | ,, |
| ૩૫૩ વીતરાગની વાણી | ,, |

આ ચરિત્રમાળાનાં થોડાં નામો બાલગ્રંથાવળીનાં પુસ્તકોને મળતાં છે, પણ તે જુદી રીતે લખાયેલાં છે.

| | |
|---|---|
| ૩૫૪ રતિસુંદરી | (પ્ર. જૈન ધર્મપ્રસારક સભા) |

૩૫૫ ઋષિદત્તા ,,
૩૫૬ કલાવતી ,,
૩૫૭ સતી સુભદ્રા ,,

આ ચાર કથાઓ પણ પૂર્વના કરતાં જુદી રીતે લખાયેલી છે.

## ૧૯—જૈન—પ્રકીર્ણ

૩૫૮ રાજનગર સાધુસંમેલન (પ્ર. જ્યોતિ કાર્યાલય—અમ,)
૩૫૯ જૈનોની શિક્ષણસમસ્યા ,,
૩૬૦ તપવિચાર

પ્રભાવના માટે ખાસ લખાયેલું હતું.

૩૬૧ જિનશાસનની જયપતાકા—ભાગ પહેલો. પ. પૂ. આ. શ્રી વિજય જંબૂસૂરીશ્વરજીનો વિહાર તથા બીજાપુરથી કુલ્પાકજીનો સંઘ નીકળ્યો તેનું વર્ણન છે.

૩૬૨ જિનશાસનની જયપતાકા—ભાગ બીજો

ત્યાંથી આગળના વિહારનું આમાં વર્ણન છે.

૩૬૩ દક્ષિણમાં દિવ્ય પ્રકાશ

પ. પૂ. આ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજીએ દક્ષિણ દેશમાં વિહાર કરી જે જે કાર્યો કર્યાં, તેનો આ સચિત્ર દળદાર ગ્રંથ છે.

૩૬૪ શ્રી ભુવનવિહારદર્પણ

પૂ. આ. શ્રી વિજયભુવનસૂરિજીના વિહારનું વર્ણન છે.

૩૬૫ છાત્રાલયો અને છાત્રવૃત્તિઓ

આ ગ્રંથ શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ તરફથી પ્રસિદ્ધ થયેલો છે.

## પ્રશસ્તિ

### शुभेच्छा-सन्देशः

साहित्योदधिचन्द्रको गणितविद् मन्त्रे च तन्त्रे बुधः,
चित्रे योगकलाऽवधानकुशलो मान्यो हि विद्वद्गणैः ।
वाग्देवीप्रतिपन्नपुत्रसदृशः स्थानेऽत्र सन्मान्यते,
दीर्घायुर्भवतात् सदा विजयतां "धैर्याभिधः पण्डितः" ॥१॥

यो विज्ञो विबुधादिमानितमतिः प्रज्ञाप्रकाशे पटुः,
योग्यान् यो मतिवैभवाद् रचितवान् ग्रन्थान् बहून् सिद्धिदान् ।
धीमान् धैर्यगुणोज्वलो विविधवाग्मन्त्रादिसिद्धौ क्षमः,
दीर्घायुर्भवतात् सदा विजयतां "धैर्याभिधः पण्डितः' ॥२॥

बडौदा स्व. पं. लालचन्द्र भगवान् गांधी
(निवृत्त जैन पण्डित-बडौदा राज्य)

# પ્રશસ્તિ

[ ગુજરાતી ]

( ૧ )

" શ્રી ધીરજલાલભાઈની સિદ્ધિઓ માટે ગુજરાત ગૌરવ લઈ શકે એમ છે. મેં ગણિતસિદ્ધિનું સમર્પણ એટલા માટે જ સ્વીકાર્યું કે એ નિમિત્તે હું તેમના પ્રત્યેનો સદ્‌ભાવ વ્યક્ત કરી શકું."

**માનનીય શ્રી મોરારજી દેશાઇ**

ભારતના વડા નાયબ પ્રધાન

( ૨ )

" ગણિતમાં અપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે તથા તેને લગતા સુંદર ગ્રંથો તૈયાર કરવા માટે હું શ્રી ધીરજલાલ શાહને ધન્યવાદ અર્પું છું."

**માનનીય શ્રી હિતેન્દ્ર દેશાઇ**

ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી

( ૩ )

" તમારી સાધના અને સાહિત્ય ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ

થઈ રહી છે, તેથી અમને સૌને ઘણો આનંદ થાય છે અને તે માટે તમારા પુરુષાર્થને જેટલા અભિનંદન આપું તેટલાં ઓછાં છે.”

**પદ્મશ્રી ઇન્દુમતીબેન ચીમનલાલ શેઠ**
**અમદાવાદ**

(૪)

“શ્રી ધીરજલાલ શાહના ગણિતસિદ્ધિના પ્રયોગો જોઈને હું ખરેખર। પ્રભાવિત થયો છું.”

**—શ્રી ફત્તેહસિંહરાવ ગાયકવાડ**

(૫)

“પંડિત શ્રી ધીરજલાલ શાહનો કાર્યક્રમ મેં જોયો છે. તે આશ્ચર્ય અને આદર ઉત્પન્ન કરે એવો છે.”

**શ્રી બાબુભાઇ જ. પટેલ**
મંત્રીશ્રી જાહેર બાંધકામ, વિદ્યુત્ અને
નાગરિક પુરવઠો—ગુજરાત રાજ્ય

(૬)

“તમારી અદ્ભુત ધારણાશક્તિનો જ નહિ પણ તેમાંથી લોકોને મનોરંજન પણ સંસ્કારી રીતે મળી રહે તેવી તમારી કલાત્મક રજુઆત માટે ખરા હૃદયના અભિનંદન પાઠવું છું.”

**શ્રી અમૃતલાલ યાજ્ઞિક**
પ્રિન્સીપાલ, મીઠીબાઈ કૉલેજ ઓફ આર્ટસ્
વિલેપાર્લે, મુંબઇ

( ૭ )

"ગણિતની જે સિદ્ધિ તમે મેળવી છે, તે વિરલ અને આશ્ચર્યકારક છે, અને એ સિદ્ધિના પ્રયોગો તમે આજન્મ કલાકારની કુશળતાપૂર્વક, વિવિધ અને રોચક રીતે રજૂ કરો છો. આવી અદ્ભુત સિદ્ધિ માટે હું તમને અંતઃકરણપૂર્વક અભિનંદન આપું છું. તમારી આ સિદ્ધિ માત્ર ગુજરાતમાં કે ભારતમાં જ નહિ, પણ વિદેશોમાં પણ તમને ગૌરવપ્રદ બનો !"

**પ્રા. શ્રી મનસુખલાલ ઝવેરી**

( ૮ )

"આપના પ્રયોગોનો કાર્યક્રમ જોઈ અદ્ભૂત આનંદ થયો હતો. અમે બધા મિત્રો એ વિશે 'અદ્ભૂત' એ એક જ વિશેષણ વાપરી શકતા હતા. ગણિત ઉપરનું આપનું પ્રભુત્વ અને લોકોને ચમત્કારમય બનાવી દેવાની આપની આવડતથી ખરેખર મુગ્ધ બન્યો છું.

**શ્રી ગુલાબદાસ બ્રોકર**
સુપ્રસિદ્ધ લેખક અને સાહિત્યકાર

( ૯ )

"વિદ્યા અને વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રોમાં આપની અદ્ભુત સિદ્ધિઓ સાથે આપનું વિનમ્ર અને સંસ્કારી વ્યક્તિત્વ સુવર્ણમાં સુવાસ પ્રસરાવે છે."

**શ્રી વિષ્ણુકુમાર પંડ્યા**
બ્રીટીશ ઈન્ફરમેશન સર્વિસીઝના તંત્રી, ગુજરાત વિભાગ

( ૧૦ )

તા. ૨૯–૯–૬૮ ના રોજ તમોએ ગણિતસિદ્ધિ તથા સ્મરણ–શક્તિના જે પ્રયોગો રજૂ કર્યા, તે સઘળા મને રસિક તથા નવાઈ પમાડે એવા જણાયા હતા.

તમે જે વિદ્યા પ્રાપ્ત કરી છે, તેનો ઉત્તરોત્તર વિકાસ થતો રહે, એ માટે સમાજે ઉત્તેજન આપવું જોઈએ, એમ મારું નમ્ર માનવું છે.

**મીનુ દેસાઈ**
તંત્રીશ્રી મુંબઈ સમાચાર

( ૧૧ )

શ્રી શાહ દ્વારા ભારતીય સંસ્કૃતિનો પ્રસાર તેના ગૌરવસહ સેંકડો વર્ષ સુધી થતો રહે, એ જ ઈશ્વરને પ્રાર્થના છે.

**ડો. બ્રહ્મમિત્ર અવસ્થી**
એમ. એ. પીએચ. ડી.
સાંખ્ય–યોગાચાર્ય

ઇન્દુ પ્રકાશન
રૂપનગર, દિલ્હી–૭

( ૧૨ )

પરમ પિતા પરમાત્માને પ્રાર્થના છે કે તેઓ શ્રી ધીરજલાલ શાહને દીર્ઘાયુ તથા ઉત્તમ સ્વાસ્થ્ય આપે, જેથી તેઓ ભારતવર્ષમાં સદાચાર–સત્સાહિત્યના પ્રચારમાં અધિકથી અધિક ફાળો આપી શકે.

**ડો. રામપ્રતાપ**
વેદાલંકાર, એમ. એ., પીએચ. ડી.
જમ્મુ–કાશ્મીર વિદ્યાલય

૧૭૩, રઘુનાથ પુરા
જમ્મૂ તવી.
( કાશ્મીર )

( ૧૩ )

ભારતના અતીતકાલીન ચમત્કારપૂર્ણ અધ્યાયના શ્રી ગણેશમાં શતાવધાની પં. શ્રી ધીરજલાલ શાહનો ફાળો અવશ્ય છે.

જીવાગંજ, જનકપુરા **પં. મદનલાલ જોશી**
**મંદસૌર** ( મ. પ્ર. ) શાસ્ત્રી, સાહિત્યરત્ન

( ૧૪ )

શ્રી ધીરજલાલ શાહની સાહિત્યસેવાએ મને ઘણી પ્રેરણા આપી છે અને તેથી પ્રભાવિત થઈને માતા શારદાની એક ધાતુમૂર્તિ ભેટ સ્વરૂપ મોકલી રહ્યો છું.

શ્રી ગોરક્ષમંદિર, મૃગસ્થલી **મિત્રનાથ યોગી**
ખટમંડૂ, નેપાલ. ન્યાય-સાંખ્ય-યોગાચાર્ય

( ૧૫ )

માનનીય શાહજીએ પોતાની ઓજસ્વિની લેખનીવડે જૈન સાહિત્યના વિભન્ન ક્ષેત્રોની નોંધપાત્ર સેવા કરી છે. તેઓ પરમ જૈન, વિદ્વાન, સજ્જન, સુસંસ્કૃત અને મધુર સ્વભાવવાળા પુરુષ છે.

આત્માનંદ જૈન મહાસભા **પૃથ્વીરાજ જૈન** એમ. એ.
અંબાલા શહેર શાસ્ત્રી અને સંપાદક
હરિયાણા. વિજયાનન્દ.

( ૧૬ )

નિશ્ચિતરૂપથી શ્રી ધીરજલાલ શાહની રચનાઓ ભારતીય સાહિત્યની અમર અનામત સિદ્ધ થશે. સરલ ભાષામાં

તેમનું સાહિત્ય ઘણું લોકપ્રિય થયું છે. શ્રી શાહ પોતાની બહુમુખી પ્રતિભા તથા વિદ્વત્તાથી મા ભારતીની અધિકાધિક શ્રીવૃદ્ધિમાં સફલ થાઓ, એ જ મંગલ કામના.

મંત્રી, રાજસ્થાન સંસ્કૃત **પં. શિવકુમાર ત્રિવેદી**
વિદ્યાપીઠ, ભીલવાડા સાહિત્યરત્ન, સંપાદક 'લોકજીવન'
(રાજસ્થાન)

( ૧૭ )

શ્રી ધીરજલાલ શાહ આપણા સમાજના રત્નશિરોમણિ છે. સાહિત્યના ક્ષેત્રમાં એમણે જે સર્જન કર્યું છે, તે સેંકડો વર્ષ સુધી લોકોને પ્રેરણા આપતું રહેશે.

હિન્દી સાહિત્યમંદિર, **જિતમલ લુણિયા**
બ્રહ્મપુરી, અજમેર.

( ૧૮ )

એમાં સંદેહ નથી કે શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહની સાહિત્યસાધના પોતાના ઢંગની અનેરી છે.

કલકત્તા **શ્રીચન્દ રામપુરિયા**

( ૧૯ )

વિદ્યાવારિધિ તપઃપૂત શ્રી ધીરજલાલભાઈના દૃઢ સંકલ્પે જ્ઞાન–વિજ્ઞાનના અનેકવિધ ક્ષેત્રોને પ્રકાશવંત કર્યાં છે.

૪, મીરબહોર ઘાટ સ્ટ્રીટ, **તાજમલ બોથરા**
કલકત્તા–૭

( ૨૦ )

શ્રી ધીરજલાલ ભાઈની સાહિત્યસાધના અતિ વિસ્તૃત તથા સ્પૃહણીય છે.

**ડૉ. મંડનમિશ્ર** આચાર્ય, એમ. એ પીએચ. ડી.
શ્રી લાલબહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત
વિદ્યાપીઠ, નવી દિલ્લી–૧૬

( ૨૧ )

"શતાવધાની શ્રી ધીરજલાલ શાહે પંદર વર્ષની ઉંમરથી માંડીને આજ સુધી શ્રી સરસ્વતી દેવીની અનન્ય ભાવે ઉપાસના કરી છે. તેમના હાથે ભારતવર્ષના અનેક ધાર્મિક નરનારીઓ તથા રાષ્ટ્રનેતાઓનાં જીવનચરિત્રો લખાયાં છે, અનેક સૌંદર્યસ્થાનોના પરિચય આલેખાયા છે અને સામાજિક તથા ધાર્મિક પરિસ્થિતિની સુધારણા અંગે પણ સંખ્યાબંધ લેખો લખાયા છે. તે ઉપરાંત તેમની કલમમાંથી કેટલાંક કલામંડિત કાવ્યો પણ ઝર્યાં છે અને ગણિત, મનોવિજ્ઞાન તથા આધ્યાત્મિક ક્ષેત્રને પણ તેમની કલમની વિરલ પ્રસાદી મળી છે. ઓગણપચાસ વર્ષની ઉંમરમાં તેમના હાથે નાનાં મોટાં ૨૭૪ જેટલાં પુસ્તકો લખાઈને પ્રસિદ્ધિ પામ્યાં છે અને તેની ૧૫ લાખ જેટલી નકલોનો પ્રસાર થયો છે, એ સાહિત્યનાં ક્ષેત્રમાં જેવી તેવી સિદ્ધિ નથી.

સરસ્વતીની ઉપાસના કરનારને સુંવાળી સેજમાં સુવાનું હોતું નથી. એ માગે છે સતત પરિશ્રમ, અદમ્ય ઉત્સાહ અને અપૂર્વ સહનશીલતા. શ્રી ધીરજલાલ શાહમાં આ ત્રણેય

ગુણોનો પ્રારંભથી જ વિકાસ થયેલો હોવાથી તેઓ સાહિત્યના ખરબચડા ક્ષેત્રમાં છેવટ સુધી ટકી શક્યા અને આટલા વિશાળ સાહિત્યનું સર્જન કરવાને ભાગ્યશાળી બન્યા. આજના અનેક લેખકોને તેમનું જીવન માર્ગદર્શનરૂપ છે."

તા. ૨–૨–૫૫ **પ્રજાતંત્ર–મુંબઈ**

( ૨૨ )

શ્રી ધીરજલાલભાઈની સાહિત્ય સેવા જેટલી વિપુલ છે, તેટલીજ વૈવિધ્યભરી છે. જીવનચરિત્રો, પ્રવાસવર્ણનો, કથાઓ, કાવ્યો, વિવેચનો, શિલ્પ, સ્થાપત્ય, ધર્મ, તત્ત્વજ્ઞાન, અવધાન, યોગ, મંત્ર અનેક વિષયોને તેમનાં સાહિત્યસર્જને આવરી લીધાં છે. તેમની વિદ્વત્તા અનેકમુખી છે અને પ્રતિભા સર્વતોમુખી છે. વિદ્વાનો, તત્ત્વજ્ઞો, સામાન્ય ભણેલાઓ, સ્ત્રીઓ અને બાળકો સૌને સુરુચિપૂર્ણ વાચન મળે તેવી મૌલિક અને કથાસાહિત્યમાંથી ઉદ્ધૃત કરેલી સરળ અને રોચક શૈલિની કૃતિઓ તેમણે સમાજને આપી છે. તેમની લેખનશૈલી સાદી, મનોહર, પ્રાસાદિક અને સરિતાના વહેતા પ્રશાન્ત જળપ્રવાહ જેવી નિર્મળ છે. વિચારો વ્યક્ત કરવાની તેમની આવડત અનોખી છે. તેમનાં લખાણોમાં સૂક્ષ્મ સૌંદર્યદૃષ્ટિ, વિશદ વર્ણનશક્તિ અને ગદ્યમાં પણ સ્થળે સ્થળે કાવ્ય–મમતાનાં દર્શન થાય છે. ગુજરાતી સાહિત્યના ઉચ્ચ કક્ષાના લેખકોમાં તેમણે માનવંતુ સ્થાન પ્રાપ્ત કરેલું છે.

જુલાઈ ૧૯૫૭ **સ્વ. નાગકુમાર મકાતી**
વડોદરા. બી. એ. એલ્. એલ્. બી.

( ૨૩ )

"રા. રા. ભાઈ શ્રી ધીરજલાલ ટો. શાહે પોતાના જીવનમાં સંખ્યાબંધ સાહિત્યિક ગ્રંથોની રચના કરી છે. અવધાનના ક્ષેત્રમાં તેમણે આગવો વિકાસ સાધ્યો છે. ગણિતના ક્ષેત્રમાં તેમનું અર્પણ યશસ્વી છે. મંત્ર–તંત્રના વિષયમાં પણ વિશિષ્ટ કહી શકાય, તેવી તેમણે સાધના કરી છે. અને તેમણે બીજા પત્રકારિત્વ આદિનાં ક્ષેત્રો પણ ખેડેલાં છે. આ રીતે એમની આપણને ઘણી મોટી દેન છે."

આગમપ્રભાકર **પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ.**

( ૨૪ )

માનવીના મનને તથા તેની બુદ્ધિને ખીલવવામાં આવે, તેની સુષુપ્ત આધ્યાત્મિક શક્તિઓને જગાડવામાં આવે તો તે કેવા ચમત્કારો સર્જી શકે છે! સતત જ્ઞાનોપાસના, આત્મવિશ્વાસ, કાર્યનિષ્ઠા અને અપ્રમત્ત ભાવનો પુરુષાર્થ આ ચાર ગુણો, અનેક વિટંબનાઓથી વીંટળાએલા એક ગૃહસ્થાશ્રમ–સેવી વ્યક્તિ પાસે પણ કેવી શ્રુતોપાસના અને ચલણી નાણાં જેવા ઉપયોગી વિષયોના વિવિધ સાહિત્યનું સર્જન કરાવી, કેવો લોકોપકાર કરી શકે છે! એનું ઉદાત્ત ઉદાહરણ શ્રીયુત શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહે પૂરું પાડયું છે.

કમલના ખોળે માથું મૂકીને ઉછરેલા આ કલમજીવીએ હમણાં જે સાહિત્ય આપ્યું છે તે, અને તાજેતરના વરસોમાં

ગણિતવિદ્યાના નવ નવા પ્રસંગો દ્વારા અભિનવ પ્રસ્થાનો કરી માનવમનની ખૂબીઓનું જે દર્શન કરાવ્યું છે તે, અનોખું અને અદ્ભુત છે.

મુનિશ્રી યશોવિજયજી

( ૨૫ )

પંડિત શ્રી ધીરજલાલભાઈએ મેળવેલ સિદ્ધિઓ અપૂર્વ છે અને તે માટે દેશ ગૌરવ લઈ શકે તેમ છે.

શ્રી ગોરધનદાસ ચોખાવાલા
ગુજરાત રાજ્યના શિક્ષણ અને
નગરપાલિકાઓના મંત્રી

( ૨૬ )

પંડિતપ્રકાંડ ધીરજલાલભાઈને સાદર અંજલિ અર્પું છું અને એમની આધ્યાત્મિક ઉપાસના અખંડ રહે, એવું ચિરાયુષ અને સ્વાસ્થ્ય ઇચ્છું છું.

શાંતાક્રુઝ, મુંબઈ શ્રી રામપ્રસાદ બક્ષી

( ૨૭ )

શ્રી ધીરજલાલભાઈએ સાહિત્ય, ધર્મ, મંત્રશાસ્ત્ર આદિ ક્ષેત્રોમાં ઘણાં વર્ષો થયાં કિંમતી સેવા બજાવી છે. મારા તેઓ એક જુના મિત્ર છે. તેઓ આરોગ્યમય દીર્ઘાયુ

ભોગવે તથા પોતાના પ્રિય વિષયોની અધિકાધિક સેવા કરે, એવી શુભેચ્છા.

**શ્રી ભોગીલાલ જ. સાંડેસરા**
નિયામક–પ્રાચ્યવિદ્યામન્દિર, વડોદરા
૯–૧૦–૬૯

( ૨૮ )

વિદ્યાવિહારના સૌથી પ્રથમ અંતેવાસીઓ પૈકીના એક તરીકે શ્રી ધીરજલાલભાઈ વિદ્યાવિકાસમાં સૌ માટે અખૂટ પ્રેરણા રૂપ બન્યા છે. તેમની સિદ્ધિઓ ઉગતી પેઢીઓ માટે ઘણી પ્રેરણારૂપ બની છે. એ દિશામાં તેમની પ્રગતિ વધતી જ રહો અને જ્ઞાન તથા સંશોધનને ક્ષેત્રે એમનું પ્રદાન અત્યંત ઉજ્જવલ અને ચિરંજીવ બનો, એવી અમારા સૌની શુભેચ્છા.

**શ્રી ઝીણાભાઈ દેશાઈ (સ્નેહરશ્મિ)**
નિયામક શેઠ ચી. ન. વિદ્યાવિહાર
અમદાવાદ

( ૨૯ )

ગુજરાતી ભાષામાં મંત્રશાસ્ત્ર પરના આધારભૂત ગ્રંથોની ઘણી જ ખોટ હતી. પં. શ્રી ધીરજલાલભાઈએ 'મંત્રવિજ્ઞાન' 'મંત્રચિંતામણિ' અને મંત્રદિવાકર' થી આ

ખોટ પૂરી છે. આ રીતે તેમણે કરેલી સાહિત્યસેવા માટે તેઓ સૌ કોઈના અભિનંદનના અધિકારી છે.

**પ્રા.વી. એમ. શાહ એમ. એ.**
અમદાવાદ.

( ૩૦ )

પંડિત શ્રી ધીરજલાલભાઈ ગુજરાતના એક આગળ પડતા સાહિત્યકાર અને કલાકાર છે. તેમણે પોતાનું સારુંયે જીવન કલાને, વિદ્યાને ક્ષેત્રે સમર્પિત કર્યું છે. જુદાં જુદાં ક્ષેત્રો આવરી લેતાં તેમણે લગભગ સાડા ત્રણસો પુસ્તકો લખી સાહિત્યની સારી એવી સેવા કરી છે. અને તેમાં મંત્રસાહિત્ય લખી મંત્રના ક્ષેત્રમાં આગવું. એવું સંશોધન કરી સહુના માનના અધિકારી બન્યા છે.

**શ્રી માણેકલાલ કે. બગડીયા**
પ્રીન્સીપાલ; કન્યાવિદ્યાલય
પાલીતાણા

( ૩૧ )

પંડિત શ્રી ધીરજલાલભાઈ એ સ્વતંત્ર મૌલિક ધાર્મિક આધ્યાત્મિક–સાહિત્યનું સર્જન કર્યું છે, જે વિદ્યાપીઠોમાં લખાતા ડોકટરેટ માટેના નિબંધો કરતાં નવિન દૃષ્ટિથી

અને હાલના યુગને અનુકૂળ વિચારશ્રેણીથી લખાયેલું છે, તે માટે અમારાં હાર્દિક અભિનંદન.

**શ્રી નટવરલાલ જી. શાહ**
એડવોકેટ, અમદાવાદ

( ૩૨ )

તા. ૧–૩–૬૮ને શુક્રવારના રોજ સુરતના રંગભવનમાં આપશ્રીએ ગણિતસિદ્ધિ અને અવધાનન પ્રયોગોનો જે કાર્યક્રમ રજૂ કર્યો હતો, તે કાર્યક્રમથી સુરતની જનતા ખૂબ પ્રભાવિત થઈ છે. આપશ્રીના કાર્યક્રમ અંગે સુરતના દૈનિકપત્રોમાં સારી એવી પ્રસિદ્ધિ થઈ છે અને તેમણે આપશ્રીના કાર્યક્રમને આવકાર્યો છે. આ કાર્યક્રમ નિમિત્તે આપશ્રીએ જે જહેમત ઉઠાવી અને ભાવિ પ્રજામાં સંસ્કારના બીજ રોપવાનો જે પ્રયત્ન કર્યો, તે બદલ સમિતિના સભ્યો અંતઃકરણપૂર્વક આપશ્રીનો આભાર માને છે.

મહાનગરપાલિકા કચેરી
મુગલસરા, સુરત
તા. ૫–૩–૬૯

**જયંતિલાલ ઠા. પટેલ**
મંત્રી
ગણિતસિદ્ધિ અને અવધાન–
પ્રબંધક સમિતિ

( ૩૩ )

મેરે લહુકા જોશ ખબર દે રહા હૈ ખુદ !
સૈયાદ કહાં છુપાતા હૈ ફસ્લે બહારકો !

**વિદ્યા એ કલા છે.**

**વિજ્ઞાન એ કરામત છે.**

ગમે તેવી મામુલી વિદ્યાને જ્યારે વિજ્ઞાનનો સ્પર્શ થાય છે, ત્યારે એ ઇલ્મ બની જાય છે. ઇલ્મ શબ્દ આજે જરાક અપરિચિત લાગે છે, સંસારનું એક આશ્ચર્ય બની જાય છે, એમ કહેવું ઉચિત થશે.

આવાં જ્ઞાન–વિજ્ઞાનનાં આશ્ચર્યોની એક મંજુષા લઈને, એક દહાડો ગુજરાતના પનોતા પુત્ર શ્રી કે. લાલ અમદાવાદને આંગણે આવ્યા હતા.

અમદાવાદ–ગુજરાતે ડાહ્યા દીકરાઓને દેશાવર ખેડવા આપ્યા છે. લાંબા દેશાવરેથી નહિ, પણ કલકત્તા, સિંધ, હૈદરાબાદ ને ભારતના બીજા પ્રાંતોમાં પર્યટન કરીને ગુજરાતના એક બીજા લાડીલા પુત્ર આજ આપણે આંગણે આવ્યા છે.

એ વિદ્વાન પુત્રનું નામ છે શ્રી ધીરજલાલ શાહ. એ પોતાની સાથે અંકવિદ્યાની અદ્દભૂત કરામતો લાવ્યા છે.

**શતાવધાની** એમની પદવી છે, **ગણિતદિનમણિ** એમનું બિરુદ છે, જનતાના એ આદમી છે, ને જનતાએ હૈયાના ઉમળકાથી એ બિરૂદોની નવાજેશ કરી છે.

કે. લાલ પાસે વસ્તુનું મેજીક હતું.

શ્રી શાહ પાસે મેથે–મેજીક છે; આંકડાના આશ્ચર્યો છે. ભારતવર્ષમાં આ પ્રકારના અંકશાસ્ત્રનાં આશ્ચર્યો બતાવનાર ગણ્યાગાંઠયા કલાકારોમાં તેમનું નામ છે, અને બહુ ઊંચું નામ છે !

૧૩–૧૦–૬૬ જયભિખ્ખુ

( ૩૪ )

અથાક કાર્યશક્તિ, મન ચાહે તે વિષયને ગ્રહણ કરવાની બુદ્ધિશક્તિ અને અસાધારણ વ્યવસ્થાશક્તિ આ ત્રણ શક્તિઓના બળે શ્રી ધીરજલાલ ટોકરશી શાહ અત્યારે એકસઠ વર્ષની ઉંમરે પણ દરરોજ કલાકોના કલાકો સુધી એકાગ્રતાપૂર્વક કામ કરી શકે છે.

એમનું જીવન સાદાઈ અને સંયમને વરેલું છે. બહુ જ ઓછી એમની જરૂરિયાતો છે, અને જીવનની ટેવો નિર્દોષ અને સાત્ત્વિક છે. મુશ્કેલીઓમાંથી તેઓ સહજ રીતે માર્ગ કાઢી શકે છે અને કોઈ પણ કામને સફળતાપૂર્વક પાર કેમ પાડવું એની સૂઝ, કુનેહ અને આવડતની સેટ એમને ઊછરતી વયમાંથી જ મળી છે.

તેમણે જીવનચરિત્રો, વાર્તાઓ, સાહસકથાઓ ઉપરાંત ધાર્મિક-સામાજિક પુસ્તકો લખીને તથા ગણિત જેવા વૈજ્ઞાનિક વિષય ઉપર પોતાની કલમ અજમાવીને તેમજ વર્તમાનપત્ર પ્રગટ કરીને એક પંડિત તથા નામાંકિત લેખક તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. તેમણે ચિત્રો પણ દોર્યાં છે, અને કવિતા પણ રચી છે. વળી માનસિક ચિકિત્સક તરીકે તેમજ વૈદ્ય તરીકે પણ કામગીરી બજાવી જાણી છે. અને શતાવધાની તરીકે તો પોતે શતાવધાનના સફળ પ્રયોગો કરવા ઉપરાંત બીજાઓને એ વિદ્યાનું માર્ગદર્શન આપીને એમનું શિક્ષકપદ પણ શોભાવ્યું છે. આમ ઊગતી ઉંમરથી જ તેઓ એક પ્રયોગવીર વ્યક્તિ તરીકે જીવનનાં અને ખાસ કરીને વિદ્યા અને કળાનાં અનેક ક્ષેત્રો ખેડતાં જ રહ્યા છે, અને હજી પણ બીજા ક્ષેત્રોમાં સાહસ કરવા પ્રેરાય એવું ખમીર અને હીર છે. એમ કહેવું જોઈએ કે પોતાના જીવન અને કાર્ય દ્વારા એમણે પોતાના વતન સૌરાષ્ટ્ર–ઝાલાવાડનું તેમજ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

તા. ૨૨–૧૦–૬૬
ભાવનગર

–જૈન સાપ્તાહિક

( ૩૫ )

શતાવધાની પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહનું નામ પ્રાયઃ ગુજરાતી તથા જૈન બધા લોકો જાણે છે. તેઓ એક

કર્મઠ કાર્યકર્તા છે અને લગભગ ૪૫ વર્ષથી સરસ્વતીની અખંડ ઉપાસના કરતા આવ્યા છે. તેમણે ચિત્રકાર, લેખક અને કાવ્યશક્તિની અદ્ભૂત પ્રતિભા પ્રાપ્ત કરી છે, જે એકી સાથે તો કોઈ વિરલ વ્યક્તિમાં જ જોવામાં આવે છે. તેમણે પોતાનું જીવન સ્વાશ્રયથી ઘડયું છે, અને વિભિન્ન સાહિત્ય અને જ્ઞાન-ગંગાની ધારાઓમાં મગ્ન બનીને પારગામી થયા છે. એક સફલ કલાકાર તથા સંપાદકત્વના બલ પર તેમણે 'સાહિ-ત્યવારિધિ' ઉપાધિ તથા સુવર્ણ-ચંદ્રકો તો પ્રાપ્ત કર્યા જ છે, પણ પોતાની સ્મરણશક્તિનો અદ્ભુત ચમત્કાર પ્રદર્શિત કરીને ભારતીય જનતાને આશ્ચર્યમુગ્ધ કરી દીધી છે. આ વિદ્યાના તેઓ ગુરુ ગણાય છે. તેમણે અનેક સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોને અવધાનપ્રયોગો શીખવીને નિષ્ણાત બનાવ્યા છે.

કલકત્તા

**અગરચંદ નાહટા તથા**
**ભંવરલાલ નાહટા**

સત્યની આજ્ઞામાં સ્થિર થયેલો મેધાવી પુરુષ મૃત્યુને તરી જાય છે.

—ભગવાન મહાવીર

શતાવધાની પંડિત

**શ્રી ધીરજલાલ ટોકરશી શાહ**

અમૃતમહોત્સવ સમિતિ, મુંબઈ

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ–૩૮૦૦૦૧.